The Easy Self-English Teacher.

Part I.

ધી ઇઝી સેલ્ફ ઇંગ્લીશ ટીચર.

(સરળ અંગ્રેજી શિક્ષક.)

ભાગ ૧ લો.

જાતે અંગ્રેજી ભાષાનું [illegible]ન પ્રાપ્ત કરવાનું
એક અપૂર્વ [illegible]ાધન.

લેખક:

[illegible]કલાલ શિવશંકર ત્રિવેદી. એમ. એ.

[illegible]લતમાળા-૪૧૦૫

છપાવી પ્રસિદ્ધ કર્નાર

મહાદેવ રામચંદ્ર જાગુટે બુકસેલર.

ત્રણ દરવાજા, અમદાવાદ.

સને ૧૯૨૧. સંવત્ ૧૯૭૭.

કિંમત રૂ. ૧॥

The Easy Self-English Teacher.

ધી ઈઝી સેલ્ફ ઈંગલીશ ટીચર.

(સરળ અંગ્રેજી શિક્ષક.)

જાતે અંગ્રેજી ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું એક અપૂર્વ સાધન.

લેખક

ત્ર્યંબકલાલ શિવશંકર ત્રિવેદી.

દોલતખાના-૪૧૦૫.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા, અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦

સને ૧૯૨૧ સં. ૧૯૭૭.

શ્રી ભાગ્યોદય પ્રિન્ટીંગ પ્રેસ—ખાડીયા—અમદાવાદમાં

જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યું.

કીંમત રૂ. ૧॥.

ઉદ્ઘાટન.

સાંપ્રત સમયમાં જ્યારે સમસ્ત દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ અને રાષ્ટ્રીય ભાષાના શિક્ષણ વિષે પ્રચંડ પ્રયત્નો થઇ રહેલા છે ત્યારે અંગ્રેજીનું જ્ઞાન આપનાર આ પુસ્તક રચવાનો અને પ્રસિદ્ધ કરવાનો પ્રયત્ન પ્રથમ દૃષ્ટિએ કદાચ હાસ્યાસ્પદ ગણાવાનો સંભવ છે. લેખક પોતે રાષ્ટ્રીય શિક્ષણ અને રાષ્ટ્રીય ભાષાના શિક્ષણનો ખાસ હિમાયતી છે અને ઉભય વસ્તુઓનું ગૌરવ વધારવા માટે બનતો પ્રયત્ન તે પણ કરી રહેલ છે. સ્વરાજ્ય મળે વા ન મળે પરંતુ એટલી વાત તો સ્પષ્ટ છે કે અત્યારએ આપણી સ્થિતિ એવી છે કે અંગ્રેજી ભાષાનો સંપૂર્ણ પરિત્યાગ આપણે કરી શકીએ તેમ નથી. તેમજ હાલમાં આપણાં સારાં સારાં વર્તમાન પત્રો અંગ્રેજીમાં ચાલે છે, છે, રાષ્ટ્રીય શાળાઓમાં પણ અંગ્રેજી શિક્ષણ અપાય છે. આ સ્થિતિજ અંગ્રેજી શિક્ષણની જરૂરિયાત સિદ્ધ કરે છે. આપણને સ્વરાજ્ય મળશે તો પણ આપણામાંના ઘણા ખરાને અંગ્રેજી ભાષાની જરૂર તો પડશેજ. અંગ્રેજી ભાષા અત્યારે સમસ્ત દુનિયાપર વ્યાપેલી છે. યૂરોપાદિ દેશોમાં પ્રવાસાર્થે જનાર સજ્જનોને અંગ્રેજી ભાષા વિના ચાલે તેમ નથી; અને તેવા પ્રવાસ સ્વરાજ્ય મળતાં તો આપણે હાલ કરતાં વધારે કરવાની જરૂર પડશે. વળી દરેક વ્યાપારીને પર-દેશની સાથેના પત્ર વગેરે વ્યવહારમાં પણ અંગ્રેજીની જરૂરતો રહેશેજ. દરેક હીંદવાસી ફ્રેંચ, જર્મન, રશીયન, ઇટલીઅન, ચાઇનીઝ કે જાપાનીઝ એ બધી ભાષાઓ જાણી ન શકે પરંતુ એ બધા દેશોમાં

વ્યાપક અંગ્રેજી છે તે એક ભાષા તો તે જાણી શકે. આ બધા દેશો સાથેના વ્યવહારમાં પણ અંગ્રેજી ભાષાની જરૂર પડે તે પણ સિદ્ધ થાય છે, દૂનિયાના જુદા જુદા દેશોમાં અંગ્રેજી ભાષાની જેટલી જરૂર પડે છે તેટલી જરૂર હિંદવાસીઓને પડવાનીજ તે વાતતો નિ:સદેહ છે. વળી સ્વરાજ્ય પ્રાપ્ત થતાં સુધી અંગ્રેજી એ રાજભાષા હોઇ તેની વિશેષ જરૂર છે તે વાત તદ્દન સ્પષ્ટ છે. તેથી જ અત્યારની પરિસ્થિતિમાં પણ આ પુસ્તક રચવાની અને પ્રસિદ્ધ કરવાની ધૃષ્ટતા કરી છે.

જાતે અંગ્રેજી શિખવાનાં પુસ્તકો ઘણાં પ્રસિદ્ધ થએલાં છે. આમાંના ઘણાં પુસ્તકો લઈ કેટલાક લોકોને અંગ્રેજી શિખવાનો પ્રયત્ન કરતાં મ્હેં જોયા છે. પરંતુ તઓ જાતે તે પુસ્તકો શિખી શક્યા નથી. તેમને કેટલાંક અંગ્રેજી ભણેલા માણસોની સ્હાય લેવી પડેલી હોય છે. આવા માણસો દરેક વખતે અને દરેક જગ્યાએ મળી શકતા નથી. તેથી અંગ્રેજીના અભ્યાસીને નિરાશ થઇ આ પુસ્તકોમાંથી શિખવાનું પડતું મૂકવું પડે છે. આમાંના કેટલાક રાત્રી શાળાઓનો લાભ લઈ તેમાં અભ્યાસ કરે છે અને ત્યાં થોડું ઘણું અંગ્રેજીનું જ્ઞાન તેઓ પ્રાપ્ત કરી શકે છે. કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે આજ સુધીમાં પ્રસિદ્ધ થએલાં પુસ્તકોમાં ખરેખરી માર્ગદર્શી રીતો ધારણ કરવામાં આવી નથી હોતી.

અત્યારે શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની બે પદ્ધતિઓ ચાલે છે. એક અંગ્રેજીમાં જેને "ડાયરેક્ટ મેથડ" એટલે કે પદાર્થ જ્ઞાનની પેઠે વસ્તુઓ બતાવી તે વસ્તુઓ વિષે અભ્યાસીઓના ખ્યાલ સ્પષ્ટ કરી પ્રશ્નોત્તરોથીજ અભ્યાસી પાસેથી યથાસ્તિ પ્રત્યુત્તર મેળવવો તે

અને બીજી પાઠમાળાની રીતે અંગ્રેજીનું જ્ઞાન આપવું તે. એકલી "ડાયરેકટ મેથડ" સર્વોત્તમ પરિણામ લાવી શકતી નથી. "ડાયરેકટ મેથડ" કરતાં પાઠમાળાની રીતથી થોડું પણુ વધારે સચોટ જ્ઞાન અભ્યાસીને મળી શકે છે તે વાત સ્પષ્ટ છે. તેથી સર્વોત્તમ પરિણામ આ બન્ને પદ્ધત્તિઓના સંમિશ્રણથીજ આવી શકે. આ પુસ્તકમાં "ડાયરેકટ મેથડ" નો બહુ સમાવેશ કરી શકાય નહીં. પરંતુ પ્રશ્નોત્તર માળારૂપે આ પુસ્તકોના બીજા વિભાગોમાં આ પદ્ધતિ અનુસરવાનો પ્રયત્ન કરેલ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે પાઠમાળાની રીતથી ઘણુંજ સંગીન પરિણામ પ્રાપ્ત કરી શકાય છે, તેથી તે પદ્ધતિ આ પુસ્તકમાં ખાસ અનુસરવામાં આવી છે. તે આ પુસ્તકનું વિશેષ અને ખાસ લક્ષણ છે. આ પુસ્તક ત્રણ ભાગમાં બ્હાર પાડવાનું એટલા માટેજ નક્કી કરેલું છે કે અનુક્રમે દરેક વિભાગ શિખવાથી હાલની શાળાઓમાં સાતમા ધોરણ સુધીમાં અભ્યાસીઓ જેટલું જ્ઞાન મેળવી શકે છે તેટલું મેળવી શકે. અન્ય પુસ્તકોમાં અંગ્રેજી ભણેલાઓની સ્હાયની અભ્યાસીને જે જરૂર પડે છે તે જરૂર આ પુસ્તકને અંગે નહીં રહેશે તેવું મ્હારૂં માનવું છે કારણ કે પાઠમાળાની સચોટ રીતિએ નિયમો સંપૂર્ણ રીતે દાખલાઓ સહિત અને પૂરેપૂરી સ્પષ્ટતાથી સમજાવવામાં આવ્યા છે અને તે નિયમો બરાબર સમજી તે પ્રમાણે હમ્મેશનાં ઉપયોગી વાકયોના અભ્યાસ પાઠ આપવામાં આવેલા છે.

કેટલાક પુસ્તકોમાં આવાં પુસ્તકોનો લાભ લેવા ઇચ્છતા અભ્યાસીઓને બીનજરૂરી જેવાં વાકયો વગેરે મૂકવામાં આવે છે. આ પુસ્તકની અંદર હમ્મેશની જીંદગી દરમ્યાન અભ્યાસી સામાન્ય

રીતે જેવા વાકયો બોલે છે તેવા વાકયો અભ્યાસ પાઠ રૂપે મૂકવાનો બનતો પ્રયત્ન કરેલો છે. અને હવે પછી પ્રસિદ્ધ થનાર ભાગમાં તેવાજ અભ્યાસ પાઠ વગેરે જોવામાં આવશે.

ત્રણ ભાગમાં લગભગ ૭૦૦–૮૦૦ પાનાનાં પુસ્તકો રચવામાં કમાણીનો હેતુ નથી. પરંતુ અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થએલાં પુસ્તકો જેવી રીતે અભ્યાસીઓને લગભગ નિરર્થક થઈ પડેલાં છે તેવું ન બને પરંતુ વધારે પૈસા બદલ તથા વાંચવામાં કરેલી મહેનત બદલ અભ્યાસીઓને સંપૂર્ણ સંતોષ મળે તેજ મુદ્દો છે. ઘેર બેઠાં બેઠાં પણ અભ્યાસી અંગ્રેજી શાળાઓમાં સાત ધોરણમાં જેટલું જ્ઞાન મેળવી શકે તેટલું આ પુસ્તક વાંચી મેળવી શકે તેજ આ પુસ્તક તૈયાર કરવામાં ઉમેદ છે.

અભ્યાસીને કોઈપણ અડચણ વિના અંગ્રેજીનું જ્ઞાન સુલભ થાય તેવો આ પુસ્તકમાં પ્રયત્ન કરેલ છે, આ જાતનાં અન્ય પુસ્તકોમાં રહેલ ખામીઓ આ પુસ્તકમાં પૂર્ણ કરવાને યત્ન કર્યો પણ જે અલ્પ ખામીઓ રહી ગઈ હોય તે વાચકો તરફથી સૂચવવામાં આવશે તો બીજી આવૃત્તિમાં ઘટતો ફેરફાર કરવામાં આવશે.

અમદાવાદ.
અક્ષય તૃતિયા સં. ૧૯૭૭, } ત્ર્યંબકલાલ શીવશંકર ત્રીવેદી
કર્તા.

અભ્યાસીને સૂચના.

—:•:—

અંગ્રેજી શિખવાના આ પુસ્તકના ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે. આ ત્રણ ભાગનાં વાંચનથી અભ્યાસિઓને શાળાઓમાં અભ્યાસ કરતા સાતમા ધોરણના વિદ્યાર્થીઓ જેટલું એટલે મેટ્રીક જેટલું અંગ્રેજી ભાષાનું જ્ઞાન મળી શકે તેવી યોજના કરવામાં આવી છે. પ્રથમ ભાગમાં બે ખંડ છે. અભ્યાસિએ પહેલા ખંડથીજ શરુઆત કરવાની છે. પહેલા ખંડમાં મૂળાક્ષર, અંગ્રેજી લખવાની રીત વગેરે આપવામાં આવ્યાં છે. વળી માણુસોનાં, ગામનાં નામ પણુ બારાખડીની રીતે આપવામાં આવ્યાં છે જેથી અભ્યાસી પોતે પણુ તેવાં નામ લખી શકે. તે ઉપરાંત સંખ્યાંક, અપૂર્ણાંક. ક્રમાંક વગેરે અંકો આપવામાં આવેલા છે. તે અંકો પણુ અભ્યાસિએ બરાબર તૈયાર કરવાની જરૂર છે. મુશ્કેલી ભરેલી વિગતો ખુલાસાવાર આપવામાં આવેલી છે તેથી તે ખુલાસાઓ ધ્યાનપૂર્વક વાંચી સમજવાની જરૂર છે અને તેમ કરવામાં આવે તો અભ્યાસિને પ્રથમ પગથિએ કાંઈ વાંધો આવશે નહીં. આ ખંડમાંથી શબ્દ જ્ઞાન પણુ અભ્યાસિએ મેળવી લેવાની જરૂર છે. દરેક શબ્દના ઉચ્ચાર તથા અર્થ આપેલા છે. અંગ્રેજી ઉચ્ચારમાં બહુ ધ્યાન રાખવાની જરૂર છે અને તેથી લાંબાં ટુંકા ઉચ્ચાર માટે કરેલી નિશાનીઓ ધ્યાનમાં રાખવાની જરૂર છે. 'કેટલાક શબ્દોના ઉચ્ચારમાં અમુક અક્ષરે પછી આવી નિશાની મુકી છે. know નો' આ શબ્દનો ઉચ્ચાર ઓ શબ્દના ઉચ્ચાર પ્રમાણે ઓ લંબાવીને કરવાનો છે. અક્ષર ઉપર ˘ અર્ધ ચંદ્રાકાર ચિન્હ ધ્હોળો ઉચ્ચાર સૂચવે છે.

દ્વિતીય ખંડની શરૂઆત કેટલાક ન્હાના શબ્દો અને ન્હાનાં વાકયોથી થાય છે. આ શબ્દો તથા વાકયો ક્રમવાર મુકયા છે જેથી લાંબા વાકયો રચવામાં પદ્ધતિસર કામ થઈ શકે. ત્યાર પછી પુરુષ વાચક સર્વનામ વિષે નિયમો રૂપ વગેરે આપ્યાં છે અને વાક્ય રચના સમજાવવામાં આવી છે. અંગ્રેજીમાં આર્ટિકલ્સ ક્યાં વપરાય અને કેવી રીતે વપરાય છે તે દર્શાવવામાં આવ્યું છે અને તે દરેક ઉપર દાખલાઓ માટે વાકયો મુકવામાં આવ્યા છે. શબ્દાભ્યાસમાં મૂકેલા શબ્દો તૈયાર કરી પહેલાં કોલમમાં આપેલાં વાકયો અભ્યાસિએ જોઈ જવાં; પછી તે વાકયો જાતે કરવા અને અભ્યાસિએ જાતે કરવાનાં અંગ્રેજી તથા ગુજરાતિ વાકયોના નમુના આપ્યા છે તે પણ કરી જવા.

આ ભાગમાં માત્ર વર્તમાનકાળ, ભૂતકાળ અને તેના પેટાના કાળ વિષેજ માહિતી આપવામાં આવી છે. નામની વિભક્તિઓ તથા બહુવચન વગેરેનાં રૂપો બરાબર તૈયાર કરવાની જરૂર છે. આમ કરવાથી વિદ્યાર્થીઓનું શબ્દજ્ઞાન સારૂં વધશે. આ પ્રથમ ભાગ બરાબર વાંચી જવાથી અને તેમાં જણાવેલી સૂચનાઓ ઉપર ધ્યાન આપવાથી અંગ્રેજી શાળાઓમાં ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાનું જેટલું જ્ઞાન હોય છે તે કરતાં વધારે સારૂં અને સંગીન જ્ઞાન આ પુસ્તકના અભ્યાસિને મળી શકશે એવી ધારણા છે.

આ પુસ્તકનો પ્રથમ ભાગ અભ્યાસિ દરરોજના કલાક બે કલાક લેખે ત્રણ માસમાં બરાબર કરી શકશે. ખંત એ પ્રથમ વસ્તુ છે. તેથી અંગ્રેજી જ્ઞાનના મુમુક્ષુએ તે વાત ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

જ્ઞાનનો વિકાસ અને દ્રઢતા વ્યવહાર—પ્રેકટીસથી થાય છે. તેથી જેટલું શબ્દજ્ઞાન તથા વાક્યજ્ઞાન પ્રાપ્ત થયું હોય તેટલાનો અભ્યા-

સિએ પ્રસંગ મળ્યે દૈનિક જીવનના વ્યવહાર તથા વાતચિતમાં મૂકવાની ખાસ જરૂર છે. તેમ કરવાથી પ્રેકટીસ મળી શકશે. ક્યાંક ભૂલ થાય તો બીજો માણુસ તે સુધારી શકશે અને ભૂલી ગયેલા નિયમોની તે રીતે પુનઃ સ્મૃતિ થશે.

બીજા બન્ને ભાગ–જે થોડા વખતમાં તૈયાર થશે. તેમાં પણુ આવી રીતે ત્રણુ ત્રણુ માસ જેટલું વાંચન મુકવામાં આવેલું છે અને આશા છે કે નવ માસના અંતે અથવા એક વર્ષને અંતે અભ્યાસિ વ્યવહાર જોગું સારૂં અંગ્રેજી જ્ઞાન પ્રાપ્ત કરી શકશે.

અભ્યાસિએ આ પુસ્તકોના અભ્યાસ દરમ્યાન વર્તમાનપત્રો, મેકમીલન રીડર્સ, ટુંકી અંગ્રેજી વાર્તાનાં પુસ્તકો, ઇસપ્સ ફેબલ્સ, એનિબિસંટકૃત રાષ્ટ્રીય શાળાઓનાં પુસ્તકો, નેલ્સન ફ્રેઝરકૃત ૧ થી પાંચ ટર્મો વગેરે પુસ્તકો વાંચવાં. ન આવડતા હોય તેવા શબ્દો માટે અંબાલાલ સાકરલાલકૃત અથવા તો મહાભારથ અથવા તો અમીન એન્ડ પટેલ કૃત અંગ્રેજી ગુજરાતિ ડીક્શનરીઓ અને નાણાવટી અથવા અમીન પટેલની ગુજરાતી અંગ્રેજી ડીકશનરી (શબ્દકોષ) જોવા. આ પુસ્તકોમાંથી ઈંગ્રેજી ગુજરાતી ડીકશનરી તથા ગુજરાતી અંગ્રેજી ડીકશનેરી એમ બન્ને જાતની એકાદ તો અભ્યાસી પાસે હોવી જોઇએ.

ઉપર જણાવ્યા પ્રમાણે વિગતો ધ્યાનમાં રાખવાથી અભ્યાસી સંતોષ પામી શકે તેટલું પોતે જ્ઞાન પ્રાપ્ત કરી શકશે. પરંતુ જે મુખ્ય વસ્તુ ઉપર ધ્યાન રાખવાનું છે તે એ છે કે આ પુસ્તકનું જાથુનું નિયમીત રીતે તથા ખંતથી વાંચન કરવું તથા મ્હાવરાની વસ્તુઓ લખવી. આટલા નિયમ પાળશે તો અભ્યાસી અંગ્રેજીના જ્ઞાનની પોતાની ઇચ્છા પરિપૂર્ણ કરી શકશે એવી અમને શ્રદ્ધા છે.

અનુક્રમણીકા.

ખંડ ૧ લો.

દ્વિતીય ખંડ.

જાહેર ખબર.

ધી એબ્રીજડ કોરસપોન્ડન્સ.

અથવા રોજનો પત્રવ્યવહાર આમાં સ્નેહીઓ, સગાંવહાલાં વિગેરે સાથેનો પત્રવ્યવહાર, અરજીઓ, ભલામણપત્રો, વ્યાપારીઓ, ધંધાદારીઓ વિગેરેને લગતો, પત્રવ્યવહાર, રેલવેકંપની તથા પોસ્ટખાતાના પત્રવ્યવહાર, મંદવાડ, મરણ તથા ચાંદ ખેતાબ, પદવીઓ વિગેરે પત્રવ્યવહારના જોઇએ તેવા તૈયાર નમુના તથા તેનો ગુજરાતીમાં અર્થ સાથે આપેલો હોવાથી સાધારણ ભણેલાઓને પણ ઘણુંજ ઉપયોગી છે, આ ચોપડી તમે એક વખત ટેબલ ઉપર રાખશો તો તમને તે ટેબલ ઉપર ખસેડવાનું મન થશે નહી આજ તેની યોગ્યતા બતલાવે છે કે તે કેટલી ઉપયોગી છે છતાં કીંમત માત્ર રૂ. ૧ાા પો. જુદુ.

નવદંપતીને શીખામણ—અજ્ઞાન, વહેમ, ખરાબ સોબત, કુટેવો, વિહારનો અતિયોગ, સ્ત્રીઓની આરોગ્ય સંબંધી અણસમજ, વાઝીયાપણું જુવાન વયમાં થતાં અનેક ભયંકર તથા ગુપ્ત દર્દો, ગર્ભસંચાર, પ્રસવ અને બાળકની માવજત સંબંધી અજ્ઞાનતા વગેરે કારણથી દુઃખી થતાં પતિપત્નીઓએ આ પુસ્તક પોતાના નિત્યના મિત્ર તરીકે સાથે રાખવું જોઇએ. ૫૦ પ્રકરણ, ૨૦૦ પૃષ્ઠ, પાકું પુઠું. મૂલ્ય રૂ. ૨–૦–૦

ચરિત્ર ચંદ્રિકા—આમાં રૂષિયો, યોગીયો, ધર્મપ્રવર્ત્તકો પેગમ્બરો વીગેરે ૮૩ મહાન પુરૂષોના વૃતાન્ત વિસ્તારપુર્વક આપેલા છે પુસ્તક એક સુબોધક મિત્ર સમાન છે. કી. રૂ. ૨ાા

બૃહત સામુદ્રિકશાસ્ત્ર—ભૂત ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન આપનાર આ એક ચમત્કારિક ગ્રંથ છે આમાં હસ્ત, પગ, કપાળ આદિ શરીરનાં એવાજ ભાગોપરની રેશાઓ ઉપરથી ભૂત ભવિષ્ય જાણી શકાય છે કીંમત ૧ રૂ.

કલિકૌતક—(હાસ્યરસનો હોજ ગમે તેવી દીલગીરી યા ચિંતામાં હો અને પછી આ પુસ્તકનું એકજ પાનું વાંચશો તો પેટ પકડી પકડી હસાવી બશેર લોહીનો વધારો કરશે. રોતી સુરતને પણ ખડખડાટ હસાવશે. આજેજ મંગાવી ખાત્રી કરો. કિ. ૧॥ રૂ.

વ્યુવહાર નીતિદર્પણ—આળસ, ઉદ્યોગ, ધર્મ, સત્ય, મીત્ર, દુર્જન કામ ક્રોધ, અભીમાન લોભ, માબાપ, મુર્ખતા. શેઠ નોકરના ધર્મ, સ્ત્રી ધર્મ; ચઢતી પડતી, દુરવ્યસન વગેરે વિષયો ઉપર ઉત્તમ નીતીમય વચનો આમાં ઉત્તમતાથી વર્ણવ્યા છેઃ આ પુસ્તક તમે એકજ વખત વાંચશો તો તમે તેને હમ્મેશાં પાસેજ રાખશો આ પુસ્તક સુબોધક મિત્ર છે કે જે તમને કોઈ પણ વખતે કુમાર્ગે દોરશે નહીં એકજ વખત આ પુસ્તક વાંચો અને પછી તે તમારો હમ્મેશનો મિત્ર થશે, પાકું પુઠું કિ. રૂ. ૨॥

દશલાખનો દલ્લો-અથવા રત્નકંકણ—ભાગ્યચક્રના અદ્‌ભુત પરીવર્તનના પરીણામે નીર્દોષ માણસને પણ કેટલું બધું દુઃખ સહન કરવું પડે છે, એક અબળા પણ દ્રવ્યલોભની લાલસાથી પ્રબળા બની કેવાં રોમાંચ ઉપજાવે એવાં કારસ્થાનો કરે છે, ધર્મીનો જય અને પાપીઓના પરાજય કેવી રીતેથાય છે, એ જાણવા માટે આ નવલકથા અવશ્ય વાંચો. માત્ર રૂ. ૨—૦—૦

રતિશાસ્ત્ર કિંવા **કોકશાસ્ત્ર**—(સાંસારિક ગુપ્તજ્ઞાનવિષયક ગ્રંથ.) સ્ત્રી પુરૂષની ચાર જાતિઓ તથા તેનું વર્ણન, સ્ત્રી પુરૂષનાં સામુદ્રિક લક્ષણ, ચાર જાતિના પુરૂષો માટે યોગ્ય નારીનિર્ણય, વિવિધ જાતનાં સ્ત્રી પુરૂષોથી થતાં સંતાનોના ગુણાવગુણ, કુમારી–વિવરણ, જ્યોતિષ પ્રકરણ, નાયિકા ભેદ, ઋતુવર્ણન અને તેનું સમયફળ, ઋતુમતી નારીનું કર્તવ્ય, લાવણ્ય કિંવા સૌન્દર્ય; રતિ તથા પુરૂષ કામવાસ, મૈથુનદોષ વર્ણન, રતિપ્રકાર, આસન વિવરણ, ઇચ્છાનુસાર પુત્ર પુત્રી પ્રાપ્ત કરવાનો ઉપાય, ગર્ભવર્ણન અને સગર્ભા સુંદરીના કર્તવ્ય, માબાપ કાળાં હોવા છતાં સફેદ બચ્ચાં ઉત્પન્ન કરવાનો ઉપાય, ગર્ભસ્રાવ અને ગર્ભપાત, પ્રસવકાળ, બાલ્યાવસ્થા, હસ્તદોષ, અતિવિહાર, વીર્યસ્રાવ, પ્રમેહ, વાંઝીઆપણું, ઉપદંશ અથવા ચાંદી, બદ, મૂત્રરોગ, અંતરગળ, નપુંષકત્વ પુરૂષના ઉત્પત્તિ અવયવ. ઋતુસ્રાવમાં ઉત્પન્ન થતી અડચણો, ધાતુક્ષય, ગર્ભસ્થાનનું ખસી પડવું. હિસ્ટીરીઆ અથવા ચિત્તભ્રમ, સ્ત્રીના ઉત્પત્તિ અવયવો આદિ વિષયોના વર્ણન ઉપરાંત દરેક રોગની દેશી વિદેશી દવાઓ દર્શાવી આ ગ્રંથની ઉપયોગતામાં ઘણો વધારો કરવામાં આવ્યો છે, તથા છેવટે પંડિત કામનાથ (કોકા) નું જીવનચરિત્ર આપી ચાર ખંડમાં આ ઉપયોગી ગ્રંથની સમાપ્તિ કરવામાં આવી છે. પાકું સોનેરી પૂંઠું; મૂલ્ય માત્ર રૂ ૩ાા

ગુંતનહુન્નરસાગર—જાતિ અનુભવ તેમજ વિવિધ ગ્રંથોના આધારે આ પુસ્તકમાં વિવિધ વિષયો ઉપર ઘણીજ લંબાણથી માહિતી આપેલી હોવાથી ગમે તેવો અજ્ઞાન માણસ પણ આ પુસ્તક વાંચવાથી હુન્નર શીખી શકે છે.

આમાં મીણબત્તીઓ, જુદી જુદી જાતનાં સુકા રંગ, સાબુઓ, વારનીસો, ખેતીવાડી અને જમીનની પરીક્ષા, કાચ, લાખ, ચામડાં, તેલ, અત્તરો, અર્કો, ચાંદી સોના તથા ત્રાંબાના ગીલ્ટ ચઢાવવાની ક્રિયા તેમજ તે સારૂં કરવાની રીત તથા લાલ, કાળી સોનેરી તેમજ રબર સ્ટેમ્પની. ટાઈપરાઈટરની શાહીઓ, તેમજ મોતી ઉપરના ડાઘા કાઢવા વિષે, બપોરીયા ફુલકરણુ, શરીરના વાળ દૂર કરવાની, શરીર સફેદ કરવા વગેરે; જુદી જુદી જાતના મલમોના પ્રયોગો લગભગ ૧૩૦૦ આપેલાં છે. શીખાઉ તેમજ અજ્ઞાન માણુસોને આ ઘણુંજ ઉપયોગી થાય તેમાં નવાઈ નથી. પાકું સોનેરી પૂઠું પૃષ્ટ ૮૫૦ હોવા છતાં માત્ર કીંમત રૂ. ૩॥

શાકપાક પકવાન શાસ્ત્ર—ખોરાક કેવી રીતે તૈયાર કરવો તેનું જ્ઞાન ધંધાનાં માહીતગારો પાસેથી મેળવી આમાં આપવામાં આવ્યું છે. આમાં દક્ષણી, મદ્રાસી, બંગાળી અને પંજાબી રીતરીવાજનાં શાકપાક પકવાન મુરબ્બા, અથાણાં ભાતો કઢીયો, ચટણી અને મસાલાદિ ૫૫૦ વિષયોનો સંગ્રહ છે દરેક સ્ત્રી પુરૂષોને ખાસ એકવાર વાંચવાની ભલામણ છે કીંમત ૨) રૂ.

વ્યાપાર શીક્ષક—(વેપાર શીખવનાર સાચો સલાહકાર) આમાં જુદા જુદા ૪૦૦ વિષયોની ઘણીજ સારી માહેતી આપેલી છે વરસો વરસ ગુમાસ્તી કર્યા છતાં જે ખરા વેપારી રહસ્યો સમજાતાં નથી તે આથી સહેજમાં સારા સમજાય છે પાકુ પુઠું કીં. ૩ રૂ. પો. ૪ આના.

ઈલેકટ્રોપ્લેટીંગનો હુન્નર—એટલે ધાતુઉપર વિજળીની સહાયતાથી સોના ચાંદી આદિ ધાતુ ચઢાવવાની કળા કીંમત ૧૨ આના.

તેજાબો—આમાં ઘણી જાતના તેજાબો બનાવવાની રીત છે સલ્ફયુરીક, નાઇટ્રીક, ગંધકના તેજાબો, હાઇડ્રોક્લોરીક આદિ બનાવવાની રીત અને તે શા શા કામમાં વાપરી શકાય છે વગેરે સંપૂર્ણ માહિતી આ પુસ્તકમાં છે સાચાંકામની આકૃતિઓ પણ આપી છે જેથી તરત સમજણ પડે. છે. કી. ૧૧ રૂ.

પ્રેકટીસ ઓફ મેડીસીન—(ઔષધોનો અનુભવ) ચાલુ સમયમાં વૈદ્યવિદ્યા પારાંગત વિદ્વાનોએ લાંબી શોધના અંતે એવું સિદ્ધ કર્યું છે કે જ્યારે કેટલાક દરદો ટાળવાને અનાર્ય (ઇંગ્રેજી) ઔષધો ઉત્તમ છે ત્યારે વળી કેટલાક દરદો માટે આર્ય (સ્વદેશી) ઔષધો રામબાણ છે અને તેથી જેઓ વૈદકીય ધંધામાં પુર્ણ કુશળતા ધરાવવાને ઇચ્છતા હો તેમને દેશી વિદેશી ઔષધોનું જ્ઞાન પુર્ણપણે જાણવાની ખાસ અગત્ય છે. આમાં તે ખોટ પુરી પાડેલી હોવાથી ગમે તે માણસ કોઇની મદદ સીવાય સ્વતંત્રપણે નાનાં શહેર યા ગામમાં વૈદકીય દવાખાનું સારી રીતે ચલાવી શકે છે. કદ ૬।।×૯।। ઇંચિ લંબાઇ પહોળાઇના ૧૧૨૦ પૃષ્ઠ ગ્લેઝ ઉંચા કાગળ, સોનેરી પુઠું છતાં કિ. રૂ. ૮ પોસ્ટજ રૂ. ૧. ઉપર મુજબ ૨૬ કાગળની કિંમત રૂ. ૭. પોસ્ટેજ રૂ. ૧.

બધી જાતના પુસ્તકો મળવાનું ઠેકાણું.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર

ત્રણ દરવાજા—અમદાવાદ.

The Easy-Self English Teacher.

(સરળ અંગ્રેજી શિક્ષક).

પ્રથમ વિભાગ.

ખંડ ૧ લો.

પ્રકરણ ૧ લું.

મૂળાક્ષર The Alphabet-ધી આલ્ફાબેટ.

ગુજરાતિમાં જેમ "ક, ખ, ગ," વિગેરે મૂળાક્ષર છે તેમ અંગ્રેજીમાં પણ મૂળાક્ષર છે. અંગ્રેજીમાં મૂળાક્ષરને Alphabet (આલ્ફાબેટ) કહે છે. અંગ્રેજી મૂળાક્ષરમાં A થી Z–ઝેડ સુધીના છવીસ અક્ષર છે. દરેક અક્ષરને અંગ્રેજીમાં Letter–લેટર–કહે છે. અંગ્રેજી Alphabet (આલ્ફાબેટ) મૂળાક્ષર-માં આ રીતે છવીસ Letters (લેટર્સ) અક્ષર છે.

ગુજરાતિમાં માત્ર એકજ પંક્તિના મૂળાક્ષર છે, પરંતુ અંગ્રેજી-માં તેમ નથી. અંગ્રેજી મૂળાક્ષર જુદી જુદી ૭ પંક્તિના છે. દરેક

પંક્તિને જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે અને તે દરેક પંક્તિનો ઉપયોગ પણ જુદા જુદા છે. પહેલી પંક્તિના મૂળાક્ષરને પહેલી "એ, બી, સી, ડી," કહે છે. બીજી પંક્તિના અંક્ષરને બીજી "એ, બી, સી, ડી," કહેવામાં આવે છે. તેવીજ રીતે ત્રીજી પંક્તિના અક્ષર અને ચોથી પંક્તિના અક્ષરને અનુક્રમે ત્રીજી "એ, બી, સી, ડી," ચોથી "એ, બી, સી, ડી," એવાં નામ આપવામાં આવે છે. આ પ્રમાણે આ ચાર પંક્તિના અક્ષર છે. તે ઉપરાંત બીજી બે પંક્તિના અક્ષર છે જેને અંગ્રેજીમાં Italics ઇટેલીકસ–વાંકવાળા અક્ષરો કહેવામાં આવે છે. આ પંક્તિના અક્ષર બહુ ઉપયોગમાં આવતા નથી પરંતુ જવલેજ વપરાય છે.

આ નીચે છયે પંક્તિના અક્ષર અનુક્રમે આપ્યા છે. તે અક્ષર પ્રારંભમાં વિદ્યાર્થિએ ધ્યાનમાં રાખી તૈયાર કરવા. આ અક્ષરો તૈયાર કરવાનો ઉત્તમ રસ્તો એ છે કે પ્રથમ એક એક પંક્તિના અક્ષર લેવા અને તે પાટી અથવા કાગળ ઉપર ઘુંટવા અગર લખવા. જ્યારે તે બરાબર વગર જોયે લખતાં આવડે અને વાંચવાથી તેની પરિક્ષા બરાબર કરી શકાય ત્યારે અભ્યાસીએ આગળ વધવું.

પહેલી એ બી સી ડી.

એ	બી	સી	ડી	ઇ	એફ	જી	એચ	આઇ	જે	કે	એલ
A	B	C	D	E	F	G	H	I	J	K	L

એમ	એન	ઓ	પી	કયુ	આર	એસ	ટી	યુ	વી
M	N	O	P	*Q*	R	S	T	U	V

ડબલ્યુ	એક્સ	વાય	ઝેડ
W	X	Y	Z

બીજી એ બી સી ડી.

એ બી સી ડી ઈ એફ જી એચ આઇ જે કે એલ
a b c d e f g h i j k l

એમ એન ઓ પી ક્યુ આર એસ ટી યુ વી
m n o p q r s t u v

ડબલ્યુ એક્સ વાય ઝેડ
w x y z

ત્રીજી એ બી સી ડી.

એ બી સી ડી ઈ એફ જી એચ આઇ જે
A B C D E F G H I J

કે. એલ એમ એન ઓ પી ક્યુ આર એસ ટી
K L M N O P Q R S T

યુ વી ડબલ્યુ એક્સ વાય ઝેડ
U V W X Y Z.

ચોથી એ બી સી ડી.

એ બી સી ડી ઇ એફ જી એચ આઇ જે
a b c d e f g h i j k

એલ એમ એન ઓ પી ક્યુ આર એસ ટી યુ

l m n o p q r s t u

વી ડબલ્યુ એક્સ વાય ઝેડ

v w x y z

મોટા ઇટેલીક્સ [વાંકવાળા] Big Italics.

એ બી સી ડી ઇ એફ્ જી એચ આઇ જે કે એલ એમ

A B C D E F G H I J K L M

એન ઓ પી ક્યુ આર એસ ટી યુ વી ડબલ્યુ એક્સ વાય ઝેડ

N O P Q R S T U V W X Y Z

નાના ઇટેલીક્સ Small Italics.

એ બી સી ડી ઇ એફ્ જી એચ આઇ જે કે એલ એમ

a b c d e f g h i j k l m

એન ઓ પી ક્યુ આર એસ ટી યુ વી ડબલ્યુ એક્સ વાય ઝેડ

n o p q r s t u v w x y z

આ નીચે બધી પંક્તિના અક્ષરો, તથા તેમનાં નામ અને તેમના ઉચ્ચારનું એક ખાનાવાર સંપૂર્ણ લીસ્ટ આપ્યું છે જેથી અભ્યાસીને બધી જાતની એ, બી, સી, ડી, શીખવામાં ઘણી સુગમતા પડવાનો સંભવ છે.

બધી એ, બી, સી, ડી, નું લીસ્ટ.

૧ લી એ, બી, સી, ડી [છાપવાની મોટી]	૨ જી એ, બી, સી, ડી, [છાપવાની નાની]	૩ જી એ, બી, સી, ડી [લખવાની મોટી]	૪ થી એ, બી, સી, ડી, [લખવાની નાની]	ઇટેલીક્સ મોટા [ખાસ નામ કે અક્ષર માટે]	ઇટેલીક્સ નાના [ખાસ નામ કે અક્ષર માટે]	અક્ષરનું અંગ્રેજી નામ	અંગ્રેજી અક્ષરના જુદા જુદા ગુજરાતી ઉચ્ચાર.
A	a	*A*	*a*	*A*	*a*	એ	અ, આ, એ, ઍ, ઑ
B	b	*B*	*b*	*B*	*b*	બી	બ
C	c	*C*	*c*	*C*	*c*	સી	ક, સ, શ
D	d	*D*	*d*	*D*	*d*	ડી	ડ
E	e	*E*	*e*	*E*	*e*	ઇ	અ, આ, ઈ, એ
F	f	*F*	*f*	*F*	*f*	એફ	ફ
G	g	*G*	*g*	*G*	*g*	જી	જ, ગ,
H	h	*H*	*h*	*H*	*h*	એચ	અ, હ
I	i	*I*	*i*	*I*	*i*	આઇ	ઈ, આઈ, આય, અ.
J	j	*J*	*j*	*J*	*j*	જે	જ
K	k	*K*	*k*	*K*	*k*	કે	ક
L	l	*L*	*l*	*L*	*l*	એલ	લ
M	m	*M*	*m*	*M*	*m*	એમ	મ
N	n	*N*	*n*	*N*	*n*	એન	ન

૧ લી એ, બી, સી, ડી, [છાપવાની મોટી]	૨ જી એ, બી, સી, ડી, [છાપવાની નાની]	૩ જી એ, બી, સી, ડી, [લખવાની મોટી]	૪ થી એ, બી, સી, ડી, [લખવાની નાની]	ઈટાલિક મોટા [ત્રાંસા અક્ષર મોટા]	ઈટાલિક નાના [ત્રાંસા અક્ષર નાના]	અક્ષરનું અંગ્રેજી નામ	અંગ્રેજી અક્ષરના જુદા જુદા ગુજરાતી ઉચ્ચાર
O	o	O	o	*O*	*o*	ઓ	ઉ, ઓ, ઑ, અ
P	p	P	p	*P*	*p*	પી	પ
Q	q	Q	q	*Q*	*q*	ક્યુ	ક્વ, ક
R	r	R	r	*R*	*r*	આર	ર
S	s	S	s	*S*	*s*	એસ	સ, શ, ઝ
T	t	T	t	*T*	*t*	ટી	ટ
U	u	U	u	*U*	*u*	યુ	અ, ઉ, યુ
V	v	V	v	*V*	*v*	વી	વ
W	w	W	w	*W*	*w*	ડબલ્યુ	ઉવ, વ
X	x	X	x	*X*	*x*	એક્સ	ક્સ, ગ્સ, ઝ
Y	y	Y	y	*Y*	*y*	વાય	ઈ, આઈ, ય, આય
Z	z	Z	z	*Z*	*z*	ઝેડ	ઝ

અક્ષર પરિક્ષા.

નીચેના અંગ્રેજી અક્ષરનાં નામ આપો અને તે કઇ કઇ એ, બી, સી, ડી ના છે તે જણાવોઃ—

B, *K*, *W*, *l*, *q*, g, *j*, *U*, *r*, *B*, *f*, a, *t*, *n*, *p*; D, G, *L*, *R*, *O*, *S*, *H*, T, *w*, E, b, p, q, d, r.

થોડાક અંગ્રેજી અંક.

ગુજરાતી	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
અંગ્રેજી	1	2	3	4	5	6	7	8	9	10

પ્રકરણ ૨ જું.

જુદી જુદી એ, બી, સી, ડી ના ઉપયોગ વિષે સમજુતિ.

પહેલી એ, બી, સી, ડી, લખવાના કામમાં નથી આવતી પરંતુ તે છાપવાના કામમાંજ આવે છે. છાપેલા વાક્ય કે શબ્દ-નો પહેલો અક્ષર આ એ, બી, સી, ડી નો હોય છે. તેવીજ રીતે છાપેલાં નામનો પહેલો અક્ષર પણ આ એ, બી, સી, ડી નો હોય છે.

બીજી એ, બી, સી, ડી, પણ છાપવાનાજ કામમાં આવે છે. દરેક [છાપેલા] વાક્ય કે શબ્દનો પહેલો અક્ષર પહેલી એ, બી, સી, ડી નો છપાયા પછી બીજા બધા છપાયેલા અક્ષરો બીજી એ, બી, સી, ડી ના હોય છે. તે બધા જોડાયેલા હોતા નથી પરંતુ એક બીજાની જોડે મુકેલા હોય છે જેમકે School–સ્કૂલ–નિશાળ.

ત્રીજી એ, બી, સી, ડી છાપવાના કામમાં આવતી નથી પણ કેવળ લખવાનાજ કામમાં આવે છે. દરેક લખેલ વાક્ય કે શબ્દનો પહેલો અક્ષર ત્રીજી એ, બી, સી, ડી નો લખાય છે. તેમજ દરેક લખેલ નામ કે શબ્દ અને દરેક લખેલ કવિતાનો પહેલો અક્ષર આ એ, બી, સી, ડી નો લખાય છે. જો આ અક્ષર છપાયેલા હોય

છે તો તે ત્રીજી એ, બી, સી, ડી અથવા તો કોઇના હાથ અક્ષર બતાવવા માટે હોય છે. તે સિવાય તે છાપવાના ઉપયોગમાં આવતી નથી, પરંતુ ફક્ત લખવાના અર્થમાં આવે છે.

ચોથી એ, બી, સી, ડી પણ લખવાના કામમાં આવે છે. દરેક લખેલ વાક્ય કે શબ્દનો પહેલો અક્ષર અથવા તો લખેલ નામનો પહેલો અક્ષર ત્રીજી એ, બી, સી, ડી ના લખ્યા પછી બાકીના બધા અક્ષર આ ચોથી એ, બી, સી, ડી ના લખવામાં આવે છે અને લખતી વખતે તે એક બીજાને અડાડીને લખવામાં આવે છે. જેમકે *He goes*—હી ગોઝ–તે જાય છે.

ઈટેલીક્સ નાના અને મોટા અક્ષરો કોઈ ખાસ અક્ષર કે શબ્દ કે નામ લખવા કે છાપવામાં વપરાય છે. જેમકે *Rama*–રામ; *Dog* ડૉગ–કુતરો.

પહેલી તથા ત્રીજી એ, બી, સી, ડી, ના અક્ષરો બીજી અને ચોથી એ, બી, સી, ડી ના અક્ષરો કરતાં મોટા હોય છે તે અભ્યાસીએ જોયું હશે. આ મોટા અક્ષરોને અંગ્રેજીમાં Capital letters–કૅપિટલ લેટર્સ–કહે છે. બીજી અને ચોથી એ, બી, સી, ડી ના નાના અક્ષરોને અંગ્રેજીમાં Small letters–સ્મૉલ લેટર્સ કહે છે. ઇટેલીક્સ અક્ષરોના અંદર પણ આ ભેદ માલુમ પડશે.

—:o:—

પ્રકરણ ૩ જું.

જુદા જુદા અક્ષરોના ગુજરાતી ઉચ્ચાર.

આ નીચે જુદા જુદા અંગ્રેજી અક્ષરના જે જે જુદા જુદા ઉચ્ચાર થાય છે તે આપ્યા છે. તે બહુ મહત્વના નથી તેમ છતાં

પ્રકરણ વાંચી જવાથી અંગ્રેજી ભાષાના જુદા જુદા અને અપરિચીત શબ્દોના ઉચ્ચાર જાતે બેસાડવામાં અભ્યાસિને સુગમતા મળશે.

૧. A એ–આ અક્ષરના અ, આ, એ, ઍ, ઓ, ઑ એવા જુદા જુદા ઉચ્ચાર થાય છે. જેમકેઃ- Indian ઇન્ડીઅન્ હિંદુસ્થાની, હિંદી. આ શબ્દમાં A નો ઉચ્ચાર "અ" થાય છે. Cart–કાર્ટ-ગાડું આ શબ્દમાં A નો ઉચ્ચાર "આ" થાય છે. Small–સ્મૉલ–નાનું, ball–બૉલ–દડો; all–ઑલ–બધા, સર્વ. આ શબ્દોમાં Aનો ઉચ્ચાર "ઓ" થાય છે. Man–મૅન–માણુસ; ran–રૅન–દોડયો, an–ઍન–એક. આ શબ્દોમાં A નો ઉચ્ચાર "ઍ" થાય છે. Amen–એ મેન–અસ્તુ; gain–ગેઇન–મેળવવું. આ શબ્દોમાં A નો ઉચ્ચાર "એ" થાય છે.

૨. B બી આ અક્ષરનો ઉચ્ચાર બ થાય છે. જેમકેઃ— Box—બૉક્સ—પેટી.

૩. C સી આ અક્ષરના ઉચ્ચાર ક, સ, શ, એવા થાય છે. જેમકેઃ—Cat–કૅટ–બિલાડી. આ શબ્દમાં C નો ઉચ્ચાર "ક" થાય છે. Nice—નાઇસ—સુંદર, pice—પાઇસ–પૈસો. આ શબ્દોમાં C નો ઉચ્ચાર "સ" થાય છે. Ocean–ઓશન–મહાસાગર, Official–ઓફિશિયલ–કચેરી વિષયક. આ શબ્દોમાં C નો ઉચ્ચાર "શ" થાય છે.

નોટ—C ને માટે સાધારણ નિયમ એવો છે કે જો C ની પછી e, i, કે y એ અક્ષરો આવે તો તેનો ઉચ્ચાર "સ" કરવો, નહીં તો તેનો ઉચ્ચાર "ક" કરવો.

૪. D આ અક્ષરનો ઉચ્ચાર ડ થાય છે. જેમકેઃ—Mad–મૅડ–ગાંડું; dear–ડીઅર–વ્હાલું. આ શબ્દોમાં D નો ઉચ્ચાર "ડ" થાય છે.

૫. E ઇ આ અક્ષરના ઉચ્ચાર અ, આ, ઈ તથા એ થાય છે. દાખલાઃ—Nerve–નર્વ–નસ; serf–સર્ફ–મોજું; ગુલામ. આ શબ્દોમાં E નો ઉચ્ચાર "અ" થાય છે. Clerk–કલાર્ક–કારકુન. આ શબ્દમાં E નો ઉચ્ચાર " આ " થાય છે. He–હી–તે, dear–ડીઅર–વ્હાલું. આ શબ્દોમાં E નો ઉચ્ચાર "ઇ" થાય છે. Net–નેટ–જાળી; get–ગેટ–મેળવવું. આ શબ્દોમાં E નો ઉચ્ચાર "એ" થાય છે.

૬. F એફ્ આ અક્ષરનો ઉચ્ચાર ફ્ થાય છે. જેમકેઃ— Father–ફાધર–પિતા; Five–ફાઇવ–પાંચ.

૭. G જી આ અક્ષરના ઉચ્ચાર જ, ગ થાય છે. જેમકે— Germany–જર્મનિ–gymnastics–જીમ્નેસ્ટિક્સ–વ્યાયામ કળા. આ શબ્દોમાં G નો ઉચ્ચાર " જ " થાય છે. Get–ગેટ–મેળવવું; game–ગેઇમ–રમત. આ શબ્દોમાં G નો ઉચ્ચાર "ગ" થાય છે.

નોટ—G ને માટે સાધારણ નિયમ એવો છે કે જો G ની પછી e, i કે y આવે તો G નો ઉચ્ચાર " જ " થાય છે અને બીજે બધે G નો ઉચ્ચાર "ગ" થાય છે. કેટલીકવાર તેના પછી e કે i આવે તો પણ તેનો ઉચ્ચાર " ગ " થાય છે. જેમકે—get–ગેટ–મેળવવું; give–ગિવ–આપવું.

૮. H એચ આ અક્ષરના ઉચ્ચાર હ, અ થાય છે. જેમકે Home–હોમ–ઘર. આ શબ્દમાં H નો ઉચ્ચાર " હ " થાય છે. Honour–ઓનર માન; hour–અવર–કલાક. આ શબ્દોમાં H ઉચ્ચાર "અ" થાય છે.

૯. I આઇ આ અક્ષરના ઉચ્ચાર ઈ, આઈ, અ, આય, થાય છે. દાખલ તરીકેઃ—Sing–સિંગ–ગાવું; give–ગિવ–આપવું.

આ શબ્દોમાં I નો ઉચ્ચાર "ઇ" થાય છે. Like–લાઇક–ચાહવું; mile–માઇલ–મૈલ. આ શબ્દોમાં I નો ઉચ્ચાર "આઇ" થાય છે. Shirt–શર્ટ–ખમીસ; Dirt–ડર્ટ–ધુડ. આ શબ્દોમાં I નો ઉચ્ચાર " અ " થાય છે. Piracy–પાયરસિ–ચાંચીયાપણું. આ શબ્દમાં I નો ઉચ્ચાર "આય" થાય છે.

૧૦. J જે આ અક્ષરનો ઉચ્ચાર " જ " થાય છે. જેમકે— Jackal–જેકૅાલ–શિયાળ; Justice–જસ્ટિસ–ન્યાય.

૧૧. K કે આ અક્ષરનો ઉચ્ચાર " ક " થાય છે. જેમકે— Kite–કાઇટ–પતંગ; Kid–કિડ–બકરીનું બચ્ચું.

૧૨. L એલ આ અક્ષરનો ઉચ્ચાર " લ " થાય છે. દાખલા તરીકે Love–લવ–ચાહવું; Lime–લાઇમ–ચુનો.

૧૩. M એમ આ અક્ષરનો ઉચ્ચાર "મ" થાય છે. દાખલો– Man–મૅન–માણસ; Mother–મધર–મા.

૧૪. N એન આ અક્ષરનો ઉચ્ચાર " ન " થાય છે. જેમકે Nine–નાઇન–નવ; Night–નાઇટ–રાત્રિ.

૧૫. O ઓ આ અક્ષરના ઉચ્ચાર ,અ, ઉ, ઑ, ઓ, વિગેરે થાય છે. જેમકે—Brother–બ્રધર–ભાઇ, Love–લવ–ચાહવું. આ શબ્દોમાં O નો ઉચ્ચાર "અ" થાય છે. Do–ડુ–કરવું; To–ટુ–ને અથવા તરફ અહિં O નો ઉચ્ચાર " ઉ " થાય છે. Doll–ડૉલ–પુતળી. અહિં O નો ઉચ્ચાર " ઑ " થાય છે. So–સો–તેથી; Go–ગો–જવું. આ શબ્દોમાં O નો ઉચ્ચાર "ઓ" થાય છે.

૧૬. P પી આ અક્ષરનો ઉચ્ચાર "પ" થાય છે. જેમકે— Pen—પેન—કલમ Pipe—પાઇપ—પીપુડી.

૧૭. Q કયુ આ અક્ષરના ઉચ્ચાર "ક" અને "કવ" થાય છે. જેમકે Bezique-બિઝીક-બિઝીકની રમત; oblique-ઑબ્લીક-આડી. આ શબ્દોમાં *Q* નો ઉચ્ચાર "ક" થાય છે. Quite-ક્વાઇટ-તદ્દન; Quiver—ક્વીવર—ભાથું. આ શબ્દોમાં *Q* નો ઉચ્ચાર "કવ" થાય છે.

નોટ—*Q* કોઈ દીવસ એકલો આવતો નથી. તેની સાથે U અક્ષર હમ્મેશાં આવે છે. જ્યારે *QU* અક્ષરો **શબ્દની શરૂઆતમાં** આવે ત્યારે તેનો ઉચ્ચાર કવ થાય છે, અને જ્યારે *QU* અક્ષરો **શબ્દની વચમાં** અથવા છેડે આવે ત્યારે તેનો ઉચ્ચાર ક થાય છે.

૧૮. R આર આ અક્ષરનો ઉચ્ચાર "ર" થાય છે. જેમકે-Right-રાઇટ-ખરૂં; Rule-રૂલ-રાજ્ય કરવું.

૧૯. S એસ આ અક્ષરના ઉચ્ચાર "સ, શ, ઝ" એવા થાય છે. જેમકે Sit—સિટ—બેસવું. આ શબ્દમાં S નો ઉચ્ચાર "સ" થાય છે. Sure-સ્યુઅર-ખચીત; Assure-એસ્યુઅર-ખાત્રી આપવી. આ શબ્દોમાં S નો ઉચ્ચાર "શ" થાય છે. Is-ઇઝ-છે; Goes-ગોઝ-જાય છે. આ શબ્દોમાં S નો ઉચ્ચાર "ઝ" થાય છે.

૨૦. T ટી આ અક્ષરનો ઉચ્ચાર "ટ" થાય છે. જેમકે—Tell-ટેલ-કહેવું; Tale—ટેઇલ-વાર્તા.

૨૧. U યુ ના ઉચ્ચાર "ઉ, ઊ, અ, યુ" વગેરે થાય છે. દાખલા:—Pull-પુલ-ખેંચવું. અહિં U નો ઉચ્ચાર "ઉ" થાય છે Cut-કટ-કાપવું, Nut-નટ-સોપારી. આ શબ્દોમાં U નો ઉચ્ચાર "અ" થાય છે. Duke-ડ્યુક-ઉમરાવ. અહિં U નો ઉચ્ચાર "યુ" થાય છે,

૨૨. V વી આ અક્ષરનો ઉચ્ચાર "વ" થાય છે. જેમકે— Dove ડવ કબુતર; Valet-વેલેટ-નોકર.

૨૩. W ડબલ્યુ આ અક્ષરનો ઉચ્ચાર "ઉવ" અથવા "વ" થાય છે જેમકે—We વિ અમે; Walk-ઉવૉક-ચાલવું.

૨૪. X એક્સ આ અક્ષરના ઉચ્ચાર "ક્સ, ક્ઝ, ઝ" વગેરે થાય છે. જેમકે—Ox-ઑક્સ-બળદ; Box-બૉક્સ-પેટી. આ શબ્દમાં X નો ઉચ્ચાર "ક્સ" થાય છે. Examine-એક્ઝામીન તપાસવું. આ શબ્દમાં X નો ઉચ્ચાર "ક્ઝ" થાય છે. Xenophon-ઝિનોફિન-ગ્રીસના એક પ્રખ્યાત પુરૂષનું નામ. આ શબ્દમાં X નો ઉચ્ચાર "ઝ" થાય છે.

૨૫. Y વાય આ અક્ષરના ઉચ્ચાર "ઇ, આઈ, આય, ય" વગેરે થાય છે. જેમકે—Ready-રેડી-તૈયાર; Many-મૅનિ-ઘણા. આ શબ્દોમાં Y નો ઉચ્ચાર "ઈ" થાય છે. Spy-સ્પાય-જાસુસ. આ શબ્દમાં Y નો ઉચ્ચાર "આય" થાય છે. Dyke-ડાઇક-બંધ આ શબ્દમાં Y નો ઉચ્ચાર "આઇ" થાય છે. year-યર-વર્ષ. અહીં Y નો ઉચ્ચાર "ય" થાય છે.

૨૬. Z ઝેડ આ અક્ષરનો ઉચ્ચાર "ઝ" થાય છે. જેમકે— Lazy—લેઝિ—આળસુ; Gaze-ગેઇઝ-ટગર ટગર જોવું.

પ્રકરણ ૪ થું.

અંગ્રેજી સ્વર તથા વ્યંજન.

(અંગ્રેજી સ્વરની ગુજરાતી સ્વર જોડે સરખામણી.)

જેવી રીતે ગુજરાતિમાં "અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ ઐ, ઓ, ઔ, અં, અઃ" એવા બાર સ્વર છે તેમ અંગ્રેજીમાં પણ સ્વર છે.

અંગ્રેજીમાં સ્વરને Vowel વૉવેલ કહે છે. અંગ્રેજીમાં Vowels-વૉવેલ્સ્-સ્વર-સાત છે A, E, I, O, U, Y, W. ગુજરાતિમાં થતા સ્વરોચ્ચાર અંગ્રેજીમાં જુદા જુદા અક્ષરથી બને છે.

૧. અ ઉચ્ચાર a, e, i, o, u આટલા સ્વરથી બને છે, જેમકે:—German—જર્મન-જર્મન. આ શબ્દમાં " અ " ઉચ્ચાર a થી થાય છે. Perch-પર્ચ-ડાળી ઉપર બેસવું. આ શબ્દમાં "અ" ઉચ્ચાર e થી થાય છે. Birth-બર્થ-જન્મ. આ શબ્દમાં " અ " ઉચ્ચાર i થી થાય છે. Ton-ટન-ટન. આ શબ્દમાં "અ" ઉચ્ચાર o થી થાય છે. Uncle-અન્કલ-કાકા. આ શબ્દમાં "અ" ઉચ્ચાર U થી થાય છે.

૨. આ ઉચ્ચાર a, e અને au થી થાય છે. જેમકે—Mass-માસ-જથ્થો. અહિં "આ" ઉચ્ચાર a થી થાય છે Clerk-ક્લાર્ક-કારકુન. આ શબ્દમાં "આ" ઉચ્ચાર e થી થાય છે. Aunt-આન્ટ-કાકી. આ શબ્દમાં " આ " ઉચ્ચાર au થી થાય છે.

૩. ઇ ઉચ્ચાર e, i અને y થી થાય છે. જેમકે Ear-ઇઅર કાન. અહિં " ઇ " ઉચ્ચાર e થી થાય છે. Bit-બિટ-કકડો. આ શબ્દમાં "ઇ" ઉચ્ચાર i થી થાય છે. Tiny-ટાઇની-ન્હાનું. આ શબ્દમાં "ઇ" ઉચ્ચાર y થી થાય છે.

૪. ઈ ઉચ્ચાર ee થી અથવા ea થી થાય છે. ઉદાહરણઃ-Deed-ડીડ-કામ. આ શબ્દમાં " ઈ " ઉચ્ચાર ee થી થાય છે. Leaf-લીફ-પાંદડું. આ શબ્દમાં " ઈ " ઉચ્ચાર ea થી થાય છે.

૫. ઉ ઉચ્ચાર o અથવા u થી થાય છે. જેમકે Do-ડુ-કર્યું. આ શબ્દમાં " ઉ " ઉચ્ચાર o થી થાય છે. Bull-બુલ-આખલો. અહીં "ઉ" ઉચ્ચાર u થી થાય છે.

૬. ઊ ઉચ્ચાર u અથવા oo થી થાય છે. જેમકે:-Tool-ટુલ-ઓજાર; School-સ્કુલ-નિશાળ. આ શબ્દોમાં "ઊ" ઉચ્ચાર oo થી થાય છે. Pull-પુલ-ખેંચવું. અહિં "ઉ" ઉચ્ચાર u થી થાય છે. સૂચના દીર્ઘ ઉ સાધારણ રીતે oo થીજ થાય છે.

૭. એ ઉચ્ચાર a અને e થી થાય છે. દાખલા:—Gave-ગેવ-આપ્યું. અહીં "એ" ઉચ્ચાર a થી થાય છે. Pen-પેન-કલમ અહીં "એ" ઉચ્ચાર e થી થાય છે.

૮. ઐ ઉચ્ચાર ai થી થાય છે. જેમકે:—Kaiser—કૈસર. આમાં "ઐ" ઉચ્ચાર ai થી થાય છે.

૯. ઓ ઉચ્ચાર a અથવા o થી થાય છે. જેમકે—Ball-બૉલ-દડો. અહીં "ઓ" ઉચ્ચાર a થી થાય છે. Post-પોસ્ટ-ટપાલ. અહિં "ઓ" ઉચ્ચાર o થી થાય છે.

૧૦. ઔ ઉચ્ચાર au થી થાય છે. જુઓ પ્રકરણ ૮ મું.

૧૧. અં ઉચ્ચાર am અથવા an થી થાય છે. ,,

૧૨. અ: ઉચ્ચાર ah થી થાય છે.

નોટ—a, e, i, o, u એ શુદ્ધ સ્વર ગણાય છે. u નો ઉચ્ચાર "અ" અથવા "ઉ" થાય છે ત્યારે તે સ્વર ગણાય છે. પણ, જ્યારે તેનો ઉચ્ચાર "ય" થાય છે ત્યારે તે વ્યંજન ગણાય છે. y અને w જ્યારે શબ્દની શરૂઆતમાં આવે ત્યારે સ્વર ગણાતા નથી. w શબ્દની અધવચમાં અથવા છેડે આવે છે ત્યારે સાધારણ રીતે તેનો ઉચ્ચાર થતો નથી. તેવી રીતે h નો ઉચ્ચાર પણ કેટલીકવાર "અ" થાય છે. ત્યારે તે સ્વર ગણાય છે જેમકે hour-અવર-કલાક. પણ તેનો ઉચ્ચાર જ્યારે "હ" થાય છે ત્યારે તે વ્યંજન ગણાય છે. જેમકે High-હાય-ઉંચું.

અંગ્રેજી વ્યંજન.

વ્યંજનને અંગ્રેજીમાં Consonant કૉન્સોનન્ટ કહે છે. અંગ્રેજીમાં નીચે પ્રમાણે કૉન્સોનન્ટ (વ્યંજન) છેઃ—

b, c, d, f, g, h, j, k, l, m, n p, q, r, s, t, u, v, w, x, y, z,

જુદા જુદા સ્વરવાળા શબ્દોનાં ઉદાહરણ.

A—એ.

Man મૅન માણસ	Lad લૅડ છોકરો
Ran રૅન દોડ્યો	Sad સૅડ દિલગીર
Hat હૅટ ટોપી	Map મૅપ નકશો
Bad બૅડ નઠારો	Sat સૅટ બેઠો
Cat કૅટ બિલાડી	Mat મૅટ સાદડી

E—ઈ—એ.

Hen હેન મુરઘી	Bed બેડ પથારી
Pen પેન કલમ	Met મેટ મળ્યો
Egg એગ ઈંડું	Get ગેટ મેળવવું
Leg લેગ પગ	Men મેન માણસો

I—આઈ—ઈ.

Sit સિટ બેસવું	Kid કિડ બકરીનું બચ્ચું
Big બિગ મોટું	Lid લિડ ઢાંકણું
Dip ડિપ બોળવું	Fit ફિટ લાયક
Fig ફિગ અંજીર	Bit બિટ કકડો

O–ઓ–ઑ.

Boy બૉય છોકરો	Pot પૉટ ઘડો; વાસણ
God ગૉડ પરમેશ્વર	Hot હૉટ ગરમ
Toy ટૉય ભમરડો	Dog ડૉગ કુતરો
Lot લૉટ જથ્થો	Got ગૉટ મેળવ્યું

U–યુ–અ, ઉ.

Cut કટ કાપવું	Put પુટ મૂકવું
But બટ પણ	Pull પુલ ખેંચવું
Nut નટ ફળ	Bull બુલ ગોધો (આખલો)

દરેક સ્વરના જુદા જુદા ઉચ્ચારના દાખલા.

A	એ	એ	Gave ગેવ આપ્યું	Save સેવ બચાવવું
„	„	ઍ	Bad બૅડ ખરાબ	Mad મૅડ ગાંડો
„	„	અ	German જર્મન	servant સર્વન્ટ નોકર
„	„	આ	Car કાર ગાડી	Lark લાર્ક લાવરી
„	„	ઓ	Soap સોપ સાબુ	Goat ગોટ ઘેટો
„	„	ઑ	All ઑાલ બધું	Small સ્મૉલ ન્હાનું

E	ઇ	એ	Leg લેગ પગ	Bed બેડ ખાટલો (પથારી)
„	„	ઈ	He હિ તે	See સી જોવું
„	„	અ	Winter વિન્ટર શિયાળો	Summer સમર ઉનાળો
„	„	આ	Clerk કલાર્ક કારકુન	

I	આઇ ઈ		Bid બિડ ફરમાવવું	Sit સિટ બેસવું
,,	,,	આઈ	Mind માઇન્ડ મન	Find ફાઇન્ડ શોધવું
,,	,,	આય	Ire આયર ગુસ્સો	Mire માયર કાદવ
,,	,,	અ	Chirp ચર્પ ચકલીની પેઠે ચીચી કરવું	Dirt ડર્ટ ધુડ

O	ઓ	ઑ	Dog ડૉગ કુતરો	Shot શૉટ ગોળી
,,	,,	અ	Dove ડવ કબુતર	Come કમ આવવું
,,	,,	ઓ	Pole પો'લ વાંસડો	Sole સો'લ એકલું
,,	,,	ઉ	Move મુવ ખસેડવું.	Do ડુ કરવું

U	યુ	અ	Curds કર્ડ્ઝ દહીં	Dull ડલ અક્કલમંદ
,,	,,	ઉ	Bull બુલ આખલો	Put પુટ્ મુકવું
,,	,,	યુ	Dupe ડયુપ છેતરવું	Lute લ્યુટ્ એક વાજીંત્ર
,,	,,	એ	Bury બેરી દાટવું, દફનાવવું	

Y	વાય	ઈ	Lofty લૉફ્ટી ઉંચું	Body બૉડિ શરીર
,,	,,	આય	Sty સ્ટાય આંજણી	My માય મ્હારૂં

પ્રકરણ ૫ મું.

અંગ્રેજી મિશ્રઅક્ષરો અને તેમના ઉચ્ચાર.

અંગ્રેજીમાં મિશ્ર અક્ષરો છે તેમાનું થોડુંક લીસ્ટ આ નીચે આપ્યું છે.

[૧] Aa [૨] Ae [૩] Ai [૪] Ao [૫] An [૬] Aw

[૭] Ay [૮] Ea [૯] Ee [૧૦] Ei [૧૧] Eo [૧૨] Ew [૧૩] Ey [૧૪] Ia [૧૫] Ie [૧૬] Ei [૧૭] Oa [૧૮] Oe [૧૯] Oi [૨૦] Oo [૨૧] Ou [૨૨] Ow [૨૩] Oy [૨૪] Ua [૨૫] Ue [૨૬] Ui [૨૭] Ch, [૨૮] Ph [૨૯] Sh, [૩૦] Th. [૩૧] Gh, [૩૨] Ck, [૩૩] Pn.

આ દરેકના નીચે મુજબ ઉચ્ચાર થાય છે.

(૧) Aa આ Canaan કનાન (કનાન પ્રદેશ) Bazaar બઝાર.

(૨) Ae એ અને ઈ થાય છે જેમકે:—Aerial એરીઅલ હવાઈ. Laertes લેર્ટિસ (નામ છે), Formulae ફોર્મ્યુલી ટુંકી રીત, સંજ્ઞા. Aesthetics ઇસ્થેટિક્સ રસજ્ઞાન. Aerie એરિ ગરૂડપક્ષી અથવા બીજાં હીંસક પક્ષીનો માળો.

(૩) Ai એઈ. જેમકે:—A snail એ સ્નેઇલ ગોકળગાય. Pail પેઇલ ડોલ.

(૪) Ao એઈ જેમકે A gaol-એ જેઇલ બંદીખાનું.

(૫) Au આ અને આ થાય છે જેમકે:-Staunch સ્ટોન્ચ મજબૂત; Daughter ડૉટર દીકરી; To laugh ટુ લાફ હસવું.

(૬) Aw નો ઉચ્ચાર ઑ થાય છે. જેમકે:—Paw પૉ પંજો; Saw સૉ જોયું.

(૭) Ay નો ઉચ્ચાર એ થાય છે, જેમકે Play પ્લે' રમવું; Say સે' કહેવું.

(૮) Ea ના ઉચ્ચાર ઇઅ, ઇએ અ, ઈ, એ થાય છે. જેમકે:—Ear ઇઅર કાન; Creation ક્રીએશન સૃજન; To

search ટુ સર્ચ શોધવું; Beast બીસ્ટ પશુ; Sweat સ્વેટ પરસેવો.

(૯) Ee ના ઊચ્ચાર ઇ, ઇઅ થાય છે જેમકે See સી જોવું; Seed સીડ બી; Peer પીઅર ઉમરાવ, Deer ડીઅર હરણ.

(૧૦) Ei ના ઉચ્ચાર આઇ, એ, વગેરે થાય છે. જેમકેઃ— Either આઇધર બેમાંનું એક અથવા બન્ને. To weigh ટુ વે' જોખવું; તોળવું.

(૧૧) Eo ના ઉચ્ચાર ઈ, એ, ઇએ. વગેરે થાય છે. જેમકે People પીપલ લોક, Leopard લેપર્ડ ચીત્તો; Leo લીઓ સીંહ (લેટીન); Jeopardise જ્યોપાર્ડાઇઝ જોખમમાં નાંખવું. George જ્યોર્જ (નામ).

(૧૨) Ew ના ઉચ્ચાર યુ, ઓ વગેરે થાય છે જેમકે Dew ડ્યુ ઝાકળ, Chew ચ્યુ ચાવવું; Sew સો સીવવું.

(૧૩) Ey ના ઉચ્ચાર એ, ઇ, વગેરે થાય છે જેમકેઃ— Prey પ્રે શીકાર; Key કી કુંચી, Parley પાર્લી સંધી કરવા માટે અગર તાબે થવા માટે બોલાવવું તે.

(૧૪) Ia ના ઉચ્ચાર આય, આયા, ઇઆ, આ વગેરે થાય છે. જેમકેઃ—Pliant પ્લાયન્ટ વાળી શકાય, સુધારી શકાય તેવું; Diamond ડાયામન્ડ હીરો; Fiasco ફીઆસ્કો ફારસ અચાનક બેટો. Parliament પાર્લામેન્ટ પાર્લામેન્ટ.

(૧૫) Ie ના ઉચ્ચાર આય, એ, ઈ વગેરે થાય છે જેમકે Client ક્લાયન્ટ અસીલ; Friend ફ્રેન્ડ મિત્ર, Piece પીસ કકડો.

(૧૬) Ii નો ઉચ્ચાર આય થાય છે જેમકે Radii રેડીઆય મધ્યબીન્દુમાંથી ગોળાકારની લીટી સુધી દોરેલી લીટીઓ.

(૧૭) Oa ના ઉચ્ચાર ઓ, આ, ઓ, ઑ વગેરે થાય છે જેમકે:—Boa-constrictor બોઆ કન્સ્ટ્રીકટર અજગર, Boar બોર ભૂંડ, Abroad એબ્રોડ બ્હાર.

(૧૮) Oe ના ઉચ્ચાર અ, ઉ, ઓ વગેરે થાય છે. જેમકે:—Does ડઝ કરે છે, Shoes શૂઝ જોડા; Goes ગોઝ જાય છે.

(૧૯) Oi ના ઉચ્ચાર ઑઈ, ઓય વગેરે થાય છે જેમકે:—Coil કોઇલ વીંટો; Coir કોયર કાથી.

[૨૦] Oo ના ઉચ્ચાર અ, ઊ, ઓ, ઉઅ વગેરે થાય છે જેમકે:— Blood-બ્લડ-લોહી; Look-લુક-જોવું; Door-ડો'ર બારણું; Poor-પૂઅર-ગરીબ.

[૨૧] Ou ના ઉચ્ચાર આઉ, આવ, અવ, ઓ, ઑ, અ વગેરે થાય છે. જેમકે:—Mouse-માઉસ-ઉંદર; Sour-સાવર-ખાટું; Our-અવર-આપણું; Pour-પો'ર-રેડવું; Bought-બૉટ ખરીદ્યું; Labour-લેબર-મજુરી; Trouble-ટ્રબલ-પીડા.

[૨૨] Ow ના ઉચ્ચાર આઉ, ઓ, આવ, ઓ, અ વગેરે થાય છે. જેમકે:— Owl-આઉલ-ઘૂવડ; Own-ઓન્-પોતાનું; Power-પાવર-સત્તા; Lower-લોઅર-વધારે નીચું.

[૨૩] Oy ના ઉચ્ચાર ઑય, વગેરે થાય છે. જેમકે:—Sepoy-સીપોય-સીપાઈ; Boy-બૉય-છોકરો.

[૨૪] Ua ના ઉચ્ચાર, આ, અવે, ઑ, ઉવો વગેરે થાય છે. જેમકે:— To guard-ટુ ગાર્ડ-રક્ષણ કરવું; Language

લેંગ્વેજ–ભાષા; Aquatic–એકવેટીક્–પાણીમાં રહેનારૂં; Quarry કવોરી–ખાણ; Quarrel–કવોરલ–કજીઓ.

[૨૫] Ue ના ઉચ્ચાર એ, અ, યુ વગેરે થાય છે. Quest કવેસ્ટ–શોધ; Oblique–ઑબ્લીક્–વાંકું; Blue–બ્લ્યુ–વાદળી.

[૨૬] Ui ના ઉચ્ચાર આઈ, ઈ, આય, યુ વગેરે થાય છે. જેમકેઃ— Guile–ગાઇલ–કપટ, ટીખળ; Quite–કવાઇટ–તદ્દન; Guild–ગીલ્ડ–સમૂહ; Squire–સ્કવાયર–શૂરવીર ઉમરાવની જોડે રહેનાર; Quire–ક્વાયર–ગાનારૂં ટોળું; Suit–સ્યુટ–દાવો.

(૨૭) Ch ના ઉચ્ચાર ચ, ક, શ થાય છે જેમકે Church ચર્ચ–દેવળ; Character–કેરેકટર–ચાલચલગત; Chivalry–શીવલરી–પ્રેમશૌર્ય. નોટ—Ch ને માટે સાધારણ નિયમ એવો છે કે ગ્રીક ભાષામાંથી આવેલ શબ્દમાં તેનો ઉચ્ચાર "ક્" થાય છે. અને ફ્રેન્ચ ભાષામાંથી આવેલ શબ્દમાં તેનો ઉચ્ચાર "શ" થાય છે.

[૨૮] Ph નો ઉચ્ચાર ફ થાય છે જેમકે Phoenix—ફિનિકસ–એક જાતનું પક્ષી; Pharmacy–ફાર્મસી–ઔષધશાળા.

[૨૯] Sh ના ઉચ્ચાર "શ" કે "ષ" થાય છે જેમકેઃ— Shame–શેઇમ–શરમ; English–ઇંગ્લીશ–અંગ્રેજી.

[૩૦] Th ના ઉચ્ચાર થ, ઠ, કે ધ થાય છે. જેમકેઃ— Tooth–ટૂથ–દાંત; Though–ધો–જો કે.

(૩૧) Gh ના ઉચ્ચાર ઘ, ફ, પ થાય છે જેમકે Dough ડફ્–કણક; Ghost–ઘોસ્ટ–ભૂત.

[૩૨] Ck નો ઉચ્ચાર ક થાય છે જેમકે Black–બ્લૅક–કાળું.

[૩૩] Pn—ન. Pneumonia—ન્યુમોનિઆ ત્રિદોષ. આ સિવાય બીજા ઘણા મિશ્ર અક્ષરો છે પરંતુ અહીં તો કેટલાક અગત્યનાજ આપ્યા છે.

પ્રકરણ ૬ ઠું.

Silent Letters.

સાઇલન્ટ લેટર્સ.

અનુચ્ચારિત અક્ષરો.

[૧] B નો ઉચ્ચાર કેટલાક શબ્દોમાં થતો નથી જેમકેઃ— Debt—ડેટ—રૂણ.

[૨] C નો ઉચ્ચાર કેટલાક શબ્દોમાં થતો નથી જેમકેઃ— Czar—ઝાર—રશીયાના રાજાનો ખીતાબ. Ascend—એસેન્ડ—ઉંચે ચડવું.

[૩] D નો ઉચ્ચાર કેટલાક શબ્દોમાં થતો નથી જેમકેઃ— Sledge—સ્લેજ—લપસવાનાં પૈડાં અથવા ગાડી. Knowledge—નૉલેજ—જ્ઞાન; Hedge—હેજ—વાડ; Pledge—પ્લેજ—વચન.

[૪] E કેટલાક શબ્દને છેડે e આવે છે ત્યારે તેનો ઉચ્ચાર થતો નથી જેમકેઃ—Blue—બ્લ્યુ—વાદળી.

[૪] G નો ઉચ્ચાર કેટલાક શબ્દમાં થતો નથી. જેમકેઃ— Sign—સાઇન—નિશાની; Plight—પ્લાઇટ—દશા.

(૫) H નો ઉચ્ચાર ન થતો હોય તેવા શબ્દના નમૂનાઃ

Humble–અમ્બલ–નમ્ર; Honour–ઓનર–માન; Hour–અવર કલાક; Sigh–સાઇ–નિસાસો નાંખવો.

(૬) K અનુચ્ચારિત હોય તેવા શબ્દ: Knowledge–નૉલેજ–જ્ઞાન; Knee–ની–ઘૂંટણ.

(૭) L નો ઉચ્ચાર ન થતો હોય તેવા શબ્દ: Calf–કાફ વાછરડું; Half–હાફ–અડધો; Chalk–ચૉક–ચાક.

(૮) N નો ઉચ્ચાર ન થતો હોય તેવા શબ્દો: Solemn–સોલમ–ગંભીર; Hymn–હીમ–પવિત્ર ગીત.

(૯) P નો ઉચ્ચાર ન થતો હોય તેવા શબ્દ: Psalm–સામ પવિત્ર ;ગીત Psycho-સીકે-આત્મા;Pneumonia--ન્યુમોનિયા-ત્રિદોષ.

[૧૦] S નો ઉચ્ચાર ન થતો હોય તેવા શબ્દ: Island આઇલેન્ડ–બેટ.

[૧૧] T નો ઉચ્ચાર ન થતો હોય તેવા શબ્દ: Tsar–ઝાર–રૂશીયાના રાજાનો ખીતાબ; Catch–કૅચ–પકડવું; Snatch–સ્નૅચ–ઝૂંટાવવું; Often–ઑફન્–વારંવાર.

(૧૨) W નો ઉચ્ચાર પણ કેટલેક સ્થળે નથી થતો જેમકે: Know–નો'–જાણવું; Hawk–હૉક–બાજ પક્ષી; Write–રાઇટ–લખવું. નોટ—W પછી જ્યારે R આવે ત્યારે તેનો ઉચ્ચાર થતો નથી જેમકે Wrong–રોન્ગ–ખોટું.

[૧૩] Ch નો ઉચ્ચાર ન થતો હોય તેવા શબ્દો: A yacht–એ યૉટ–ફરવાનો મછવો.

[૧૪] Gh નો ઉચ્ચાર કેટલાક શબ્દોમાં નથી થતો જેમકે: Night–નાઇટ–રાત્રી; Sigh–સાઇ–નિશ્વાસ; Might-માઇટ–બળ.

[૧૫] Ue નો ઉચ્ચાર જ્યારે તે કેટલાક શબ્દને છેડે આવે છે ત્યારે નથી થતો જેમકેઃ Oblique–ઓબ્લીક–વાંકું.

[૧૬] Y જ્યારે શબ્દને છેડે આવે છે ત્યારે તેનો ઉચ્ચાર થતો નથી જેમકેઃ Play–રમવું, Toy–ટોય–રમકડું, Prey–પ્રે–શિકાર; Key–કી–કુંચી.

પ્રકરણ ૭ મું.

Capital Letters and Small Letters.
કેપીટલ લેટર્સ ઍન્ડ સ્મૉલ લેટર્સ.
મોટા અક્ષરો અને નાના અક્ષરો.

અંગ્રેજીમાં બે જૂદી જૂદી જાતના અક્ષરો છે. [૧] Capital letters કૅપીટલ લેટર્સ એટલે મ્હોટા અક્ષરો અને (૨) Small letters સ્મોલ લેટર્સ એટલે ન્હાના અક્ષરો. આ અક્ષરો માટે નીચે જણાવેલી સમજૂતી ધ્યાનમાં રાખવા જેવી છે.

અંગ્રેજીમાં છાપવાની તથા લખવાની બે જૂદી જૂદી એ, બી, સી, ડી હોવાથી કેપીટલ લેટર્સ મ્હોટા અક્ષરો બે જાતના અને સ્મૉલ લેટર્સ ન્હાના અક્ષરો પણ બે જાતના થાય છે. અગાઉ જણાવ્યું છે તે પ્રમાણે ૧ લી અને ૨ જી એ, બી, સી, ડી છાપવામાં વપરાય છે અને ત્રીજી અને ચોથી એ, બી, સી, ડી લખવાના કામમાં આવે છે. છાપવાની એ, બી, સી, ડી માં કેપીટલ લેટર્સ ૧ લી એ, બી, સી, ડી થી લખાય છે; અને લખવાની એ, બી, સી, ડી માં કેપીટલ લેટર્સ ત્રીજી એ, બી,

સી, ડી ના લખાય છે. તેજ પ્રમાણે છાપવામાં નાના અક્ષરો (Small letters) ૨ જી એ, બી, સી, ડી ના વપરાય છે અને લખવામાં નાના અક્ષરો ચોથી એ, બી, સી, ડી ના લખવામાં આવે છે, તે ખાસ ધ્યાનમાં રાખવું.

કેપીટલ લેટર્સ (મોટા અક્ષરો) ના ઉપયોગ.

[૧] અંગ્રેજીમાં દરેક શબ્દ લખતી વખતે તે દરેક શબ્દનો ૧ લો અક્ષર કેપીટલ (મોટો) લખવો જોઇએ જેમકે: Dog-ડૉગ-કુતરો; Govind-ગોવિંદ-ગોવિંદ; Father-ફાધર-બાપ.

[૨] અંગ્રેજીમાં દરેક વાક્ય લખતી વખતે તેનો પહેલો અક્ષર કેપીટલ (મ્હોટો) લખવામાં આવે છે. જેમકે: This mango is good ધિસ મેન્ગો' ઇઝ ગુડ, આ કેરી સારી છે; My knife is sharp, માય નાઇફ ઇઝ શાર્પ, મારી છરી ધારવાળી છે.

(૩) અંગ્રેજી કવિતાની દરેક લીટીનો પહેલો અંક્ષર કેપીટલ લખવામાં આવે છે જેમકે:—

Early to bed and early to rise,
Makes a man healthy, wealthy and wise.

અર્લિ ટુ બેડ એન્ડ અર્લિ ટુ રાઇઝ
મેઇક્સ એ મૅન હેલ્થી વેલ્થી એન્ડ વાઇઝ

વ્હેલા સુવું અને વ્હેલા ઉઠવું તે માણસને તંદુરસ્ત, પૈસાદાર અને ડાહ્યો બનાવે છે. આ કવિતામાં પહેલી લીટીનો પહેલો અક્ષર E કેપીટલ લખવામાં આવ્યો છે અને બીજી લીટીનો પહેલો અક્ષર M પણ કેપીટલ એટલે મ્હોટો લખવામાં આવ્યો છે તેવી રીતે કવિતા મ્હોટી હોય તો પણ દરેક લીટીનો પહેલો અક્ષર કેપીટલજ એટલે મોટોજ લખાય.

[૪] અંગ્રેજીમાં દેશ, શહેર, નદી, માણસ વગેરે દરેક વિશેષ નામનો પહેલો અક્ષર તે શબ્દ ગમે ત્યાં વપરાયો હોય તોપણ મ્હોટો એટલે કેપીટલજ લખાય છે. જેમકે England–ઇંગ્લાંડ–આંગ્લદેશ, The Ganges–ધિ ગેઇન્જીસ–ગંગા; Bombay–બોમ્બે'–મુંબાઈ, Govind–ગોવિંદ–ગોવિંદ; This book belongs to Rama ધિસ બુક બિલોન્ગ્ઝ ટુ રામ–આ ચોપડી રામની છે.

(૫) અંગ્રેજીમાં કોઈ માણસના શબ્દો આપણે બોલતા હોઇએ તે તે બોલેલા શબ્દોનો પહેલો અક્ષર કેપીટલ [મ્હોટો] લખાય છે. જેમકે Rama said— " My father is happy " રામ સેઈડ " માય ફાધર ઇઝ હૅપિ " રામે કહ્યું " મ્હારો બાપ સુખી છે. " આમાં " મારો બાપ સુખી છે. " My father is happy (માય ફાધર ઇઝ હૅપિ) તે શબ્દો બોલેલા હોવાથી તેનો પહેલો અક્ષર M મ્હોટો લખાયો છે.

(૬) અંગ્રેજીમાં ચોપડીના નામનો તેમજ માણસોના ખીતાબોનો પહેલો અક્ષર કેપીટલ [મ્હોટો] લખાય છે જેમકેઃ - The Bible–ધિ બાઇબલ–બાઇબલ. The Merchant of Venice ધિ મર્ચન્ટ ઑફ વેનીસ–વેનીસનો વ્હેપારી. Lord Hardinge–લોર્ડ હાર્ડિંજ–લૉર્ડ હાર્ડિંજ. Jamshedjee Jeejeebhai Baronet–જમશેદજી જીજીભાઇ બેરોનેટ.

(૭) અંગ્રેજીમાં પરમેશ્વરને માટે જે શબ્દ [નામ કે સર્વનામ કે વિશેષણ] વપરાય તેનો પહેલો અક્ષર કેપીટલ એટલે મ્હોટો લખાય છે. જેમકે God–ગૉડ–પરમેશ્વર; The Almighty–ધિ ઑલમાઇટિ–સર્વ શક્તિમાન. O God' Thou showest mercy to us–ઓ ગોડ, ધાઉ શો'એસ્ટ મર્સિ ટુ અસ–ઓ પરમેશ્વર તું અમને દયા બતાવે છે.

[૮] અંગ્રેજીમાં "I" આઈ એટલે "હું" તે સર્વનામ વાક્યમાં ગમે ત્યાં આવતું હોય તો પણ તે હમ્મેશાં કેપીટલ એટલે મ્હોટા અક્ષરેજ લખાય છેઃ—

[૯] O' ઓ' એ શબ્દનો અર્થ જ્યારે "અરે" થતો હોય છે ત્યારે તે ગમે તે સ્થળે હોય તોપણ મ્હોટો એટલે કેપીટલ લખાયછે.

(૧૦) અંગ્રેજીમાં અઠવાડીયાના દીવસ કે માસનાં નામ પણ મ્હોટા કેપીટલ (Capital) લખાય છે જેમકે Monday—મન્ડે'—સોમવાર; Tuesday—ટ્યુસડે'—મંગળવાર, January—જાન્યુઆરી; February—ફેબ્રુઆરી ઇત્યાદિ. આ સિવાય જ્યારે ગુજરાતી કોઇ શબ્દ અંગ્રેજી લીપીના અક્ષરે લખેલો હોય ત્યારે તેનો પહેલો અક્ષર પણ કેપીટલ થાય છે. જેમકે Shrāvin—શ્રાવણ; Bajri—બાજરી; Veda—વેદ.

[૧૧] અંગ્રેજીમાં જે ગામ કે માણસના કે દેશ વગેરે વિશેષ નામોના નામ ઉપરથી પડેલાં વિશેષણ પણ કેપીટલ એટલે મ્હોટા અક્ષરોથી શરૂ કરવામાં આવે છે. જેમકે— India—ઈન્ડીઆ—હીંદુસ્થાન; Indian—ઈન્ડીઅન્—હિંદુસ્થાની. Madras—મદ્રાસ. Madrasi—મદ્રાસિ. Shakespeare—શેક્સપીયર. Shakespearean—શેક્સપીઐરીન—શેક્સપીઅરનું.

[૧૨] અંગ્રેજીમાં જે ડીગ્રીઓ [ઉપાધી અથવા ખીતાબો] હોય તેનાં નામ પણ મ્હોટે અક્ષરે લખાય છે. જેમકે Bachelor of Arts—બેચેલર ઑફ આર્ટસ— B. A. બી. એ; L. M. &. S; I. M. S; I. C. S; D. P; I. J. P. ઇત્યાદી ઇત્યાદી.

આ સિવાયના બાકીની બધી વિગતોમાં ન્હાના અક્ષરો એટલે Small letters—સ્માલ લેટર્સમાં લખાય છે.

પ્રકરણ ૮ મું.

ગુજરાતિ સ્વર તથા વ્યંજન પ્રમાણે અંગ્રેજીમાં લખવામાં આવતા સ્વર અને વ્યંજન.

ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.
સ્વર		ઔ	au	જ	ja	ધ	dha
અ	a	અં	am, an	ઝ	jha, za	ન	na
આ	â	અઃ	aha, ah	ટ	ta	પ	pa
ઇ	i, e	વ્યંજન		ઠ	tha	ફ	fa
ઈ	ee	ક	ka	ડ	da	બ	ba
ઉ	u	ખ	kha	ઢ	dha	ભ	bha
ઊ	u, oo	ગ	ga	ણ	na	મ	ma
એ	e, a	ઘ	gha	ત	ta	ય	ya
ઐ	ai	ચ	cha	થ	tha	ર	ra
ઓ	o	છ	chha	દ	da	લ	la

ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.
વ	va, wa	ષ	sha	હ	ha	ક્ષ	ksha, xa
શ	sha	સ	sa	ળ	la	જ્ઞ	jna, gna

પ્રકરણ ૯ મું.

ગુજરાતિ નામ વગેરે અંગ્રેજી અક્ષરથી લખવામાં મદદરૂપી બારાખડી.

ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.
ક	ka	કં	kam	ખો	kho	ગે	ge	ઘુ	ghu
કા	ka	કઃ	kha	ખૌ	khau	ગૈ	gai	ઘૂ	ghoo
કિ	ki	ખ	kaha	ખં	kham	ગો	go	ઘે	ghe
કી	kee	ખા	kha	ખઃ	khaha	ગૌ	gau	ઘૈ	ghai
કુ	ku	ખિ	khi	ગ	ga	ગં	gam	ઘો	gho
કૂ	koo	ખી	khee	ગા	ga	ગઃ	gaha	ઘૌ	ghau
કે	ke	ખુ	khu	ગિ	gi	ઘ	gha	ઘં	gham
કૈ	kai	ખૂ	khoo	ગી	gee	ઘા	gha	ઘઃ	ghaha
કો	ko	ખે	khe	ગુ	gu	ઘિ	ghi	ચ	cha
કૌ	kau	ખૈ	khai	ગૂ	goo	ઘી	ghee	ચા	ċha

ગુજ-રાતી.	અંગ્રેજી.	ગુજ-રાતી.	અંગ્રેજી.	ગુજ-રાતી.	અંગ્રેજી.	ગુજ-રાતી.	અંગ્રેજી.	ગુજ-રાતી.	અંગ્રેજી.
ચિ	chi	છી	chhee	જુ	ju	ઝૂ	jhoo	ટે	te
ચી	chee	છુ	chhu	જૂ	joo	ઝે	jhe	ટૈ	tai
ચુ	chu	છૂ	chhoo	જે	je	ઝૈ	jhai	ટો	to
ચૂ	choo	છે	chhe	જૈ	jai	ઝો	jho	ટૌ	tau
ચે	che	છૈ	chhai	જો	jo	ઝૌ	jhau	ટં	tam
ચૈ	chai	છો	chho	જૌ	jau	ઝં	jham	ટઃ	taha
ચો	cho	છૌ	chhau	જં	jam	ઝઃ	jhaha	ઠ	tha
ચૌ	chau	છં	chham	જઃ	jaha	ટ	ta	ઠા	tha
ચં	cham	છઃ	chhaha	ઝ	jha	ટા	ta	ઠિ	thi
ચઃ	chaha	જ	ja	ઝા	jha	ટિ	ti	ઠી	thee
છ	chha	જા	ja	ઝિ	jhi	ટી	tee	ઠુ	thu
છા	chha	જિ	ji	ઝી	jhee	ટુ	tu	ઠૂ	thoo
છિ	chhi	જી	jee	ઝુ	jhu	ટૂ	too	ઠે	the

ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.
ઠૈ	thai	ડો	do	ઢૌ	dhau	ણં	nam	તઃ	taha
ઠો	tho	ડૌ	dau	ઢં	dham	ણઃ	naha	થ	tha
ઠૌ	thau	ડં	dam	ઢઃ	dhaha	ત	ta	થા	tha
ઠં	tham	ડઃ	daha	ણ	na	તા	ta	થિ	thi
ઠઃ	thaha	ઢ	dha	ણા	na	તિ	ti	થી	thee
ડ	da	ઢા	dha	ણિ	ni	તી	tee	થુ	thu
ડા	da	ઢિ	dhi	ણી	nee	તુ	tu	થૂ	thoo
ડિ	di	ઢી	dhee	ણુ	nu	તૂ	tu too	થે	the
ડી	dee	ઢુ	dhu	ણૂ	noo	તે	te	થૈ	thai
ડુ	du	ઢૂ	dhoo	ણે	ne	તૈ	tai	થો	tho
ડૂ	du,doo	ઢે	dhe	ણૈ	nai	તો	to	થૌ	thau
ડે	de	ઢૈ	dhai	ણો	no	તૌ	tau	થં	tham
ડૈ	dai	ઢો	dho	ણૌ	nau	તં	tam	થઃ	thaha

ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.
દ	da	ધા	dha	નિ	ni	પી	pee	ફુ	fu
દા	da	ધિ	dhi	ની	nee	પુ	pu	ફૂ	fu,foo
દિ	di	ધી	dhee	નુ	nu	પૂ	pu poo	ફે	fe
દી	dee	ધુ	dhu	નૂ	nu,noo	પે	pe	ફૈ	fai
દુ	du	ધૂ	dhoo	ને	ne	પૈ	pai	ફો	fo
દૂ	du,doo	ધે	dhe	નૈ	nai	પો	po	ફૌ	fau
દે	de	ધૈ	dhai	નો	no	પૌ	pau	ફં	fam
દૈ	dai	ધો	dho	નૌ	nau	પં	pam	ફઃ	faha
દો	do	ધૌ	dhau	નં	nam	પઃ	paha	બ	ba
દૌ	dau	ધં	dham	નઃ	naha	ફ	fa	બા	ba
દં	dam	ધઃ	dhaha	પ	pa	ફા	fa	બિ	bi
દઃ	daha	ન	na	પા	pa	ફિ	fi	બી	bee
ધ	dha	ના	na	પિ	pi	ફી	fee	બુ	bu

ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.	ગુજરાતી.	અંગ્રેજી.
બૂ	boo	ભે	bhe	મૈ	mai	યો	yo	રૌ	rau
બે	be	ભૈ	bhai	મો	mo	યૌ	yau	રં	ram
બૈ	bai	ભો	bho	મૌ	mau	યં	yam	રઃ	raha
બો	bo	ભૌ	bhau	મં	mam	યઃ	yaha	લ	la
બૌ	bau	ભં	bham	મઃ	maha	ર	ra	લા	la
બં	bam	ભઃ	bhaha	ય	ya	રા	ra	લિ	li
બઃ	baha	મ	ma	યા	ya	રિ	ri	લી	lee
ભ	bha	મા	ma	યિ	yi	રી	ree	લુ	lu
ભા	bha	મિ	mi	યી	yee	રુ	ru	લૂ	lu, loo
ભિ	bhi	મી	mee	યુ	yu	રૂ	ru, roo	લે	le
ભી	bhee	મુ	mu	યૂ	yu,yoo	રે	re	લૈ	lai
ભુ	bhu. bhu	મૂ	mu, moo	યે	ye	રૈ	rai	લો	lo.
ભૂ	bhoo	મે	me	યૈ	yai	રો	ro	લૌ	lau

ગુજરાતી	અંગ્રેજી	ગુજરાતી	અંગ્રેજી	ગુજરાતી	અંગ્રેજી	ગુજરાતી	અંગ્રેજી	ગુજરાતી	અંગ્રેજી
લં	lam	શુ	shu	સઃ	saha	હઃ	haha	ક્ષઃ	kshaha
લઃ	laha	શૂ	shoo	હ	ha	ક્ષ	ksha	જ્ઞ	gna, jna
વ	va	શે	she	હા	ha	ક્ષા	ksha	જ્ઞા	gna, jna
વા	va	શૈ	shai	હિ	hi	ક્ષિ	kshi	જ્ઞિ	gni, jnee
વિ	vi	શો	sho	હી	hee	ક્ષી	kshee	જ્ઞી	jni, jnee
વી	vee	શૌ	shau	હુ	hu	ક્ષુ	kshu	જ્ઞુ	gnu, gnoo
વુ	vu	શં	sham	હૂ	hoo	ક્ષૂ	kshoo	જ્ઞૂ	jnu,jnoo
વૂ	voo	શઃ	shaha	હે	he	ક્ષે	kshe	જ્ઞે	gne, jne
વે	ve	સ	sa	હૈ	hai	ક્ષૈ	kshai	જ્ઞૈ	gnai, jnai
વૈ	vai	સા	sa	હો	ho	ક્ષો	ksho	જ્ઞો	gno, jno
વો	vo	સિ	si	હૌ	hau	ક્ષૌ	kshau	જ્ઞૌ	gnau, jnau
વૌ	vau	સી	see	હં	ham	ક્ષં	ksham	જ્ઞં	gnam jnam
વં	vam	સુ	su					જ્ઞઃ	gnaha jnaha
વઃ	vaha	સૂ	soo						
શ	sha	સે	se						
શા	sha	સૈ	sai						
શિ	shi	સો	so						
શી	shee	સૌ	sau						
		સં	sam						

પ્રકરણ ૧૦ મું.

જોડાક્ષર વિષે સૂચના તથા નામ લખવા વિષે.

ઉપરના લીસ્ટમાં ગુજરાતિ બારાખડી પ્રમાણે અંગ્રેજી બારાખડી આપી છે તે ઉપરથી નામ, ગામ વગેરે લખવાં અભ્યાસીને સ્હેલાં થઇ પડશે. તે શિવાય ગુજરાતિમાં જેટલા જોડાક્ષર આવે તે દરેકનાં ખોડાં રૂપ લખી પછી તેની જોડે સ્વર મૂકવો દાખલા તરીકે "ત્તા" એ શબ્દ લખવો હોય તો tta આ પ્રમાણે લખવું. તેવીજ રીતે "ગ્મ" હોય તો gma એમ લખવું.

જો કોઇ સ્ત્રીવાચક નામને માટે વાત કહેવાની હોય તો ત્યાં "તે" નો તરજુમો "She શિ"થી કરવો. જેમકે કોઇ છોડીને માટે વાત કરતા હોઇએ અને આપણે કહીએ કે "તે નીશાળે જાય છે" તો તેનું અંગ્રેજી આ પ્રમાણે થાયઃ- She goes to school=શિ ગોઝ ટુ સ્કૂલ; તે નિશાળે ગઇ. She went to school=શિ વેન્ટ ટુ સ્કૂલ; તે દોડી=She ran=શિ રૅન્.

તેજ પ્રમાણે જો કોઇ નિર્જીવ વસ્તુને માટે અથવા કોઇ જીવવાળી વસ્તુ જેને આપણે નિર્જીવ વસ્તુ તુલ્યજ ગણતા હોઇએ તેને માટે અંગ્રેજીમાં It ઇટ સર્વનામ વપરાય છે. જેમકે આપણે કોઇ ચોપડી માટે બોલતા હોઇએ અને કહીએ કે "તે (એટલે ચોપડી) ટેબલ ઉપર છે." તો તેનું અંગ્રેજી "It"થી કરવું જોઇએ કારણ કે "તે" સર્વનામ "ચોપડી" એ નામને માટે વાપર્યું છે અને અંગ્રેજીમાં ચોપડી તે નિર્જીવ વસ્તુ છે. "તે ટેબલ ઉપર છે" It is on the table ઇટ ઇઝ ઓન ધિ ટેબલ. તે સારી છે=(ચોપડી સારી છે)=It is good=ઇટ ઇઝ ગૂડ. કીડી માટે વાત કરીએ તોપણ કીડી બહુ નિર્જીવ વસ્તુ તુલ્ય ગણાતું પ્રાણી હોવાથી અંગ્રેજીમાં તેને માટે "It" વપરાય છે. કીડી ઘણે દુર જાય છે-

The ant carries a grain=ધિ ઍન્ટ કેરીઝ અ ગ્રેઇન્. તે દાણો લઇ જાય છે=It carries a grain=ઇટ કેરીઝ અ ગ્રેઇન્. તે કામ કરે છે=It is busy=ઇટ ઇઝ બિઝિ. કીડી કામ કરે છે [કામમાં છે] The ant is busy=ધિ ઍન્ટ ઇઝ બિઝી.

ત્રીજા પુરૂષ એકવચનને માટે આટલી વિગત ધ્યાનમાં રાખવાની જરૂર છે.

બીજા બધા સર્વનામ માટે આવો જાતિભેદ નથી. અને જ્યાં ગુજરાતિમાં "હું" આવે ત્યાં અંગ્રેજીમાં "I" મુકવો, જ્યાં "અમે" આવે ત્યાં We વિ મૂકવું; જ્યાં "તું" આવે ત્યાં "Thou" ધાઉ મૂકવું; જ્યાં "તેઓ" આવે ત્યાં "They" ધે' મૂકવું.

નોટ—૧ અંગ્રેજીમાં "ધાઉ=Thou=તું" એ સર્વનામ વાપરવાનો પ્રચાર ઘણોજ ઓછો છે. ગુજરાતિમાં આપણે ઘણી બાબતમાં "તું" સર્વનામ વાપરીએ છીએ પરંતુ અંગ્રેજીમાં તેમ નથી. ખાસ કરીને નીચે જણાવ્યા પ્રમાણે વિગતોમાં અંગ્રેજીમાં Thou સર્વનામ વપરાય છે.

અંગ્રેજીમાં પરમેશ્વરને માટે "તું" Thou વપરાય છે. જેમકે "ઓ પરમેશ્વર! તું દયાળુ છે."=Oh God! Thou art merciful=ઓ ગૉડ ધાઉ આર્ટ મર્સિફુલ.

માતાપુત્ર વચ્ચે કે પિતાપુત્ર વચ્ચે કે સ્ત્રી પુરૂષ વચ્ચે સંવાદ થતો હોય તેમાં પણ કોઇક વખતજ "ધાઉ=Thou=તું" એ સર્વનામ વપરાય છે. ઉચ્ચ વર્ગમાં કે સાધારણ વર્ગમાં પણ આવી વિગત હોય ત્યારે "Thou" વપરાતું નથી, પરંતુ નિચ વર્ગમાં કે અજ્ઞાન અને અશીક્ષિત વર્ગમાં અને કોઇ કોઇ વખત સાધારણ વર્ગમાં અગર ઉચ્ચ વર્ગમાં ઘણાજ હેતની લાગણી દેખાડવાને માટે "Thou" સર્વનામનો ઉપયોગ કરવામાં આવે છે.

નોટ—૨ ગુજરાતીમાં માનાર્થે આપણે "તેઓ" એ સર્વનામ ત્રીજા પુરૂષ એકવચન માટેજ વાપરીએ છીએ. માટે આવી રીતનું વાક્ય આવે ત્યારે અભ્યાસીએ વિચાર કરવો કે 'તેઓ' એ સર્વનામ કોઇએક વ્યક્તિને માટે વપરાયેલ છે કે એક કરતાં વધારે વ્યક્તિઓ માટે વપરાયેલ છે. જો 'તેઓ' સર્વનામ એકજ વ્યક્તિને માટે પરંતુ માનાર્થે વપરાયું હોય તો તેનું અંગ્રેજી તો He [હી] કે She [શી] થીજ કરવું. જેમકે "તેઓ (એટલે નામદાર ગવર્નર) બોલે છે." અહીંઆ ગવર્નર એકજ વ્યકિત છે પરંતુ તેમના તરફની માનની લાગણીને માટેજ આપણે "તેઓ" વાપરીએ છીએ. વસ્તુતઃ એકજ વ્યકિત છે તેથી આપણે He વાપરવું જોઇએ. એટલા માટે "તેઓ [ના ગવર્નર] બોલે છે" તેનું અંગ્રેજી They speak (ધે સ્પીક) એ રીતે ન કરવું; પણ He speaks=હી સ્પીકસ એ પ્રમાણે કરવું. પણ જો "તેઓ [એટલે લોકો] બોલે છે" તેવું વાક્ય હોય તો આપણે તેનું અંગ્રેજી They speak=ધે સ્પીક કરવું જોઇએ. માબાપ, વડીલો, રાજાઓ ઉમરાવો એ બધાને માટે એક વ્યક્તિ છતાં માન ખાતર ગુજરાતીમાં અન્યોક્તિમાં બહુવચન રૂપે બોલીએ છીએ.

આ સિવાયની વિગતોમાં ગુજરાતિમાં જ્યાં "તું" આવે ત્યાં અંગ્રેજીમાં "તમે=You=યુ" મૂકવું.

II

શબ્દાભ્યાસ-Word study-વર્ડ સ્ટડિ.

ક્યાં-Where-હેર.	કેરીઓ-Mangoes-મૅન્ગો'ઝ.
જાય છે-Goes-ગો'ઝ.	રમવું-To play-ટુ પ્લે'.
છે-Is-ઇઝ.	ક્રિકેટ-Cricket-ક્રિકેટ.

ઉપર-On—ઑન્.
મેજ—A table-એ ટેબલ.
ચોપડી-A book—એ બુક.

નિશાળ-A school-એ સ્કૂલ.
જવું—To go—ટુ ગો'.
નિશાળે જવું-To go to school
ટુ ગો' ટુ સ્કૂલ.

ખાવું-To eat-ટુ ઇટ.
કેરી-A mango-એ મૅન્ગો'.
સારૂં—Good-ગુડ.

બોલવું—To speak-ટુ સ્પીક.
ગાવું—To sing—ટુ સિંગ.
સારૂં, સારી રીતે—Well—વેલ.
(ક્રિયા વિશેષણ)

તું છે-Thou art-ધાઉ આર્ટ માયાળુ—Kind-કાઇન્ડ.

III

હું ખાઉં છું—I eat-આઇ ઇટ.
અમે રમીએ છીએ-We play-વી પ્લે'.
તમે ગાઓ છો-You sing-યુ સિંગ.
તેઓ બોલે છે—They speak-ધે' સ્પીક.
તું છે—Thou art-ધાઉ આર્ટ.
તે છે-He is-હી ઇઝ.
તે રમે છે—He plays—હી પ્લે'ઇઝ.
હું ક્રિકેટ રમું છું-I play cricket-આઇ પ્લે' ક્રિકેટ.
તેઓ સારૂં ગાય છે-They sing well-ધે' સીન્ગ વેલ.
હું કેરી ખાઉં છું-I eat a mango-આઇ ઇટ એ મૅન્ગો'.
તે ક્રીકેટ સારૂં રમે છે-He plays cricket well-હિ પ્લેઇઝ ક્રિકેટ વેલ.
આ છોકરો નિશાળે જાય છે-This boy goes to school-ધિસ બૉય ગો'ઝ ટુ સ્કૂલ.

અરે પરમેશ્વર તું માયાળુ છે-Oh! God! Thou art kind-ઓહ! ગૉડ! ધાઉ આર્ટ કાઇન્ડ.

આ છોડી સારી છે-This girl is good-ધિસ ગર્લ ઇઝ ગૂડ.

ચોપડી ક્યાં છે?—Where is the book?-વ્હેર ઇઝ ધિ બૂક.

ચોપડી ટેબલ ઉપર છે-The book is on the table-ધિ બૂક ઇઝ ઑાન ધિ ટેબલ.

ટેબલ ઉપર શું છે?-What is on the table—વૉટ ઇઝ ઓાન્ ધિ ટેબલ.

ટેબલ ક્યાં છે?-Where is the table?-વ્હેર ઇઝ ધિ ટેબલ.

ટેબલ ઘરમાં છે-The table is in the house-ધિ ટેબલ ઇઝ ઇન્ ધિ હાઉસ.

હું ક્યાં છુ?-Where am I-વ્હેર એમ આઇ.

હું ઘરમાં છું-I am in the house-આઇ એમ ઇન્ ધિ હાઉસ.

તમે ક્યાં છો?-Where are you?-વ્હેર આર યુ.

હું નિશાળમાં છું-I am in the school-આઇ એમ ઇન્ ધિ સ્કૂલ.

રામ નિશાળે જાય છે-Rama goes to school—રામ ગો'ઝ ટુ સ્કુલ.

આ છોડી સારૂં ગાય છે-This girl sings well-ધિસ ગર્લ સીન્ગ્ઝ વેલ.

ગોવિંદ બોલે છે-Govind speaks-ગોવિંદ સ્પીક્સ.

તે ખાય છે-He eats-હિ ઇટસ.

સીતા રમે છે—Seeta plays-સીતા પ્લેઇઝ.

તેણી કેરી ખાય છે—She eats a mango-શી ઇટસ એ મૅન્ગો'.

IV.

(આ નીચે આપેલાં વાક્યો અભ્યાસીએ જાતે કરવાં.)

(૧) તે ક્રીકેટ રમે છે. (૨) અમે કેરીઓ ખાઇએ છીએ. (૩) તમે માણસ છો. (૪) તેઓ સારા છે. (૫) તે સારૂં ગાય છે. (૬) તેણી સારૂં વાંચે છે. (૭) આ કુતરો દોડે છે. (૮) અમે નિશાળે જઇએ છીએ. (૯) તું માયાળુ છે. (૧૦) તેણી બોલે છે. (૧૧) અરે પરમેશ્વર તું સારો છે. (૧૨) તે ટેબલ ઉપરે છે. (૧૩) કુતરો ક્યાં છે? (૧૪) રામ ક્યાં છે? (૧૫) છોડીઓ ગાય છે.

V

(નીચેના અંગ્રેજી વાક્યોનું ગુજરાતી અભ્યાસીએ જાતે કરવું.)

(1) They are kind=ધે' આર કાઇન્ડ.
(2) She plays cricket=શી પ્લે'ઇઝ ક્રિકેટ.
(3) We sing well=વી સિંગ વેલ.
(4) The book is on the table=ધી બુક ઇઝ ઑાન્ ધિ ટેબલ.
(5) Where is the mango?=વ્હેર ઇઝ ધિ મૅન્ગો'.
(6) It (the mango) is on the table=ઇટ (ધી મૅન્ગો') ઇઝ ઑાન્ ધિ ટેબલ.
(7) They go to school=ધે' ગો' ટુ સ્કૂલ.
(8) We speak=વી સ્પીક.
(9) It is a mango=ઇટ ઇઝ એ મૅન્ગો'.
(10) Oh God! Thou art good and kind=ઑાહ ગૉડ! ધાઉ આર્ટ ગૂડ ઍન્ડ કાઇન્ડ.

(11) You go to school=યુ ગો' ટુ સ્કૂલ.
(12) The dog plays=ધિ ડૅાગ પ્લે'ઇઝ.
(13) That girl sings=ધૅટ ગર્લ સિંગ્ઝ.
(14) She is kind=શી ઇઝ કાઇન્ડ.
(15) The mangoes are good=ધી મૅન્ગો'ઝ આર ગૂડ.

પ્રકરણ ૪ થું.

Personal Pronouns.

પર્સનલ પ્રો'નાઉન્સ.

પુરૂષવાચક સર્વનામ.

I.

બીજી વિભક્તિનાં પુરૂષવાચક સર્વનામ નિચે પ્રમાણે છેઃ—

એકવચન.	બહુવચન.
૧ લો પુરૂષ મને=Me=મી.	૧ લો પુરૂષ અમને, આપણને=Us=અસ.
૨ જો ,, તને=Thee=ધિ	૨ જો ,, તમને=You=યુ.
૩ જો ,, તેને=Him=હિમ, Her=હર, It=ઇટ.	૩ જો ,, તેઓને, તેમને-Them=ધેમ.

ઉપરના પ્રકરણમાં પુરૂષવાચક સર્વનામ વિશે જે જે સૂચના આપી છે તે અહીં પણ ધ્યાનમાં રાખવી.

II.

શબ્દાભ્યાસ=Word study=વર્ડ સ્ટડી.

આપો=Give=ગીવ. શીખવાડવું=To teach=ટુ ટીચ.

મૂકો=Put=પુટ.

આપ્યું=Gave=ગેવ.

લખો=Write=રાઇટ.

કાગળ=A letter=એ લેટર.

વાંચવું=To read=ટુ રીડ.

અંગ્રેજી=English=ઈંગ્લીશ.

શિખો=Learn=લર્ન.

વીંટી=A ring=એ રિન્ગ.

થોડું=Some=સમ.

રમવું=To play=ટુ પ્લે.

વડે=With=વીથ.

મને શીખવાડો=Teach me=ટીચ મી.

લાવો=Bring=બ્રિંગ.

ખુરશી=A chair=એ ચે'ર.

રમકડું=A toy=એ ટૉય.

તમારૂં=Your=યૉર.

ગયો=Went=વેન્ટ.

મુંબાઇ=Bombay=બૉમ્બે'.

બોલાવવું=To call=ટુ કૉલ.

પાણી=Water=વૉટર

કોણ=Who=હુ.

કોણે આપ્યું=Who gave=હુ ગે'વ.

III.

(૧) હું આપું છું=I give=આઇ ગિવ.

(૨) હું તમને આપું છું=I give you=આઇ ગિવ યુ.

(૩) હું તેને આપું છું=I give him=આઇ ગિવ હિમ.

(૪) તે મને આપે છે=He gives me=હિ ગિવ્ઝ મી.

(૫) રામ તમને લખે છે=Rama writes you=રામ રાઇટસ યુ.

(૬) તેણી તમને બોલાવે છે=She calls you=શિ કૉલ્સ યુ.

(૭) મ્હેં તેમને એક ચોપડી આપી=I gave them a book આઇ ગે'વ ધેમ એ બુક.

(૮) તે મુંબાઈ ગયો=He went to Bombay=હી વેન્ટ ટુ બૉમ્બે.

(૯) મને એક ખુરશી આપો=Give me a chair=ગિવ મિ એ ચે'ર.

(૧૦) આ માણુસ મને અંગ્રેજી શીખવે છે=This man teaches me English=ધિસ મૅન્ ટિચીઝ મિ ઇંગ્લીશ.

(૧૧) મને અંગ્રેજી શીખવાડો=Teach me English=ટીચ મી ઇન્ગલીશ.

(૧૨) તેણીને વીંટી આપો=Give her a ring=ગીવ હર એ રીંગ.

(૧૩) હું તેણીને કાગળ લખું છું=I write her a letter=આઇ રાઇટ હર એ લેટર.

(૧૪) તે બિલાડી બેસે છે=The cat sits=ધિ કેટ સિટસ.

(૧૫) તેને થોડું દૂધ આપો=Give it some milk=ગિવ ઇટ સમ્ મિલ્ક.

(૧૬) તેને થોડું પાણી આપો=Give him some water=ગિવ હિમ સમ વૅાટર.

(૧૭) આ છોકરો ભણે છે=This boy learns=ધિસ બૅાય લર્ન્સ.

(૧૮) હું અંગ્રેજી ભણું છું=I learn English=આઇ લર્ન ઈંગ્લીશ.

(૧૯) આ છોકરો અંગ્રેજી ભણે છે=This boy learns English=ધિસ બૅાય લર્ન્સ ઇન્ગ્લીશ.

(૨૦) મને તમારૂં રમકડું આપો=Give me your toy=ગિવ મી યૅાર ટૅાય.

(૨૧) હું તમારા રમકડા વડે રમું છું=I play with your toy=આઇ પ્લે વીથ યૅાર ટૅાય.

(૨૨) તમારા રમકડા વડે કોણ રમે છે ?=Who plays with your toy=હુ પ્લે'ઇઝ વીથ યૅાર ટૅાય.

(૨૩) રામ તમારા રમકડા વડે રમે છે=Rama plays with your toy=રામ પ્લે'ઇઝ વિથ યૅાર ટૅાય.

IV.

(અભ્યાસીએ જાતે અંગ્રેજીમાં કરવાનાં વાક્યો.)

(૧) અમે તમને લખીએ છીએ. (૨) તેઓ અમને કાગળ લખે છે. (૩) હું તમને કેરી આપું છું. (૪) તેણી મને એક કલમ આપે છે. (૫) અમે તેણીને એક ચોપડી આપીએ છીએ. (૬) તેને [ચોપડીને] ટેબલ ઉપર મૂકો. (૭) બીલાડીને થોડું દૂધ આપો. (૮) મને થોડું દૂધ આપો. (૯) તેને થોડું પાણી આપો. (૧૦) મેં તેણીને ટોપી આપી. (૧૧) મ્હેં આ છોકરાને કુતરો આપ્યો. (૧૨) રામ મુંબાઇ ગયો. (૧૩) આ છોડી તમને કાગળ લખે છે. (૧૪) હું તમને અંગ્રેજી શીખવાડું છું. (૧૫) તમે અંગ્રેજી શીખો છો. (૧૬) આ કેરી ખાઓ. (૧૭) તે ખાઓ. (૧૮) તે સારી છે. (૧૯) અમે તમને બોલાવીએ છીએ. (૨૦) તમે તેમને બોલાવો છો. (૨૧) રામ તેમને બોલાવે છે. (૨૨) તમને કેરી કોણે આપી? (૨૩) સીતાએ મને કેરી આપી.

V

1 You gave me a mango=યુ ગેવ મિ એ મૅન્ગો'.

2 I write a letter to Seeta=આઇ રાઇટ એ લેટર ટુ સીતા.

3 Give him some milk=ગીવ હિમ સમ મિલ્ક.

4 Teach Seeta English=ટીચ સીતા ઈંગ્લીશ.

5 Rama writes a letter to Seeta=રામ રાઇટસ એ લેટર ટુ સીતા.

6 I call you=આઇ કૉલ યુ.

7 He calls me=હિ કૉલ્સ મિ.

8 I give you this cap=આઇ ગિવ યુ ધિસ કૅપ.
9 They gave us a kite=ધે ગેવ અસ એ કાઇટ.
10 Learn English=લર્ન ઇંગ્લીશ.
11 Teach Gujarati=ટીચ ગુજરાતિ.
12 Teach me Gujarati=ટીચ મિ ગુજરાતિ.
13 Teach me English=ટીચ મિ ઇંગ્લીશ.
14 Put it on the table=પુટ ઇટ ઑન ધિ ટેબલ.
15 Bring me your book=બ્રિંગ મિ યૉર બુક.
16 Write me a letter=રાઇટ મિ એ લેટર.
17 I give you a toy=આઇ ગિવ યુ એ ટૉય.
18 Seeta gives me a ring=સીતા ગિવ્ઝ મિ એ રીન્ગ.
19 Teach her=ટીચ હર.
20 Teach her Gujarati=ટીચ હર ગુજરાતિ.

પ્રકરણ ૫ મું.

Personal Pronouns.

પર્સનલ પ્રોનાઉન્સ.

પુરૂષવાચક સર્વનામ.

I

છઠ્ઠી વિભક્તિના સર્વનામ અંગ્રેજીમાં બે પ્રકારનાં છે. એક મ્હોટાં સર્વનામ અને બીજાં ન્હાનાં સર્વનામ. આ પ્રકરણમાં ન્હાનાં સર્વનામજ આપ્યાં છે તે અભ્યાસીએ પહેલાં તૈયાર કરવાં.

છઠ્ઠી વિભક્તિનાં સર્વનામ.

એકવચન.	બહુવચન.
૧ લો પુરૂષ મ્હારૂં=My=માય.	૧ લો પુરૂષ અમારૂં, આપણું=Our=અવર.
૨ જો „ ત્હારૂં=Thy=ધાય.	૨ જો „ તમારૂં=Your=યૉર.
૩ જો „ તેનું=His=હિઝ. તેણીનું=Her=હર. તેનું=Its=ઇટસ.	૩ જો „ તેમનું, તેઓનું=Their=ધેર.

નિયમ—જ્યારે મ્હારૂં, ત્હારૂં વિગેરે સર્વનામની જોડે નામ આવતું હોય ત્યારે આ રૂપ વાપરવાં જેમકેઃ- મ્હારી ચોપડી=My book=માય બુક; અમારૂં ઘર=Our house=અવર હાઉસ; તમારી ટોપી=Your cap=યૉર કૅપ; આ મ્હારી ટોપી છે=This is my cap=ધિસ ઇઝ માય કૅપ.

II

શબ્દાભ્યાસ-Word study.

શું=What=વૉટ.
મ્હારી કલમ=My pen=માય પેન.
સોટી=A stick=એ સ્ટિક.
મ્હારી કલમ વડે=With my pen=વીથ માય પેન.
લાંબી=Long=લૉન્ગ.
નામ=Name=નેઇમ.
ટુંકી=Short=શૉર્ટ.
પગ=Legs લેગ્ઝ.
તેની પાસે છે=He has=હી હૅઝ.
હાથ=Hands=હૅન્ડઝ.
તમારી પાસે છે=You have, યુ હૅવ.
ડગલો=A coat=એ કોટ.

સુંદર=Fine=ફાઇન. મારી પેટીમાં=In my box=ઇન માય બૉક્સ.
વડે=With=વિથ.
હીંદુસ્થાન=India=ઇન્ડીઆ. દેશ=Country=કન્ટ્રિ.

III

[૧] મ્હારૂં ઘર=My house=માય હાઉસ.
[૨] તેનો ડગલો=His coat=હિઝ કોટ.
[૩] અમારી નિશાળ=Our school=અવર સ્કૂલ.
[૪] તેમની લાકડી=Their stick=ધે'ર સ્ટિક.
[૫] મારૂં ઘર સુંદર છે=My house is fine=માય હાઉસ ઇઝ ફાઇન.
[૬] તમારો ડગલો સુંદર છે=Your coat is fine=યોર કોટ ઇઝ ફાઇન.
[૭] ટુંકી સોટી=A short stick=એ શૉર્ટ સ્ટિક.
[૮] આ ટુંકી સોટી=This short stick=ધિસ શૉર્ટ સ્ટિક.
[૯] મ્હારી સોટી=My stick=માય સ્ટિક.
[૧૦] મ્હારી લાંબી સોટી=My long stick=માય લૉન્ગ સ્ટિક.
[૧૧] મ્હારી સોટી લાંબી છે=My stick is long=માય સ્ટિક ઇઝ લૉન્ગ.
[૧૨] તેની સોટી ટુંકી છે=His stick is short=હિઝ સ્ટિક ઇઝ શૉર્ટ.
[૧૩] તેણીની વીંટી=Her ring=હર રીન્ગ.
[૧૪] તેણીને આ વીંટી આપો=Give her this ring=ગિવ હર ધિસ રિન્ગ.

[૧૫] તેણીની વીંટી મને આપો=Give me her ring=ગિવ મિ હર રિન્ગ.

[૧૬] તમારૂં નામ શું છે ?=What is your name ?=વૉટ ઇઝ યોર નેઇમ.

[૧૭] મ્હારૂં નામ રાજારામ છે=My name is **Rajaram**=માય નેઇમ ઇઝ રાજારામ.

[૧૮] આ મારી ચોપડી છે=This is my book=ધિસ ઇઝ માય બુક.

[૧૯] પેલી અમારી નિશાળ છે=That is our school=ધૅટ ઇઝ અવર સ્કૂલ.

[૨૦] તેમનો ડગલો સુંદર છે=Their coat is fine=ધૅ'ર કૉટ ઇઝ ફાઇન.

IV

(અભ્યાસીએ કરવાનાં વાક્યો.)

(૧) તેમનું ઘર; (૨) તમારી કેરી; (૩) અમારી ચોપડી; (૪) તેણીની સોટી; (૫) આ તેણીની ચોપડી છે; (૬) આ મ્હારૂં ઘર છે; (૭) પેલો તમારો ડગલો છે; (૮) સુંદર કલમ; (૯) મ્હારી કલમ સુંદર છે; (૧૦) મને તમારી કલમ આપો; (૧૧) મારી ટોપી લાંબી છે; (૧૨) અમારી ટોપી ટુંકી છે; (૧૩) તેણીની ચોપડી સુંદર છે; (૧૪) તેનું પૂછડું (tail ટેઇલ) લાંબુ છે; (૧૫) તેની પાસે મ્હારી ચોપડી છે; (૧૬) તમારી પાસે તેમનો ડગલો છે; (૧૭) તારૂં નામ શું છે ? (૧૮) મારૂં નામ ગોવિંદ છે; (૧૯) તેનું નામ અરવિંદ છે; (૨૦) તેણીનું નામ સીતા છે.

V

1 My table=માય ટેબલ.

2 Your chair=યૉર ચૅ'ર.

3 My table is big=માય ટેબલ ઇઝ બિગ.

4 Our chair is fine=અવર ચે'ર ઇઝ ફાઇન.

5 What is her name=વૉટ ઇઝ હર નેઇમ.

6 Her name is Vina=હર નેઇમ ઇઝ વિણા.

7 Give him your cap=ગિવ હિમ યોર કૅપ.

8 My cap is short=માય કૅપ ઇઝ શૉર્ટ.

9 Tell me your name=ટેલ મી યોર નેઇમ,

10 My name is Vishnu=માય નેઇમ ઇઝ વિશ્ણુ.

11 What is this=વૉટ ઇઝ ધિસ.

12 That is a table=ધૅટ ઇઝ એ ટેબલ.

13 That is my table=ધૅટ ઇઝ માય ટેબલ.

14 This is your chair=ધિસ ઇઝ યોર ચે'ર.

15 Tell me her name=ટેલ મી હર નેઇમ.

16 Her name is Damayanti=હર નેઇમ ઇઝ દમયંતિ.

17 Your stick is short=યૉર સ્ટિક ઇઝ શૉર્ટ.

18 Our table is long=અવર ટેબલ ઇઝ લૉન્ગ.

19 This is my country=ધિસ ઇઝ માય કન્ટ્રિ.

20 India is my country=ઇન્ડીઆ ઇઝ માય કન્ટ્રિ.

21 I give her my mango=આઇ ગિવ હર માય મૅન્ગો.

પ્રકરણ ૬ ઠું.

Personal Pronouns.

પર્સનલ પ્રોનાઉન્સ.

પુરૂષવાચક સર્વનામ.

I

છઠ્ઠી વિભક્તિના મ્હોટાં સર્વનામ નીચે મુજબ છેઃ—

એકવચન.	બહુવચન.
૧ લો પુરૂષ મ્હારૂં=Mine=માઇન.	૧ લો પુરૂષ અમારૂં, આપણું=Ours=અવર્સ.
૨ જો પુરૂષ ત્હારૂં=Thine=ધાઇન.	૨ જો પુરૂષ તમારૂં=Yours=યૉર્સ.
૩ જો „ તેનું=His=હિઝ. તેણીનું=Hers=હર્સ. તેનું=Its=ઇટસ.	૩ જો „ તેમનું, તેઓનું=Theirs=ધૅર્સ.

નિયમ—જો છઠ્ઠી વિભક્તિના સર્વનામની જોડે નામ ન આવતું હોય તો આ મ્હોટું રૂપ વાપરવું. જો તે સર્વનામની જોડે નામ આવતું હોય તો આગલા પ્રકરણમાં જે નિયમ આપ્યો છે તે પ્રમાણે સર્વનામનું ન્હાનું રૂપ વાપરવું.

જેમકે:—આ ચોપડી મ્હારી છે=This book is mine=ધિસ બુક ઇઝ માઇન્. આ વાક્યમાં ક્રીયાપદ "છે" છે અને કર્તા "આ ચોપડી" છે. મ્હારી એ સર્વનામની જોડે કોઈ નામ આવતું નથી માટે My માય એ ટુંકા રૂપને બદલે Mine એ લાંબુ રૂપ આપણે વાપરીએ છીએ.

પણ જો આ વાક્યને બદલે નીચે પ્રમાણે વાક્ય હોત તો ટુંકું રૂપ વાપરવું પડત. જેમકે "આ મ્હારી ચોપડી છે." આ વાક્યમાં "છે" ક્રીયાપદ છે. કર્તા "આ" છે અને "મ્હારી ચોપડી" તે કર્મણીરૂપે છે. "મ્હારી" એ સર્વનામની જોડે "ચોપડી" એ નામ આવેલું છે માટે આપણે અહીંઆ છઠ્ઠી વિભક્તિના સર્વનામનું ટુંકું રૂપ My વાપરીએ છીએ. This is my book=ધિસ ઇઝ માય બૂક=આ ચોપડી મ્હારી છે.

સૂચના—આવાં વાક્ય આવે ત્યારે અભ્યાસીએ ધ્યાન રાખી ક્રીયાપદ કર્તા અને કર્મ શોધી કાઢવાં; અને જોવું કે સર્વનામની સાથે નામ આવે છે કે નહીં. આ પ્રમાણે બરાબર ધ્યાન રાખી તપાસ કરી જોવાથી એકદમ માલૂમ પડશે કે ન્હાનું રૂપ વાપરવું કે મ્હોટું રૂપ વાપરવું.

બીજા દાખલાઃ- (૧) પેલી ટોપી તમારી છે=That cap is yours=ધૅટ કૅપ ઇઝ યૉર્સ; (૨) પેલી તમારી ટોપી છે=That is your cap=ધૅટ ઇઝ યૉર કૅપ. અહીં પહેલા વાક્યમાં yours ને બદલે your વાપરવું તે ભૂલ ગણાય કારણ તેની જોડે કોઈ નામ નથી. That cap is your આમ તો કદી કહેવાયજ નહી. તેમજ બીજા વાક્યમાં That is yours cap પણ ન કહેવાય કારણ સર્વનામની જોડે નામ આવેલું છે. આ સુંદર ઘર અમારૂં છે. This fine house is ours=ધિસ ફાઇન હાઉસ ઇઝ અવર્સ; પેલો ડગલો તેમનો છે=That coat is theirs=ધૅટ કો'ટ ઇઝ ધે'ર્સ.

II

શબ્દાભ્યાસ-Word study-વર્ડ સ્ટડિ.

છે (એકવચન) Is=ઇઝ. ગાય=A cow=એ કાઉ.

છે (બહુવચન) Are=આર.
વાછરડું=A calf=એ કાંફ.
કોણ=Who=હુ.
દૂધવાળો=A milkman=એ મિલ્કમૅન.
સંભાળ રાખે છે=Preserves= પ્રિઝર્વ્સ.
દૂધ=Milk=મિલ્ક.
ઈશ્વર=God=ગૉડ.
દોહવું=To milk=ટુ મિલ્ક.
રામની=Rama's=રામ્સ.
થોડું દૂધ=Some milk=સમમિલ્ક.
સંરક્ષણ કરવું=To protect= ટુ પ્રોટેક્ટ.
ચાહો=Love=લવ.
મુરઘી=A hen=એ હૅન.
બાપ=Father=ફા'ધર.
બચ્ચાં=Young ones=યંગવન્સ.
મા=Mother=મધર
ભાઇ=Brother=બ્રધર.

III

(૧) આ ટેબલ મ્હારૂં છે=This table is mine=ધિસ ટેબલ ઇઝ માઇન.

(૨) આ મ્હારી ખુરશી છે=This is my chair=ધિસ ઇઝ માય ચે'ર.

(૩) મને તમારી વીંટી આપો=Give me your ring= ગિવ મિ યૉર રિંગ.

(૪) પરમેશ્વરને ચાહો=Love God=લવ ગૉડ.

(૫) તમારા બાપને ચાહો=Love your father=લવ યોર ફા'ધર.

(૬) તેણી પોતાના ભાઇને ચાહે છે=She loves her brother=શિ લવ્ઝ હર બ્રધર.

(૭) આ ચોપડીઓ અમારી છે=These books are ours=ધીઝ બુક્સ આર અવર્સ.

(૮) પેલી ચોપડીઓ તેમની છે=Those books are theirs=ધો'ઝ બૂક્સ આર ધૅર્સ.

(૯) આ દૂધવાળો છે=This is a milkman=ધિસ ઇઝ એ મિલ્કમૅન.

(૧૦) તે મ્હારી ગાય દૂહે છે=He milks my cow=હિ મિલ્કસ માય કાઉ.

(૧૧) તેને થોડું દૂધ આપો=Give him some milk=ગિવ હિમ સમ મિલ્ક.

(૧૨) આ ગાય ત્હારી છે=This cow is thiue=ધિસ કાઉ ઇઝ ધાઇન.

(૧૩) પેલી ગાય રામની છે=That cow is Rama's=ધૅટ કાઉ ઇઝ રામ્સ.

(૧૪) આપણને કોણ સંભાળે છે=Who preserves us?=હુ પ્રિઝર્વ્સ અસ.

(૧૫) ઇશ્વર આપણી સંભાળ લે છે=God preserves us=ગૉડ પ્રિઝર્વ્સ અસ.

(૧૬) મુરઘીને બચ્ચાં હોય છે=A hen has young ones=એ હેન હૅઝ યંગવન્સ.

(૧૭) તેણી તેમનું રક્ષણ કરે છે=She (It) protects them=શિ (ઇટ) પ્રો'ટેક્ટસ ધૅમ્.

IV

(વિદ્યાર્થીએ જાતે કરવાનાં વાક્યો.)

(૧) મ્હારા બાપ અહીંઆં છે; (૨) મ્હારા બાપ મને ચાહે

છે; (૩) હું તેને ચાહું છું; (૪) સીતા મને ચાહે છે; (૫) હું તેણીને ચાહું છું; (૬) સીતા મ્હારી બ્હેન (Sister-સિસ્ટર) છે; (૭) હું રામનો ભાઇ છું; (૮) રામ મ્હારો ભાઇ છે; (૯) સીતા તેણીના ભાઇને ચાહે છે; (૧૦) તેણી તેની માને ચાહે છે; (૧૧) આપણું રક્ષણ કોણ કરે છે ? (૧૨) ઇશ્વર આપણું રક્ષણ કરે છે; (૧૩) ઇશ્વરને ચાહો; (૧૪) પેલો માણસ કોણ છે ? (૧૫) તે દૂધવાળો છે; (૧૬) તે અમારી ગાય દૂહે છે; (૧૭) પેલી ગાય અમારી છે; (૧૮) મને તમારી ગાય આપો; (૧૯) મારી ગાય થોડું દૂધ આપે છે; (૨૦) પેલું વાછરડું તેણીનું છે.

V

(1) That calf is mine=ધૅટ કાફ ઇઝ માઇન.
(2) This cow is thine=ધિસ કાઉ ઇઝ ધાઇન.
(3) This pen is his=ધિસ પૅન ઇઝ હિઝ.
(4) These books are hers=ધીઝ બૂકસ આર હર્સ.
(5) This door [ડો'ર–બારણું] is its=ધીસ ડો'ર ઇઝ ઇટસ.
(6) These rings are ours=ધિઝ રિંગ્ઝ આર અવર્સ.
(7) Those caps are yours=ધો'ઝ કૅપ્સ આર યૉર્સ.
(8) This table is theirs=ધિસ ટે'બલ ઇઝ ધે'ર્સ.
(9) My pen is short=માય પૅન ઇઝ શૉર્ટ.
(10) Thy coat is long=ધાય કો'ટ ઇઝ લાગ.
(11) His book is fine=હિઝ બૂક ઇઝ ફાઇન.
(12) Her ring is good=હર રિંગ ઇઝ ગૂડ.
(13) Its tail [ટેઇલ પુછડી] is short=ઇટસ ટેઇલ ઇઝ શૉર્ટ.
(14) Our mango is fine=અવર મૅન્ગો' ઇઝ ફાઇન.

(15) You love your father=યુ લવ યૉર ફાધર.
(16) They love their mother=ધે લવ ધે'ર મધર.
(17) Give me your book=ગિવ મિ યૉર બૂક.
(18) Give her my ring=ગિવ હર માય રીંગ.
(19) Tell us our name=ટેલ અસ અવર નેઈમ.
(20) A hen loves her young ones=એ હૅન લવ્ઝ હર યંગવન્સ.

VI

નીચેના વાક્યો સુધારો.

(1) This cow is my=ધિસ કાઉ ઇઝ માય.
(2) Who is yours fathers=હુ ઇઝ યૉર્સ ફાધર્સ.
(3) This is hers mother=ધિસ ઇઝ હર્સ મધર.
(4) That book is your=ધૅટ બુક ઇઝ યૉર.
(5) Mine book is on the table=માઇન બુક ઇઝ ઑન ધિ ટે'બલ.
(6) Thine milk is in the cup=ધાઇન મિલ્ક ઇઝ ઇન ધિ કપ.
(7) Mine father is thy=માઇન ફાધર ઇઝ ધાય.
(8) That dog is ours=ધૅટ ડૉગ ઇઝ અવર્સ.
(9) This cup is our=ધિસ કપ ઇઝ અવર
(10) Theirs house is yours house=ધે'ર્સ હાઉસ ઇઝ યૉર્સ હાઉસ.

પ્રકરણ ૬ ઠું.

Personal Pronouns.
પર્સનલ પ્રોનાઉન્સ.
પુરૂષવાચક સર્વનામ.

I

"પોતાનું" અને "અમારૂં, આપણું" વગેરે માટે સૂચના.

છઠ્ઠી વિભક્તિના સર્વનામ ઉપર આપેલ છે તે બાબતમાં વિશેષ એટલું જાણવાની જરૂર છે કે ગુજરાતિમાં છઠ્ઠી વિભક્તિનાં સવનામને બદલે કેટલીકવાર "પોતાનું" એ શબ્દ વપરાય છે. જેમકે:—1 તે પોતાની ચોપડી વાંચે છે. 2 તેણી પોતાની ચોપડી વાંચે છે. 3 રામ પોતાની ચોપડી વાંચે છે. 4 તેઓ પોતાની ચોપડી વાંચે છે. 5 આ છોકરાઓ પોતાની ચોપડી વાંચે છે. આ વાક્યોમાં આપણે જોઇએ છીએ કે "પોતાનું" એ સર્વનામ કોઇપણ સંબંધાર્થ સર્વનામને બદલે વપરાયેલ છે. પણ આવાં વાક્યોનું અંગ્રેજી કરતી વખતે "પોતાનું" એ સર્વનામ કયા નામ કે સર્વનામને લગતું છે તે તપાસવું અને તે નામ કે સર્વનામની જાતિ, વચન અને પુરૂષનું સર્વનામ શોધી તેનો તરજૂમો કરવો. દાખલા તરીકે (૧) તે પોતાની ચોપડી વાંચે છે. અહીં "પોતાની" એ શબ્દ "તે" સર્વનામને માટે વપરાયેલ છે અને "તે" એ સર્વનામ ત્રીજાપુરૂષ એકવચનનું છે માટે ત્રીજા પુરૂષ એકવચન અને નરજાતિનું છઠ્ઠી વિભક્તિનું એટલે સંબંધાર્થ સર્વનામ લેવું અને તે અહીં વાપરવું. આ સર્વનામ અંગ્રેજીમાં His—હિઝ છે માટે તે પોતાની ચોપડી

વાંચે છે તેનો તરજૂમો અંગ્રેજીમાં આ રીતે થાય. He reads his book—હિ રીડઝ હિઝ બુક. તેજ પ્રમાણે (૨) "તેણી પોતાની ચોપડી વાંચે છે" તેનું અંગ્રેજી She reads her book—શિ રીડઝ હર બુક; એ પ્રમાણે થાય. (૩) "રામ પોતાની ચોપડી વાંચે છે" તેનું અંગ્રેજી Rama reads his book-રામ રીડઝ હિઝ બુક; તે પ્રમાણે થાય. (૪) "તેઓ પોતાની ચોપડી વાંચે છે" They read their book—ધે રીડ ધેર બુક; અને (૫) "આ છોકરા પોતાની ચોપડીઓ વાંચે છે" These boys read their books-ધિઝ્ બૉયઝ્ રીડ ધે'ર બુક્સ; આ પ્રમાણે આ વાક્યોનું અંગ્રેજી થાય.

"આપણું, અને અમારૂં" આ શબ્દોનો અર્થ અંગ્રેજીમાં એકજ શબ્દથી થાય છે. ગુજરાતિમાં તે બન્નેના આ અર્થમાં કાંઈક ફેર છે. "અમારૂં" એ શબ્દમાં અમૂક ભાગનીજ વાત કરીએ છીએ પણ "આપણું" એ શબ્દમાં બોલનારની જોડે જે માણસની જોડે તે બોલતો હોય તેનો પણ સમાવેશ થાય છે. પણ આ બન્ને શબ્દ માટે અંગ્રેજીમાં તો "Our" કે "Ours" જ વપરાય. તેરીજ રીતે "અમે" અને "આપણે" તેનો તરજૂમો We થી થાય અને "અમને" અને "આપણને" નો તરજૂમો Us અસથી થાય છે.

II

શબ્દાભ્યાસ-Word study-વર્ડ સ્ટડિ.

લીધી=Took=ટૂક. છત્રી=An umbrella=એન અંબ્રેલા.

આપી=Gave=ગે'વ. ઉઘાડી=Opened=ઓ'પન્ડ.

પત્થરપાટી=A slate=એ સ્લેઇટ. વાસી=Shut=શટ.

છોડી=A girl=એ ગર્લ. બારણું=A door=એ ડો'ર.
પેલા છોકરા=Those boys=
ધો'ઝ બૅાયઝ. ભાગી=Broke=બ્રો'ક.
શીશી=A bottle=એ બૅાટલ. પાઠ=Lessons=લેસન્સ.
ચાટે છે=Licks=લિક્સ. વાછરડું=A calf=એ કા'ફ.

III

૧ તેણે પોતાની કલમ લીધી=He took his pen=હિ ટૂક હિઝ પેન્.

૨ રામે પોતાની છત્રી લીધી=Rama took his umbrella=રામ ટૂક હિઝ અમ્બ્રિલા.

૩ સીતાએ પોતાની વીંટી આપી=Seeta gave her ring=સીતા ગેવ હર રિન્ગ.

૪ સીતાએ પોતાની વીંટી રામને આપી=Seeta gave her ring to Rama=સીતા ગેવ હર રીંગ ટુ રામ.

૫ હું મ્હારી પત્થરપાટીમાં લખું છું=I write on my slate=આઇ રાઇટ ઑાન્ માય સ્લેઇટ.

૬ આ છોડી લખે છે=This girl writes=ધિસ ગર્લ રાઇટસ્.

૭ આ છોડી પાટીમાં લખે છે=This girl writes on a slate=ધિસ ગર્લ રાઇટસ ઑાન્ એ સ્લેઇટ.

૮ આ છોડી પોતાની પત્થરપાટીમાં લખે છે=This girl writes on her slate=ધિસ ગર્લ રાઇટસ ઑાન્ હર સ્લેઇટ.

૯ તેણે પોતાની છત્રી વાસી=He shut his umbrella=હી શટ હિઝ અમ્બરેલા.

૧૦ તેણે પોતાની છત્રી ઉઘાડી=He opened his umbrella=

ધી ઓ'પન્ડ હિઝ અમ્બ્રેલા.

૧૧ પેલા છોકરા રમે છે=Those boys play=ધો'ઝ બૉયઝ પ્લે'.

૧૨ પેલા છોકરાઓએ શીશી ભાંગી=Those boys broke a bottle=ધો'ઝ બૉયઝ બ્રોક એ બૉટલ.

૧૩ પેલા છોકરાઓએ પોતાની શીશી ફોડી=Those boys broke their bottle=ધો'ઝ બૉયઝ બ્રોક ધે'ર બૉટલ.

IV

અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.

(૧) તે પોતાના પાઠ વાંચે છે. (૨) તેણી પોતાની નિશાળે જાય છે. (૩) તેણી પોતાના પાઠ વાંચે છે. (૪) સીતા પોતાના પાઠ વાંચે છે. (૫) ગાય પોતાના વાછરડાને ચાટે છે. (૬) આ છોકરાએ પોતાની શીશી ભાંગી. (૭) પેલી છોડીઓએ પોતાની સ્લેટ ભાંગી. (૮) તેણે પોતાની કેરી આપી. (૯) આ આપણું ઘર છે. (૧૦) પેલું અમારૂં ઘર છે. (૧૧) અમે નિશાળે જઇએ છીએ. (૧૨) આપણે કેરી ખાઇએ છીએ. (૧૩) આપણે આપણું બારણું વાસ્યું.

V

1 Who licks her calf ?=હુ લિક્સ હર કા'ફ.

2 The cow licks her calf=ધિ કાઉ લિક્સ હર કા'ફ.

3 He reads his lessons=હિ રીડઝ હિઝ લેસન્સ.

4 This girl eats her mango=ધિસ ગર્લ ઇટસ હર મૅન્ગો'.

5 We go to our school=વિ ગો' ટુ અવર સ્કૂલ.

6 They go to their school=ધે' ગો' ટુ ધે'ર સ્કૂલ.

7 We opened our umbrella=વિ ઓપન્ડ અવર અમ્બ્રેલા.

8 They shut their door=ધે' શટ ધે'ર ડૉર.

9 Who shut the door ?=હુ શટ ધિ ડૉર.

10 She shut her door=શિ શટ હર ડૉ'ર.

11 Who broke the bottle ?=હુ બ્રોક ધિ બૉટલ.

12 They broke their bottle=ધે' બ્રોક ધે'ર બૉટલ.

13 These boys broke their slate=ધિઝ બૉયઝ બ્રોક ધે'ર સ્લેઇટ.

14 Those girls broke their pen=ધો'ઝ ગર્લ્સ બ્રોક ધે'ર પેન્.

15 She gave her a mango=શિ ગૅવ હર એ મૅન્ગો'.

16 I took a book=આઇ ટૂક એ બુક.

17 He took his book=હિ ટૂક હિઝ બુક.

18 They read their lessons=ધે' રિડ ધે'ર લેસન્સ.

19 He gave me his umbrella=હિ ગૅવ મિ હિઝ અમ્બ્રેલા.

20 You gave us a book=યુ ગૅવ અસ એ બુક.

પ્રકરણ ૮ મું.

Personal Pronouns.

પુરૂષવાચક સર્વનામ.

અભ્યાસીની સુગમતા માટે આ નીચે બધાં સર્વનામનું એક લીસ્ટ આપીએ છીએ તે તેણે બરાબર ધ્યાન રાખી યાદ રાખવું.

પુરૂષવાચક સર્વનામ-Personal Pronouns—પર્સનલ પ્રોનાઉન્સ.

	૧ લી વિભકિત-કર્તરિ રૂપ.			૨ જી વિભકિત-કર્મણી રૂપ.		
	ગુજરાતી.	અંગ્રેજી.	ઉચ્ચાર.	ગુજરાતી.	અંગ્રેજી.	ઉચ્ચાર.
એકવચન.						
૧ લો પુરૂષ	હું	I	આઇ	મને	Me	મિ
૨ જો પુરૂષ	તું	Thou	ધાઉ	તને	Thee	ધિ
૩ જો પુરૂષ (૧)નરજાતી માટે	તે	He	હિ	તેને	Him	હિમ
(૨)નારીજાતી માટે	તે (તેણી)	She	શિ	તેણીને તેને	Her	હર

	૧ લી વિભક્તિ-કર્તરિ રૂપ			૨ જી વિભક્તિ-કર્મણી રૂપ		
	ગુજરાતી.	અંગ્રેજી.	ઉચ્ચાર.	ગુજરાતી.	અંગ્રેજી	ઉચ્ચાર.
(૩) નાન્યતરજાતી માટે	તે	It	ઇટ	તેને	It	ઇટ
બહુવચન.						
૧ લો પુરૂષ	અમે આપણે	We	વી	અમને આપણને	Us	અસ
૨ જો પુરૂષ	તમે	You	યુ	તમને	You	યુ
૩ જો પુરૂષ	તેઓ, તેમણે	They	ધે'	તેમને તેઓને	Them	ધૅમ

૬ ઠી વિભક્તિ—સંબંધાર્થ રૂપ.

		ન્હાનાં રૂપ (નામની જોડે)		મ્હોટાં રૂપ (નામ વિના.)	
	ગુજરાતી.	અંગ્રેજી.	ઉચ્ચાર.	અંગ્રેજી.	ઉચ્ચાર.
એકવચન.					
૧ લો પુરૂષ	મ્હારૂં	My	માય	Mine	માઇન્
૨ જો પુરૂષ	ત્હારૂં	Thy	ધાય	Thine	ધાઇન્
૩ જો પુરૂષ (૧) નરજાતી માટે	તેનું	His	હિઝ	His	હિઝ
(૨) નારીજાતિ માટે	તેણીનું (તેનું)	Her	હર	Hers	હર્સ
(૩) નાન્યતરજાતિ માટે	તેનું	Its	ઇટસ	Its	ઇટસ
બહુવચન.					
૧ લો પુરૂષ	અમારૂં / આપણું	Our	અવર	Ours	અવર્સ
૨ જો પુરૂષ	તમારૂં	Your	યૉર	Yours	યૉર્સ
૩ જો પુરૂષ	તેઓનું / તેમનું	Their	ધે'ર	Theirs	ધે'ર્સ

પ્રશ્નો.

(૧) ગુજરાતિ અને અંગ્રેજી પુરૂષવાચક સર્વનામમાં શું ભેદ છે?

(૨) પહેલી વિભકિતનાં પુરૂષવાચક સર્વનામ આપો.

(૩) અંગ્રેજીમાં ત્રીજા પુરૂષ એકવચનના સર્વનામનાં ત્રણ રૂપ છે. તે ત્રણ રૂપ કયાં કયાં વપરાય છે તે બતાવો.

(૪) અંગ્રેજીમાં "તું" શબ્દ કયાં વપરાય છે તે બતાવો.

(૫) બીજી વિભકિતનાં સર્વનામ આપો.

(૬) છઠી વિભકિતનાં સર્વનામના રૂપ કેટલાં છે? જેટલાં રૂપ હોય તેટલાં રૂપ લખો અને તે બીન્ન બીન્ન રૂપો કયાં કયાં વપરાય છે તે જણાવો.

(૭) પોતાનું, અમારૂં, આપણું એ સર્વનામ વિષે શું શું-વિગતો ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

(૮) તેઓ, તેઓનું અથવા તેમણે, તેમને એ વિષે શું યાદ રાખવા જેવું છે?

(૯) નાચેનાં શબ્દોનું અંગ્રેજી કરોઃ—

છત્રી, શીશા, ઉઘાડી, પાડ, વાછરડું, દુધવાળો, સંરક્ષણ કરવું. સંભાળ રાખે છે, બચ્ચાં, દેશ, ટુંકી, સોટી, શીખવું, શીખવાડવું, કાગળ, બોલવું, ચીઠ્ઠી, ચાલવું, માયાળુ, વીંટી, રાજા,

(૧૦) નીચેના અંગ્રેજી પ્રશ્નોના જવાબ અંગ્રેજીમાં આપોઃ—

(a) What is your name ?=વૅાટ ઇઝ યોર નેઇમ.

(b) What is in the box ?=વૅાટ ઇઝ ઇન ધિ બૅાક્સ.

(c) What is fine ?=વૅાટ ઇઝ ફાઇન.

(d) Who writes ?=હુ રાઇટસ.

(e) Who gave you a mango ?=હુ ગૅવ યુ એ મૅન્ગો'.

(f) Who learns English ?=હુ લર્ન્સ ઇંગ્લીશ.

(g) Who puts a ring on your hand ?=હુ પુટસ એ રીન્ગ ઑન યૉર હેંન્ડ.

(h) What is on the table ?=વૉટ ઇઝ ઑન ધિ ટેબલ.

(i) Where is the table ?=વ્હેર ઇઝ ધિ ટેબલ.

(j) Who is kind ?=હુ ઇઝ કાઇન્ડ.

(k) Who sings well ?=હુ સિન્ગઝ વેલ.

(l) Where are you ?=વ્હેર આર યુ.

(m) Who goes to school ?=હુ ગો'ઝ ટુ સ્કૂલ.

(n) Where is Rama ?=વ્હેર ઇઝ રામ

(o) Who eats a mango ?=હુ ઇટસ એ મૅન્ગો'.

(p) Who plays cricket ?=હુ પ્લેઇઝ ક્રીકેટ.

(q) Who teaches you English ?=હુ ટીચીઝ યુ ઇંગ્લીશ.

(r) Who writes you a letter ?=હુ રાઇટસ યુ એ લેટર.

(s) Who plays with your toy ?=હુ પ્લેઇઝ વિથ યૉર ટૉય.

(t) Who gave you a cap ?=હુ ગૅવ યુ એ કૅપ.

(u) Tell me your name. =ટેલ મી યૉર નેઇમ.

(v) What is her name ?=વૉટ ઇઝ હર નેઇમ.

(w) What is short ?=વૉટ ઇઝ શૉર્ટ.

(x) Who milks your cow ?=હુ મિલ્કસ યૉર કાઉ.

(y) Who preserves us ?=હુ પ્રિઝર્વ્સ અસ.

(z) Who is that man ?=હુ ઇઝ ધૅટ મૅન.

(૧૧) નીચેનાં વાક્યો સુધારોઃ-

(a) Who licks hers calf=હુ લિક્સ હર્સ કાફ. (b)

Is this yours coat=ઇઝ ધિસ યૉર્સ કોટ. (c) That pen is my=ધૅટ પૅન ઇઝ માય. (d) Seeta eats his mango=સીતા ઇટસ હીઝ મૅન્ગો. (e) Rama reads her book=રામ રીડઝ હર બુક. (f) This is mine house=ધિસ ઇઝ માઇન્ હાઉસ. (g) Who speaks? The Governor speak. They speaks English well=હુ સ્પીક્સ, ધિ ગવર્નર સ્પીક, ધે સ્પીક્સ ઇંગ્લીશ વેલ. (h) You is kind=યુ ઇઝ કાઇન્ડ.

પ્રકરણ ૯ મું.

વાકય રચના.

I

અંગ્રેજી અને ગુજરાતિ વાકય રચનામાં ફેર છે અને તે ફેર અભ્યાસીએ ખાસ ધ્યાનમાં રાખવો. ઉપલાં પ્રકરણોમાંથી અભ્યાસીને તે ફેર માલુમ તો પડ્યોજ હશે પરંતુ અહીં તેનું ધ્યાન દોરવું આવસ્યક છે. દાખલા તરીકે એક ગુજરાતિ વાકય લઇએ: "મ્હેં એક ચોપડી આપી." આ ગુજરાતિ વાકયમાં આપણે પહેલું કર્તા, પછી કર્મ અને છેલ્લું ક્રીયાપદ મૂકેલ છે. ત્યારે આ ગોઠવણી તે ગુજરાતિ વાકય રચના કહેવાય. વાકયમાં કર્મ ન હોય અને ક્રીયાવિશેષણ હોય તો તે પણ ગુજરાતિમાં ક્રીયાપદની પહેલાં આવે છે અને જો કર્મ અને ક્રીયાવિશેષણ બન્ને હોય તો તે બન્ને ક્રીયાપદની પહેલાં આવે છે. "મ્હેં ચોપડી અહીંઆ મૂકી" આ વાકયમાં

પહેલું કર્તા છે, પછી કર્મ છે, પછી ક્રીયાવિશેષણ છે અને છેલ્લું ક્રીયાપદ છે.

પણ અંગ્રેજી વાકય રચના આથી જૂદી રીતની છે. "મ્હેં ચોપડી આપી" આ વાકય અંગ્રેજીમાં મૂકવું હોય તો આ પ્રમાણે લખાવ:- I gave a book=આઇ ગૅવ એ બૂક. આ અંગ્રેજી વાક્યમાં પહેલું કર્તા (I) છે, બીજું ક્રીયાપદ (gave) છે અને છેલ્લું કર્મ (a book) છે. જો વાકયમાં ક્રીયાવિશેષણ હોય તો તે પણ ક્રીયાપદની પછી આવે છે. ત્યારે ગુજરાતિ અને અંગ્રેજી વાકય રચનામાં આટલી વિગત ધ્યાનમાં રાખવી. "ગુજરાતિ વાકય રચનામાં પહેલું કર્તા, પછી કર્મ કે ક્રીયાવિશેષણ અને છેલ્લું ક્રીયાપદ આવે છે. અંગ્રેજી વાકય રચનામાં પહેલું કર્તા પછી તરતજ ક્રીયાપદ અને છેલ્લે કર્મ કે ક્રિયાવિશેષણ આવે છે."

સમજુતિ માટે કોઠો. "હું તેને બરાબર ઓળખું છું" તેની ગોઠવણી.

ગુજરાતિ. વાકય રચના.	કર્તા	કર્મ	ક્રીયાવિશેષણ	ક્રીયાપદ
દાખલો.	હું	તેને	બરાબર	ઓળખું છું
અંગ્રેજી. વાકય રચના.	કર્તા હું	ક્રીયાપદ ઓળખું છું	કર્મ તેને	ક્રીયાવિશેષણ બરાબર
દાખલો.	I	know	him	well

"વાક્ય" એ શબ્દને માટે અંગ્રેજી શબ્દ Sentence [સેન્ટન્સ] છે. "Sentence વાક્ય" એટલે જેનો અર્થ પૂરો થતો હોય તે. "હું" શબ્દ એકલો લઇએ તો તેથી કાંઈ વાક્ય બનતું નથી કારણ કે તેમાં કાંઇ પૂરો અર્થ થતો નથી. તેવીજ રીતે "જાઉં છું" એ શબ્દ એકલો લેવાથી કાંઈ અર્થ થતો નથી એટલે એ એક શબ્દથી વાક્ય બનતું નથી. પણ જ્યારે "હું" અને "જાઉં છું" એ શબ્દો જોડે મુકીએ છીએ (જેમકે "હું જાઉં છું.") ત્યારે એ વાક્ય બને છે એટલે કે તેમાં પુરા અર્થનો સમાવેશ થાય છે. દરેક વાક્યની અંદર ઓછામાં ઓછું એક ક્રીયાપદ તો હોવુંજ જોઇએ. દરેક સાદા વાક્યમાં ઓછામાં ઓછાં બે વાના (૧) કર્તા અને (૨) ક્રીયાપદ તો હોવાંજ જોઇએ. જો તે ન હોય તો. તે વાક્ય ગણી શકાય નહીં. અંગ્રેજીના આજ્ઞાર્થ કાળમાં એકલું ક્રીયાપદ આવે છે જેમકે "જાઓ" "Go"; "લખો" "Write" આનું કારણ એમ છે કે અંગ્રેજીમાં આજ્ઞાર્થ કાળની જોડે સર્વનામ વપરાતું નથી. મતલબ કે તેની જોડે સર્વનામ અધ્યાર છે. આને લીધે તે વાક્ય ગણી શકાય. આજ્ઞાર્થ કાળ સિવાય બીજા કોઈ પણ કાળનાં વાક્યમાં ઉપર જણાવ્યા પ્રમાણે કર્તા અને ક્રીયાપદ તો હોવાંજ જોઇએ.

ઉદાહરણ—(૧) હું ચોપડી વાંચું છું=હું વાંચું છું ચોપડી=I read a book=આઇ રીડ એ બુક.

(૨) તમે કેરી ખાઓ છો=તમે ખાઓ છો કેરી=You eat a mango=યુ ઇટ એ મૅન્ગૉ.

(૩) તમે નિશાળે જાઓ છો=તમે જાઓ છો નિશાળે=You go to school=યુ ગો' ટુ સ્કૂલ.

(૪) સીતા રાંધે છે=Seeta cooks=સીતા કુક્સ.

(૫) રમો=Play=પ્લે'.

(૬) 'આવો=Come=કમ.

(૭) જાઓ અને ક્રીકેટ રમો=Go and play cricket=ગો' ઍન્ડ પ્લે' ક્રિકેટ.

II.

(નીચેનાં વાક્યોનું અભ્યાસીએ જાતે અંગ્રેજી કરવું.)

(૧) ખુરશી ઉપર બેસો. (૨] તેણી પાણી પીએ છે. (૩) રામ કેરી ખાય છે. (૪) સીતા પોતાની ચોપડી વાંચે છે. (૫) રામ સારૂં વાંચે છે. (૬) ગોવિંદ ક્રિકેટ રમે છે. (૭) તમારો પાઠ વાંચો. (૮) મારૂં ઘર સુંદર છે. (૯) મને તમારી કલમ આપો. (૧૦) મારી કલમ સારી છે. (૧૧) સીતા સારૂં ગાય છે. (૧૨) ચોપડી અહિંયાં મુકો. (૧૩) હું અંગ્રેજી ભણું છું. (૧૪) રામ ક્રીકેટ સારૂં રમે છે.

III.

(નીચેનાં વાક્યોનું ગુજરાતિ કરો.)

(1) I like cricket=આઈ લાઇક (ચાહવું) ક્રિકેટ.

(2) She speaks Gujarati=શિ સ્પીક્સ ગુજરાતિ.

(3) We speak English=વિ સ્પીક ઇંગ્લીશ.

(4) I read my lessons=આઇ રીડ માય લેસન્સ.

(5) He reads well=હિ રીડ્ઝ વેલ.

(6) He sings well=હિ સીંગ્ઝ વેલ.

(7) My father is kind=માય ફાધર ઇઝ કાઇન્ડ.

(8) I love my father=આઇ લવ માય ફાધર.

(9) I love God=આઇ લવ ગૉડ.

(10) Give that book to me=ગિવ ધૅટ બુક ટુ મિ.

IV.

(નીચેનાં વાકયોમાં કર્તા, ક્રીયાપદ, ક્રીયાવિશેષણ, કર્મ, વિશેષણ વગેરે અભ્યાસીએ શોધી કાઢવાં.)

(1) You play cricket=યુ પ્લે' ક્રિકેટ.

(2) She eats mangoes=શિ ઇટસ મેન્ગોઝ.

(3) You speak English=યુ સ્પીક ઇંગ્લીશ.

(4) That house is fine=ધૅટ હાઉસ ઇઝ ફાઇન.

(5) Write this lesson=રાઇટ ધિસ લેસન.

(6) Read that book=રીડ ધૅટ બુક.

(7) She speaks English well=શિ સ્પીક્સ ઇંગ્લીશ વેલ.

(8) This is a fine book=ધિસ ઇઝ એ ફાઇન બુક.

(9) God is kind=ગૉડ ઇઝ કાઇન્ડ.

(10) Love God=લવ ગૉડ.

પ્રકરણ ૧૦ મું.

Articles=આર્ટિકલ્સ.

ઉપરનાં પ્રકરણોમાંથી અભ્યાસીને એ પણ જણાયું હશે કે કેટલાક નામની જોડે "A" એ, કેટલાક નામની જોડે "An" ઍન અને કેટલાક નામની જોડે "The" ધિ એવા અક્ષરો કે શબ્દો વપરાયા છે. તેથી તે સંબંધે અત્રે આપણે વિચાર કરીશું.

અંગ્રેજીમાં ત્રણ Articles આર્ટિકલ્સ છે. એક "A" એ; બીજો "An"; અને ત્રીજો "The". તે વાપરવા વિષે નિયમ નીચે મુજબ છે.

(૧) દરેક સામાન્ય નામની જોડે આર્ટિકલ Article આવવો જોઇએ.

(૨) A, અને An એ આર્ટિકલ એકવચનના સામાન્ય નામની જોડે આવે છે. બહુવચનમાં તે વપરાયજ નહીં જેમકે: A man=એ મૅન્. (એક) માણસ. An ox=ઍન્ ઑક્સ=(એક) બળદ. પરંતુ A men માણસો અને An oxen=ઍન્ ઑક્સન્=બળદો તેમ કહેવાયજ નહીં. તેને બદલે The men=ધિ મૅન્ અથવા એકલા Men=મૅન્=માણસો અને The oxen=ધિ ઑક્સન્=બળદો અથવા એકલા oxen=ઑક્સન્=બળદો એમ કહેવું જોઇએ.

(૩) The એ એકવચનના સામાન્ય નામની જોડે તેમજ બહુવચનના નામની જોડે આવે છે. જેમકે:-The man=ધિ મૅન્=માણસ અને ધિ મૅન્=The men=માણસો.

(૪) જો એકવચનનું સામાન્ય નામ હોય અને તેનો પહેલો અક્ષર વ્યંજન હોય તો તે નામની પહેલાં A વાપરવો, જેમકે: A man=એ મૅન્=(એક) માણસ; A cow=એ કાઉ=(એક) ગાય.

(૫) પણ જો એકવચનના સામાન્ય નામનો પહેલો અક્ષર સ્વર હોય તો A નહીં વાપરતાં An વાપરવો. જેમકે: બળદ=An ox=ઍન્ ઑક્સ; An egg=ઍન્ એગ્=ઈંડું. પણ A ox (એ ઑક્સ) a egg=એ એગ્; an man=ઍન્ મૅન્ તેમ કહેવાય નહીં.

(૬) કેટલીક વખત અંગ્રેજીમાં સામાન્ય નામની જોડે કોઈ ગુણવાચક વિશેષણ આવે છે. તેને માટે પણ નિયમ ઉપર જણાવ્યા પ્રમાણે

છે. જો ગુણવાચક વિશેષણનો પહેલો અક્ષર વ્યંજન હોય તો તેની પહેલાં A મૂકવો. જો ગુણવાચક વિશેષણનો પહેલો અક્ષર સ્વર હોય તો An મૂકવો. જેમકે: માણસ તેને માટે અંગ્રેજી શબ્દ A man છે. પણ જો આપણે તે નામને ગુણવાચક વિશેષણ લગાડીએ તો આર્ટિકલનો આધાર વિશેષણ ઉપર રહે. ઉંચો માણસ=A tall man=એ ટૉલ મૅન્. આ પ્રમાણે અહીં ગુણવાચક વિશેષણ ટૉલ=Tall ની પહેલાં A મૂકવો કારણ Tall નો પહેલો અક્ષર વ્યંજન છે પણ જો આપણે "ઘરડો માણસ" તેનું અંગ્રેજી કરવું હોય તો તે આ રીતે થાય. ઘરડો=Old=ઓલ્ડ. ઘરડો માણસ=An old man=ઍન ઓલ્ડ મૅન્. કારણ કે old એ ગુણવાચક વિશેષણનો પહેલો અક્ષર o તે સ્વર છે માટે અહીં A ને બદલે An મૂકવું.

(૭) The ધિ એ આર્ટિકલ એકવચન તેમજ બહુવચનમાં વપરાય છે. પણ તેને માટે નિયમ એવો છે કે જો નામ મુકરર હોય તો the વાપરવું. જેમકે આપણે ટેબલ ઉપરની ચોપડી વિષે વાત કરતા હોઇએ તો તે ચોપડી મુકરર થાય છે. કઇ ચોપડી તો ટેબલ ઉપરની માટે આવાં મુકરર નામની જોડે the મૂકવો. જો નામ એકવચનનું હોય અને તે મુકરર ન હોય તો તેની પહેલાં A અથવા An મૂકવાં. પણ જો નામ બહુવચનનું હોય અને તે મુકરર ન હોય તો તેની જોડે the ન મુકવું. તેમજ તેની જોડે A કે An પણ ન મૂકવાં કારણ કે A અને An તો માત્ર એકવચનના સામાન્ય નામની જોડેજ આવી શકે. The books (મુકરર) ચોપડીઓ. ચોપડીઓ (મુકરર નહીં તે) Books. પણ A books કે An books તો કદી લખાયજ નહીં.

II

Word study=વર્ડ સ્ટડિ=શબ્દાભ્યાસ.

કાગળ=Paper=પેપર

કાપી=Cut=કટ.

કાપવું=To cut=ટુ કટ.

વડે=With=વિથ.

આંગળી=A finger=એ ફિન્ગર.

છરી=A knife=એ નાઇફ.

ચપ્પુ=A penknife=એ પેન્નાઇફ.

ઘડવું=To mend=ટુ મેન્ડ.

સીસાપેન=A pencil=એ પેન્સિલ.

ધારવાળું=Sharp=શાર્પ.

હા=Yes=યસ.

ઉપર સ્વારી કરવી=To ride=ટુ રાઇડ.

ઘોડો=A horse=એ હૉર્સ.

ઘોડા ઉપર=On horseback ઑન હૉર્સબૅક.

ઇંડું=An egg=ઍન ઍગ.

મૂકવું=To lay=ટુ લે.

ઈંડાં મૂકવાં=To lay eggs= ટુ લે' એગ્ઝ.

સુંદર=Beautiful=બ્યુટિફુલ.

કઠણ=Hard=હાર્ડ.

પણ=But=બટ.

આંધળો=Blind=બ્લાઇન્ડ.

III

(1) અહીંઆં છરી છે=Here is a knife=હિઅર ઇઝ એ નાઇફ.

(2) છરી ધારવાળી છે=The knife is sharp=ધિ નાઇફ ઇઝ શાર્પ.

(3) મ્હારો ચપ્પુ ધારવાળો છે=My penknife is sharp= માય પેન્નાઇફ ઇઝ શાર્પ.

(4) હું મ્હારી છરી વડે કાગળ કાપું છું=I cut paper with my knife=આઇ કટ પેપર વિથ માય નાઇફ.

(5) હું પેન્સિલ ઘડું છું=I mend a pencil=આઇ મૅન્ડ એ પેન્સિલ.

(6) હું ચપ્પા વડે પેન્સિલ ઘડું છું=I mend a pencil with a penknife=આઇ મૅન્ડ એ પેન્સિલ વિથ એ પેન્નાઇફ.

(7) મ્હારી પેન્સિલ સખત છે=My pencil is hard=માય પેન્સિલ ઇઝ હાર્ડ.

(8) મને એક સીસાપેન આપો=Give me a pencil=ગિવ મિ એ પેન્સીલ.

(9) હું ઘોડા ઉપર સ્વારી કરૂં છું=I ride a horse=આઇ રાઇડ એ હૉર્સ.

(10) This is an egg=ધિસ ઇઝ એન ઍગ.

(11) પેલો ઘરડો માણસ છે=That is an old man=ધૅટ ઇઝ એન ઑ'લ્ડ મૅન્.

(12) આ મૂરઘી ઇંડાં મૂકે છે=This hen lays eggs=ધિસ હૅન લેઇઝ એગ્ઝ.

(13) આ ચપ્પુ સુંદર છે=This penknife is beautiful=ધિસ પેન્નાઇફ ઇઝ બ્યુટિફુલ.

(14) હું ચોપડી ટેબલ ઉપર મુકું છું=I lay (put) the book on a table=આઇ લે' (પુટ) ધિ બુક ઑન્ એ ટેબલ.

(15) ચોપડી ક્યાં છે ?=Where is the book ?=વ્હેર ઇઝ ધિ બુક.

(16) તે ટેબલ ઉપર છે=It is on the table=ઇટ ઇઝ ઑન્ ધિ ટેબલ.

IV

(નીચેનાં વાક્યોનું અંગ્રેજી કરો.)

[૧] ચોપડી ટેબલ ઉપર છે. [૨] પેન્સીલ ટેબલ ઉપર છે. [૩] આ પેન્સીલ કઠણ છે. [૪] પણ (But=બટ) મ્હારો ચપ્પુ તેને કાપે છે. [૫] ચપ્પુ ક્યાં છે? [૬] ચપ્પુ ટેબલ ઉપર છે. [૭] શું ચોપડી મેજ ઉપર છે? [૮] હા, તે મેજ ઉપર છે. [૯] મને તે ધારવાળો ચપ્પુ આપો. [૧૦] આ છોકરો ઘોડા ઉપર સ્વારી કરે છે. [૧૧] મુરઘી ઈંડાં મુકે છે. [૧૨] તેણે ચપ્પા વડે પોતાની આંગળી કાપી. [૧૩] આ કાગળ તમારા સુંદર ચપ્પુ વડે કાપો.

V

(નીચેનાં વાક્યોનું ગુજરાતિ કરો.)

[1] Give me your beautiful penknife=ગિવ મિ યૉર બ્યુટિફુલ પેન્‌નાઇફ.

[2] Is the knife sharp?=ઇઝ ધિ નાઇફ શાર્પ.

[3] Where is the knife?=વ્હેર ઇઝ ધિ નાઇફ.

[4] That hen is beautiful=ધૅટ હૅન્‌ ઇઝ બ્યુટિફુલ.

[5] She lays beautiful eggs=શિ લેઇઝ બ્યુટિફુલ એગ્ઝ.

[6] I cut the paper with a sharp knife=આઇ કટ ધિ પેપર વિથ એ શાર્પ નાઇફ.

[7] The old man is blind=ધિ ઑલ્ડ મૅન્‌ ઇઝ બ્લાઇન્ડ.

[8] That blind man is old=ધૅટ બ્લાઇન્ડ મૅન ઇઝ ઑલ્ડ.

[9] Seeta rides a horse=સીતા રાઇડ્ઝ એ હૉર્સ.

[10] This girl is beautiful=ધિસ ગર્લ ઇઝ બ્યુટિફુલ.

પ્રકરણ ૧૧ મું.

Articles=આર્ટિક્લ્સ.

I

સૂચના:—૧. A, An અને The ના જે નિયમો ઉપર આપ્યા છે તે ઉપરથી વે આર્ટિક્લ્સ ક્યાં વાપરવા તે જણાશે. વે સાથે એક સૂચના ધ્યાનમાં રાખવી આવસ્યક છે. "ચોપડી ટેબલ ઉપર મૂકો." આવું ગુજરાતી વાકય અંગ્રેજીમાં જૂદા જૂદા આર્ટિકલ મૂકવાથી ચાર રીતે લખી શકાય. જૂદા જૂદા આર્ટિકલ પ્રમાણે તેનો જૂદો જૂદો અર્થ થાય.

(૧) ચોપડી [મુકરર] ટેબલ ઉપર મૂકો=Put the book on a table=પુટ ધિ બુક ઑન્ એ ટે'બલ.

(૨) ચોપડી [મુકરર] ટેબલ (મુકરર) ઉપર મૂકો=Put the book on the table=પુટ ધિ બુક ઑન્ ધિ ટેબલ.

(૩) ચોપડી [અચોક્કસ] ટેબલ (મુકરર) ઉપર મૂકો=Put a book on the table=પુટ એ બુક ઑન્ ધિ ટેબલ.

(૪) ચોપડી (અચોક્કસ) ટેબલ (અચોક્કસ) ઉપર મૂકો=Put a book on a table=પુટ એ બુક ઑન્ એ ટે'બલ.

આ રીતે આ વાકય જૂદી જૂદી રીતે થઇ શકે. કૌંસની અંદર જે "મુકરર" વિગેરે આપેલ છે તે ઉપરથી તે દરેક વાકયનો અર્થ એકદમ સમજી શકાશે. આ પ્રમાણે જ્યારે કોઇપણ વાકયનો અંગ્રેજીમાં તરજૂમો કરવાનો હોય ત્યારે જોવું કે તેની અંદરના (સામાન્ય)

નામ ચોક્કસ એટલે મુકરર કે અચોક્કસ છે અને તેનો નિર્ણય કર્યા બાદ ઉપરના પ્રકરણમાં આપેલ નિયમો પ્રમાણે તેનો તરજુમો કરવો.

સૂચનાઃ—૨, જ્યારે કોઇપણ સામાન્ય નામની જોડે મ્હારૂં, ત્હારૂં વિગેરે સંબંધાર્થ વિશેષણ આવે ત્યારે આર્ટિકલ વપરાય નહીં. જેમકે "ચોપડી" એ શબ્દને માટે આપણે A book કહીએ છીએ પણ જ્યારે તેની જોડે "મ્હારૂં" એ સંબંધાર્થ વિશેષણ આવે ત્યારે આર્ટિકલ મૂકવો નહીં. જેમકે "મ્હારી ચોપડી" આમાં "A my book" તેમ કહેવાય નહીં. તેમજ "My a book" તેમ પણ કહેવાય નહીં પરંતુ My book તેટલુંજ ફક્ત કહેવાય.

આર્ટિકલ્સ માટે વધારાના નિયમો.

(૧) જ્યારે આગળ કોઇપણ નામને માટે વાત કરી ગયા હોઇએ ત્યારે The આર્ટિકલ વાપરવો. જેમકેઃ—"આ ટોપી છે. ટોપી મ્હારી છે." આની અંદર પહેલાં "ટોપી"ને માટે વાત શરૂ કરીએ છીએ અને "ટોપી" તે સામાન્ય નામ છે માટે તેની જોડે આપણે A વાપરીએ છીએ. પણ બીજા વાક્યમાં "ટોપી" આપણે ફરીને વાપરીએ છીએ અને ટોપી વિષે આપણે એક વખત બોલી ગયા છીએ એટલે બીજો શબ્દ "ટોપી" તે મુકરર થાય છે. "જે ટોપીને માટે આપણે વાત કરી છે તે ટોપી મ્હારી છે માટે બીજા "ટોપી"ને માટે આપણે The=ધિ એ આર્ટિકલ લગાડીએ છીએ. This is a cap. The cap is mine, ધિસ ઇઝ એ કૅપ. ધિ કૅપ ઇઝ માઇન્.

(૨) જ્યારે કોઇ સામાન્ય નામ કોઇ એક વ્યક્તિને માટે નહી પરંતુ તે નામે ઓળખાતા આખા વર્ગને માટે વપરાએલ હોય ત્યારે

તે નામની પહેલાં the આર્ટિકલ વાપરવો. જેમકેઃ કુતરૂં નિમકહલાલ પ્રાણી છે. નિમકહલાલ=Faithful=ફેઇથફુલ; પ્રાણી=Animal=ઍનિમલ.) અહીં કોઇએક વ્યક્તિને માટે "કુતરૂં" એ શબ્દ મૂકયો નથી પરંતુ કુતરાની આખી જાતિ--વર્ગને માટે મૂકેલ છે. કુતરાની જાતિ એવો તેનો અર્થ અહીં થાય છે માટે A dog કહેવાને બદલે The dog કહેવું જોઇએ. The dog is a faithful animal=ધિ ડૉગ ઇઝ એ ફેઇથફુલ ઍનિમલ. ગાય રાંક પ્રાણી છે=The cow is a mild animal=ધિ કાઉ ઇઝ એ માઇલ્ડ ઍનિમલ; (Mild=માઇલ્ડ=ગરીબ, રાંક.)

પણ "માણસ" અથવા "મનુષ્ય" એ શબ્દ જ્યારે આખી જાતિને માટે વપરાયો હોય ત્યારે તેની જોડે કાંઇ આર્ટિકલ આવે નહીં જેમકે "માણસ નાશવંત છે." એટલે કે મનુષ્ય જાતિ નાશવંત છે-(Man is mortal). નાશવંત=Mortal=મૉર્ટલ.

(૩) કેટલીક વખત વિશેષણ આખા વર્ગને માટે મૂકાય છે જેમકે "ગરીબ" તેને માટે અંગ્રેજીમાં Poor=પૂઅર શબ્દ છે; પરંતુ જ્યારે તે નામ તરીકે વપરાયું હોય એટલે કે તેનો અર્થ ગરીબ વર્ગ કે ગરીબ લોક થતો હોય ત્યારે તેની જોડે The મૂકાયુ છે અને તે નામ બને છે પરંતુ વિશેષણ રહેતું નથી. The poor=ધિ પૂઅર (ગરીબ લોક). દાખલો: પરમેશ્વર ગરીબ તરફ માયાળુ છે=God is kind to the poor=ગૉડ ઇઝ કાઇન્ડ ટુ ધિ પૂઅર.

(૪) નદીઓનાં નામની સાથે હમ્મેશાં "ધિ" વાપરવો જોઇએ. જેમકે ગંગા=The Ganges=ધિ ગેઇન્જીસ; સાબરમતિ=The

Sabarmati; ટેમ્સ=The Thames=ધિ ટેમ્સ.

(૫) તેવીજ રીતે કેટલાક પર્વતો તથા દેશના નામની જોડે ધિ=the આવે છે. જેમકે આલ્પ્સ પર્વત=The Alps=ધિ આલ્પ્સ; હિમાલય=The Himalayas=ધિ હિમાલયઝ; પીરેનીઝ=The Pyrenees=ધિ પીરેનિઝ; એપિનાઇન=The Appenines; પંજાબ=The Panjab=ધિ પંજાબ; દખણ=The Deccan=ધિ ડક્કન; The East-Indies=ધિ ઇસ્ટ ઇન્ડીઝ; The west Indies=ધિ વેસ્ટ ઇન્ડીઝ.

(૬) ખીતાબોના નામની જોડે ધિ=The આવતો નથી પણ જ્યારે તેની જોડે બીજા શબ્દ આવતા હોય ત્યારે તે મુકરર બને છે અને તેથી તેની જોડે The આવવો જોઇએ. જેમકે The Duke of Wellington=ધિ ડયુક ઑફ વેલીંગટન. અંગ્રેજીમાં કેટલાક ખીતાબ છે. જેની જોડે The હમ્મેશાં વપરાય છે. જેમકે જર્મનીનો શહેનશાહ કૈસરના નામે ઓળખાય છે તેને માટે અંગ્રેજીમાં The Kaiser=ધિ કાયઝર એ શબ્દ વપરાય છે. તેવીજ રીતે રૂશીયાના શહેનશાહનો ખીતાબ. Tsar ત્સાર અથવા Czar=ઝાર છે. તેને માટે પણ આપણે The Czar અથવા The Tsar કહીએ છીએ.

(૭) કોઇપણ વિશેષનામ કોઇ વિશેષણથી અથવા વિશેષણ તરીકે વપરાયેલ નામથી મુકરર બનેલું હોય ત્યારે તેની જોડે The મૂકવો જોઇએ. જેમકે જૂનું અમદાવાદ=The Ahmedabad of ancient times=ધિ એહમદાબાદ ઑફ ઍન્શીયન્ટ ટાઇમ્સ. (જૂના વખતનું=of ancient times=ઑફ ટાઇમ્સ.) હાલનું અમદાવાદ=The Ahmedabad of to-

day=ધિ એહમદાબાદ ઑફ ટુ-ડે' (આજનું=of to-day=ઑફ ટુ-ડે'.

(૮) દુનિયામાં જે વસ્તુ એકજ હોય તેને માટે પણ કેટલીક વખત અંગ્રેજીમાં The વપરાય છે. જેમકે સૂર્ય=The sun=ધિ સન્. (A sun એ સન્ કહેવાય નહીં.) ચંદ્ર=The moon=ધિ મૂન્. A moon એ મૂન્ કહેવાયજ નહીં.

II

શબ્દાભ્યાસ=Word study=વર્ડ સ્ટડિ.

પૈસાદાર=(વિશેષણ) Rich=રિચ.
પૈસાદાર=લોક (નામ)The rich=ધિ રિચ.
સરખા=Alike=એલાઇક.
નામ આપવું-To name-ટુ નેઇમ.
રૂશીયા=Russia=રૂશીઆ.
જર્મનિ=Germany=જર્મનિ.
રાજા=A king=એ કીંગ.
નદી=A river=એ રિવર.
મોટી=Big=બિગ.
સારા માણુસો=The good men=ધિ ગૂડ મેન્.
ઉગે છે=Rises=રાઇઝીસ.
સવાર=Morning=મૉર્નિંગ.
પર્વત=A mountain=એ માઉનટન્.
ઉંચો=High=હાય.
હાથી=An elephant=એન એલિફન્ટ.
ઉમદા=Noble=નો'બલ.
જનાવર=An animal=ઍન ઍનિમલ.
રહે છે=Lives=લિવ્ઝ.
ચાહે છે=Loves=લવ્ઝ.
હીંદુસ્થાન=India=ઇન્ડીઆ.
શહેનશાહ-Emperor-એમ્પરર
યુરોપ=Europe=યુરોપ.
સવારે=In the morning=ઇન્ ધિ મૉર્નિંગ.

તેજસ્વી=Bright=બ્રાઇટ.
કઇ=Which=વિચ.
સઘળા=All=ઑલ.
આકાશમાં=In the sky=ઇન્ ધિ સ્કાય.
ક્યારે=When=વ્હેન.

III

[૧] આલ્પ્સ ઉંચો પર્વત છે=The Alps is a high mountain=ધિ આલ્પ્સ ઈઝ એ હાઇ માઉન્ટન્.

[૨] ગંગા મ્હોટી નદી છે=The Ganges is a big river=ધિ ગેઇન્જીસ ઇઝ એ બિગ રિવર.

[૩] પૈસાદાર અને ગરીબને સરખી રીતે ચાહો=Love the rich and the poor alike=લવ ધિ રિચ ઍન્ડ ધિ પૂઅર એલાઇક્.

[૪] પરમેશ્વર ગરીબ અને પૈસાદારને સરખી રીતે ચાહે છે=God loves the rich and the poor alike=ગૉડ લવ્ઝ ધિ રિચ ઍન્ડ પૂઅર એલાઇક્.

[૫] સારા માણુસોને ચાહો=Love the good men=લવ ધિ ગૂડ મેન.

[૬] સૂર્ય સવારે ઉગે છે=The sun rises in the morning=ધિ સન રાઇઝીસ ઇન્ ધિ મૉર્નિંગ.

[૭] સૂર્ય ક્યારે ઉગે છે ?=When does the sun rise=વ્હેન્ ડઝ ધિ સન્ રાઇઝ.

[૮] ચંદ્ર આકાશમાં ઉગે છે=The moon rises in the sky=ધિ મૂન્ રાઇઝીસ ઇન્ ધિ સ્કાય.

[૯] ચંદ્ર સુંદર છે=The moon is beautiful=ધિ મૂન્ ઇઝ બ્યુટિફુલ.

[૧૦] રૂશીયાનો રાજા ઝાર છે=The king of Russia is the Czar=ધિ કીંગ ઑફ રૂશિયા ઇઝ ધિ ઝાર.

[૧૧] જર્મનીનો શહેનશાહ કોણ છે ?=Who is the emperor of Germany=હુ ઇઝ ધિ એમ્પરર ઑફ જર્મની.

[૧૨] જર્મનીનો રાજા કૈસર છે=The Kaiser is the king of Germany=ધિ કાઇઝર ઇઝ ધિ કીંગ ઑફ જર્મની.

[૧૩] આ માણુસ પંજાબમાં રહે છે=This man lives in the Panjab=ધિસ મૅન લિવ્ઝ ઇન્ ધિ પંજાબ.

[૧૪] દખણુમાં કોણુ રહે છે=Who lives in the Deccan=હુ લિવ્ઝ ઇન્ ધિ ડક્કન્.

[૧૫] આલ્પ્સ, હિમાલય અને એપિનાઇન્સ પર્વત છે=The Alps, the Himalayas and the Appenines are mountains=ધિ આલ્પ્સ, ધિ હીમાલયઝ ઍન્ડ ધિ એપિ· નાઇન્સ આર માઉન્ટસ.

IV

(અભ્યાસીએ નીચેનાં વાક્યોનું અંગ્રેજી જાતે કરવું.)

(૧) કૈસર કોણુ છે ? (૨) ઝાર કોણુ છે ? (૩) પંજાબમાં કોણુ રહે છે ! (૪) પેલો માણુસ દખણુમાં રહે છે. (૫) હિમાલય તે હીન્દુસ્થાનના ઉંચા પર્વત છે. (૬) સાબરમતિ એક મ્હોટી નદી છે. (૭) રાજા પૈસાદાર તથા ગરીબને સારી રીતે ચાહે છે. (૮) હું ચોપડી વાંચું છું, ચોપડી સુંદર છે. (૯) ટોપી જૂની [old] છે. (૧૦) ચંદ્ર ક્યાં છે ? (૧૧) ચંદ્ર આકાશમાં છે. (૧૨) સૂર્ય તેજસ્વી છે. (૧૩) ગાય ગરીબ પ્રાણી છે. (૧૪) હાથી ઉમદા પ્રાણી છે. (૧૫) ઘોડો નિમકહલાલ પ્રાણી છે. (૧૬) માણુસ નાશવંત છે.

V

(નીચેનાં વાક્યોનું અભ્યાસીએ જાતે ગુજરાતિ કરવું.)

1 Who is mortal ?=હુ ઇઝ મૉર્ટલ.

2 All men are mortal=ઑલ મૅન આર મૉર્ટલ.

3 Elephants are big animals=એલિફન્ટસ આર બિગ ઍનિમલ્સ.

4 But they are noble=બટ ધે' આર નો'બલ.

5 The Himalayas are mountains in India=ધિ હિમાલયઝ આર માઉન્ટન્સ ઇન્ ઇન્ડીઆ.

6 Where are the Alps and the Pyrennees=વ્હેર આર આલ્પ્સ ઍન્ડ ધિ પિરેનીઝ.

7 They are in Europe=ધે આર ઇન્ યુરોપ.

8 Russia and Germany are in Europe=રશીયા ઍન્ડ જર્મનિ આર ઇન્ યુરોપ.

9 The rich and the poor are all alike=ધિ રીચ ઍન્ડ ધિ પૂઅર આર ઑલ એલાઇક્.

10 What are the big rivers of Europe ?=વૉટ આર ધિ બિગ રિવર્સ ઑફ્ યુરોપ ?

11 Name the big rivers of India ?=નેઇમ ધિ બિગ રિવર્સ ઑફ્ ઇન્ડીઆ ?

12 He loves India=હિ લવ્ઝ ઇન્ડીઆ.

13 This elephant is noble=ધિસ એલિફન્ટ ઇઝ નો'બલ.

14 What animal is mild ?=વૉટ ઍનિમલ ઇઝ માઇલ્ડ.

15 The cow is a mild animal=ધિ કાઉ ઇઝ એ માઇલ્ડ ઍનિમલ.

પ્રકરણ ૧૨ મું.

The Present Tense.

ધિ પ્રેઝન્ટ ટેન્સ.

વર્તમાન કાળ.

અંગ્રેજીમાં "ક્રીયાપદ" એ શબ્દને "Verb"=વર્બ કહે છે. "કાળ" એ શબ્દનું અંગ્રેજી "Tense=ટેન્સ" થાય છે; અને "વર્તમાન" એને માટે અંગ્રેજી શબ્દ "Present=પ્રેઝન્ટ" છે. "વર્તમાન કાળ" ને અંગ્રેજીમાં The Present Tense=ધિ પ્રેઝન્ટ ટેન્સ કહે છે. આ પ્રકરણની અંદર આપણે વર્તમાનકાળ= The Present Tense=ધિ પ્રેઝન્ટ ટેન્સ વિષે વિચાર કરીશું.

વર્તમાનની અંદર એટલે કે આપણે બોલતા હોઇએ ત્યારે જે ક્રીયા થતી હોય તે ક્રીયા બતાવવા માટે વર્તમાન કાળ=The Present Tense=ધિ પ્રેઝન્ટ ટેન્સ વપરાય છે. દાખલા તરીકે "હું ચોપડી વાંચું છું." (૨) "હું હમણાં ચોપડી વાંચું છું." (૩) "હું રોજ ચોપડી વાંચું છું." આ બધાં વાકયો વર્તમાનની અંદરની ક્રીયા સૂચવે છે માટે આ વાકયો વર્તમાનકાળનાં વાકયો છે એમ કહેવાય.

વર્તમાનકાળના ગુજરાતી રૂપમાં જેમ પ્રત્યય છે તેમ અંગ્રેજીમાં પણ થોડાક પ્રત્યય છે પરંતુ ગુજરાતીમાં દરેક રૂપમાં પ્રત્યય બદલાય છે. જેમકે હું જાઉં છું, તે જાય છે, અમે જઇએ છીએ, આ બધાં વાકયોમાં છું, છે, છઇએ, વગેરે પ્રત્યય બદલાય છે. પરંતુ અંગ્રેજીમાં માત્ર બે રૂપમાંજ પ્રત્યય લગાડવામાં આવે છે. બીજાં બધા રૂપમાં ક્રીયાપદનું મૂળરૂપજ મૂકાય છે. અંગ્રેજીમાં માત્ર બીજા

અને ત્રીજા પુરૂષ એકવચનમાં est કે st અને s કે es પ્રત્યય ઉમેરવામાં આવે છે. **ત્યારે અંગ્રેજીમાં વર્તમાનકાળમાં બે પ્રત્યય છે (૧) est કે st અને (૨) s કે es. est કે st તે બીજા પુરૂષ એકવચનના રૂપમાં વપરાય છે અને s કે es ત્રીજા પુરૂષ એકવચનના રૂપમાં વપરાય છે.**

આ નીચે અંગ્રેજીનાં વર્તમાનકાળનાં રૂપ આપ્યાં છે તે ઉપરથી અભ્યાસીને નિયમ વધારે સારી રીતે સમજાશે.

સૂચના:—જેમ એકવચનના દરેક સામાન્ય નામની જોડે અંગ્રેજીમાં A અથવા An આર્ટિકલ મૂકાય છે. તેમ અંગ્રેજીમાં દરેક મૂળ ક્રીયાપદની જોડે To ટુ એ શબ્દ આવવો જોઇએ. જેમકે વાંચવું=To read=ટુ રીડ; બેસવું=To sit=ટુ સિટ; લખવું=To write=ટુ રાઇટ. આ રીતે મૂળ ક્રીયાપદની જોડે To હમ્મેશાં મૂકવું. પરંતુ જ્યારે મૂળ ક્રીયાપદનાં રૂપ કરવાં હોય ત્યારે To ન આવે. જેમકે વાંચવું એ મૂળ ક્રીયાપદ માટે અંગ્રેજી To read=ટુ રીડ છે. પણ જ્યારે "હું વાંચું છું" તેવું તેનું રૂપ થાય ત્યારે to કાઢી નાખવો. I read=આઇ રીડ એમ કહેવું જોઇએ. I to read=આઈ ટુ રીડ એમ કહેવાયજ નહીં.

To read ટુ રીડ ક્રીયાપદનાં વર્તમાનકાળનાં રૂપ.

વાંચવું=To read=ટુ રીડ.

વર્તમાનકાળ.

એકવચન.

૧ લો પુરૂષ હું વાંચું છું=I read=આઈ રીડ.
૨ જો „ તું વાંચે છે=Thou readest=ધાઉ રીડેસ્ટ.

૩ જો પુરૂષ તે વાંચે=He reads=હી રીડઝ.

તેણી વાંચે છે=She reads=શી રીડઝ.

તે વાંચે છે=It reads=ઈટ રીડઝ.

બહુવચન.

૧ લો પુરૂષ અમે વાંચીએ છીએ—We read—વી રીડ.

૨ જો પુરૂષ તમે વાંચો છો—You read—યુ રીડ.

૩ જો પુરૂષ તેઓ વાંચે છે—They read—ધે' રીડ.

Est ને બદલે Es પ્રત્યય ક્યારે વાપરવો.

જો અંગ્રેજી ક્રીયાપદને છેડે e આવતો હોય તો તેના બીજા પુરૂષ એકવચનના રૂપમાં est પ્રત્યયને બદલે st પ્રત્યય ઉમેરવો. જેમકે લખવું-To write-ટુ રાઈટ. આ ક્રીયાપદને છેડે e છે માટે તેના બીજા પુરૂષના રૂપમાં est ન ઉમેરતાં માત્ર st પ્રત્યજ ઉમેરવો.

To write (લખવું) ક્રીયાપદનાં વર્તમાન કાળનાં રૂપ.

એકવચન.

૧ લો પુરૂષ હું લખું છું—I write—આઈ રાઈટ.

૨ જો ,, તું લખે છે—Thou writest—ધાઉ રાઈટેસ્ટ.

૩ જો ,, તે લખે છે—He writes—હિ રાઈટસ.

તેણી લખે છે—She writes—શિ રાઈટસ.

તે લખે છે—It writes—ઈટ રાઈટસ,

બહુવચન.

૧ લો પુરૂષ અમે લખીએ છીએ—We write—વી રાઈટ.

૨ જો પુરૂષ તમે લખો છો—You write—યુ રાઈટ.

૩ જો પુરૂષ તેઓ લખે છે—They write—ધે' રાઈટ.

તેવીજ રીતે To love ટુ લવ ક્રીયાપદને છેડે e આવે છે માટે તેના રૂપમાં પણ est ને બદલે st પ્રત્યય લગાડવો.

[To love (ચાહવું) ક્રીયાપદનાં વર્તમાનકાળનાં રૂપ.

એકવચન.

૧ લો પુરૂષ હું ચાહું છું-I love-આઇ લવ.
૨ જો „ તું ચાહે છે-Thou lovest-ધાઉ લવેસ્ટ.
૩ જો „ તે ચાહે છે-He loves—હિ લવ્ઝ.
તેણી ચાહે છે-She loves—શિ લવ્ઝ.
તે ચાહે છે-It loves-ઇટ લવ્ઝ.

બહુવચન.

૧ લો પુરૂષ અમે ચાહીએ છીએ—We love-વિ લવ.
૨ જો „ તમે ચાહો છો-You love-યુ લવ.
૩ જો „ તેઓ ચાહે છે-They love-ધે' લવ.

II

શબ્દાભ્યાસ—Word study—વર્ડ સ્ટડિ.

ચાહવું—To love—ટુ લવ. પરમેશ્વરને પ્રાર્થના કરવી—To pray to God—ટુ પ્રે' ટુ ગૉડ.
સ્વાર થઇને જવું-To ride— ટુ રાઇડ. વાર્તા-A tail-એ ટેઇલ.
પ્રાર્થના કરવી-To pray-ટુ પ્રે'. દરરોજ-Everyday-એવ્રિડે'.
સાંભળવું-To hear-ટુ હિઅર. સવારે—In the morning—ઇન્ ધિ મૉર્નિંગ.
ગાવું—To sing—ટુ સીંગ. ક્યારે—When—વ્હેન.
મોકલવું—To send-ટુ સેન્ડ. ક્યાં—Where—વ્હેર.

જાણવું—To know–ટુ નો'.
કહેવું—To tell–ટુ ટેલ.
બોલવું—To speak–ટુ સ્પીક.
જવું—To go–ટુ ગો'.
લખવું–To write–ટુ રાઇટ.

કોને—Whom–હુમ.
અવાજ—Noise—નોઇઝ.
ગાયન—A song—એ સૉન્ગ.
ઊંટ—A camel—એ કેઇમલ.
ઉંટ ઉપર On a camel—
ઘેર—At home—ઍટ હો'મ.

III

(૧) હું ચાહું છું—I love—આઇ લવ.
(૨) તું બોલે છે—He tells—હિ ટેલ્સ.
(૩) તે કહે છે—Thou speakest—ધાઉ સ્પીકેસ્ટ.
(૪) તેણી ગાય છે—She sings—શિ સીંગ્ઝ.
(૫) આ છોકરો લખે છે–This boy writes–ધિસ બૉય રાઇટસ.
(૬) પેલી છોડી વાંચે છે–That girl reads–ધૅટ ગર્લ રીડ્ઝ.
(૭) અમે સાંભળીએ છીએ—We hear—વિ હિઅર.
(૮) તમે મોકલો છો—You send—યુ સેન્ડ.
(૯) તેઓ સ્વારી કરે છે—They ride—ધે રાઇડ.
(૧૦) આ છોકરા કેરી ખાય છે–These boys eat mangoes–ધિઝ બૉયઝ ઇટ મૅન્ગો'ઝ.
(૧૧) પેલી છોડીઓ ગાયન ગાય છે-Those girls sing a song—ધો'ઝ ગર્લ્સ સીંગ એ સૉન્ગ.
(૧૨) તમે કોને ચાહો છો—Whom do you love—હુમ ડુ યુ લવ.
(૧૩) હું પરમેશ્વરને ચાહું છું–I love God–આઇ લવ ગૉડ.
(૧૪) હું મ્હારી બ્હેનને ચાહું છું—I love my sister–આઇ લવ માય સિસ્ટર.

(૧૫) કોણ લખે છે-Who writes—હુ રાઇટસ.

(૧૬) રામ લખે છે-Rama writes-રામ રાઇટસ,

(૧૭) તે શું લખે છે-What does he write-વોટ ડઝ હિ રાઇટ.

(૧૮) તે કાગળ લખે છે-He writes a letter-હિ રાઇટસ એ લેટર.

(૧૯) તે કોને લખે છે—Whom does he write-હુમ ડઝ હિ રાઇટ.

(૨૦) તે તેના પિતાને લખે છે—He writes this father-હિ રાઇટસ ટુ હિઝ ફાધર.

(૨૧) હું પ્રાર્થના કરૂં છું—I pray-આઇ પ્રે'.

(૨૨) તું પ્રાર્થના કરે છે-Thou prayest-ધાઉ પ્રે'યેસ્ટ.

(૨૩) તું પરમેશ્વરની પ્રાર્થના કરે છે-Thou prayest to God-ધાઉ પ્રે'યેસ્ટ ટુ ગૉડ.

(૨૪) તમે ક્યારે પ્રાર્થના કરો છો-When do you pray—વ્હેન્ ડુ યુ પ્રે'.

(૨૫) હું સવારે પ્રાર્થના કરૂં છું-I pray in the morning-આઇ પ્રે' ઇન્ ધિ મૉર્નિંગ,

(૨૬) તેણી રોજ પ્રાર્થના કરે છે-She prays every-day-શિ પ્રે'ઝ એવિડે'.

(૨૭) તેઓ ઊંટ ઉપર સ્વારી કરે છે-They ride a camel-ધે' રાઇડ એ કેઇમલ.

(૨૮) તેણી વાર્તા કહે છે-She tells a tale-શિ ટેલ્સ એ ટેઇલ.

(૨૯) અમે વાર્તા સાંભળીએ છીએ–We hear a tale–વી હિઅર એ ટેલ્.

(૩૦) તેઓ અવાજ સાંભળે છે—They hear a noise—ધે' હિઅર એ નોઇઝ.

IV

(અભ્યાસીએ જાતે કરવાનાં વાક્ય.)

[૧] રામ અંગ્રેજી જાણે છે, [૨] તું ગુજરાતી બોલે છે, [૩] હું મ્હારા પિતાને ચાહું છું, [૪] સીતા ગાય છે, [૫] સીતા દરરોજ ગાય છે, [૬] હું મ્હારા પાઠ લખું છું, [૭] હું મ્હારા પાઠ સવારમાં લખું છું, [૮] અમે અવાજ સાંભળીએ છીએ. [૯] તે મુંબાઈ (Bombay) જાય છે, [૧૦] મને એક વાર્તા કહો, [૧૧] તમે ક્યારે લખો છો ? [૧૨] તમે ક્યાં જાઓ છો ? [૧૩] હું નિશાળે જાઉં છું, [૧૪] કોણ ગાય છે ? [૧૫] સીતા ગાય છે, [૧૬] અમે કેરીઓ મોકલીએ છીએ, [૧૭] તમે કાગળ લખો છો, [૧૮] તેઓ પરમેશ્વરને પ્રાર્થના કરે છે, [૧૯] ગોવિંદ ઊંટ ઉપર સ્વારી કરે છે, [૨૦] સીતા રામને ચાહે છે.

V

(અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.)

1 I pray to God in the morning–આઇ પ્રે' ટુ ગૉડ ઇન્ ધિ મૉર્નિંગ.

2 She loves her father, her mother and her brothers–શિ લવ્ઝ હર ફા'ધર, હર મધર ઍન્ડ હર બ્રધર્સ.

3 They ride a camel–ધે' રાઇડ એ કેમલ.

4 Read your lessons every-day–રીડ યૉર લેસન્સ એવ્રિડે'.

5 Tell us a good tale–ટેલ અસ એ ગૂડ ટેઈલ.

6 He speaks English well-હિ સ્પિક્સ ઈંગ્લીશ વેલ.

7 Seeta sings a song every-day-સીતા સીંગ્ઝ એ સૉન્ગ એવ્રિડે'.

8 He sends beautiful mangoes to us—હિ સેન્ડ્ઝ બ્યુટિફુલ મૅન્ગો'ઝ ટુ અસ.

9 He goes to school every-day-હિ ગો'ઝ ટુ સ્કૂલ એવ્રિડે'.

10 Thou writest a letter to thy father-ધાઉ રાઇટેસ્ટ એ લેટર ટુ ધાય ફાધર,

11 Where is your father-વ્હેર ઇઝ યૉર ફાધર.

12 My father is at home-માય ફાધર ઇઝ ઍટ હો'મ.

13 What do you write-વૉટ ડુ યુ રાઇટ ?

14 I write a letter-આય રાઇટ એ લેટર.

15 I write a letter to my sister-આય રાઇટ એ લેટર ટુ માય સિસ્ટર.

પ્રકરણ ૧૩ મું.

વર્તમાનકાળ.

The Present Tense-ધિ પ્રેઝન્ટ ટેન્સ.

s બદલે es પ્રત્યય ક્યારે વાપરવો ?

ઉપર જણાવ્યું છે તે પ્રમાણે અંગ્રેજીમાં ક્રિયાપદના વર્તમાન કાળના ત્રીજા પુરૂષ એકવચનમાં s કે es પ્રત્યય લગાડવામાં આવે

છે. ઉપરના દાખલાઓથી s પ્રત્યય ક્યાં લગાડવો તે વિદ્યાર્થીના સમજવામાં આવ્યું હશે પણ es ક્યારે વાપરવો તેને માટે નીચે મુજબ નિયમ છેઃ—૧ લો નિયમઃ—જો ક્રીયાપદને છેડે ss, sh, ch, x, કે o એ અક્ષરોમાંનો કોઇ અક્ષર કે અક્ષરો આવતા હોય તો તે ક્રીયાપદનાં વર્તમાન કાળનાં ત્રીજા પુરૂષ એકવચનના રૂપમાં s ને બદલે es પ્રત્યય લગાડવો, કારણ કે ss, sh વિગેરે ઉષ્માક્ષરો છે એટલે તેની સાથે s પ્રત્યય મુકવાથી ઉચ્ચાર કરવામાં વાંધો આવે છે. જેમકેઃ- દબાવવું-To press-ટુ પ્રેસ. આ ક્રીયાપદને છેડે ss એ અક્ષરો આવ્યા છે માટે ત્રીજા પુરૂષ એકવચનના રૂપમાં તેને es પ્રત્યય લગાડવો. He press-s-હિ પ્રેસસ. આવું કહેવું કે લખવું તે તદ્દન ખોટું છે; પરંતુ He presses-હિ પ્રેસીઝ-તે દબાવે છે. એમ કહેવું કે લખવું જોઇએ.

તેવીજ રીતે ધોવું-To wash-ટુ વૅાશ. તેનું ત્રીજા પુરૂષ એકવચનનું રૂપ-He wash-es-હિ વૅાશિઝ તેવું થાય.

કુચ કરવી-To march-ટુ માર્ચ, તે કુચ કરે છે-He marches-હિ માર્ચિઝ, ભેળવવું-To mix-ટુ મિક્સ, તે ભેળવે છે-He mixes હિ મિક્સીઝ, જવું-*To* go-ટુ ગો', તે જાય છે-He goes-હિ ગૅાઝ.

જવું *To* go તે ક્રીયાપદનાં વર્તમાનકાળનાં રૂપ.

એકવચન.

૧ લો પુરૂષ હું જાઉં છું-I go-આઇ ગો'.

૨ જો ,, તું જાય છે—*T*hou go-est—ધાઉ ગો'એસ્ટ.

૩ ,, ,, તે જાય છે—He goes—હિ ગો'ઝ.

તેણી જાય છે—She go-es—શિ ગો'ઝ.

તે જાય છે—It go-es—ઇટ ગો'ઝ.

બહુવચન.

૧. લો પુરૂષ અમે જઇએ છીએ—We go—વી ગો'.
૨ જો „ તમે જાઓ-You go—યુ ગો'.
૩ જો „ તેઓ જાય છે—They go—ધે' ગો'.

To do ટુ ડુ (કરવું) ક્રીયાપદનાં વર્તમાન કાળનાં રૂપ.

એકવચન.

૧ લો પુરૂષ હું કરૂં છું-I do-આઇ ડુ.
૨ જો „ તું કરે છે-Thou do-est-ધાઉ ડુએસ્ટ અથવા
Thou dost-ધાઉ ડસ્ટ.
૩ જો „ તે કરે છે—He does—હિ ડઝ.
તેણી કરે છે—She does—શિ ડઝ.
તે કરે છે—It does—ઇટ ડઝ.

બહુવચન.

૧ લો પુરૂષ અમે કરીએ છીએ—We do—વી ડુ.
૨ જો „ તમે કરો છો-You do-યુ ડુ.
૩ જો „ તેઓ કરે છે—They do—ધે' ડુ.

સૂચનાઃ—To do ક્રીયાપદનાં વર્તમાનકાળનાં બીજા પુરૂષ એકવચનના રૂપમાં બે રૂપ છે એક Thou do-est—ધાઉ ડુએસ્ટ અને બીજું Thou dost-ધાઉ ડસ્ટ તે અભ્યાસીએ ધ્યાનમાં રાખવું.

૨ જો નિયમઃ—જો ક્રિયાપદને છેડે y આવતો હોય અને જો તે *y* ની પહેલાં સ્વર હોય તો તેનાં વર્તમાનકાળનાં રૂપમાં બીજા અને ત્રીજા પુરૂષમાં અનુક્રમે est અને s વાપરવાં. પરંતુ જો ક્રીયાપદને છેડે y હોય અને જો તે વાય (*y*) ની પહેલાં વ્યંજન

હોય તો y નો i કરી નાંખવો અને પછી est અને es પ્રત્યય લગાડવા.

ઉદાહરણ (૧) કહેવું-To say-ટુ સે' આ ક્રીયાપદનો છેલ્લો અક્ષર y વાય છે અને y ની પહેલાં a સ્વર આવેલો છે માટે તેના વર્તમાનકાળનાં રૂપ બનાવતી વખતે બીજા અને ત્રીજા પુરૂષમાં અનુક્રમે est અને s પ્રત્યય ઉમેરવાં જેમકે Thou say-est—ધાઉ સેયેસ્ટ-તું કહે છે, He says-હિ સેઇઝ-તે કહે છે.

ઉદાહરણ (૨) ઉડાડવું-To fly-ટુ ફ્લાય. આ ક્રીયાપદનો છેલ્લો અક્ષર y છે પણ y ની પહેલાં l તે વ્યંજન છે માટે તેનાં વર્તમાનકાળનાં રૂપ કરતી વખતે બીજા અને ત્રીજા પુરૂષમાં અનુક્રમે y નો i કરી નાખી est અને es પ્રત્યય ઉમેરવા. જેમકે:—

તું ઉડાડે છે-Thou fli-est-ધાઉ ફ્લાયેસ્ટ.

તે ઉડાડે છે-He fli-es—હિ ફ્લાઇઝ.

To say ટુ સે' (કહેવું) ક્રીયાપદનાં વર્તમાનકાળનાં બધાં રૂપ.

એકવચન.

૧ લો પુરૂષ હું કહું છું-I say-આઇ સે'.

૨ જો „ તું કહે છે-Thou say-est-ધાઉ સેયેસ્ટ.

૩ જો „ તે કહે છે | He says-હિ સેઇઝ.
તેણી કહે છે | She says-શિ સેઇઝ.
તે કહે છે | It says-ઇટ સેઇઝ.

બહુવચન;

૧ લો પુરૂષ અમે કહીએ છીએ—We say—વિ સે'.

૨ જો „ તમે કહો છો-You say-યુ સે'.

૩ જો „ તેઓ કહે છે-They say-ધે સે'.

To fly ટુ ફ્લાય (ઉડાડવું-ઉડવું) ક્રીયાપદનાં વર્તમાન કાળનાં રૂપ.

એકવચન.

૧ લો પુરૂષ હું ઉડાડું છું-I fly-આઇ ફ્લાય.
૨ જો „ તું ઉડાડે છે-*T*hou fli-est-ધાઉ ફ્લાયેસ્ટ.
૩ જો „ તે ઉડાડે છે } He flies-હિ ફ્લાઇઝ
તેણી ઉડાડે છે } She flies-શિ ફ્લાઇઝ.
તે ઉડાડે છે } It flies-ઇટ ફ્લાઇઝ.

બહુવચન.

૧ લો પુરૂષ અમે ઉડાડીએ છીએ-We fly-વિ ફ્લાય.
૨ જો „ તમે ઉડાડો છો-You fly—યુ ફ્લાય.
૩ જો „ તેઓ ઉડાડે છે-*T*hey fly-ધે' ફ્લાય.

નિયમ:—જો ક્રિયાપદને છેડે એકજ વ્યંજન હોય અને જો તે વ્યંજનની પહેલાં એકજ સ્વર હોય (અને બહુપદી શબ્દોમાં જો છેલ્લા પદ ઉપર ભાર આવતો હોય) તો est પ્રત્યય ઉમેરતાં પહેલાં છેલ્લો વ્યંજન લેવડાવવો. દાખલો:-લુંટવું-*To* rob-ટુ રૉબ આ ક્રીયાપદનો છેલ્લો અક્ષર b વ્યંજન છે તેના પહેલાં એકજ સ્વર o છે માટે તેના રૂપમાં est પ્રત્યય લગાડતી વખતે છેલ્લે વ્યંજન જે b છે તે બેવડાવવો. *T*hou rob-b-est—ધાઉ રૉબેસ્ટ-તું લુંટે છે. તેવીજ રીતે *To* sit-ટુ સિટ-બેસવું. *T*hou sit-t-est—ધાઉ સિટેસ્ટ.

II

શબ્દાભ્યાસ—Word study—વર્ડ સ્ટડિ.

ચોંટાડવું અથવા બેસાડવું-*To* fix ટુ ફીક્સ. રડવું—*To* cry—ટુ ક્રાય. ભડકવું—*To* shy—ટુ શાય.

પકડવું-*To* catch-ટુ કૅચ.
ધસવું-*To* rush-ટુ રશ.
ચોંટાડવું-*To* affix-ટુ ઍફિક્સ.
ચીપટી ભરવી-*To* pinch-
ટુ પીન્ચ.
કબુલ કરવું-*To* confess-
ટુ કન્ફેસ.
આશિર્વાદ આપવો-*To* bless-
ટુ બ્લેસ.
દબાવવું-*To* press-ટુ પ્રેસ.
જણાવવું અથવા જાહેર કરવું-
To express-ટુ એક્સપ્રેસ.
પ્રયત્ન કરવો-*To* try-ટુ ટ્રાય.
સુકવવું—*To* dry—ટુ ડ્રાય.
ઉડવું—*To* fly—ટુ ફ્લાય.

કાપવું—*To* cut—ટુ કટ.
બંધ કરવુ-*To* shut-ટુ શટ.
ઉઘાડવું—*To* open-ટુ ઓ'પન.
મુકવું-*To* put-ટુ પુટ.
રમવું-To play ટુ પ્લે'.
પ્રાર્થના કરવી-*To* pray-ટુ પ્રે'.
બાળક—A child—એ ચાઇલ્ડ.
બારણું—A door—એ ડો'ર.
પેટી—A box—એ બૉક્સ.
ફરીથી—Again-અગેઇન.
પોષાક પહેરવો-*To* dress—
ટુ ડ્રેસ.

પાંદડાં-Leaves—લવ્ઝ.
કાગળ—Paper—પેપર.
પોકેપોક-Bitterly-બિટરલિ.
સૂર્ય—The sun—ધિ સન.
માથું—Head—હેડ.
ઉગે છે—Rises-રાઇઝિસ.
ઉંદર-A mouse-એ માઉસ.
ઓરડો-A room-એ રૂમ.

ઇચ્છવું—*To* wish=ટુ વિશ.
ઇચ્છા—A wish—એ વિશ.
ખીલો—A nail—એ નેઇલ.
દીવાલ—A wall—એ વૉલ.
ટીકીટ—A stamp—એ સ્ટેમ્પ.
હાથ—A hand—એ હૅન્ડ.
પાપ-Sin-સિન.
વિચાર-Ideas-આઇડિઆઝ.

માં-In, into
લશ્કર-An army-એન્ આર્મિ.
કુચ કરવી-To march-ટુ માર્ચ.
ચ્હા—Tea—ટી.
પક્ષી-A bird-એ બર્ડ.
દૂધ—Milk-મિલ્ક.

III

૧ તે ઉંદર પકડે છે-He catches a mouse—હિ કેચિઝ એ માઉસ.

૨ તે છોકરો ઉંદર પકડે છે—That boy catches a mouse-ધૅટ બૅાય કેચિઝ એ માઉસ.

૩ તે ખીલો બેસાડે છે-He fixes a nail-હિ ફિક્સિઝ એ નેઇલ.

૪ તેણી દીવાલમાં ખીલો બેસાડે છે—She fixes a nail in the wall-શિ ફિક્સિઝ એ નેઇલ ઇન્ ધિ વૅાલ.

૫ કુતરો ઓરડામાં ધસી આવે છે-The dog rushes into the room-ધિ ડૅાગ રશીઝ ઇન્ટુ ધિ રૂમ.

૬ તું ટીકીટ ચોંટાડે છે-Thou affixest a stamp-ધાઉ ઍફિક્સેસ્ટ એ સ્ટેમ્પ.

૭ રામ ટીકીટ ચોડે છે-Rama affixes a stamp-રામ ઍફિક્સિઝ એ સ્ટેમ્પ.

૮ તમે મને ચુંટી ભરો છો (ચીપટી ભીડવો છો)—You pinch me—યુ પીન્ચ મી.

૯ તે મને ચૂંટી ખણે છે-He pinches me-હિ પીન્ચીઝ મી.

૧૦ ગોવિંદ પોતાનાં પાપ કબુલ કરે છે—Govid confesses his sins—ગોવિંદ કન્ફેસિઝ હિઝ સીન્સ.

૧૧ આ માણસ અમને આશીર્વાદ આપે છે—This man belsses us—ધિસ મૅન્ બ્લેસિઝ અસ.

૧૨ આ છોકરો મ્હારો હાથ દાબે છે—This boy presses my hand—ધિસ બૉય પ્રેસિઝ માય હૅન્ડ.

૧૩ તે પોતાના વિચાર જણાવે છે—He expresses his ideas—હિ એક્સપ્રેસિઝ હિઝ આઇડીઆઝ.

૧૪ બિલાડી ઉંદર પકડવાનો પ્રયત્ન કરે છે—The cat tries to catch a mouse—ધિ કૅટ ટ્રાઇઝ ટુ કૅચ એ માઉસ.

૧૫ તું પાંદડાં સૂકવે છે—Thou driest the leaver—ધાઉ ડ્રાયેસ્ટ ધિ લીવ્ઝ.

૧૬ આ છોડી રડે છે-This girl cries—ધિસ ગર્લ ક્રાઇઝ.

૧૭ પેલો ઘોડો ભડકે છે-That horse shies-ધૅટ હૉર્સ શાઇઝ.

૧૮ અમે કાગળ કાપીએ છીએ—We cut the paper—વિ કટ ધિ પેપર.

૧૯ તું કાગળ કાપે છે—*T*hou cuttest the paper—ધાઉ કટેસ્ટ ધિ પે'પર.

૨૦ તું બારણું વાસે છે—*T*hou shuttest the door—ધાઉ શટેસ્ટ ધિ ડો'ર.

૨૧ હું બારણું ઉઘાડું છું—I open the door—આઇ ઓ'પન્ ધિ ડો'ર.

૨૨ તું બારણું ઉઘાડે છે—*T*hou openest the door—ધાઉ ઓ'પનેસ્ટ ધિ ડો'ર.

૨૩ તું ટેબલ ઉપર ચોપડી મૂકે છે—Thou puttest a book on the table—ધાઉ પુટેસ્ટ એ બુક ઑન ધિ ટેબલ.

૨૪ પેલા છોકરા ક્રીકેટ રમે છે–Those boys play cricket–ધૉ'ઝ બૉયઝ પ્લે' ક્રિકેટ.

૨૫ તે ક્રીકેટ રમે છે–He plays cricket–હિ પ્લેઇઝ ક્રિકેટ.

૨૬ તું પરમેશ્વરની પ્રાર્થના કરે છે–Thou prayest to God–ધાઉ પ્રેયેસ્ટ ટુ ગૉડ.

૨૭ તે પોતાની ઇચ્છા દર્શાવે છે–He expresses his wish–હિ એક્સપ્રેસિઝ હિઝ વિશ.

૨૮ પેલી છોડી પોકેપોક રડે છે–That girl cries bitterly–ધૅટ ગર્લ ક્રાઇઝ બિટરલી.

૨૯ તે પેટી વાસે છે–He shuts the box–હિ શટસ ધિ બૉક્સ.

૩૦ અમે અમારા પાઠ ફરીથી વાંચીએ છીએ—We read our lessons again—વિ રીડ અવર લેસન્સ અગેઇન.

IV

(અભ્યાસીએ જાતે કરવાનાં વાકયો.)

(૧) સૂર્ય સવારમાં ઉગે છે. (૨) સૂર્ય રોજ સવારમાં ઉગે છે. (૩) રામ રોજ ક્રીકેટ રમે છે. (૪) આ છોકરો પોતાનું પાપ કબુલ કરે છે. (૫) તેઓ મને ચીપટી ભરે છે. (૬) આ છોડી મ્હારો હાથ દબાવે છે. (૭) મ્હારી બ્હેન પોકેપોક રડે છે. (૮) તે વાંચવાનો પ્રયત્ન કરે છે. (૯) અમે ચ્હા અને દૂધ ભેળવીએ છીએ. (૧૦) તું ખુરશી ઉપર બેઠો છે. (૧૧) આ છોકરો ઘણા (many–મૅનિ) માણસોને લુંટે છે. (૧૨) તું લુંટે છે. (૧૩) આ બાળક રમે છે. (૧૪) પેલું બાળક રડે છે. (૧૫) અમે કાગળ ઉપર ટીકીટ ચોડીએ છીએ. (૧૬) તે ભણવાને ઇચ્છે છે. (૧૭) મ્હારી મા મ્હને આશીર્વાદ આપે છે. (૧૮) આ માણસ ભડકે છે. (૧૯) બારણું ઉઘાડો. (૨૦) પેટી વાસો.

V

(અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.)

1 They affix a stamp on the letter-ધે' એફિક્સ એ સ્ટેમ્પ ઑાન્ ધિ લેટર.

2 She catches a mouse-શિ કૅચિઝ એ માઉસ.

3 He puts his hand into the box—હિ પુટસ હિઝ હૅન્ડ ઇન્ટુ ધિ બૉક્સ.

4 They press me—ધે' પ્રેસ મિ.

5 When does the sun rise ?—વ્હેન ડઝ ધિ સન્ રાઇઝ.

6 The sun rises in the morning-ધિ સન્ રાઇઝીસ ઇન્ ધિ મૉર્નિંગ.

7 Thou criest bitterly—ધાઉ ક્રાયેસ્ટ બિટરલી.

8 Oh God! bless us—ઓહ ગૉડ! બ્લેસ અસ!

9 The army marches—ધિ આર્મિ માર્ચિઝ.

10 Thou mixest tea and milk-ધાઉ મિક્સેસ્ટ ટી ઍન્ડ મિલ્ક.

11 Rama dries the leaves-રામ ડ્રાઇઝ ધિ લીવ્ઝ.

12 Thou playest cricket every-day—ધાઉ પ્લેયેસ્ટ ક્રિકેટ એવિડે'.

13 We confess our sins-વિ કન્ફેસ અવર સિન્સ.

14 He wishes to eat a mango-હિ વિશિઝ ટુ ઇટ એ મૅન્ગો'.

15 He dresses well—હિ ડ્રેસીઝ વેલ.

16 That bird flies—ધૅટ બર્ડ ફ્લાઇઝ.

17 He flies—હિ ફ્લાઇઝ.
18 *T*hou fliest—ધાઉ ફ્લાયેસ્ટ.
19 *T*he bird flies—ધિ બર્ડ ફ્લાઇઝ.
20 *T*hou shuttest the box—ધાઉ શટેસ્ટ ધિ બૉક્સ.
21 He opens the box—હિ ઓ'પન્સ ધિ બૉક્સ.

પ્રકરણ ૧૪ મું.

Irregular Verbs—ઇર્‌રેગ્યુલર વર્બ્ઝ.
અનીયમિત ક્રિયાપદ.

જે ક્રીયાપદનાં વર્તમાન કાળનાં રૂપ અમૂક સામાન્ય પ્રત્યય લગાડવાથી થતાં નથી તેવાં ક્રીયાપદ અનિયમીત ક્રીયાપદ કહેવાય છે. કારણ કે તેમને કોઇ એક સામાન્ય નિયમ લાગુ પડતો નથી. નિયમીત ક્રીયાપદને અંગ્રેજીમાં Regular Verbs—રેગ્યુલર વર્બ્ઝ કહે છે. અને અનિયમીત ક્રીયાપદને અંગ્રેજીમાં Irregular Verbs—ઇરરેગ્યુલર વર્બ્ઝ કહે છે.

થવું અથવા હોવું *T*o be—ટુ બિ આ ક્રીયાપદ અનિયમીત છે. કારણ ઉપર વર્તમાન કાળનાં રૂપ વિષેના નિયમ તેને લાગુ પડતા નથી. દાખલા તરીકે કામ કરવું એ ક્રીયાપદનાં વર્તમાન કાળનાં રૂપ est અને s પ્રત્યય ઉમેરી નીચે પ્રમાણે થાય છે.

એકવચન.

હું કામ કરૂં છું—I work—આઇ વર્ક.

તું કામ કરે છે—*T*hou workest—ધાઉ વર્કેસ્ટ.

તે કામ કરે છે—He works } હિ વર્ક્સ.
તેણી કામ કરે છે—She works } શિ વર્ક્સ.
તે કામ કરે છે—It works } ઇટ વર્ક્સ.

બહુવચન.

અમે કામ કરીએ છીએ-We work-વિ વર્ક.

તમે કામ કરોછો-You work-યુ વર્ક.

તેઓ કામ કરે છે—They work-ધે વર્ક.

પણ To be-ટુ બિ (થવું, હોવું) તે ક્રીયાપદનાં વર્તમાન કાળનાં રૂપ નીચે મુજબ થાય છે. આ રૂપ અભ્યાસીએ ખાસ કરીને ધ્યાનમાં રાખવાં:—

એકવચન.

૧ લો પુરૂષ હું છું-I am-આઇ ઍમ.

૨ જો „ તું છે-Thou art-ધાઉ આર્ટ.

૩ જો „ તે છે—He is—હિ ઇઝ.

તેણી છે-She is-શિ ઇઝ.

તે છે—It is-ઇટ ઇઝ.

બહુવચન.

૧ લો પુરૂષ અમે છીએ-We are-વિ આર.

૨ જો „ તમે છો-You are-યુ આર.

૩ જો „ તેઓ છે-They are-ધે' આર.

II

Word study-શબ્દાભ્યાસ.

પૈસાદાર-Rich-રિચ.

ગરીબ-Poor—પુઅર.

બહાદુર-Brave-બ્રેવ.

માયાળુ-Kind-કાઇન્ડ.

ઉંચું-Tall-ટૉલ.

પાતળું-Thin-થિન.

જાડું-Thick-થિક અથવા Fat ફૅટ.

લાંબુ-Long—લૉન્ગ.

ટુંકું-Short—શૉર્ટ.

નીચું-Low-લો'.

અહીંયાં-Here-હિયર. ત્યાં-There-ધે'ર.
માણુસ—A man-એ મૅન. માંદું-Sick-સિક,
પુરૂશોત્તમનો પિતા-Purushottam's father-પુરૂશોત્તમ્સ ફા'ધર. ગુન્હેગાર-Guilty-ગિલ્ટિ.
ભાઇ-A brother-એ બ્રધર. દાક્તર-A doctor-એ ડૉક્ટર.
બ્હેન-A sister—એ સિસ્ટર. વકીલ-A pleader-એ પ્લીડર અથવા A lawyer-એ લૉયર.
મા-A mother-એ મધર. વેપારી-A merchant-એ મર્ચન્ટ
પિતા—A father-એ ફાધર. અથવા A trader-એ ટ્રેઇડર.
આયા-A nurse-એ નર્સ. નોકર-A servant-એ સર્વન્ટ.

III

1 હું પૈસાદાર છું—I am rich—આઇ એમ રિચ.

2 મ્હારા પિતા પૈસાદાર છે-My father is rich—માય ફા'ધર ઇઝ રિચ.

૩ પેલો માણુસ ગરીબ છે—That man is poor—ધૅટ મૅન ઇઝ પૂઅર.

૪ પુરૂશોત્તમનો પિતા ગરીબ છે—Purushottam's father is poor—પુરૂશોત્તમ્સ ફા'ધર ઇઝ પૂઅર.

5 તમે બહાદુર છો-You are brave-યુ આર બ્રેવ.

6 તું અહીંયાં છે-Thou art here-ધાઉ આર્ટ હિયર.

7 ટેબલ ત્યાં છે-The table is there-ધિ ટેબલ ઇઝ ધે'ર.

8 અમે માંદા છીએ—We are sick—વી આર સિક.

9 હું વકીલ છું-I am a pleader-આઇ ઍમ એ પ્લીડર.

10 ગોવિંદના બાપા દાક્તર છે—Govind's father is a doctor—ગોવિંદસ ફાધર ઇઝ એ ડૉકટર.

11 આ આયા માયાળુ છે-This nurse is kind—ધિસ નર્સ ઇઝ કાઇન્ડ.

12 પેલો માણુસ વેપારી છે—That man is a merchant—ધૅટ મૅન્ ઇઝ એ મર્ચન્ટ.

13 આ છોકરો ગુન્હેગાર છે—This boy is guilty—ધિસ બૉય ઇઝ ગિલ્ટિ.

14 આ મ્હારા પિતા છે—This is my father—ધિસ ઇઝ માય ફાધર.

15 પેલી મ્હારી મા છે-That is my mother-ધૅટ ઇઝ માય મધર.

16 મ્હારા બાપ અને મા મને ચાહે છે-My father and my mother love me-માય ફાધર ઍન્ડ માય મધર લવ મિ.

17 સીતા પાતળી છે-Seeta is thin-સીતા ઇઝ થિન્.

18 રામ જાડો છે—Rama is fat-રામ ઇઝ ફૅટ.

19 મારો હાથ પાતળો છે-My hand is thin-માય હૅન્ડ ઇઝ થિન્.

20 મ્હારો પગ જાડો છે-My leg is thick-માય લૅગ ઇઝ થિક.

IV.

અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.

(૧) રામ ઉંચો છે. (૨) ગોવિંદ ટુંકો છે. (૩) સીતા આયા છે. (૪) મ્હારી બેન માયાળુ છે. (૫) તેઓ બહાદુર છે. (૬) રમણલાલ વકીલ છે. (૭) તેના ભાઇ માંદા છે. (૮) તેણીનો ભાઈ

વેપારી છે. (૯) પેલો માણસ ગુન્હેગાર છે. (૧૦) પેલો ઘોડો ત્યાં છે. (૧૧) અમે ગરીબ છીએ. (૧૨) આ ઘર [House=હાઉસ] નીચું છે. (૧૩) આ મેજ લાંબું છે. (૧૪) પેલી ખુરશી ટુંકી છે. (૧૫) કોણ ગરીબ છે ? (૧૬) ગોવિંદનો [Govind's] બાપ ગરીબ છે. (૧૭) તમારો ભાઈ વકીલ છે.

V.

1 What is your brother=વૉટ ઇઝ યૉર બ્રધર.

2 My brother is a doctor=માય બ્રધર ઇઝ એ ડૉક્ટર.

3 Who is your sister=હુ ઇઝ યૉર સિસ્ટર ?

4 Seeta is my sister=સીતા ઇઝ માય સિસ્ટર.

5 Govind is kind=ગોવિંદ ઇઝ કાઇન્ડ.

6 The elephant (એલિફન્ટ=હાથી) is a noble animal=ધિ એલિફન્ટ ઇઝ એ નોʼબલ ઍનિમલ.

7 These horses are good=ધિસ=હૉર્સિઝ આર ગૂડ.

8 Where is she=વ્હેર ઇઝ શિ ?

9 She is in the house=શિ ઇઝ ઇન્ ધિ હાઉસ.

10 Those men are brave=ધૉઝ મૅન આર બ્રેવ.

11 This boy is tall=ધિસ બૉય ઇઝ ટૉલ.

12 Raman is short=રમણ ઇઝ શૉર્ટ.

13 Govind's father is sick=ગોવિંદસ ફાધર ઇઝ સિક.

14 Who is this man=હુ ઇઝ ધિસ મૅન્ ?

15 That is my father=ધૅટ ઇઝ માય ફાʼધર.

પ્રકરણ ૧૫ મું.

Irregular Verbs=ઇરરેગ્યુલર વર્બ્ઝ઼.

અનિયમીત ક્રિયાપદ.

To have=ટુ હૅવનાં રૂપ.

જેવી રીતે To be ક્રીયાપદ અનીયમિત છે તેવીજ રીતે To have=ટુ હૅવ (ની પાસે હોવું, ને હોવું) ક્રીયાપદ પણ અનિયમીત છે. તે ક્રીયાપદનાં વર્તમાન કાળનાં રૂપ નીચે આપ્યાં છે તે અભ્યાસીએ ધ્યાનથી વાંચી યાદ રાખવાં:-

To have=ટુ હૅવ (ને હોવું, ની પાસે હોવું) ના

વર્તમાનકાળનાં રૂપ.

એકવચન.

૧ લો પુરૂષ	મ્હારી પાસે છે મ્હારે છે	I have=આઇ હૅવ.
૨ જો ,,	ત્હારી પાસે છે ત્હારે છે	Thou hast=ધાઉ હૅસ્ટ.
૩ જો ,,	તેની પાસે છે તેને છે	He has=હિ હૅઝ.
	તેણીની પાસે છે તેણીને છે	She has=શિ હૅઝ.
	તેની પાસે છે તેને છે	It has=ઇટ હૅઝ.

બહુવચન.

૧ લો પુરૂષ	અમારી પાસે છે, આપણી પાસે છે અમારે છે, આપણે છે	We have=વિ હૅવ.

૨ જો ,,	તમારી પાસે છે તમારે છે	You have=યુ હૅવ.
૩ જો ,,	તેઓની પાસે છે. તેમની પાસે છે તેઓને છે, તેમને છે	They have ધે' હૅવ.

સૂચના—આ ક્રીયાપદને માટે એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. "પાસે છે" નો અર્થ જ્યારે **કબજામાં, માલકીમાં, સ્વામીત્વમાં** છે તેવો થતો હોય ત્યારે તેનો તરજુમો અંગ્રેજીમાં To have=ટુ હૅવ ક્રીયાપદનાં રૂપથી કરવો. પણ જ્યારે "પાસે છે" નો અર્થ **જોડે છે, નજીક છે, અડોઅડ છે** એવો થતો હોય ત્યારે તેનો તરજુમો અંગ્રેજીમાં To have નાં રૂપથી ન કરવો. પરંતુ Near=નિઅર [પાસે]; Beside=બિસાઇડ [જોડે]; Close=ક્લો'ઝ (અડોઅડ) વગેરે શબ્દોથી કરવો. નીચેનાં વાક્ય ઉપરથી તેનો તફાવત એકદમ સમજાશે.

દાખલો—મ્હારી પાસે એક રૂપીયો છે. આ વાક્યમાં 'પાસે છે' નો અર્થ કબજામાં છે, માલકીમાં છે તેવો થાય છે. મ્હારી પાસે એક રૂપીયો છે એટલે મ્હારા કબજામાં, મ્હારી માલકીમાં એક રૂપીયો છે. માટે આ વાક્યનો તરજૂમો કરતી વખતે પાસે છે નો અર્થ To have નાં રૂપથી કરવો. I have a rupee= આઇ હૅવ એ રૂપિ.

મ્હારી પાસે ગોવિંદ છે. આ વાક્યમાં "પાસે છે"નો અર્થ ઉપર પ્રમાણે થતો નથી. ગોવિંદ મ્હારી માલીકીમાં કે કબજામાં છે તેવો તેનો અર્થ નથી પરંતુ મ્હારી નજીક છે, જોડે છે તવો અર્થ થાય છે માટે તેનો તરજૂમો To have નાં રૂપથી નહીં કરતાં Near=નિઅર અથવા Beside=બિસાઇડ શબ્દથી કરવો. Govind

is near me=ગોવિંદ ઇઝ નિઅર મિ અથવા Govind is beside me=ગોવિંદ ઇઝ બિસાઇડ મિ.

સૂચના ૨:—મ્હારે એક દીકરો છે. આ વાકયમાં "છે" એ સાધારણ રીતે To be નાં રૂપ તરીકે લાગે તેવું છે માટે તેનો અર્થ To be નાં રૂપથી ન કરવો પરંતુ મ્હારે છે એ મ્હારી પાસે છે એવું સૂચવે છે માટે તેનો તરજૂમો To have નાં રૂપથી કરવો. શરૂઆતના અભ્યાસીએ આ વાત બરાબર લક્ષમાં રાખવા જેવી છે કારણ કે જો તે સમજણ ન પડે તો તેનો તરજૂમો તદન ઉંધી રીતેજ થઇ જાય. જેમકે મ્હારે એક દીકરો છે તેમાં નો "છે" ને માટે To be નું રૂપ વાપરવામાં આવે તો તેનું અંગ્રેજી આ રીતે થાય I am a (one) son=આઇ ઍમ એ (વન) સન્ એટલે કે હું એક દીકરો છું. આ તદન વિરૂદ્ધજ અર્થવાળું વાક્ય થઇ જાય છે. "મ્હારે છે" અને "હું છું" તેનો તફાવત ખાસ ધ્યાન માં રાખી આવાં વાકયોનો તરજૂમો કરવો. તેવીજ રીતે બીજા બધા પુરૂષ અને વચનનાં વાકયોના તરજૂમા કરતી વખતે To have કે To be નું રૂપ વાપરવાનું છે તે વાત ખાસ ધ્યાનમાં રાખવી.

II

Word Study=શબ્દાભ્યાસ.

છોકરૂં=A child=એ ચાઇલ્ડ. ઓરડી=A room=એ રૂમ.
છોકરાં=Children=ચિલ્ડ્રન્. બારણાં=Doors=ડો'ર્સ.
છોકરા=Boys=બૉયઝ્. દરવાજા=Gates=ગેઇટ્સ.
બ્હારી=A window=એ વિન્ડો'. દીકરા=Sons=સન્સ.
બ્હારીઓ=Windows=વિન્ડો'ઝ. દીકરીઓ=Daughters=ડૉટર્સ.
બાર=Twelve=ટવેલ્વ. સુંદર=Fine=ફાઇન.

એક=One=વન્.	ત્રણ=Three=થ્રિ.
છોકરી=A girl=એ ગર્લ.	રૂપીયા=Rupees=રૂપીઝ.
છોકરીઓ=Girls=ગર્લ્સ.	મ્હોટું=Large=લાર્જ.
પુતળીઓ=Dolls=ડૉલ્સ.	ન્હાનું=Small=સ્મૉલ.
કાકા=An uncle=ઍન્ અન્કલ.	બાગ=A garden=એ ગાર્ડન્.
ઘણી=Many=મૅનિ.	પાયા=Legs=લેગ્ઝ.
શહેર=A city=એ સિટિ.	અમદાવાદ=Ahmedabad=એહમદાબાદ.
પત્થરપાટી=A slate=એ સ્લેઈટ.	પતંગ=A kite=એ કાઇટ.
પાંચ=Five=ફાઇવ.	બે=Two=ટુ.

III

૧ મ્હારી પાસે એક પતંગ છે=I have a kite=આઈ હૅવ એ કાઇટ.

૨ ત્હારી પાસે એક પત્થરપાટી છે=Thou hast a slate=ધાઉ હૅસ્ટ એ સ્લેઈટ.

૩ તેની પાસે ઘણા રૂપીયા છે=He has many rupees=હિ હૅઝ મૅનિ રૂપીઝ.

૪ તેણીની પાસે એક ઢીંગલી (પુતળી) છે=She has a doll=શિ હૅઝ એ ડૉલ.

૫ અમારે એક ઘર છે=We have a house=વિ હૅવ એ હાઉસ.

૬ તમારે એક બાગ છે=You have a garden=યુ હૅવ એ ગાર્ડન્.

૭ તેમને ઘણા દીકરા છે=They have many sons=ધે હૅવ મૅનિ સન્સ.

૮ આ બાયડીને એક દીકરો અને બે દીકરી છે=This woman has a son and two daughters=ધિસ વુમન હૅઝ એ સન્ ઍન્ડ ટુ ડૉટર્સ.

૯ મ્હારા કાકાને બે દીકરા છે=My uncle has two sons=માય અન્કલ હૅઝ ટુ સન્સ.

૧૦ તમારા બાપને પાંચ છોકરાં છે=Your father has five children=યૉર ફાધર હૅઝ ફાઇવ ચિલ્ડ્રન.

૧૧ મ્હારા ઘરને બે બારણાં છે=My house has two doors=માય હાઉસ હૅઝ ટુ ડો'ર્સ.

૧૨ તેની ઓરડીને બે બ્હારીઓ છે=His room has two windows હિઝ રૂમ હૅઝ ટુ વિન્ડો'ઝ.

૧૩ અમદાવાદને ત્રણ બાગ છે=Ahmedabad has three gardens=એહમદાબાદ હૅઝ થ્રિ ગાર્ડન્સ.

૧૪ આ શહેરને બાર દરવાજા છે=This city has twelve gates=ધિસ સિટિ હૅઝ ટવેલ્વ ગેઇટસ.

૧૫ સીતાની પાસે ઘણી પુતળીઓ છે=Seeta has many dolls=સીતા હૅઝ મૅનિ ડૉલ્સ.

૧૬ ત્હારા બાપને એક મ્હોટું ઘર છે=Thy father has a large house=ધાય ફાધર હૅઝ એ લાર્જ હાઉસ.

૧૭ તેણીના કાકાને એક નાનું ઘર છે=Her uncle has a small house=હર અન્કલ હૅઝ એ સ્મૉલ હાઉસ.

૧૮ આ ટેબલને ચાર પાયા છે=This table has four legs=ધિસ ટેબલ હૅઝ ફો'ર લેગ્ઝ.

૧૯ મ્હારે બે હાથ એને બે પગ છે=I have two hands and two legs=આઇ હૅવ ટુ હૅન્ડઝ ઍન્ડ ટુ લેગ્ઝ.

૨૦ તેના હાથ લાંબા છે પણ તેને ટુંકા પગ છે=His hands are long but he has short legs=હિઝ હૅન્ડઝ આર લૉંગ બટ હિ હૅઝ શૉર્ટ લેગ્ઝ.

IV

(અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.)

(૧) મ્હારે બે બ્હેન અને ત્રણ ભાઇ છે. (૨) તેણીને એક ભાઇ છે. (૩) મ્હારે એક દીકરો અને એક દીકરી છે. (૪) આ ખુરશીને ત્રણ પાયા છે. (૫) રામની પાસે સુંદર પતંગ છે. (૬) સીતાની પાસે એક ન્હાની પત્થરપાટી છે. (૭) મ્હારી પાસે પાંચ રૂપીયા છે પણ મ્હારા ભાઇ પાસે દસ રૂપીયા છે. (૮) આ ઓરડી ન્હાની છે. (૯) પણ તેને ઘંણી બારીઓ છે. (૧૦) મ્હારે એક મ્હોટું ઘર છે. (૧૧) તેને (It) ચાર દરવાજા છે અને એક બાગ છે. (૧૨) આ છોકરાઓ પાસે ઘણા પતંગ છે. (૧૩) તેઓની પાસે એક સુંદર વીંટી [Ring—રિન્ગ] છે. (૧૪) અમારી પાસે ત્રણ રૂપીયા છે. (૧૫) તમારે એક સુંદર બાગ છે. (૧૬) આ ખુરશીને ટુંકા પાયા છે. (૧૭) રામને બે બ્હેનો છે. (૧૮) મ્હારા કાકાને એક સુંદર ઘર છે.

V

(અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.)

1 What [કયું] city is this=વૉટ સિટિ ઇઝ ધિસ ?

2 That is Ahmedabad=ધૅટ ઇઝ એહમદાબાદ.

3 Ahmedabad has many gates and many gardens=એહમદાબાદ હૅઝ મૅનિ ગેઇટસ ઍન્ડ મૅનિ ગાર્ડન્સ.

4 Is this house yours=ઇઝ ધિસ હાઉસ યૉર્સ.

5 That house is mine=ધૅટ હાઉસ ઇઝ માઇન.

6 Those boys have many fine kites=ધો'ઝ બૉયઝ હૅવ મૅનિ ફાઇન કાઇટસ.

7 Thou hast many houses=ધાઉ હૅસ્ટ મૅનિ હાઉસીઝ.

8 We have two tables and five chairs=વિ હૅવ ટુ ટેબલ્સ ઍન્ડ ફાઇવ ચે'ર્સ.

9 That woman has a fine ring=ધૅટ વુમન હૅઝ એ ફાઇન્ રિન્ગ.

10 She has two hands=શિ હૅઝ ટુ હેન્ડઝ.

11 Those girls have many dolls=ધો'ઝ ગર્લ્સ હૅવ મૅનિ ડૉલ્સ.

12 My uncle has a son=માય અન્કલ હૅઝ એ સન્.

13 My sister has two daughters=માય સિસ્ટર હૅઝ ટુ ડૉટર્સ.

14 Thy father has four children=ધાય ફાધર હૅઝ ફો'ર ચિલ્ડ્રન્.

15 Children like to play cricket=ચિલ્ડ્રન્ લાઇક ટુ પ્લે' ક્રિકેટ.

16 These boys have slates=ધિઝ બૉયઝ હૅવ સ્લેઇટસ.

17 Those boys fly kites=ધો'ઝ બૉયઝ ફ્લાય કાઇટસ.

18 Her brother has five kites=હર બ્રધર હૅઝ ફાઇવ કાઇટસ.

19 She has many dolls=શિ હૅઝ મૅનિ ડૉલ્સ.

પ્રશ્નો.

(૧) અંગ્રેજી તથા ગુજરાતી વાક્ય રચનામાં શું તફાવત છે તે બતાવો ?

(૨) અંગ્રેજીમાં કેટલા આર્ટિકલ્સ છે? તે આર્ટિકલ્સ કયાં વપરાય છે તે બતાવો ?

(૩) નીચેનાં વાકયોનું અંગ્રેજી કરો તથા તેની અંદર યોગ્ય આર્ટિકલ્સ વાપરો.

(૧) માણસ નાશવંત છે. (૨) હાથી નિમકહલાલ પ્રાણી છે. (૩) ઘોડો ઉમદા પ્રાણી છે. (૪) પરમેશ્વર ગરીબ લોકોને ચાહે છે. (૫) પૈસાદાર લોકો ગરીબ લોકોને ધીક્કારે છે. (ધીક્કારવું=To hate=ટુ હેઇટ.)

(૬) ગંગા મ્હોટી નદી [River=રિવર=નદી] છે.

(૭) અમે પંજાબમાં રહીએ છીએ. પેલા લોકો દખણમાં રહે છે. (૮) આલ્પ્સ યુરોપમાંના પર્વત છે.

(૪) અંગ્રેજીમાં વર્તમાનકાળ કેવી રીતે બને છે. વર્તમાનકાળના પ્રત્યય કયા છે? તે પ્રત્યય કયારે વપરાય છે તે દાખલા સહીત જણાવો.

(૫) ક્રીયાપદને છેડે ss, sh, ch, x અને o આવે તો તેના વર્તમાનકાળનાં રૂપ કેવી રીતે થાય તે દાખલા આપીને જણાવો.

(૬) ક્રીયાપદને છેડે y આવે ત્યારે તેનાં વર્તમાનકાળનાં રૂપ કેવી રીતે થાય ?

(૭) નીચેના ક્રીયાપદના વર્તમાનકાળનાં રૂપ લખોઃ—

[ક] To write. [ખ] To speak. [ગ] To love. [ઘ] To do. [ચ] To fly. [છ] To press. [જ] To fix. [ઝ] To wash [ટ] To watch (દેખરેખ રાખવી અથવા પહેરો ભરવો.) [ઠ] To say. [ડ] To dress. [ઢ] To rob. [ણ] To sit. [ત] To put.

(૮) અંગ્રેજીમાં અનિયમીત ક્રીયાપદ કોને કહે છે? અનિયમીત ક્રીયાપદના દાખલા આપો.

(૯) To be અને To have નાં વર્તમાનકાળનાં રૂપ લખો.

પ્રકરણ ૧૬ મું.

The noun=ધિ નાઉન્.

નામ.

અંગ્રેજીમાં પાંચ જાતનાં નામ છે (૧) સામાન્ય નામ=The Common noun=ધિ કૅામન્ નાઉન્. (૨) વિશેષ નામ=The Proper noun=ધિ પ્રૅાપર નાઉન્. (૩) ગુણુવાચક [ભાવવાચક] નામ=The Abstract noun=ધિ ઍબસ્ટ્રેક્ટ નાઉન્. (૩) પદાર્થવાચક નામ=The Material noun=ધિ મટિરિઅલ નાઉન્. અને (૫) જથ્થાવાચક [સમૂહવાચક] નામ=The Collective noun=ધિ કલેક્ટિવ નાઉન્.

જે નામ એકજ વ્યક્તિને માટે વપરાય તે વિશેષનામ=The Proper noun=ધિ પ્રોપર નાઉન્ કહેવાય, જેમકે ગોવિંદ, રામ,

જે શબ્દ એક જાતની તમામ વ્યક્તિને માટે સમાન રીતે વાપરી શકાય તેને સામાન્ય નામ=The Common noun=ધિ કૉમન નાઉન્ કહે છે. જેમકે "માણસ" એ શબ્દ ગોવિંદ, રામ, મણીલાલ વગેરે વ્યક્તિઓને માટે સમાન-એક સરખી રીતે વાપરી શકાય છે. માટે એ સામાન્ય નામ Common noun ગણાય. મણીલાલ આ શબ્દો એક એક વ્યકિતને માટે વાપરેલ છે. મણી-લાલને આપણે ગોવિંદ કહી શકીએ નહીં પણ ગોવિંદ નામના વ્યક્તિનેજ આપણે તે નામ આપી શકીએ માટે ગોવિંદ, રામ, મણીલાલ વિગેરે વિશેષનામ=Proper nouns=પ્રોપર નાઉન્સ ગણાય.

જે શબ્દ કોઈ ગુણ અથવા ભાવ અથવા સ્થિતિ અથવા કાર્ય બતાવવાને માટે વપરાયો હોય તે ગુણવાચક કે ભાવવાચક નામ=Abstract noun=ઍબ્સ્ટ્રેક્ટ નાઉન્ ગણાય. જેમકે Whiteness=વ્હાઇટનેસ (ધોળાપણું). Kindness=કાઇન્ડનેસ (માયાળુપણું). ધોળુ=White=વ્હાઇટ આ શબ્દ અમૂક વસ્તુનો અમુક ગુણ બતાવે છે અને તે વિશેષણ ઉપરથી Whiteness=વ્હાઇટનેસ એ નામ બનેલું છે એટલે કે વિશેષણની અંદર બતાવેલ ગુણનું એ નામ છે માટે તે ગુણવાચક કે ભાવવાચક નામ ગણાય. તેવીજ રીતે Kind-ness=કાઇન્ડનેસ=માયાળુપણું તે Kind=કાઇન્ડ=માયાળુ તે વિશેષણ ઉપરથી આવે છે અને અમૂક ગુણ બતાવે છે એટલે કે Kindness ને પણ ભાવવાચક કે ગુણવાચક નામ છે. તેવીજ રીતે Justice=જસ્ટીસ=ન્યાય, Beauty=બ્યુટિ=સૌંદર્ય વિગેરે ભાવવાચક નામ છે.

દાખલાઃ—(૧) ગુણ બતાવતાં નામ: ચતુરાઇ=Cleverness=ક્લેવરનેસ; સુકોમળતા=Delicacy=ડેલીકસિ; શિયળ=Chastity=

ચેરિટિ. (૨) સ્થિતિ બતાવનારાં નામઃ ગરીબાઇ=Poverty= પૉવર્ટિ; યુવાની=Youth=યુથ; બચપણ=Childhood=ચાઇલ્ડહુડ; સર્વોપરીપણું=Supremacy=સુપ્રિમસી. પસ્તાવો=Repentance રિપેન્ટન્સ. (૩) કાર્ય બતાવનારાં નામઃ હાસ્ય=Laughter= લાફ્ટર; ચાલવાનું કાર્ય=Walk=વૉક; ઉડવું અથવા નાસી જવું તે= Flight=ફ્લાઇટ.

સૂચના:—જે નામ ઇંદ્રીયગમ્ય હોય એટલે કે જે વસ્તુઓ જોઇ શકાય, સાંભળી શકાય, સુંઘી શકાય, અડી શકાય કે ચાખી શકાય તે વસ્તુઓને અંગ્રેજીમાં Concrete nouns=કૉન્ક્રીટ નાઉન્સ (દ્રષ્ય નામ) કહે છે. કારણ. માણસ, કુતરો, વિગેરે સામાન્ય નામ, તેમજ રામ, ગોવિંદ, મણીલાલ વિગેરે વિશેષનામ તથા ઘી, દૂધ, ખાંડ વગેરે પદાર્થવાચક નામ બધાં આંખથી જોઇ શકાય છે માટે તે દ્રષ્યનામ અથવા Concrete nouns=કૉન્ક્રીટ નાઉન્સ લેખાય. પરંતુ જે નામ અદ્રષ્ય છે, એટલે આંખ વડે જોઇ શકાતાં નથી પણ જેના ભાવમાત્રનું આપણા અંતઃકરણને ભાન થાય છે તેવાં નામને અંગ્રેજીમાં Abstract nouns=ઍબસ્ટ્રેક્ટ્ નાઉન્સ કહેવામાં આવે છે. દાખલા તરીકે Kindness=કાઇન્ડનેસ=માયાળુ-પણું. માયાળુપણું આપણે જોઇ શકતા નથી પણ માત્ર અંતઃકરણથી અનુભવી શકીએ છીએ. માટે તે ગુણવાચક કે ભાવવાચક નામ ગણાય. તેવીજ રીતે Goodness=ગૂડનેસ=ભલાઇ તે પણ ભાવવાચક નામ ગણાય.

જે નામ અમૂક પદાર્થને માટે વાપરેલ હોય તેને અંગ્રેજીમાં પદાર્થવાચક એટલે કે Material noun=મટિરીઅલ નાઉન્ કહે છે. દાખલા તરીકે દૂધ=Milk=મિલ્ક્; તેલ=Oil=ઑઇલ; ખાંડ=

Sugar=સ્યુગર વિગેરે પદાર્થવાચક નામ ગણાય કારણ કે તે અમૂક પદાર્થને માટે વાપરેલ છે એટલે કે તે Material nouns= મટિરીઅલ નાઉન્સ છે.

જે શબ્દ અમૂક સમૂહ કે જથ્થાને માટે વપરાયું હોય તે સમૂહ-વાચક કે જથ્થાવાચક નામ=Collective noun=કલેક્ટિવ નાઉન્ ગણાયં. જેમકે લશ્કર=An army=ઍન્ આર્મિ. અહીં Army= એ શબ્દ એક સીપાઇ માટે નહીં પરંતુ સીપાઇઓના એક આખા સમૂહને માટે વપરાયો છે માટે તે જથ્થાવાચક નામ ગણાય. Collective noun=કલેક્ટિવ નાઉન્ ગણાય. તેવીજ રીતે Flock= ફ્લૉક=ટોળું (ઘેટાનું); Crowd=ક્રાઉડ=ટોળું (માણુસનું); Herd= હર્ડ=ટોળું (જનાવરનું).

સૂચનાઃ—સાધારણ રીતે સમૂહવાચક નામની પછી ત્રીજા પુરૂષ એકવચનનું ક્રીયાપદ આવે છે. જેમકેઃ An army marches= ઍન્ આર્મિ માર્ચીઝ=લશ્કર કૂચ કરે છે. The flock grazes= ધિ ફ્લોક ગ્રેઇઝીસ=ઘેટાંનું ટોળું ચરે છે.

પણ કેટલાંક જથ્થાવાચક નામમાં વ્યક્તિને માટે ખાસ લક્ષણ બતાવવામાં આવે છે અને ત્યારે તેની પછી ત્રીજા પુરૂષ બહુવચનનું ક્રીયાપદ આવે છે; જેમકે The Government is kind= ધિ ગવર્મેન્ટ ઇઝ કાઇન્ડ=સરકાર માયાળુ છે. તેમ કહેવાય અગર વ્યક્તિરૂપ લેખી તેને આ પ્રમાણે પણ મૂકાય The Government are kind=ધિ ગવર્મેન્ટ આર કાઇન્ડ. એટલે કે સરકારના બધા અમલદાર માયાળુ છે. આવાં બહુવચનનું ક્રીયાપદ લેતાં નામને અંગ્રેજીમાં ખાસ વિશેષતા ખાતરNouns of multitude=નાઉન્સ ઑફ મલ્ટીટ્યુડ કહે છે એટલે કે ગણત્રીબંધ વ્યક્તિસૂચક નામ અને

જે જથ્થાવાચક નામ માત્ર જથ્થોજ બતાવે છે અને વ્યક્તિસૂચક નથી તેવાં નામને અંગ્રેજીમાં માત્ર Collective nouns=કલેક્ટિવ નાઉન્સજ કહે છે.

સૂચના:—જે કારણને માટે અમુક નામ વપરાયું હોય તે કારણ અનુસાર એકનું એક નામ ભાવવાચક અથવા સામાન્ય નામ યાતો દ્રવ્ય નામ બની શકે. જ્યારે કોઈ ભાવવાચક નામ સામાન્ય અથવા તો દ્રવ્ય નામ તરીકે વપરાયું હોય ત્યારે તે (૧) કાંતો તે ગુણ અથવા ભાવવાળું મનુષ્ય બતાવવા માટે વપરાયું હોય અથવા તો (૨) તે જે વસ્તુનું તે કાય, સ્થિતિ અથવા ગુણ હોય તે વસ્તુ બતાવવા માટે વપરાયું હોય.

મનુષ્યના દાખલા.

[૧] Justice=જસ્ટિસ { ન્યાય [ન્યાયી હોવાનો ગુણ] ભાવવાચક નામ. ન્યાયાધીશ [ન્યાય આપનાર મનુષ્ય] દ્રવ્ય નામ.

[૨] Beauty=બ્યુટિ { સૌંદર્ય [સુંદર હોવાનો ગુણ અથવા સ્થિતિ] ભાવવાચક નામ. સુંદર વ્યક્તિ [સૌંદર્યવાળું મનુષ્ય] દ્રવ્ય નામ.

વસ્તુના દાખલા.

[૧] Judgment=જજમેન્ટ { ન્યાય આપવાનું કાર્ય અથવા વિવેકશક્તિ (ભાવવાચક નામ). ન્યાયાધીશે આપેલો ચુકાદો (દ્રવ્ય નામ).

[૨] Speech=સ્પીચ { બોલવાની શક્તિ (ભાવવાચક નામ). આપેલું ભાષણ અથવા બોલેલો શબ્દ (દ્રવ્ય નામ).

II

શબ્દાભ્યાસ=Word Study.

પક્ષી-A bird-એ બર્ડ.

પાંખ-A wing—એ વીંગ.

ને હોય છે-Has-હૅઝ ત્રીજાપુરૂષ એકવચનમાં.

Have-હૅવ પહેલાપુરૂષ એકવચન તથા બહુવચનમાં.

ચોખા—Rice-રાઇસ.

ઘઉં-Wheat-વ્હીટ.

હાંકે છે-Drives-ડ્રાઇવ્ઝ.

ખેતર—A field-એ ફીલ્ડ.

ખેતરોમાં-In fields-ઇન્ ફિલ્ડઝ.

લોકો-People-પીપલ.

રાતાશ—Redness-રેડનેસ

જ્યુરિ-The jury—ધિ જ્યુરિ.

રાત્રિ—Night—નાઇટ.

ધણ-A herd-એ હર્ડ.

ભરવાડ-A shepherd-એ

ગોવાળ—A cowherd-એ કાઉહર્ડ.

મોંઘા—Dear—ડીઅર.

સોનેરી ટોળી-The golden gang-ધિ ગોલ્ડન્ ગૅન્ગ.

લુંટવું—To rob—ટુ રોબ.

દયા—Mercy—મર્સી.

કાળાશ-Blackness-બ્લેકનેસ.

એકમત—Unanimous-યુનેનિમસ.

III

૧ પક્ષીને પાંખ છે-The bird has wings-ધિ બર્ડ હૅઝ વિંગ્ઝ.

૨ પક્ષીઓને પાંખ હોય છે-*B*irds have wings-બર્ડ્ઝ હૅવ વિંગ્ઝ.

૩ ગાયોનું ધણ-A herd of cows-એ હર્ડ ઑફ્ કાઉઝ.

૪ ગોવાળ ગાયોનું ધણુ હાંકે છે-The cowherd drives a herd of cows-ધિ કાઉહર્ડ ડ્રાઇવ્ઝ એ હર્ડ ઑફ્ કાઉઝ.

૫ ભરવાડ પાસે ઘેટાંનું ધણુ છે–The shepherd has a flock of sheep–ધિ શેફર્ડ હૅઝ એ ફ્લૉક ઑફ શીપ.

૬ ભરવાડ પોતાનું ધણુ ખેતરોમાં હાંકે છે–The shepherd drives his flock in fields–ધિ શેફર્ડ ડ્રાઇવ્ઝ હિઝ ફ્લૉક ઇન્ ફિલ્ડઝ.

૭ સોનેરી ટોળી લુટે છે–The golden gang robs–ધિ ગોલ્ડન્ ગૅન્ગ રૉબ્ઝ.

૮ સોનેરી ટોળી લોકોને લુટે છે–The golden gang robs the people–ધિ ગોલ્ડન્ ગૅન્ગ રૉબ્ઝ ધિ પીપલ.

૯ પરમેશ્વરની દયા આપણા ઉપર છે–The mercy of God is upon us—ધિ મર્સિ ઑફ ગૉડ ઇઝ અપૉન્ અસ.

૧૦ જ્યુરિ એકમત છે—The jury is unanimous—ધિ જ્યુરિ ઇઝ યુનેનિમસ; અથવા The jury are unanimous—ધિ જ્યુરિ આર યુનેનિમસ.

૧૧ ઘઉં મોંઘા છે—Wheat is dear—વ્હીટ ઇઝ ડીઅર.

IV.

નીચેનાં વાક્યો અભ્યાસીએ જાતે કરવાં.

(૧) કોને પાંખ હોય છે? (૨) આ ગોવાળ પાસે ઘણી ગાય છે. (૩) ગાયનું ટોળું ખેતરમાં ચરે છે. (૪) પરમેશ્વરની દયા મ્હોટી છે. (મ્હોટી–Great–ગ્રેટ) (૫) કોણ એકમત છે? જ્યુરિ એકમત છે. (૬) અમે એકમત છીએ. (૭) આ ઓરડામાં અંધારૂં છે. (There is darkness–ધૅર ઇઝ ડાર્કનેસ) (૮) લોકો પરમેશ્વરને ચાહે છે. (૯) પરમેશ્વર તેમના ઉપર દયા રાખે છે. (Keeps–કીપ્સ) (૧૦)ઘેટાં ખેતરમાં ચરે છે. (૧૧) ચોખા મોંઘા છે.

V.

અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.

1 Is the mercy of God great—ઇઝ ધિ મર્સિ ઑફ ગૉડ ગ્રેટ ?

2 Yes, the mercy of God is great—યસ, ધિ મર્સિ ઑફ ગૉડ ઇઝ ગ્રેટ.

3 The Golden Gang is in Bombay—ધિ ગો'લ્ડન ગૅન્ગ ઇઝ ઇન્ બૉમ્બે'.

4 The people are unanimous—ધિ પિપલ આર યુનેનિમસ.

5 Has this bird wings—હૅઝ ધિસ બર્ડ વિન્ગ્ઝ ?

6 No, the bird has no wings—ધિ બર્ડ હૅઝ નો' વિન્ગ્ઝ.

7 The night is black—ધિ નાઇટ ઇઝ બ્લેક.

8 This pencil is black—ધિસ પેન્સીલ ઇઝ બ્લેક.

9 Shepherds keep flocks of sheep—શૅફર્ડ્ઝ કીપ ફ્લૉક્સ ઑફ શીપ.

10 Cowherds keep herds of cows—કાઉ હર્ડ્ઝ કીપ હર્ડ્ઝ ઑફ કાઉઝ.

11 Wheat and rice are dear—વ્હીટ ઍન્ડ રાઇસ આર ડીઅર.

VI.

નીચેનાં નામ કઇ જાતનાં નામ છે તે લખો.

[1] A man. [2] Whiteness. [3] Herd. [4] Jury. [5] People. [6] Sheep. [7] A bird. [8] A pencil. [9] Wheat. [10] Rice. [11] Kindness.

[12] Blackness. [13] Mercy. [14] A shepherd. [15] A cowherd. [16] A gang. [17] Beauty. [18] Justice.

પ્રકરણ ૧૭ મું.

નામ અને આર્ટિકલ–Nouns and Articles–(નાઉન્સ ઍન્ડ આર્ટિકલ્સ.)

૧ અગાઉ જણાવ્યા પ્રમાણે દરેક સામાન્ય નામની પહેલાં A અથવા An અથવા The એવા શબ્દ આવે છે. આ શબ્દને અંગ્રેજીમાં આર્ટિકલ કહે છે. વળી તમારા જાણવામાં પણ આવ્યું છે કે A અને An તે એકવચનમાં વપરાય અને ધિ–The તે એક વચન તેમજ બહુવચન માટે વપરાય છે.

૨ સામાન્ય નામ સિવાયનાં નામની જોડે A અથવા An વપરાય નહીં. કારણ કે તેઓતો સામાન્ય નામ જોડેજ વપરાય છે. અ પણ A milk–એ મિલ્ક–દૂધ; કે A wheat–એ વ્હીટ કહી શકીએ નહીં. કારણ કે તેઓ પદાર્થવાચક નામ છે. તેવીજ રીતે ભાવવાચક નામ સાથે પણ A અથવા An આવી શકે નહી. A kindness—એ કાઇન્ડનેસ તેમ કહેવાય નહીં. A mercy of God એમ પણ કહેવાય નહી.

૩ કેટલાંક કલેકટીવ નામ એટલે સમૂહવાચક કે જથ્થાવાચક નામ A વિગેરે આર્ટિકલ લે છે. જેમકે: A flock of sheep—એ ફ્લૉક ઑફ શીપ એ આપણે કહીએ છીએ; પણ ખરું જોતાં અહીં તે સામાન્ય નામ તરીકે વપરાયેલ છે.

૪ તેજ રીતે કેટલાંક પદાર્થવાચક નામ પણ A એવો આર્ટિકલ લે છે જેમકે: A bread–એ બ્રેડ–(એક) રોટલી. જો રોટલી–Bread–(બ્રેડ) શબ્દનો અર્થ જે રોટલી કે રોટલા આપણે ખાઇએ છીએ એટલે ખાવાનો પદાર્થ તેવો અર્થ થતો હોય તો તેની સાથે આર્ટિકલ આવે નહી. પરંતુ જો એક રોટલી બે રોટલી એ અર્થમાં લેવું હોય એટલે કે સમગ્ર પદાર્થના અર્થમાં ન લેતાં વ્યક્તિગત પ્રમાણમાં અર્થ લઇએ તો તે સામાન્ય નામ બને છે અને A bread–એ બ્રેડ એમ કહી શકાય છે.

૫ ભાવવાચક નામમાં પણ તેમજ છે. કેટલાક ભાવવાચક નામ—(Abstract nouns–એબ્સ્ટ્રેક્ટ નાઉન્સ) સામાન્ય નામ તરીકે વપરાય છે. જ્યારે આમ બને છે ત્યારે તેની જોડે આર્ટિકલ આવે છે. જેમકે: સૌંદર્ય–Beauty–બ્યુટિ. આ શબ્દ Abstract noun (ભાવવાચક નામ) છે. છતાં A beauty–એ બ્યુટિ કહી શકાય છે. પણ તેનો અર્થ જૂદો થાય છે. Beauty—બ્યુટિ–સૌંદર્ય અને A beauty–એ બ્યુટિ–સુંદર સ્ત્રી, અથવા એક વ્યક્તિગત્ સુંદરતા.

૬ આર્ટિકલ The તો ગમે તે નામની સાથે આવે છે કારણ કે તે તે. નિશ્ચયાત્મક આર્ટિકલ છે એટલે કે અમૂક વસ્તુને મુકરર કરે છે. જેમકે The milk of this city–આ શહેરનું દૂધ; the beauty of this woman–ધિ બ્યુટિ ઑફ ધિસ વૂમન્–આ સ્ત્રીનું સૌંદર્ય. એક મુકરર શહેરનું દૂધ અથવા એક મુકરર સ્ત્રીનું સૌંદર્ય એવો મુકરરતા, નિશ્ચયતાનો ભાવ તેની અંદર રહેલ છે માટે ત્યાં the વપરાય.

૭ સામાન્ય નામ સિવાય અન્ય નામનું બહુવચન અંગ્રેજીમાં થઇ શકે નહીં પરંતુ કેટલાક નામની જોડે આર્ટિકલ આવે છે અને તેને લીધે તે સામાન્ય નામ બને છે એટલે સામાન્ય નામ તરીકે તેનું બહુવચન બની શકે. જેમકે: A bread–એ બ્રેડ–રોટલી. Breads–બ્રેડઝ–રોટલીઓ. A loaf–એ લૉફ–રોટલો. Loaves–લો'વ્ઝ–રોટલા. A beauty—એ બ્યુટિ—સુંદર સ્ત્રી, અથવા એક સુંદરતા. Beauties—બ્યુટિઝ—સુંદર સ્ત્રીઓ અથવા જૂદી જૂદી સુંદરતાઓ.

૮ વિશેષ નામનું બહુવચન બને નહીં તેમજ તેની જોડે તો આર્ટિકલ આવવોજ જોઇએ નહીં. તેમ છતાં તેમની જોડે આર્ટિકલ આવે છે અને તેમનાં બહુવચન બને છે. પણ તેમાં ભાવ જૂદા રહેલા હોય છે. જેમકે Napoleon–નેપોલીઅન્ તે વિશેષનામ (Proper noun–પ્રોપર નાઉન) છે. માટે તેની જોડે A આર્ટિકલ આવે નહીં. જેમકે A Napoleon was brave—એ નેપોલીઅન્ વૉઝ બ્રે'વ—નેપોલીઅન બહાદુર હતો એમ કહી શકાય નહીં. કારણ કે દુનિયામાં બહાદુર નેપોલીઅન ઘણા થયા નથી. બહાદુર નેપોલીઅન તો એકજ હતો. પણ જ્યારે કોઇ પણ માણસની નેપોલીઅન સાથે સરખામણી કરવી હોય ત્યારે તેની જોડે A આર્ટિકલ આવે. જેમકે હૈદર બહુજ બહાદુર માણસ હતો એટલે કે નેપોલીઅનના જેવો બહાદુર માણસ હતો એવો ભાવાર્થ બતાવવો હોય ત્યારે સરખામણી કરવા સારૂ આપણે કહીએ કે "હૈદર હિંદુસ્થાનનો નેપોલીઅન હતો." મતલબ એ છે કે જેવો નેપોલીઅન યૂરોપમાં બહાદુર હતો તેવોજ હૈદર હિંદુસ્થાનમાં બહાદુર હતો. અને માટે આપણે અંગ્રેજીમાં આ પ્રમાણે કહી શકીએ. Haidar was

the Napoleon of India—હૈદર વૉઝ ધિ નેપોલીઅન્ ઑફ ઇન્ડીઆ—(હૈદર હીંદુસ્થાનનો નેપોલીઅન હતો). તે બહાદુરીમાં નેપોલીઅન હતો. He was a Napoleon in bravery—હિ વૉઝ એ નેપોલીઅન્ ઇન્ બ્રેવરી.

તેવીજ રીતે કાળીદાસ હિંદુસ્થાનનો શેકસ્પીઅર છે—Kalidas is the Shakespeare of India—કાળીદાસ ઇઝ ધિ શેક્સપીઅર ઑફ ઇન્ડીઆ. એટલે કે ઈંગ્લાંડમાં જેવો શેક્સ્પીઅર સૌથી મ્હોટો નાટકકાર અને કવિ હતો તેમ હીંદુસ્થાનનો પણ મ્હોટામાં મ્હોટો નાટકકાર અને કવિ કાળીદાસ છે. એટલે કે અમૂક ટાઇપ અથવા અમૂક પ્રતિના માણુસ જણાવવા માટે વિશેષ નામનું બહુવચનનું અથવા નિશ્ચયાર્થ નામ બનાવી શકાય.

II

Word-study—શબ્દાભ્યાસ.

હતો—Was—વૉઝ.
રેડવું—To pour—ટુ પો'ર.
શાહી—Ink—ઇન્ક.
થોડી—Some—સમ.
ખડીઓ—An inkstand—ઍન્ ઇન્કસ્ટૅન્ડ.
જૂએ છે—Looks—લૂક્સ.
જૂજ—Rare—રે'ર.
નદીઓ—Rivers—રિવર્સ.
કવિ—A poet—એ પોએટ.
છત્રી—An umbrella—ઍન અમ્બ્રેલા.
દૂનિયા—World—વર્લ્ડ.
પ્યાલું—A cup—એ કપ.
ચ્હા—Tea—ટી.
કાફી—Coffee—કૉફિ.
શરીર—Body—બૉડિ.
ફૂલ—Flower—ફ્લાવર.
પ્રખ્યાત—Famous—ફેમસ.
તરફ—At—ઍટ.

ચિત્ર-A picture-એ પિક્ચર.
પર્વતો-Mountains-માઉન્ટન્સ.
કુદરત-Nature-ને'ચર.
કુદરતની સૌંદર્યતાઓ-The beauties of nature-ધિ બ્યુટિઝ ઑફ્ નેચર.

પારીસ-Paris-પેરિસ.
પારીસની સુંદર ઓઓ-The beauties of Paris-ધિ બ્યુટીઝ ઑફ્ પેરીસ.

III

[1] થોડી શાહી-Some ink-સમ ઇન્ક.

[2] તે થોડી શાહી રેડે છે-He pours some ink-હિ પો'ર્સ સમ ઇન્ક.

[3] તે ખડીઆમાં શાહી રેડે છે-He pours ink in an inkstand—હિ પો'ર્સ ઇન્ક ઇન્ ઍન્ ઇન્કસ્ટૅન્ડ.

[4] તે ખડીઆમાં થોડી શાહી રેડે છે—He pours some ink in an inkstand—હિ પો'ર્સ સમ ઇન્ક ઇન્ ઍન્ ઇન્કસ્ટૅન્ડ.

[5] તે પ્યાલામાં થોડું દુધ રેડે છે-He pours some milk in a cup—હિ પો'ર્સ સમ મિલ્ક ઇન્ એ કપ.

[6] તે ચિત્ર તરફ જુએ છે—He looks at a picture-હિ લુક્સ ઍટ એ પિક્ચર.

[7] તે મ્હારા તરફ જૂએ છે—He looks at me-હિ લુક્સ ઍટ મિ.

[8] કુદરતનું સૌંદર્ય—The beauty of nature—ધિ બ્યુટિ ઑફ્ ને'ચર.

[9] કુદરતની સૌંદર્યતાઓ—The beauties of nature—ધિ બ્યુટિઝ ઑફ ને'ચર.

[10] તે કુદરતની સૌંદર્યતાઓ તરફ જૂએ છે—He looks at the beauties of nature—હિ લૂકસ ઍટ ધિ બ્યુટિઝ ઑફ ને'ચર.

[11] નદીઓ અને પર્વતો કુદરતની સૌંદર્યતાઓ છે—Rivers and mountains are the beauties of nature—રિવર્સ ઍન્ડ માઉન્ટન્સ આર ધિ બ્યુટિઝ ઑફ ને'ચર.

[12] પારીસની સ્ત્રીઓ મ્હોટી રૂપવંતી સ્ત્રીઓ છે–The women of Paris are great beauties—ધિ વિમેન ઑફ પેરીસ આર ગ્રેટ બ્યુટિઝ.

[13] પારીસની રૂપવાળી સ્ત્રીઓ દુનિયામાં પ્રખ્યાત છે—The beauties of Paris are famous in the world–ધિ બ્યુટિઝ ઑફ પેરીસ આર ફેમસ ઇન ધિ વર્લ્ડ.

[14] મ્હારી છત્રી સુંદર છે–My umbrella is beautiful–માય અમ્બ્રેલા ઇઝ બ્યુટિફુલ.

[15] દુનિયામાં શેકસપીયર જૂજ હોય છે—Shakespears are rare in the world–શેકસ્પીયર્સ આર રેર ઇન ધિ વર્લ્ડ.

[16] હિંદુસ્થાનનો શેકસ્પીઅર કોણ છે?—Who is the Shakespeare of India?—હુ ઇઝ ધિ શેઇકસપીઅર ઑફ ઇંડીઆ!

[17] શૌર્યમાં તે નેપોલીઅન જેવો છે—He is a Napoleon in bravery—હિ ઇઝ એ નેપોલીઅન ઇન બ્રેવરિ.

[18] હીંદુસ્થાનમાં ઘણા નેપોલીઅન હતા—I ia had many Napoleons—ઇન્ડીઆ હૅડ મેનિ નેપોલીયન્સ.

[19] તે ચ્હા અને દૂધ લે છે—He tak and milk—હિ ટેઇક્સ ટી ઍન્ડ મિલ્ક.

[20] હું કૅાફી લઉં છું—I take Coffee— ટેઇક કૅાફી.

[21] ફૂલો સુંદર હોય છે—Flowers are beautiful—ફ્લાવર્સ આર બ્યુટિફુલ.

[22] હું તમને આ સુંદર ફુલ આપું છું—I give you these beautiful flowers-આઇ ગિવ યુ ધીઝ બ્યુટિફુલ ફ્લાવર્સ.

IV.

(અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો)

(૧) હિંદુસ્થાન મ્હોટું છે. (૨) તેના Her) પર્વતો અને નદીઓ મ્હોટાં છે (૩) સૂર્ય અને ચંદ્ર કુદરતી સુંદરતા છે. (૪) આ બાગમાં ઘણાં ફુલ છે. (૫) અમે ફુલ પરમેશ્વરને આપીએ છીએ. (૬) માણસો ફુલને ચાહે છે. (૭) હું પ્યાલામાં ચ્હા રેડું છું. (૮) આ મ્હારી છત્રી છે. (૯) તેણીનું શરીર સુંદર છે. (૧૦) કાળીદાસ અને શેઇક્સપીઅર મ્હોટા પુરૂષો છે. (૧૧) તેઓ જુએ છે. (૧૨) તેણી તમારા તરફ જૂએ છે. (૧૩) સીતા કુદરતી સૌંદર્ય તરફ જુએ છે. (૧૪) રામ પેલા ચિત્ર તરફ જૂએ છે. (૧૫) તેઓ ચ્હા, કાફી અને દૂધ લે છે.

V

અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.

[1] What are the beauties of nature ?—વૉટ આર ધિ બ્યુટિઝ ઑાફ નેચર ?

[2] They are rivers and mountains-ધે' આર રિવર્સ ઍન્ડ માઉન્ટન્સ.

[3] Flowers are the beauties of nature—ફ્લાવર્સ આર ધિ બ્યુટિઝ ઑફ નેચર.

[4] At what does Rama look ?-ઍટ વૉટ ડઝ રામ લૂક ?

[5] He looks at the beauties of nature-હિ લૂક્સ ઍટ ધિ બ્યુટિઝ ઑફ નેચર.

[6] Who looks at this picture ? હુ લુક્સ ઍટ ધિસ પિક્ચર.

[7] Rama and Govind look at that picture-રામ ઍન્ડ ગોવિંદ લૂક ઍટ ધૅટ પિક્ચર.

[8] Who pours the milk into my cup ?-હુ પો'ર્સ ધિ મિલ્ક ઇન્ટુ માય કપ ?

[9] Seeta pours the milk into my cup—સીતા પોર્સ ધિ મિલ્ક ઇન્ટુ માય કપ.

[10] Who was Kalidas ?—હુ વૉઝ કાલીદાસ ?

[11] Kalidas was a famous poet of India-કાલીદાસ વૉઝ એ ફેમસ પોએટ ઑફ ઇંડીઆ.

[12] Who was Shakespeare ? હુ વૉઝ શેક્સપીઅર ?

[13] Shakespeare was a poet of England-શેક્સપીઅર વૉઝ એ પોએટ ઑફ ઇંગ્લૅંડ.

[14] Who is the Kalidas of England ?—હુ ઇઝ ધિ કાલીદાસ ઑફ ઇંગ્લૅંડ ? The Kalidas of England is Shakespeare—ધિ કાલીદાસ ઑફ ઇંગ્લંડ ઇઝ શેઇક્સપીઅર.

[15] Are Shakespeares rare !—આર શેક્સ્પીઅર્સ રેર !

[16] He is the Napoleon of India—હિ ઇઝ ધિ નેપોલીઅન્ ઑફ઼ ઇન્ડીઆ.

[17] Sandow is the Bhima of Europe-સૅન્ડો' ઇઝ ધિ ભીમ ઑફ઼ યુરોપ.

[18] The beauties of Paris are famous—ધિ બ્યુટિઝ ઑફ઼ પેરીસ આર ફેમસ.

[19] He eats (ખાય છે) many loaves—હિ ઇટ્સ મૅનિ લો'વ્ઝ.

[20] Rama eats bread—રામ ઇટ્સ બ્રેડ.

[21] The milk of this city is good—ધિ મિલ્ક ઑફ઼ ધિસ સિટી ઇઝ ગુડ.

[22] I give you some milk and bread—આઇ ગિવ યુ સમ મિલ્ક ઍન્ડ બ્રેડ.

[23] The mercy of God is great—ધિ મર્સિ ઑફ઼ ગૉડ ઇઝ ગ્રેઇટ.

પ્રકરણ ૧૮ મું.

Nouns and their Numbers.

(નાઉન્સ ઍન્ડ ધે'ર નંબર્સ.)

નામ અને તેમનાં વચન.

૧ વચનને માટે અંગ્રેજીમાં Number—નંબર એ શબ્દ છે.

૨ ગુજરાતીમાં છે તેજ પ્રમાણે અંગ્રેજીમાં એકવચન તેમજ બહુવચન છે.

૩ એકવચનને અંગ્રેજીમાં The singular number "ધી સીન્ગ્યુલર નંબર" કહે છે અને બહુવચનને The Plural number "ધા પ્લુરલ નંબર" કહે છે.

૪ ગુજરાતીમાં નામનું બહુવચન બનાવતી વખતે આ, ઓ, ઇઓ વિગેરે પ્રત્યય લગાડવા પડે છે. જેને અમુક નિયમસર પ્રત્યય લગાડવાથી બહુવચન બને તેને અંગ્રેજીમાં Regular nouns-રેગ્યુલર નાઉન્સ એટલે કે નિયમીત નામ કહે છે. પણ કેટલાંક એવાં નામ અંગ્રેજીમાં છે કે જેનાં બહુવચનનાં રૂપ બનાવવામાં કોઇ પણ જાતનો નિયમ લાગુ પાડી શકાતો નથી. આવાં નામને અંગ્રેજીમાં Irregular nouns—ઇરરેગ્યુલર નાઉન્સ અનિયમીત નામ કહેવામાં આવે છે.

નિયમઃ ૧—[નિયમીત] નામનું બહુવચન બનાવવા માટે અંગ્રેજીમાં S [એસ] પ્રત્યય છે. એકવચનના નામને છેડે S પ્રત્યય લગાડવાથી નામનું બહુવચન બની શકે છે. જેમકે A book-એ બૂક [ચોપડી] એકવચન. *B*ooks [બૂકસ] ચોપડીઓ [બહુવચન]. તેજ પ્રમાણે A cap—એ કૅપ—ટોપી. Caps—કૅપ્સ—ટોપીઓ. A table—એ ટેબલ—મેજ. Tables—ટેબલ્સ—મેજો.

સૂચનાઃ ૧—સામાન્ય નામના એકવચનની જોડે A આર્ટિકલ આવે પણ બહુવચનમાં તે ન વપરાય. તે વિષેનો નિયમ અગાઉ જણાવેલ છે તે પ્રમાણે અત્ર અભ્યાસીએ યાદ રાખવા.

સૂચનાઃ ૨—કયાં કયાં નામનાં બહુવચન બની શકે છે તે આ અગાઉના પ્રકરણમાં બતાવેલ છે તે ધ્યાનમાં રાખી દરેક નામનું બહુવચન કરવું. સાધારણ નિયમ તરીકે સામાન્ય નામનુંજ બહુવચન

બને છે. પરંતુ કેટલાક બીજાં નામનું પણ બહુવચન બને છે. પણ આવું થાય છે ત્યારે તે એકવચનનું અથવા સામાન્ય નામ થાય છે તે ખાસ ધ્યાનમાં રાખવું.

સૂચનાઃ ૩—સાધારણ રીતે બહુવચનનાં નામની જોડે The આર્ટીકલ આવે નહીં પણ જો તે નામ મુકરર હોય તો તેની સાથે The વાપરવો.

II

Word study—વર્ડ સ્ટડિ—શબ્દાભ્યાસ.

બ્હેન—Sister—સિસ્ટર.

કલમ—A pen—એ પેન્.

વાંચે છે—Reads—રીડ્ઝ.

ચોપડીઓ—Books—બુક્સ.

દરેક—Each—ઇચ.

ઘર (બહુવચન)·Houses-હાઉસીઝ.

બ્હારીઓ-Windows—વિન્ડો'ઝ.

બંગડી—A bangle—એ બેન્ગલ.

વીંટી—A ring—એ રીંગ.

ઘડીઆળ—A watch—એ વૅાચ. (ખીસાનું)

હાથ—A hand—એ હૅન્ડ.

આંગળી—A finger—એ ફિંગર.

ઘડીઆળનો કાંટો—A hand—એ હૅન્ડ.

મિનીટ—A minute—એ મિનિટ.

બનાવે છે—Make—મેઇક.

બાર—Twelve—ટ્વેલ્વ.

કલાક—An hour—ઍન્ અવર.

ને છે—Has—હૅઝ.

સાઠ—Sixty—સિક્સટિ.

સેકન્ડ—A second—એ સેકન્ડ.

ચોવીસ—Twenty-four—ટ્વેન્ટિ ફો'ર.

કેટલી—કેટલા—How many—હાઉ મૅનિ.

III

(1) ઘણા ભાઇઓ-Many brothers-મૅનિ બ્રધર્સ.

(2) ઘણા દીકરા-Many sons-મૅનિ સન્સ.

(3) તેને ઘણા ભાઇઓ છે-He has many brothers-હિ હૅઝ મૅનિ બ્રધર્સ.

(4) તેણીને ત્રણ દીકરા છે—She has three sons—શી હૅઝ થ્રી સન્સ.

(5) રમણલાલ પાસે ઘણી કલમ છે-Ramanlal has many pens-રમણલાલ હૅઝ મૅનિ પેન્સ.

(6) શ્રીમુખ ઘણી ચોપડીઓ વાંચે છે-Shrimukh reads many books-શ્રીમુખ રીડ્ઝ મૅનિ બુક્સ.

(7) હું દિવસમાં બે ચોપડી વાંચું છું-I read two books in a day-આઈ રીડ ટુ બૂક્સ ઇન્ એ ડે'.

(8) આ ઘરો સુંદર છે-These houses are beautiful-ધિઝ હાઉસીઝ આર બ્યુટિફુલ.

(9) આ ઘરને ત્રણ બારીઓ છે-This house has three windows-ધિસ હાઉસ હૅઝ થ્રિ વિન્ડો'ઝ.

(10) મ્હારા ઘરને પાંચ બ્હારીઓ છે-My house has five windows-માય હાઉસ હૅઝ ફાઇવ વિન્ડો'ઝ.

(11) અમદાવાદનાં ઘરોને ઘણી બ્હારીઓ છે-The houses of Ahmedabad have many windows-ધિ હાઉસીઝ ઑફ એહમદાબાદ હૅવ મૅનિ વિન્ડો'ઝ.

(12) દરેક દિવસને ચોવીસ કલાક હોય છે-Each day has twenty four hours-ઇચ ડે' હૅઝ ટવેન્ટિ ફો'ર અવર્સ.

(13) દરેક કલાકને સાઠ મીનીટ હોય છે—Each hour has sixty minutes—ઇચ અવર હૅઝ સિક્સટિ મિનિટસ.

(14) દરેક મીનીટને સાઠ સેકન્ડ હોય છે—Each minute has sixty seconds—ઇચ મિનિટ હૅઝ સિક્સટિ સેકન્ડઝ.

(15) મ્હારે બે હાથ છે—I have two hands—આઇ હૅવ ટુ હૅન્ડઝ.

(16) મ્હારી ઘડીઆળને બે કાંટા છે—My watch has two hands—માય વૉચ હૅઝ ટુ હૅન્ડઝ.

(17) રાત્રિને બાર કલાક હોય છે—The night has twelve hours—ધિ નાઇટ હૅઝ ટવેલ્વ અવર્સ.

(18) દીવસ બાર કલાકનો હોય છે—The day is of twelve hours—ધ ડે ઇઝ ઑફ ટવેલ્વ અવર્સ.

(19) તમારી ઘડીઆળ સુંદર છે—Your watch is beautiful—યૉર વૉચ ઇઝ બ્યુટિફુલ.

(20) દરેક હાથને પાંચ આંગળીઓ છે—Each hand has five fingers—ઇચ હૅન્ડ હૅઝ ફાઇવ ફીન્ગર્સ.

IV

(નીચેનાં વાકયો અભ્યાસીએ જાતે કરવાં.)

(૧) મ્હારે બે હાથ અને બે પગ છે. (૨) ગોવિંદને પાંચ આંગળીઓ છે. (૩) દરેક હાથને પાંચ આંગળીઓ હોય છે. (૪) દરેક પગને પાંચ આંગળી છે. (૫) વિમળા પાસે બે બંગડીઓ અને ત્રણ વીંટીઓ છે. (૬) મ્હારા બાપને પાંચ સુંદર ઘર છે. (૭) તે રાત દીવસ કામ કરે છે. (૮) ચોવીસ કલાક એક દીવસ બનાવે છે. [Make—મેક] (૯) સાઠ મીનીટ એક કલાક બનાવે છે. (૧૦)

સાઠ સેકન્ડ એક ... બનાવે છે. (૧૧) દીવસને ચોવીસ કલાક અથવા એક હજાર ... ગો અને ચાલીશ મીનીટ અથવા છાશી હજાર ચારશો સેકન્ડ હે ...

V

(... જાતે કરવાનાં વાકયો.)

1 A house ... a door and a window—એ હાઉસ હૅઝ એ ડોર ... એ વિન્ડો'.

2 My house has two doors and three windows—માય હાઉસ હૅઝ ... ડોર્સ ઍન્ડ થ્રિ વિન્ડો'ઝ.

3 One hour ... three thousand and six hundred seconds—વન અવર હૅઝ થ્રિ થાઉઝન્ડ ઍન્ડ સિકસ હન્ડ્રેડ સેકન્ડઝ.

4 Seeta has two bangles on her hands—સીતા હૅઝ ટુ બૅંગલ્સ ... ન હર હૅન્ડઝ.

5 Sarojini has a ring on her finger—સરોજીની હૅઝ એ રીંગ ... ન હર ફીન્ગર.

6 Pushpa has two bangles on each hand—પુષ્પા હૅઝ ટુ બૅંગલ્સ ... ન ઇચ હૅન્ડ.

7 How many hands have you ?—હાઉ મૅનિ હૅન્ડઝ હેવ યુ ?

8 I have two hands—આય હૅવ ટુ હૅન્ડઝ.

9 How many fingers have you ?—હાઉ મૅનિ ફીન્ગર્સ હૅવ યુ ?

10 I have ten fingers on my hands and ten fingers on my feet—(ફીટ=પગ) આઇ હૅવ ટેન્ ફિન્ગર્સ ઑન માય હૅન્ડ્ઝ ઍન્ડ ટેન્ ફિન્ગર્સ ઑન્ માય ફીટ.

11 How many minutes has an hour?—હાઉ મૅનિ મિનિટ્સ હૅઝ ઍન્ અવર્ ?

12 An hour has sixty minutes—ઍન્ અવર હૅઝ સિક્સટિ મિનિટ્સ.

13 Your watch has three hands, but my watch has two hands—યૉર વૉચ હૅઝ થ્રિ હૅન્ડ્ઝ બટ માય વૉચ હૅઝ ટુ હૅન્ડ્ઝ.

14 I have two pens, two pencils, an ink-stand a slate, some paper and some ink—આઇ હૅવ ટુ પેન્સ, ટુ પેન્સીલ્સ, અન્ ઇન્કસ્ટેન્ડ, એ સ્લેઇટ, સમ પેપર, ઍન્ડ સમ ઇન્ક.

15 How many hours make a day?—હાઉ મૅનિ અવર્સ મેઇક એ ડે' ?

16 Twenty-four hours make a day—ટ્વેન્ટી ફોર અવર્સ મેઇક એ ડે'.

પ્રકરણ ૧૯ મું.

Nouns and Numbers—નાઉન્સ ઍન્ડ નંબર્સ.

નામ અને વચન.

નિયમ ૨—જો નામને છેડે ss, sh, ch, x કે o એ અક્ષર આવતા હોય તો તે નામનાં બહુવચન બનાવતી વખતે s પ્રત્યયને બદલે es પ્રત્યય લગાડવો. જેમકે:- A glass—એ ગ્લાસ—(કાચનો પ્યાલો) Glass-es—ગ્લાસિઝ—(કાચના પ્યાલા.) તેવીજ રીતે Lash—લૅશ—ચાબુક. Lashes-લેશિઝ-ચાબુક (બહુવચન); A watch—એ વૉચ—(ન્હાનું ઘડીઆળ); watches-વૉચિઝ-ઘડીઆળ (બહુવચન).

A box—એ બૉક્સ—પેટી; Boxes-બૉક્સિઝ-પેટીઓ.

A potato—એ પોટેટો-પટાટો; Potatoes-પોટેટો'ઝ—બટાકા.

નિયમ ૩—નામને છેડે y વાય હોય અને જો તેના પહેલાં વ્યંજન આવતો હોય તો y નો i કરી નાખવો અને પછી es પ્રત્યય ઉમેરવો. પરંતુ જો y ના પહેલાં સ્વર હોય તો y નો i નહી કરી નાખતાં ફક્ત s પ્રત્યયજ લગાડવો. જેમકે A fly—એ ફ્લાય—માંખી. આ શબ્દને છેડે વાય છે અને તેના પહેલાં l એલ તે વ્યંજન છે. તેટલા માટે બહુવચનના રૂપમાં y નો i કરી es પ્રત્યય ઉમેરવો. Fl-i-es—ફ્લાઇઝ-માંખીઓ. બૂમ—A cry—એ ક્રાય; Cries—ક્રાઇઝ—બુમો.

પણ જો A day—એ ડે'-દીવસ જેવો શબ્દ હોય તો તેમાં માત્ર s પ્રત્યયજ લગાડવો. Days-ડેઇઝ-દીવસો. નાટક—A play—એ પ્લે'; નાટકો—Plays—પ્લે-ઝ.

સૂચના ૧—Money—મનિ—પૈસા, નાણું એ શબ્દનાં બહુવચનના બે રૂપ થાય છે જેમકે Moneys—મનિઝ—નાણું અથવા Monies—મનિઝ—નાણું.

સૂચના ૨—જે નામને છેડે quy આવે તેનાં બહુવચન y નો ies કરવાથી થાય છે કારણ કે qu કમલ વ્યંજન તરીકે ગણાય છે. જેમકે Soliloquy—સોલિલોક્વી—એકલા એકલા બોલવું તે. Soliloquies—સોલિલોક્વીઝ—એકલા બોલાયેલા શબ્દો.

II

Word Study—વર્ડ સ્ટડિ—શબ્દાભ્યાસ.

દેવળ=A church=એ ચર્ચ.
અમદાવાદમાં છે=There is (are) ......in Ahmedabad= ધેર ઇઝ (આર) ઇન્ અમદાવાદ.
પેટીમાં છે=There is (are)... ......in a box=ધેર ઇઝ (આર) ઇન્ એ બૉક્સ.
રમકડું=A toy=એ ટૉય.
રટાટો=A potato=એ પૉટેટો'.
ભેંસ=A buffalo=એ બફેલો'.
બાનુ=A lady=એ લેડી.
ઘણું=Very=વેરી. (ક્રિયાવિશેષણ)
કોચ (ખાટલો) A couch=એ કાઉચ.
ઇચ્છા=A wish=એ વિશ.
વાર્તા=A story=એ સ્ટો'રિ,

કુંચી=A key=એ કી.
વાંદરો=A monkey.
બ્રશ=A brush=એ બ્રશ.
ગધેડો=An ass=ઍન્ ઍસ.
(અથવા) A donkey=એ ડોન્કી.
ઢગલો=A heap=એ હીપ.
પાસ (ટીકીટ) A pass=એ પાસ.
જથ્થો=A mass=એ માસ.
બાળક=A baby=એ બેબિ.
શરીર=Body=બોડિ.
લુમચું=A bunch=એ બન્ચ.
હા=Yes=યસ.
ગાડી=A coach=એ કો'ચ.
ઝાડી=A bush=એ બુશ.
લશ્કર=An army=ઍન્ આર્મિ.

કુચ=A march=એ માર્ચ.
સીદી=A negro=એ નિગ્રો'.
હાંકવું=To drive=ટુ ડ્રાઇવ.
કુંભાર=A potter=એ પૉટર.
દ્રાક્ષ=Grapes=ગ્રેઇપ્સ.
વેચે છે=Sells=સેલ્સ
આફ્રીકામાં=In Africa=ઇન્ આફ્રીકા.
પોશાક=A dress=એ ડ્રેસ.
સુવે છે=Lies=લાઇઝ.
ના=No=નો.
સરકાર=Government=ગવર્મેન્ટ.
તસુ=An inch=ઍન્ ઇન્ચ.
કાળ=Black=બ્લૅક.
નોકર=A servant=એ સર્વન્ટ.
કુંચી વડે=With a key=વિથ એ કી.
ફુટપટ્ટી=A foot=એ ફુટ.
રહે છે=Live=લીવ.
પવિત્ર=Pious=પાયસ.
સૌથી સારાં=Best=બેસ્ટ.
લોંકડી=A fox=એ ફૉક્સ.
વાસણ=A pot=એ પૉટ.
ખર્ચે છે=Spends=સ્પેન્ડઝ.
લોક=People=પીપલ.

III

(1) ઘણાં દેવળો=Many churches=મૅનિ ચર્ચીઝ.
(2) અમદાવાદમાં ચાર દેવળો છે=There are four churches in Ahmedabad=ધેર આર ફોર ચર્ચઝ ઇન્ એહમદાબાદ.
(3) ત્રણ રમકડાં=Three toys=થ્રિ ટોયઝ.
(4) આ પેટીમાં ત્રણ રમકડાં છે=There are three toys in this box=ધેર આર થ્રિ ટોયઝ ઇન્ ધિસ બૉક્સ.
(5) આ પેટીઓમાં ઘણાં રમકડાં છે=There are many toys in these boxes=ધેર આર મૅનિ ટોયઝ ઇન્ ધીઝ બૉક્સિઝ.
(6) પાંચ પટાટા=Five potatoes=ફાઇવ પૉટેટો'ઝ.

(7) તે દરરોજ પાંચ પટાટા ખાય છે=He eats five potatoes every-day=હિ ઇટસ ફાઇવ પૉટેટો'ઝ એવ્રિડે'.

(8) દસ ઇંચ=Ten inches=ટેન્ ઇન્ચીઝ.

(9) એક ફૂટને બાર તસુ છે=A foot has twelve inches=એ ફૂટ હૅઝ ટવેલ્વ ઇન્ચીઝ.

(10) આ માણસ પાસે ઘણી કુંચીઓ છે=This man has many keys=ધિસ મૅન્ હૅઝ મૅનિ કીઝ.

(11) તે કુંચીઓ વડે પેટીઓ ઉઘાડે છે=He opens the boxes with the keys=હિ ઓ'પન્સ ધિ બૉક્સિઝ વિથ ધિ કીઝ.

(12) વાંદરા કેરીઓ ખાય છે=Monkeys eat mangoes=મંકીઝ ઇટ મૅન્ગો'ઝ.

(13) રામ કેરીઓ ખાય છે=Rama eats mangoes=રામ ઇટસ મૅન્ગો'ઝ.

(14) વિષ્ણુ ઘણા બ્રશ રાખે છે=Vishnu keeps many brushes=વિશ્નુ કીપ્સ મૅનિ બ્રશિઝ.

(15) કુંભાર ગધેડાં રાખે છે=A potter keeps asses=એ પૉટર કીપ્સ એસીઝ.

(16) મ્હારી પવિત્ર ઇચ્છાઓ=My pious wishes=માય પાયસ વિશિઝ.

(17) ભેંસો દૂધ આપે છે=Buffaloes give milk=બફેલો'ઝ ગિવ મિલ્ક.

(18) મ્હારા નોકર મ્હારી ગાડીઓ હાંકે છે=My servant drives my coaches=માય સર્વન્ટ ડ્રાઇવ્ઝ માય કો'ચીઝ.

(19) બાળકો રમે છે=Babies play=બેબિઝ પ્લે'.

(20) તે દ્રાક્ષનાં લૂમખાં વેચે છે=He sells bunches of grapes=હિ સેલ્સ બન્ચીઝ ઑફ ગ્રેઇપ્સ.

(21) તે અમને સારી વાર્તાઓ કહે છે=He tells us good stories=હિ ટેલ્સ અસ ગૂડ સ્ટો[illegible].

(22) પેલી બાનુઓ માયાળુ છે=Those ladies are kind=ધો'ઝ લે'ડિઝ આર કાઇન્ડ.

(23) શેક્સપીઅરનાં નાટક સૌથી સારાં છે=The plays of Shakespeare are the best=ધિ પ્લેઇઝ ઑફ શેઇક્સ-પીઅર આર ધિ બેસ્ટ.

(24) બાનુઓ કોચમાં સુવે છે=Ladies lie in couches=લે'ડીઝ લાય ઇન્ કાઉચીઝ.

(25) મ્હારી પાસે બે રેલ્વે પાસ છે=I have two Railway passes=આઇ હૅવ ટુ રેઇલ્વે પાસીઝ.

(26) આપણાં શરીર નાશવંત છે=Our bodies are mortal=અવર બૉડિઝ આર મૉર્ટલ.

(27) સુમન્ત પાસે પાંચ પોશાક છે=Sumanta has five dresses=સુમન્ત હૅઝ ફાઇવ ડ્રેસીઝ.

(28) કુંભાર ગધેડાં હાંકે છે=The potter drives the donkeys=ધિ પૉટર ડ્રાઇવ્ઝ ધિ ડૉન્કિઝ.

(29) આ દ્રાક્ષ સુંદર છે=These grapes are beautiful=ધીઝ ગ્રેઇપ્સ આર બ્યુટિફુલ.

(30) લોંકડીઓ દ્રાક્ષને ચાહે છે=Foxes like grapes=ફૉક્સિસ લાઇક ગ્રેઇપ્સ.

(31) સરકાર લોકના પૈસા ખર્ચે છે=The Government spends the monies of the people=ધિ ગવર્મેન્ટ સ્પેન્ડઝ ધિ મનીઝ ઑફ ધિ પિપલ.

IV

(અભ્યાસીએ જાતે કરવાનાં વાકયો.)

(૧) અમદાવાદમાં ઘણા બાગ છે. (૨) સુરતમાં ઘણાં વાંદરાં છે. (૩) સીદીઓ કાળા હોય છે. (૪) આ કુંભાર પાસે ઘણાં ગધેડાં છે. (૫) મને બે વાર્તાઓ કહો. (૬) બાનુઓ મ્હોટા મકાનમાં રહે છે. (૭) આ બાળકો સુંદર છે. (૮) દ્રાક્ષનાં આ લૂમખાં સુંદર છે. (૯) આ કુંચીઓ અમારી છે. (૧૦) આ ગોવાળ પાસે પાંચ ભેંસો અને દસ ગાયો છે. (૧૧) તમારી ઇચ્છાઓ પવિત્ર છે. (૧૨) આ પટાટા સારા છે. (૧૩) પેલી પેટીમાં રમકડાં છે. (૧૪) આ લોંકડીઓ દ્રાક્ષ ખાય છે. (૧૫) જર્મનિમાં ઘણાં લશ્કર છે. (૧૬) પેટીઓ કુંચીઓ વડે ઉઘડે છે. (૧૭) કાળીદાસનાં નાટકો સૌથી સારાં છે. (૧૮) લન્ડનમાં ઘણાં દેવળો છે. (૧૯) અમે કુંચીઓ, બ્રશ, કલમો, પેન્સીલ અને ખડીઆ વેચીએ છીએ. (૨૦) હું ખાટલા ઉપર સુઉં છું. (૨૧) અમારા ઘરમાં ઘણા કોચ છે. (૨૨) ઘણા સીદીઓ આફ્રીકામાં રહે છે. (૨૩) મને બે પાસ આપો. (૨૪) લોંકડીઓ ઝાડીઓમાં રહે છે. (૨૫) આ પેન્સીલ પાંચ તસુ લાંબી છે. (૨૬) તેમનાં શરીર સુંદર છે. (૨૭) તે પોતાના કાકાનાં નાણાં ખરચે છે.

V

[અભ્યાસીએ જાતે કરવાનાં વાકયો.]

1 Churches are the beauties of a city=ચર્ચિઝ આર ધિ બ્યુટિઝ ઑફ એ સિટિ.

2 Babies like toys=બે'બિઝ લાઇક ટૉઇઝ.

3 The Indians like potatoes=ધિ ઇન્ડીઅન્સ લાઇક પૉટેટો'ઝ.

4 The negroes of Africa are very black=ધિ નિગ્રો'ઝ ઑફ આફ્રિકા આર વૅરિ બ્લૅક.

5 English armies are the best=ઇંગ્લીશ આર્મિઝ આર ધિ બેસ્ટ.

6 Who drives your coach ?=હુ ડ્રાઇવ્ઝ યૉર કો'ચ.

7 My coachman [કો'ચમૅન્-ગાડીવાળો] drives my coach=માય કો'ચમૅન્ ડ્રાઇવ્ઝ માય કોચ.

8 Who keeps donkeys ?=હુ કીપ્સ ડૉન્કિઝ ?

9 The potter keeps donkeys=ધિ પૉટર કીપ્સ ડૉન્કિઝ.

10 Who keeps buffaloes ?=હુ કીપ્સ બફેલો'ઝ ?

11 The cowherd keeps buffaloes=ધિ કાઉહર્ડ કીપ્સ બફેલો'ઝ.

12 Do foxes like grapes ?=ડુ ફૉક્સિઝ લાઇક ગ્રેઇપ્સ ?

13 They like grapes=ધે' લાઇક ગ્રેઇપ્સ.

14 Armies make many marches in a day=આર્મિઝ મેઇક મૅનિ માર્ચિઝ ઇન્ એ ડે'.

15 Who lie in couches ?=હુ લાય ઇન કાઉચીઝ ?

16 Ladies lie in couches=લેડિઝ લાય ઇન્ કાઉચીઝ.

17 These couches are very beautiful=ધિઝ કાઉચીઝ આર વૅરિ બ્યુટિફુલ.

18 Those bunches of grapes are very fine—ધો'ઝ બન્ચીઝ ઑફ ગ્રેપ્સ આર વેરિ ફાઇન.

19 Open your boxes with my keys—ઓપન્ યૉર બૉક્સિસઝ વિથ માય કીઝ.

20 There are many monkeys in Ahmedabad—ધેર આર મૅનિ મન્કીઝ ઇન અહ્મ્દાબાદ.

21 This foot is twelve inches long—ધિસ ફૂટ ઇઝ ટ્વેલ્વ ઇન્ચીઝ લૉંગ.

22 This woman tells us beautiful stories—ધિસ વુમન ટેલ્સ અસ બ્યુટિફુલ સ્ટોરિઝ.

23 Have they pious wishes?—હૅવ ધે' પાયસ વિશિઝ ?

24 Yes, they have pious wishes—યસ, ધે હૅવ પાયસ વિશિઝ.

25 How many dresses have you?—હાઉ મૅનિ ડ્રેસીઝ હૅવ યુ ?

26 I have ten dresses—આઇ હૅવ ટેન ડ્રેસીઝ.

27 There are heaps of potato s in Ahmedabad—ધેર આર હીપ્સ ઑફ પૉટેટો'ઝ ઇન્ અહ્મેદાબાદ.

28 My servant opens the doors with keys—માય સર્વન્ટ ઑપન્સ ધિ ડૉ'ર્સ વિથ કીઝ.

29 *Do* you live in a big house?—ડુ યુ લિવ ઇન્ એ બિગ હાઉસ ?

30 No, I live in a small house—નો, આઇ લિવ ઇન્ એ સ્મૉલ હાઉસ.

31 Negroes like to lie in bushes-નિગ્રોઝ લાઈક ટુ લાય ઇન બુશિઝ.

32 Who sell pots?-હુ સેલ પૉટસ ? (વાસણ)

33 Potters sell pots-પૉટર્સ સેલ પૉટસ.

34 He drives the asses with his stick-હિ ડ્રાઇવ્ઝ ધિ ઍસિઝ વિથ હિઝ સ્ટિક.

35 These brushes are the best-ધીઝ બ્રશિઝ આર ધિ બેસ્ટ.

36 Big masses of men are in the field-બીગ માસિઝ ઑફ મૅન આર ઇન ધિ ફીલ્ડ.

સૂચનાઃ—ઉપર જણાવ્યું છે કે જે નામને છેડે ch આવે છે તેમનું બહુવચન es પ્રત્યય લગાડવાથી થાય છે. પરંતુ એટલું તો ધ્યાનમાં રાખવું કે જ્યારે ch નો ઉચ્ચાર "ચ" થાય છે ત્યારે બહુવચનમાં તેને es પ્રત્યય લાગે છે, પણ જ્યારે ch નો ઉચ્ચાર "ક" થાય ત્યારે બહુવચનમાં માત્ર s પ્રત્યય લાગે છે જેમકેઃ— Churches-ચર્ચીઝ-દેવળો પણ A monarch—એ મોનાર્ક-રાજા; Monarchs-મૉનાર્કસ-રાજાઓ. હોજરી—Stomach-સ્ટમક; હોજરીઓ—Stomachs—સ્ટમક્સ.

પ્રકરણ ૨૦ મું.

Nouns and their Plural forms.

નામ અને તેમનાં બહુવચનનાં રૂપ.

ઉપર બહુવચનને માટે નિયમો આપ્યા છે તે નિયમીત નામને માટે છે. પણ અંગ્રેજી ભાષામાં થોડાક અનિયમીત નામ પણ છે જેનાં

બહુવચનનાં રૂપ કોઈ પણ નિયમને અનુસરીને થતાં નથી. આ નીચે એવાં થોડાં નામ આપ્યાં છે તે અભ્યાસીએ મ્હોડે કરવાં.

એકવચન [Singular]	બહુવચન [Plural]
માણસ=A man=એ મૅન્	માણસો=Men=મૅન્
બાયડી=A woman એ વૂમન્	બાયડીઓ=Women=વિમૅન્
હંસ=A goose=એ ગૂઝ	હંસો=Geese=ગીઝ
જુ=A louse=એ લાઉસ્	જુઓ=Lice=લાઇસ્
ઉંદર=A mouse=એ માઉસ્	ઉંદરો=Mice=માઇસ્
પગ=A foot=એ ફૂટ્	પગો=Feet=ફીટ
બળદ=An ox=ઍન્ ઑક્સ્	બળદો=Oxen=ઑક્સન્
બાળક=A child=એ ચાઇલ્ડ્	બાળકો=Children=ચિલ્ડ્રન
દાંત=A tooth=એ ટૂથ	દાંતો=Teeth=ટીથ
ગાય=A cow એ કાઉ	ગાયો=Cows=કાઉઝ Kine=કાઇન્

II

શબ્દાભ્યાસ—Word Study—વર્ડ સ્ટડિ.

હવે=Now=નાઉ	રમશે=Will play=વિલ પ્લે
ગૂંથવું=To knit=ટુ નિટ	તરવું=To swim=ટુ સ્વીમ્
તળાવ=A pond=એ પૉન્ડ	કરડવું=To bite=ટુ બાઇટ
રમવું=To play=ટુ પ્લે	દૂર=Away=અવે
દર=A hole=એ હોલ	માંથી બ્હાર=Out of=આઉટ ઑફ
જ્યારે=When=વ્હેન	ઉરાડવું=To fly=ટુ ફ્લાય
પતંગ=Kites=કાઇટસ	ખેંચવું=To draw=ટુ ડ્રૉ

ગાડું=A cart=એ કાર્ટ વાળ=Hair=હે'ર

પાણી લાવવુ=To fetch water=ટુ ફેચ વૉટર

માંથી=From=ફ્રૉમ

રાત્રે=At night=ઍટ નાઈટ સવારે=In the morning=ઇન ધિ મૉર્નિંગ

શકવું=Can=કૅન રાજ્ય કરવું=To reign=ટુ રેઇન

રાજ્ય=Kingdom=કિન્ગડમ ઉપર=Over=ઓ'વર

તાબે રહેવું, આજ્ઞા પાળવી, માનવું } To obey ટુ ઓ'બે સુંદર રીતે=Beautifully=બ્યુટિફુલિ

મોજાં=Stockings=સ્ટૉકિંગ્ઝ ન્હાવું=To bathe=ટુ બેધ

લુગડાં=Clothes=ક્લેધ્ઝ ધોવું=To wash=ટુ વૉશ

વાત કરવી=To talk=ટુ ટૉક બ્હાર આવવું=To come out

III

1 વિનોદિની ગૂંથે છે.-Vinodini knits.-વિનોદિનિ નિટસ.

2 તે મોજાં ગૂંથે છે.—She knits stockings—શિ નિટસ સ્ટૉકિંગ્ઝ.

3 આ બાયડીઓ મોજાં ગૂંથે છે-These women knit stockings-ધિઝ વિમૅન નિટ સ્ટૉકિંગ્ઝ.

4 પેલી બાયડી પાણી લાવે છે-That woman fetches water—ધૅટ વૂમન્ ફેચિઝ વૉટર.

5 પેલી બાયડીઓ તળાવમાંથી પાણી લાવે છે—Those women fetch water from the pond-ધોઝ વિમેન ફેચ વૉટર ફ્રૉમ ધિ પૉન્ડ.

6 આ માણુસો કામ કરે છે—These men work—ધીઝ મેન વર્ક.

7 પેલા માણુસો વાતો કરે છે—Those men talk—ધોઝ મેન ટૉક.

8 હંસો તળાવમાં તરે છે—Geese swim in the pond—ગીઝ સ્વિમ ઇન્ ધિ પૉન્ડ.

9 દમયંતિ આ હંસને ચાહે છે—Damayanti likes this goose—દમયન્તિ લાઇક્સ ધિસ ગૂઝ.

10 પેલા હંસ ઘણુંજ સુંદર છે—Those geese are very beautiful—ધો'ઝ ગીઝ આર વેરિ બ્યુટિફુલ.

11 તેના પગ મ્હોટા છે—His feet are big—હિઝ ફીટ આર બિગ.

12 મ્હારા પગ ન્હાના છે—My feet are small—માય ફીટ આર સ્મૉલ.

13 જુએ વાળમાં રહે છે—Lice live in hair—લાઇસ લિવ ઇન્ હે'ર.

14 જુએ માણુસને કરડે છે—Lice bite men—લાઇસ બાઇટ મેન્.

15 ઉંદરો રમે છે—Mice play—માઇસ પ્લે'.

16 આ ઉંદર રમે છે—This mouse plays—ધિસ માઉસ પ્લેઇઝ.

17 જ્યારે બીલાડીઓ દૂર હોય છે—When cats are away—વ્હેન્ કૅટસ આર અવે'.

18 જ્યારે બિલાડીઓ દૂર હોય છે ત્યારે ઉંદરો રમે છે—Mice play when the cats are away—માઇસ પ્લે' વ્હેન્ ધિ કૅટસ આર અવે'.

19 આ જુ બહુ જાડી છે-This louce is very fat-ધિસ લાઉસ ઇઝ વેરિ ફૅટ.

20 આ બાળક તળાવમાં ન્હાય છે—This child bathes in the pond—ધિસ ચાઇલ્ડ બેધદસ ઇન્ ધિ પૉન્ડ.

21 પેલાં બાળકો તળાવમાં ન્હાય છે અને રમે છે—Those children bathe and play in the pond—ધો'ઝ ચિલ્ડ્રન બેધધ ઍન્ડ પ્લેઇન ધિ પૉન્ડ.

22 આ સ્ત્રીઓ સુંદર રીતે ગાય છે-These women sing beautifully—ધીઝ વિમેન સીન્ગ બ્યુટિફુલિ.

23 સ્ત્રીઓ તળાવમાં પોતાનાં લુગડાં ધુએ છે-Women wash their clothes in the pond-વિમેન વૉશ ધે'ર ક્લો'થ્સ ઇન્ ધિ પૉન્ડ.

24 આ બળદ ગાડું ખેંચે છે—This ox draws a cart—ધિસ ઑકસ ડ્રૉઝ એ કાર્ટ.

25 પેલા બળદ આપણાં ગાડાં ખેંચે છે—Those oxen draw our carts-ધો'ઝ ઑકસન્ ડ્રૉ અવર કાર્ટસ.

26 ઉંદરો તેમના દરમાંથી રાત્રે બ્હાર આવે છે—Mice come out of their holes at night—માઇસ કમ આઉટ ઑફ ધે'ર હો'લ્સ ઍટ નાઇટ.

27 રાજાઓ રાજ્ય કરે છે-Monarchs rule-મૉનાર્કસ રૂલ.

28 રાજાઓ તેમનાં રાજ્યો ઉપર રાજ્ય કરે છે—Monarchs rule over their kingdoms—મૉનાર્કસ રૂલ ઓ'વર ધે'ર કીન્ગડમ્સ.

29 લોકો પોતાના રાજાની આજ્ઞા પાળે છે—People obey their monarchs—પિપલ્ઝ ઓ'બે' ધે'ર મૉનાર્ક્સ.

30 સવારમાં છોકરાં પતંગ ઉડાડે છે—Children fly kites in the morning—ચિલ્ડ્રન ફ્લાય કાઇટ્સ ઇન્ ધિ મૉર્નિંગ.

IV

(અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.)

[૧] આ માણસ બહાદુર છે. [૨] પેલો માણસ પાતળો છે. [૩] આ માણસો જાડા છે. [૪] પેલા માણસો લાંબા છે. [૫] આ સ્ત્રી સુંદર છે. [૬] પેલી સ્ત્રી મોજાં ગૂંથે છે. [૭] પેલી સ્ત્રીઓ તળાવમાં ન્હાય છે. [૮] આ સ્ત્રીઓ પોતાનાં કપડાં ધુએ છે. [૯] પેલી બૈરીઓ તળાવમાંથી પાણી લાવે છે. [૧૦] હંસો બહુજ સુંદર પ્રાણીઓ છે. [૧૧] હંસો તળાવમાં રહે છે અને તળાવમાં તરે છે. [૧૨] પૈસાદાર માણસો હંસ રાખે છે. [૧૩] આ બાળકને રમવાનું ગમે છે. [૧૪] આ બાળકો દરરોજ રમે છે. [૧૫] પેલા બળદ અમારા છે. [૧૬] આ બળદ તમારો છે. [૧૭] હું મ્હારા પગ ઉપર ઉભો રહું છું. [૧૮] મ્હારે બે પગ છે. [૧૯] જનાવરને ચાર પગ હોય છે. [૨૦] ઉંદરો ઓરડીમાં દોડે છે.

V

(અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.)

(૧) These children swim well in the pond—ચિલ્ડ્રન્ સ્વિમ વેલ ઇન ધ પૉન્ડ.

(૨) Women knit stockings well—વિમેન નિટ સ્ટૉકિંગ્ઝ વેલ.

(૩) The cats are away—ધિ કૅટસ આર અવે.

(૪) Now (નાઉ-હવે) the mice will play—નાઉ ધિ માઉસ વિલ પ્લે'.

(૫) When do children play cricket—વ્હેન ડુ ચિલ્ડ્રન પ્લે' ક્રિકેટ ?

(૬) Children play cricket in the morning—ચિલ્ડ્રન પ્લે' ક્રિકેટ ઇન્ ધિ મૉરનીંગ,

(૭) Who draw cahts ?—હુ ડ્રૉ કાર્ટસ ?

(૮) Oxen draw carts—ઑક્સન ડ્રૉ કાર્ટસ.

(૯) These geese are very beautitul—ધીઝ ગીઝ આર વરિ બ્યુટિફુલ.

(૧૦) I wish to take one goose from this pond-આઇ વિશ ટુ ટેઇક વન્ ગુઝ ફ્રૉમ ધિસ પૉન્ડ

(૧૧) Can I catch a goose-કૅન આઇ કેચ એ ગુઝ ?

(૧૨) No, you cannot catch a goose-નો, યુ કૅનનૉટ કૅચ એ ગુઝ.

(૧૩) Who rules over you-હુ રૂલ્સ ઓ'વર યુ.

(૧૪) The English king George V rules over us-ધિ ઇંગ્લીશ કિંગ જ્યોર્જ ફિફ્થ રૂલ્સ ઓ'વર અસ.

(૧૫) Where do you bathe ?-વ્હેર ડુ યુ બેઇધ ?

(૧૬) We bathe in the pond—વિ બેઇધ ઇન્ ધિ પૉન્ડ.

(૧૭) Can you swim in a pond ? કૅન્ યુ સ્વિમ ઇન્ એ પૉન્ડ ?

17 Can you swim in a pond?–કૅન્ યુ સ્વિમ ઇન્ એ પૉન્ડ?

18 Yes, I can swim well in a pond?–યસ, આઇ કૅન સ્વિમ વેલ ઇન્ એ પૉન્ડ.

19 The mice bite us at night—ધિ માઇસ બાઇટ અસ ઍટ નાઇટ.

20 We fly kites in Posha-વિ ફ્લાય કાઇટસ ઇન્ પો'શ. (માસ)

પ્રકરણ ૧૭ મું.

Nouns and their Plural forms.

નાઉન્સ ઍન્ડ ધે'ર પ્લુરલ ફૉર્મ્સ.

નામ અને તેમનાં બહુવચનનાં રૂપ.

ઉપર જે નામ વિષેની સૂચનાઓ મૂકી છે તે ઉપરાંત નીચેની વિગત પણ વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવી.

સૂચના:—કેટલાંક અનિયમીત નામનાં બહુવચનનાં બે રૂપ થાય છે પણ તે બન્નેના જુદા જુદા અર્થ હોય છે. તેવા નામનું લીસ્ટ આ નીચે આપ્યું છે.

એકવચન	બહુવચન
Cloth–ક્લોથ–કપડું.	[1] Clothes–ક્લોથ્સ–પહેરવાનાં કપડાં (સીવેલાં કપડાં)
	[2] Cloths—ક્લોથ્સ—વગર સીવેલા અથવા વેચવાનાં આખાં કપડાં, કાપડ.

એકવચન	બહુવચન
Brother-બ્રધર-ભાઇ.	[1] Brothers-બ્રધર્સ—એકજ મા-બાપના ભાઇઓ.
	[2] Brethern-બ્રધરન્—જાતભાઈ, દેશભાઇ.
Die—ડાઈ-છાપો, બીબું.	[1] Dies—ડાઇઝ—છાપો (સીક્કા પાડવાની.
	[2] Dice—ડાઇસ—પાસા (રમવાના)
Genius-જુનિઅસ-બુદ્ધિ-માન પુરૂષ.	(1) Geni'sies-જુનિઅ-સિઝ-બુદ્ધિ-વાન અથવા પ્રજ્ઞ પુરૂષો.
	(2) Genii-જુનિઆઇ-ભૂત.
Fish-ફિશ-માછલી.	(1) Fish—ફિશ—માછલીઓ.
	(2) Fishes—ફિશિઝ—જૂદી જૂદી જાતની માછલીઓ.
Pea—પી—વટાણો.	(1) Peas-પીઝ-વટાણા જૂદા જૂદા દાણા વટાણાના.
	(2) Pease-પીઝ-અંગજ તરીકે "વટાણા" તેવું નામ.
Staff—સ્ટાફ-	(1) Staves-સ્ટેવ્ઝ-વળી, વાંસડા.
	(2) Staffs-સ્ટાફ્સ-લશ્કરી ખાતાં.
Shot-શૉટ-	(1) Shot-શૉટ-બંદુકમાંથી ફોડેલી ગોળીઓ.
	[2] Shots-શૉટસ-ધડાકા ફોડવું તે.

Index-ઇન્ડેક્સ-અનુક્રમણિકા.	[1] Indexes-ઇન્ડેક્સિઝ-અનુક્રમણિકાઓ. [2] Indices-ઇન્ડાઇસિઝ-ઘાત ચિહ્નો.
Penny —પેની—[એક આનાની કિંમતનો અંગ્રેજી સીક્કો.	(1) Pennies—પેનિઝ—[જૂદા જૂદા સિક્કાની ગણત્રીમાં વપરાય છે.] (2) Pence-પેન્સ-[એક સિક્કા તરીકેની ગણત્રીમાં વપરાય છે. દાખલા તરીકે ત્રણ પેનિની છૂટા છૂટા પેનિના આંકડામાં વાત કરીએ ત્યારે Three pennies-થ્રિ પેનિઝ વાપરવું. પણ જો ત્રણ પેનીની આખી રકમની એક જથ્થાના આંકડામાં વાત કરવી હોય તો Three pence-થ્રિ પેન્સ વપરાય.

II

શબ્દાભ્યાસ-Word Study-વર્ડ સ્ટડિ.

દરજી—A tailor—એ ટેઇલર
સીવવું—To sew—ટુ સો'
ઘરડું-Old-ઓલ્ડ
માતૃભૂમિ-The Motherland-ધિ મધર લૅન્ડ
વડે—With—વીથ
દુકાન-A shop-એ શૅાપ
પાટલુન-Thousers-ટ્રાઉઝર્સ
જોયું—Saw—સૉ'
ગઇ રાત્રે-Last night-લાસ્ટ નાઇટ
ખાઇને જીવવું-To live on-ટુ લિવ ઑન
પકડવું—To catch—ટુ કૅચ.

કાપડીઓ–A draper–એ ડ્રેપર	કોઇ કોઇ વખત–Sometimes–સમટાઇમ્સ
અથવા A cloth merchant–એ ક્લોથ મર્ચન્ટ	ખરાબ–Wretched–રેચેડ
ડગલો–A coat–એ કો'ટ	જગ્યાઓ–Places–પ્લેઇસિઝ
ડાહ્યા–Wise–વાઇઝ	જાત–Kind–કાઇન્ડ
વાતોડીઆ–Talkative–ટૉકેટિવ	કાપડની ઘણી જાત–Many kinds of cloth–મૅનિ કાઇન્ડ ઑફ્ ક્લોથ
વાપરવું–To use–ટુ યુઝ	
યુરોપીઅન્–An Europeen–એ યુરોપિઅન્	કેળવણી આપો–Educate–એજ્યુકેઇટ
રમતો–Games–ગેઇમ્સ	
તરવું–To swim–ટુ સ્વિમ	લોક–People–પિપલ

III

1 આ માણસ કોણ છે?–Who is this man?–હુ ઇઝ ધિસ મૅન્?

2 તે માણસ દરજી છે–That man is a tailor–ધૅટ મૅન્ ઇઝ એ ટેઇલર.

3 દરજી શું કરે છે?—What does the tailor do?–વૉટ ડઝ ધિ ટેઇલર ડુ?

4 દરજી આપણાં કપડાં શીવે છે–The tailor sews our clothes—ધિ ટેઇલર સો'ઝ અવર ક્લોથ્સ.

5 પેલો દરજી અમારાં કપડાં સીવે છે—That tailor sews our clothes—ધૅટ ટેઇલર સો'ઝ અવર ક્લો'થ્સ.

6 તમારો ડગલો કોણ સીવે છે–Who sews your coat—હુ સો'ઝ યૉર કો'ટ?

7 મ્હારો દરજી મ્હારો ડગલો અને મ્હારાં બધાં કપડાં સીવે છે—My tailor sews my coat and all my clothes-માય ટેઇલર સો'ઝ માય કોટ ઍન્ડ ઑાલ માય કલો'ધ્સ.

8 આ માણુસ ડાહ્યો નથી—This man is not wise—ધિસ મૅન ઇઝ નૉટ વાઇઝ.

9 ઘરડા માણુસો ડાહ્યા હોય છે—Old men are wise—ઓ'લ્ડ મેન્ આર વાઇઝ.

10 ઘરડી સ્ત્રીઓ વાતોડીયણ હોય છે—Old women are talkative—ઑાલ્ડ વિમેન આર ટૉકેટિવ.

11 તમારાં છોકરાંને કેળવણી આપો—Educate your children—એજ્યુકેઇટ યૉરં ચિલ્ડ્રન્.

12 સ્ત્રીઓને કેળવણી આપો—Educate women—એજ્યુકેઇટ વિમેન્.

13 ભાઇઓ, માતૃભૂમિને ચાહો—Brothers, love the Motherland—બ્રધર્સ, લવ ધિ મધરલૅન્ડ.

14 આપણે બધા ભાઇઓ છીએ—We are all brethren—વિ આર ઑાલ બ્રધરન.

15 રામ અને ગોવિંદ મ્હારા ભાઇઓ છે—Rama and Govind are my brothers-રામ ઍન્ડ ગોવિંદ આર માય બ્રધર્સ.

16 આ એક દુકાન છે—This is a shop-ધિસ ઇઝ એ શૅાપ.

17 તે કાપડીઆની દુકાન છે—That is a draper's shop—ધૅટ ઇઝ એ ડ્રેપર્સ શૅાપ.

18 કાપડીઓ કાપડ વેચે છે—The draper sells cloth—ધિ ડ્રેપર સેલ્સ કલૅાથ.

19 તે ઘણી જાતનું કાપડ વેચે છે-He sells many kinds of cloth—હિ સૅલ્સ મૅનિ કાઇન્ડઝ ઑફક્લૉથ.

20 આ માણસ સીક્કા પાડવાની છાપો વેચે છે-This man sells dies—ધિસ મૅન્ સેલ્સ ડાઇઝ.

21 પેલી છાપ સુંદર છે-Those dies are beautiful-ધો'ઝ ડાઇઝ આર બ્યુટિફુલ.

22 આ માણસ પ્રજ્ઞ પુરૂષ છે—This man is a genius-ધિસ મૅન્ ઇઝ એ જીનિઅસ.

23 કેટલાક માણસો રાત્રે ભૂત જૂએ છે—Some men see genii at night—સમ મેન્ સી જીનીઆઇ ઍટ નાઇટ.

24 રબીન્દ્રનાથ ટાગોર પણ એક બુદ્ધિશાળી પુરૂષ છે-Rabindranath Tagore is also a genius—રબીન્દ્રનાથ ટાગો'ર ઇઝ ઑલ્સો' એ જીનિઅસ.

25 શેક્સપીઅર અને રબીન્દ્રનાથ પ્રજ્ઞા વાળા પુરૂષ છે-Shakespeare and Rabindranath are geniuses-શેક્સપીઅર ઍન્ડ રબીન્દ્રનાથ આર જીનિઅસિઝ.

26 યુરોપીઅનો માછલી ખાઇને રહે છે—The Europeans live on fish—ધિ યુરોપિઅન્સ લિવ ઑન્ ફિશ.

27 માછલીઓ (જુદી જુદી જાતની) પાણીમાં તરે છે—Fishes swim in water—ફિશિઝ સ્વીમ ઇન્ વૉટર.

28 અંગ્રેજ લોક માછલાં પકડે છે-Englishmen catch fishes—ઇંગ્લીશ મૅન્ કૅચ ફિશિઝ.

29 તેઓ માછલીઓને વેચે છે—They sell fishes—ધે સેલ ફિશિઝ.

30 માછલીઓ તેમનો ખોરાક છે—Fish is their food—ફિશ ઇઝ ધે'ર ફૂડ.

31 પારસીઓ પણ માછલીઓ ખાય છે–The Parsees also eat fishes—ધિ પાર્સિઝ ઑલ્સો ઇટ ફિશ.

32 મ્હારી પાસે પાંચ વટાણા છે—I have five peas—આઇ હૅવ ફાઇવ પીઝ.

33 તેઓ વટાણા વેચે છે—They sell pease–ધે' સેલ પીઝ.

34 આ ચોપડીને અનુક્રમણિકા છે–This book has an index–ધિસ બુક હૅઝ ઍન્ ઇન્ડેક્સ.

35 પેલી ચોપડીઓને અનુક્રમણિકાઓ છે–Those books have indexes—ધો'ઝ બુક્સ હૅવ ઇન્ડેક્સીઝ.

36 અમે ઘાતચિન્હો શીખીએ છીએ–We learn indices–વિ લર્ન ઇન્ડાઇસીઝ.

37 અમે આ ચોપડી ત્રણ પેનીએ વેચીએ છીએ—We sell this book for three pennies–વિ સેલ ધિસ બુક ફૉર થ્રિ પેનિઝ.

38 હું તમને ત્રણ પેન્સ આપું છું—I give you three pence–આઇ ગિવ યુ થ્રિ પેન્સ.

39 આ ભરવાડ ઘેટાં રાખે છે–This shepherd keeps sheep–ધિસ શેફર્ડ કીપ્સ શીપ.

40 અમે પાસા વડે રમીએ છીએ—We play with dice–વિ પ્લે' વિથ ડાઇસ.

41 તેઓ રમતોમાં પાસા વાપરે છે—They use dice in games–ધે' યુઝ ડાઇસ ઇન્ ગેઇમ્સ.

42 ગરીબ માણુસો ખરાબ જગ્યામાં રહે–Poor men live in wretched places–પુઅર મેન્ લિવ ઇન્ રેચેડ પ્લેઇસિઝ.

IV.

(અભ્યાસીએ જાતે કરવાનાં વાકયો.)

(૧) મ્હારી પાસે પાંચ કપડાં છે. (૨) તેની પાસે કોટનું [for coats] કાપડ છે. (૩) પેલો દરજી કોટ અને પાટલુન સીવે છે. (૪) કેટલાક માણુસો માછલીઓ ખાઇને રહે છે. (૫) તે વટાણા ખાય છે. (૬) તેના હાથમાં દસ વટાણા છે. [તેની પાસે છે દસ વટાણા તેના હાથમાં] (૭) અમારી પાસે દસ છાપવાના સીક્કા છે. (૮) હું દસ માણુસને જોઉં છું. (૯) દસ સ્ત્રીઓ નદીમાં ધુએ છે. (૧૦) આ માણુસ પેલાં છોકરાંઓને ચાહે છે. (૧૧) ગોવિંદને ત્રણ છોકરાં છે. (૧૨) આ બાળક ખાય છે અને રમે છે. (૧૩) પેલી સ્ત્રી આ નાના બાળકને ચાહે છે. (૧૪) આ ચોપડીને અનુ-ક્રમણિકા છે પણ રામની ચોપડીને [Rama's book–રામ્સ બુક] અનુક્રમણિકા નથી. (૧૫) અમે નિશાળમાં ધાત ચીન્હો શીખીએ છીએ. (૧૬) છોકરાઓ નિશાળમાં ધાત ચીન્હો શીખે છે. (૧૭) આ માણુસ ઘણા પ્રજ્ઞાવાળા પુરૂષોને ઓળખે છે. (૧૮) આ ઘર-માં રાત્રે ઘણાં ભૂત આવે છે. (૧૯) કેટલાક લોકો ભૂત [બહુવચન] ને જુએ છે. (૨૦) આ છોકરાઓ પાસા વડે રમે છે. (૨૧) આ માછલી મ્હોટી છે. (૨૨) દરીઆઓમાં [in seas=ઇન્ સીઝ] ઘણી જાતની મ્હોટી માછલીઓ હોય છે. (૨૩) હીન્દુઓ હરણુને [deer–ડીઅર] બહુ ચાહે છે. (૨૪) હીંદુસ્થાનમાં ઘણાં હરણુ છે. (૨૫) હું પાંચ હરણુને [deer–ડીઅર] ખેતરમાં જોઉં છું. (૨૬)

મ્હેં એક હરણુ [door=ડીઅર] જોયું. (૨૭) હું તમને ચાર પેની આપું છું. (૨૮) મને પાંચ પેન્સ આપો. (૨૯) આ દરજી કોટ પાટલુન સીવે છે. (૩૦) રમુ પાસે ત્રણ કોટ અને બે પાટલુન છે.

V

(અભ્યાસીએ જાતે કરવાનાં વાકયો.)

(1) We sell many kinds of beautiful cloth—વિ સેલ્સ મૅનિ કાઇન્ડઝ ઑાફ બ્યુટિફુલ કલૅાથ.

(2) This cloth-merchant sells cloths—ધિસ કલૅાથ મર્ચન્ટ સૅલ્સ કલોથ્સ.

(3) Give clothes to the poor—ગિવ કલોથ્સ ટુ ધિ પુઅર.

(4) All English books have indexes—ઑાલ ઇંગ્લીશ બૂકસ હૅવ ઇન્ડેકસીઝ.

(5) This Gujarati book has no index—ધિસ ગુજરાતિ બૂક હૅઝ નો' ઇન્ડેકસ.

(6) Those boys learn indices—ધો'ઝ બૅાયઝ લર્ન ઇન્ડાઇસિઝ.

[7] Merchants sell pease—મર્ચન્ટસ સેલ પીઝ.

[8] They do not sell pease—ધે ડુ નૅાટ સેલ પીઝ.

[9] Wise people are not talkative—વાઇઝ પીપલ્સ આર નૅાટ ટૅાકેટિવ.

[10] Bad men and women play with dice—બૅડ મેન્ ઍન્ડ વિમેન્ પ્લે' વિથ ડાઇસ.

[11] Good children play cricket—ગૂડ ચિલ્ડ્રન પ્લે' ક્રિકેટ.

[12] This man is a genius-ધિસ મૅન્ ઇઝ એ જીનિઅસ.

[13] Geniuses are very few in our country—જીનિઅસિઝ આર વૅરિ ફ્યુ ઇન્ અવર કન્ટ્રિ.

[14] But there are many genii in it-બટ ધૅર આર મૅનિ જીનિઆઇ ઇન ઇટ.

[15] Good men educate their children—ગૂડ મેન્ એજ્યુકેઇટ ધે'ર ચિલ્ડ્રન.

[16] People educate women in England-પીપલ એજ્યુકેઇટ વિમેન ઇન્ ઇન્ગ્લાંડ.

[17] The English love their motherland—ધિ ઈંગ્લીશ લવ ધે'ર મધરલૅન્ડ.

[18] We live on bread—વિ લિવ ઑન્ બ્રેડ.

[19] They catch fishes from the sea-ધે કૅચ ફિશિઝ ફ્રૉમ ધિ સી.

[20] India is our mother country—ઇન્ડીઆ ઇઝ અવર મધર કન્ટ્રી.

[21] We love India; it is our mother country-વિ લવ ઇન્ડીઆ, ઇટ ઇઝ અવર મધર કન્ટ્રી.

પ્રકરણ ૨૨ મું.

Nouns and their Plural forms.

નાઉન્સ ઍન્ડ ધે'ર પ્લુરલ ફૉર્મ્સ.

નામ અને તેમનાં બહુવચન.

સૂચના ૧:—કેટલાંક નામના એકવચન તેમજ બહુવચનનાં રૂપ એકજ હોય છે. તેવાં નામનું લીસ્ટ આ નીચે આપ્યું છે.

એકવચન.	બહુવચન.
A sheep=એ શીપ=ઘેટું.	Sheep=શીપ=ઘેટાં.
A deer=એ ડીઅર=હરણ.	*Deer*=ડીઅર=હરણો.
A fish=એ ફીશ=માછલી.	Fish=ફિશ=માછલીઓ.
Yoke=યો'ક=બળદની જોડ	Yoke=યો'ક=બળદની જોડો.
A dozen=ડઝન=(બાર)	Dozen=ડઝન=ડઝન.
A score=એ સ્કો'ર=કોડી, વીશ.	Score=સ્કો'ર=કોડી, વીશ.
A stone=એ સ્ટો'ન=પથ્થર-વજનનું માપ.	Stone=સ્ટો'ન=પથ્થરો (વજનનું માપ.
A pice=એ પાઇસ=પૈસો.	Pice=પાઇસ=પૈસા.
A hundredweight=એ હંડ્રેવેઇટ=હંડ્રેવેઇટ.	Hundredweight=હંડ્રેવેઇટ=હંડ્રેવેઇટો.

સૂચના ૨:—ઉપર એક નિયમ આપ્યો છે કે જે નામને છેડે o આવતો હોય તેનું બહુવચન સાધારણ રીતે es પ્રત્યય લગાડવાથી થાય છે. તેવા નામનું એક નાનું લીસ્ટ આ નીચે આપ્યું છે:—

એકવચન.	બહુવચન.
A hero=એ હિરો'=વીરપુરૂષ.	Heroes=હિરો'ઝ=વીરપુરૂષો.
A buffalo=એ બફેલો'=ભેંસ.	Buffaloes=બફેલો'ઝ=ભેંસો.
A potato=એ પૉટેટો'=પટાટો.	Potatoes=પૉટેટો'ઝ=પટાટા.
A mango=એ મૅન્ગો'=કેરી.	Mangoes=મૅન્ગો'ઝ=કેરીઓ.
An echo=એન ઍકો'=પડઘો.	Echoes=ઍકો'ઝ=પડઘા.
A negro=એ નિગ્રો=સીદી.	Negroes=નિગ્રો'ઝ=સીદીઓ.
Cargo=કાર્ગો=વ્હાણ ઉપરનો માલ.	Cargoes=કાર્ગોઝ=માલ (વહાણ ઉપરનો)
A motto=એ મોટો'=સૂત્ર. (કહેવત)	Mottoes=મોટોઝ=સૂત્રો.
A volcano=એ વૉલ્કેનો'= જ્વાળામુખી.	Volcanoes=વૉલ્કેનો'ઝ= જ્વાળામુખી.

પણ oo, io, eo, yo એ અક્ષરો જે નામની છેડે આવે છે તે નામ સાધારણ નિયમ તરીકે બહુવચનના રૂપમાં એકલો s જ લે છે; તેમ કેટલાંક નામને છેડે એકલો o આવતો હોય છે છતાં તેનાં બહુવચન es ને બદલે s લગાડવાથી થાય છે. જેમકે;—

એકવચન.	બહુવચન.
A cuckoo=એ કકૂ=કોયલ.	Cuckoos=કકૂઝ=કોયલો.
A bamboo=એ બૅમ્બુ=વાંસ.	Bamboos=બૅમ્બૂઝ=વાંસ.
A Hindoo=એ હિન્દૂ=હિન્દુ.	Hindoos=હિન્દૂઝ=હીંદુઓ.
A Seraglio=એ સિરેગ્લીઓ= અંતઃપુર, ઝનાનો; રાણીનો આવાસ.	Seraglios=સિરેગ્લીઓ'ઝ= રાણીના આવાસ.

એકવચન.	બહુવચન.
An embryo=ઍન એમ્બ્રાયો=તાજો ગર્ભ.	Embrayos=એમ્બ્રાયોઝ=ગર્ભ.
Cameo=કેમિઓ=હીરો.	Cameos=કેમિઓઝ=હીરા.
A grotto=એ ગ્રૉટો=ગુહા, ભોંયરૂ, ગુફા.	Grottos=ગ્રોટોઝ=ગુફાઓ, ભોંયરાં.
A halo=એ હેલો=પ્રભામંડળ, તેજ, ચક્ર.	Halos=હેલોસ=પ્રભામંડળ, તેજ, ચક્ર.
A momento=એ મોમેન્ટો=યાદગીરી.	Momentos=મોમેન્ટોઝ=યાદગીરી.
A proviso=એ પ્રોવાઇઝો=શરત.	Provisos=પ્રોવાઇઝોસ=શરત.
A piano=એ પીયાનો=પીયાનો નામનું વાજીંત્ર.	Pianos=પીયાનોઝ=પીઆના.
A Canto=એ કૅન્ટો=સર્ગ.	Cantos=કૅન્ટોઝ=સર્ગ.

નીચેનાં નામને છેડે o આવે છે અને તેમનાં બહુવચનનાં રૂપ o અથવા es ગમે તે લગાડયાથી થાય છે. જેમકે;—

એકવચન.	બહુવચન.
Calico=કૅલિકો=છીંટ	Calicos અથવા Calicoes=કૅલિકોઝ=છિંટો
(A) Mosquito=એમૉસ્કવિટો=મચ્છર	Mosquitos અથવા Mosquitoes=મૉસ્કવીટોઝ=મચ્છરો.
A portico=એ પૉર્ટિકો=બંગલા આગળ બ્હારના દરવાજા ઉપરના ધાબા નીચેનો ભાગ.	Portico અથવા Porticoes=પૉર્ટિકોઝ

સૂચના ૩:—જો કોઇ નામને છેડે f અથવા fe આવે તો તેનું બહુવચન સાધારણ નિયમ પ્રમાણે f કે fe ને બદલે ves મૂકવાથી થાય છે. આ નિયમના દાખલા નીચે પ્રમાણે છે:—

એકવચન.	બહુવચન.
A wife=એ વાઇફ=વહુ.	Wives=વાઇવ્ઝ=વહુઓ.
A life=એ લાઇફ=જીંદગી.	Lives=લાઇવ્ઝ=જીંદગીઓ.
A knife=એ નાઇફ=ચરી.	Knives=નાઇવ્ઝ=છરીઓ.
A leaf=એ લીફ=પાંદડું.	Leaves=લીવ્ઝ=પાંદડાં.
A sheaf=એ શીફ=પૂળો, પુળીયું.	Sheaves=શીવ્ઝ=પૂળીયાં.
A thief=એ થીફ=ચોર.	Thieves=થીવ્ઝ=ચોર,
A half=એ હાફ=અડધું.	Halves=હાવ્ઝ=અડધીયાં.
A calf=એ કાફ=વાછરડું.	Calves=કાવ્ઝ=વાછરડાં.
Self=સેલ્ફ=જાત.	Selves=સેલ્વ્ઝ=જાત.
Myself=માયસેલ્ફ=મ્હારી જાત.	Ourselves=અવરસેલ્વ્ઝ=અમારી જાત.
Himself=હિમસેલ્ફ=તેની જાત.	Themselves=ધેમસેલ્વ્ઝ=તેમની જાત
A shelf=એ શેલ્ફ=છાજલી.	Shelves=શેલ્વ્ઝ=છાજલીઓ.
A wolf=એ વુલ્ફ=વરૂ.	Wolves=વુલ્વ્ઝ=વરૂઓ.
An elf=એન એલ્ફ=મસ્તીખોર, પરી, ભૂત.	Elves=એલ્વઝ=ભૂતો,

કેટલાંક એવાં નામ પણ છે કે જેને છેડે f આવતો હોય છે છતાં તેનું બહુવચન f ને બદલે ves મૂકવાથી નથી થતું. આવા નામનું બહુવચન સાધારણ નિયમ પ્રમાણે કરવું એટલે કે તેમને છેડે માત્ર s પ્રત્યય લગાડવો. આવાં નામના દાખલા નીચે મુજબ છે.

એકવચન.	બહુવચન.
A chief=એ ચીફ=આગેવાન, દેશી રાજા.	Chiefs=ચીફ્સ=આગેવાનો, રાજાઓ.
A roof=એ રૂફ=છાપરૂં.	Roofs=રૂફ્સ=છાપરાં.
A hoof=એ હુફ=ખરી.	Hoofs=હુફ્સ=ખરીઓ.
A proof=એ પ્રુફ=સાબીતી, ગેલી.	Proofs=પ્રુફ્સ=સાબીતીઓ, ગેલીઓ.
A dwarf=એ ડ્વાર્ફ=વામન, ઠીંગણો.	Dwarfs=ડ્વાર્ફ્સ=ઠીંગણા, વામન.
Turf=ટર્ફ=લીલોતરી (ઘાસ)	Turfs=ટર્ફ્સ=લીલોતરી (ઘાસ.)
A gulf=એ ગલ્ફ.	Gulfs=ગલ્ફ્સ=સમુદ્ર.
A cliff=એ ક્લીફ=ટેકરી.	Cliffs=કિલફ્સ=ટેકરીઓ.
Grief=ગ્રીફ=દીલગીરી.	Griefs=ગ્રીફ્સ=દીલગીરીઓ.
A brief=એ બ્રિફ=મુકદ્દમાનો સંક્ષેપ સાર.	Briefs=બ્રિફ્સ=સાર.

નીચેનાં ત્રણ નામ જેને છેડે fe આવે છે તેનું બહુવચન s લગાડયાથી થાય છે.

એકવચન.	બહુવચન.
A safe=એ સેઇફ=તીજોરી	Safes=સેફ્સ=તીજોરીઓ
A strife=એ સ્ટ્રાઇફ=કજીઓ	Strifes=સ્ટ્રાઇફ્સ=કજીઆ
A fife=એ ફાઇફ=પીપુડી, વાંસળી	Fifes=ફાઇફ્સ=પીપુડીઓ, વાંસળીઓ

II

શબ્દાભ્યાસ—Word Study—વર્ડ સ્ટડિ

હીંદી=Indian=ઇન્ડીઅન	ઘણું=Much=મચ
ઉગવું=To grow=ટુ ગ્રો'	જમીન=Ground=ગ્રાઉન્ડ

આયર્લૅન્ડ=Ireland=આયર્લૅન્ડ

નજીક=Near=નિઅર

વહાણ=A vessel=એ વેસલ

આપણો દેશ=Our Fatherland
અવર ફાધરલૅન્ડ

યુરોપ=Europe=યુરોપ

મોગલ રાણીઓ-Mogul queens
મોગલ ક્વીન્સ

સ્વપ્નવત્તગુફા=A dream-grotto
એ ડ્રીમ-ગ્રોટો

આસપાસ=Round=રાઉન્ડ

નીચે=Under=અન્ડર

ધારવાળી=Sharp=શાર્પ

લુચ્ચા=Cunning=કનિંગ

બાલ્યાવસ્થા=Childhood=
ચાઇલ્ડહુડ

યાદ આવવું=To remember=
ટુ રીમેમ્બર

કબુલાત=Agreement=એગ્રીમેન્ટ

ગાડી=A carriage=એ કેરેઇજ

લડવાડીઅણ સ્ત્રી=A termagant
એ ટર્મેજન્ટ

સાંભળવું=To hear=ટુ હીઅર

કાંકરીઆ (તળાવ)=The Kan-
karia=ધિ કાંકરીઆ

ભરેલું=Full=ફુલ

જર્મનો=The Germans=ધિ
જર્મન્સ

નાશ કરવો=To destroy=ટુ
ડિસ્ટ્રોય

વિચાર=Ideas=આઇડીઆઝ

દુનિયા=The world=ધિ વર્લ્ડ

દેવો=Gods=ગૉડ્ઝ

લીલી=Green=ગ્રીન

પૂજવું=To worship=ટુ વર્શીપ

ધોળી=White=વ્હાઇટ

મીઠા=Sweet=સ્વીટ

બાંધવું=To bind=ટુ બાઇન્ડ

મોંઘા=Dear=ડીઅર

ઉભા રહેવું=To stand=ટુ
સ્ટેન્ડ

મ્હોટા પુરૂષો=Great men=
ગ્રેટ મેન્

ખેડુત=A farmer=એ ફાર્મર

ચોરી જવું=To steal away=ટુ સ્ટીલ અવે'

વડોદરાના રાજા=The chief of Baroda=ધી ચીફ ઑફ બરોડા

વકીલ=A lawyer=એ લૉયર

ઘડવું=To mould=ટુ મૉલ્ડ

તળાવ=A tank=એ ટેન્ક

બાંધવું=To tie=ટુ ટાય

ઘરેણાં=Ornaments=ઑરનામેન્ટસ

વગાડે છે=Blows=બ્લોઝ

વાળ=Hair=હૅઅર

ચ્હેરા=Faces=ફેઈસીઝ

આવાસ (નિવાસ સ્થળ)=Residence=રેસિડન્સ

II

1 પ્રતાપ હિન્દી વીર પુરૂષ છે—Pratap is an Indian hero—પ્રતાપ ઇઝ ઍન્ ઇન્ડીઅન્ હિરો'.

2 રજપુતો હીંદુસ્થાનના વીર નર છે–The Rajputs are the heroes of India=ધિ રજપુત્સ–આર ધિ હિરોઝ ઑફ ઇન્ડીઆ.

3 આ ભેંસ મ્હોટી છે=This buffalo is big=ધિસ બફેલો ઇઝ બિગ.

4 ભેંસો ઘણું દૂધ આપે છે=Buffaloes give much milk=બફેલોઝ ગિવ મચ મિલ્ક.

5 આપણને પટાટા ગમે છે=We like potatoes=વી લાઇક પોટેટો'ઝ.

6 પટાટા આયર્લૅન્ડમાં ઉગે છે=Potatoes grow in Ireland=પૉટેટોઝ ગ્રો ઇન આયર્લૅન્ડ.

7 તેઓ વળી હીંદુસ્થાન અને જર્મનીમાં ઉગે છે=They also

grow in India and Germany=ગ્રે ઑાસ્સો ગ્રો ઇન ઇન્ડીઆ એન્ડ જર્મની.

8 પેલી કેરીઓ મીઠી છે=Those mangoes are sweet=ધો'ઝ મેન્ગોઝ આર સ્વીટ.

9 પેલી કેરી લીલી છે=That mango is green=ધૅટ મૅન્ગો ઇઝ ગ્રીન.

10 હું એક પડઘો સાંભળું છું=I hear an echo=આઇ હીઅર એન એકો.

11 તે મ્હારો પડઘો છે=That is my echo=ધૅટ ઇઝ માય એકો.'

12 કાંકરીઆ તળાવ આગળ આપણે પડઘા સાંભળીએ છીએ=We hear echoes near the Kankaria tank=વી હીઅર એકોઝ નિઅર ધિ કાંકરીઆ ટૅન્ક.

13 સીદીઓને કાળા વાળ હોય છે=The negroes have black hair=ધિ નિગ્રોઝ હૅવ બ્લૅક હેઅર.

14 આ વ્હાણોમાં માલ છે=There are cargoes in these vessels=ધેર આર કાર્ગોઝ ઇન ધીઝ વેસલ્સ.

15 "દેશને ચાહો" એ જર્મનોનું સૂત્ર છે=The motto of the Germans is 'Love the Fatherland'=ધિ મોટો ઑફ ધિ જર્મન્સ ઇઝ લવ ધિ ફા'ધરલૅન્ડ.

16 "માતૃભુમિને ચાહો" એ અંગ્રેજ લોકોનું સૂત્ર છે.="Love the Motherland" is the motto of the English=લવ ધિ મધર લૅન્ડ ઇઝ ધિ મોટો ઑફ ધિ ઈંગ્લીશ.

17 સૂત્રો આપણાં જીવનને ઘડે છે=Mottoes mould our lives=મોટોઝ મો'લ્ડ અવર લાઇવ્ઝ.

18 યુરોપમાં ઘણાં જ્વાળામુખી પર્વત છે=In Europe there are many volcanoes=ઇન યુરોપ ધેર આર મૅનિ વોલ્કેનો'ઝ.

19 વેસુવીઅસ જ્વાળામુખી પર્વત છે=Vesuvius is a volcano=વેસુવિઅસ ઇઝ એ વોલ્કેનો !

20 હીંદુસ્થાનની કોયલો બહુજ સુંદર રીતે ગાય છે=Indian Cuckoos sing very beautifully=ઇન્ડીઅન કકૂઝ સીંગ વેરિ બ્યુટિફુલિ.

21 મ્હારા છાપરા ઉપર ઘણા વાંસડા છે=There are many bamboos on my roof=ધેર આર મૅનિ બૅમ્બુઝ ઓન માય રૂફ.

22 હીન્દુઓ માયાળુ લોક છે=The Hindoos are a kind people=ધિ હિન્દુઝ આર એ કાઇન્ડ પીપલ.

23 મોગલ રાણીઓ જનાનામાં રહેતી=Mogul queens lived in seraglios=મૅાગલ ક્વીન્સ લિવ્ડ ઇન સિરાગ્લીઓઝ.

24 જનાનું એ રાણીનો નિવાસસ્થાન છે=The seraglio is a queen's residence=ધિ સિરાગ્લીઓ ઇઝ એ ક્વીન્સ રેસિડન્સ.

25 આ વિચારો ગર્ભમાં છે=These ideas are in embrayo=ધીઝ આઇડીઆઝ આર ઇન એમ્બ્રાયો.

26 કેમીઓસ એ મૅરિકૅારેલિનું એક પુસ્તક છે.=" Camoes " .

is one of Marie Corelli's books=ઇસ્મિઓસ ઇઝ વન ઑફ મૅરિ કૉરેલિઝ બૂક્સ.

27 આ દુનિયા સ્વપ્નવત ગુફા છે=This world is a dream-grotto=ધિસ વર્લ્ડ ઇઝ એ ડ્રીમ-ગ્રોટો.

28 પરીઓ ગુફાઓમાં રહે છે=Fairies live in grottos=ફેઇરિઝ લિવ ઇન ગ્રોટોઝ.

29 દેવોના ચ્હેરાની આસપાસ તેજચક્ર હોય છે=There are halos round the faces of gods=ધૅર આર હેલોઝ રાઉન્ડ ધિ ફેસિઝ ઑફ ગૉડઝ.

30 આપણને આપણા બચપણની મીઠી યાદગીરીઓ યાદ છે=We remember the sweet momentos of our childhood=વી રીમેમ્બર ધિ સ્વીટ મોમેન્ટોઝ ઑફ અવર ચાઇલ્ડહુડ.

31 આ કબુલાતમાં ઘણી શરતો છે=There are many provisos in this agreement=ધેર આર મૅનિ પ્રોવાઇઝોઝ ઇન ધિસ એગ્રિમેન્ટ.

32 આ શરતે હું તમારી સાથે આવીશ=On this proviso I shall go with you=ઑન ધિસ પ્રોવાઇઝો આઇ શેલ ગો વિથ યુ.

33 આ સ્ત્રી પીઆનો વગાડે છે=This woman plays on a piano=ધિસ વુમન પ્લેઇઝ ઑન એ પીઆનો.

34 પીઆના મીઠા હોય છે પણ મોંઘા હોય છે=Pianos are sweet but they are dear=પીઆનોઝ આર સ્વીટ બટ ધે આર ડીઅર.

35 આ ચોપડીને દસ સર્ગ છે=This book has ten cantos =ધિસ બુક હૅઝ ટેન કૅન્ટોઝ.

36 આ જગામાં ઘણા મચ્છર છે=There are many mosquitos in this place=ધેર આર મૅનિ મોસ્કવીટો'ઝ ઇન ધિસ પ્લેઇસ.

37 ગાડીઓ બંગલાના દરવાજામાં ઉભી રહે છે=Carriages stand under the porticoes of banglows=કેરેજીસ સ્ટેન્ડ અન્ડર ધિ પોર્ટિકોઝ ઑફ બંગ્લોઝ.

38 તેની સ્ત્રી ઘણી સારી છે=His wife is very good=હિઝ વાઇફ ઇઝ વેરિ ગુડ.

39 કેટલાક માણસોની સ્ત્રીઓ લડવાડીઅણ હોય છે=The wives of some men are termagants=ધિ વાઇવ્ઝ ઑફ સમ મેન આર ટર્મેગન્ટસ.

40 અમે મહાન પુરૂષનાં જીવન શીખીએ છીએ=We learn the lives of great men=વિ લર્ન ધિ લાઇવ્ઝ ઑફ ગ્રેટ મેન.

41 મ્હારી જીંદગી સુખી છે=My life is happy=માય લાઇફ ઇઝ હૅપિ.

42 તે છરી વડે કાગળ કાપે છે=He cuts the paper with a knife=હિ કટસ ધિ પેપર વિથ એ નાઇફ.

43 ચોર છરીઓ વાપરે છે=Thieves use knives=થીવ્ઝ યુઝ નાઇવ્ઝ.

44 આ પાંદડું લીલું છે=This leaf is green=ધિસ લીફ ઇઝ ગ્રીન.

45 જમીન ઉપર ઘણાં પાંદડાં છે=There are many leaves on the ground=ધેર આર મૅનિ લીવ્ઝ ઑાન ધિ ગ્રાઉન્ડ.

46 ખેડુતો પુળીયાં બાંધે છે=Farmers tie the sheaves=ફાર્મર્સ ટાય ધિ શીવ્ઝ (બાંધવું-To tie-ટુ ટાય.)

47 ચોર આપણાં ઘરેણાં ચોરી જાય છે=Thieves steal away our ornaments=થીવ્ઝ સ્ટીલ અવે અવર ઑાર્નામેન્ટસ.

48 આ ગાયને એક વાછડું છે=This cow has a calf=ધિસ કાઉ હૅઝ એ કાફ.

49 ગાયોને વાછડાં હોય છે=Cows have calves=કાઉઝ હૅવ કાવ્ઝ.

50 આપણે છાજલીઓ ઉપર ચોપડીઓ મૂકીએ છીએ=We put books on shelves=વી પુટ બુક્સ ઑાન શેલ્વ્ઝ.

51 આ છાજલી ઉપર ઘણાં પુસ્તક છે=There are many books on these shelves=વી પુટ બુક્સ ઑાન ધીઝ શેલ્વ્ઝ.

52 આ છાજલીઓ ઉપર ઘણાં પુસ્તક છે=There are many books on this shelf=ધેર આર મૅનિ બુક્સ ઑાન ધિસ શેલ્ફ.

53 વરૂઓ ઘેટાંને ખાય છે=Wolves eat sheep=વુલ્વ્ઝ ઈટ શીપ.

54 સયાજીરાવ વડોદરાના રાજા છે=Sayaji Rao is the Chief of Baroda સયાજીરાવ ઇઝ ધિ ચીફ ઑાફ બરોડા.

55 હીંદુસ્થાનના રાજાઓ ગરીબ છે=The Chiefs of India are poor=ધિ ચીફ્સ ઑફ ઇન્ડીઆ આર પુઅર.

56 આ ઘરનાં છાપરાં સુંદર છે=The roofs of these houses are beautifnl ધિ રૂફ્સ ઑફ ધીઝ હાઉસીઝ આર બ્યુટિફુલ.

57 ઘોડાઓને ખરી હોય છે=Horses have hoofs=હૉર્સિઝ હૅવ હુફ્સ.

58 તેણે કોર્ટમાં ઘણી સાબીતી આપી=He gave many proofs in the court=હિ ગૅવ મૅનિ પ્રુફ્સ ઇન ધિ કોર્ટ.

59 છાપખાનું અમને ભેલીઓ મોકલે છે=The press sends us proofs=ધિ પ્રેસ સેન્ડઝ અસ પ્રુફ્સ.

60 આ માણસ વામન છે=This man is a dwarf=ધિસ મૅન ઇઝ એ ડવાર્ફ.

61 હું આ ગામમાં ઘણાં ઠીંગણા માણસો જોઉં છું=I see many dwarfs in this town=આઇ સી મૅનિ ડવા-ર્ફ્સ ઇન ધિસ ટાઉન.

62 મને યુરોપના અખાતોના નામ આવડે છે=I know the names of the gulfs=ગલ્ફ્સ (અખાત) of Europe આઈ નો' ધિ નેઇમ્સ ઑફ ધિ ગલ્ફ્સ ઑફ યુરોપ.

63 ઇંગલાંડની ટેકરીઓ ઉંચી છે=The cliffs of England are high=ધિ ક્લિફ્સ ઑફ ઇંગલાંડ આર હાય.

64 તે દીલગીરીથી ભરેલો છે=He is full of grief=હિ ઇઝ ફુલ ઑફ ગ્રીફ.

65 રામની પાસે બે ડઝન કેરી છે=Rama has two dozen mangoes=રામ હૅઝ. ટુ ડઝન મૅન્ગોઝ.

66 મ્હારી પાસે ત્રણ કોડી પતંગ છે=I have three score kites=આઇ હૅવ થ્રી સ્કો'ર કાઇટ્સ.

67 મને પાંચ પૈસા આપો=Give me five pice=ગિવ મિ ફાઇવ પાઇસ.

IV

[વિદ્યાર્થીએ જાતે કરવાનાં વાક્યો.]

(૧) રામ મને ત્રણ પૈસા આપે છે. (૨) આ માણસ દસ ઘેટાં રાખે છે. (૩) હું ચાર કોડી પતંગ ઉડાડું છું. (૪) ગોવિંદ બે ડઝન કેરી ખાય છે. (૫) પેલી ટેકરીઓ ધોળી છે. (૬) આ સમુદ્ર મ્હોટા છે. (૭) વામનો લુચ્ચા હોય છે. (૮) આ માણસની સાબીતીઓ ખરી છે. (૯) ઘરોને છાપરાં હોય છે. (૧૦) હીંદુસ્થાનમાં ઘણા રાજા છે. [૧૧] વરૂઓ ઘાતકી [cruel-ક્રુઅલ] પ્રાણીઓ છે. (૧૨) મારા ઘરમાં ત્રણ છાજલીઓ છે. (૧૩) આ વાછડા સુંદર છે. [૧૪] આ માણસો ચોર છે, તેઓ લોકોના પૈસા [money -મનિ] અને ઘરેણાં ચોરી જાય છે. [૧૫] આ પૂળીયાં મ્હોટાં છે. (૧૬) સુકાં પાદડાં નીચે પડી જાય છે. (fall down ફૉલ ડાઉન) (૧૭) આ છરીઓ ધારવાળી છે. (૧૮) ગોવિંદ મહાન પુરૂષોના જીવન વાંચે છે [૧૯] તેમની પત્નીઓ માયાળુ છે. [૨૦] મચ્છર લોકોને કરડે છે. (Bite-બાઇટ) [૨૧] હું દરરોજ મ્હારી ચોપડીનાં બે સર્ગ વાંચું છું. (૨૨) આ સ્ત્રીઓ સાંજે તેમના પીઆના વગાડે છે. (૨૩) તમારાં સૂત્ર શું છે ? (૨૪) જ્વાળામુખી

પબ્લિકો શહેરોનો નાશ કરે છે. (૨૫) શીવાજી અને પ્રતાપ હિંદુસ્થાનના વીર પુરૂષો છે.

V

[અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.]

1 We worship heroes=વી વર્શીપ હીરોઝ.

2 Buffaloes are black but they give good milk=બફેલોઝ આર બ્લૅક બટ ધે ગિવ ગુડ મિલ્ક.

3 Buffaloes eat very much=બફેલોઝ ઇટ વેરિ મચ.

4 Potatoes are sweet and cheap-પોટેટો'ઝ આર સ્વીટ એન્ડ ચીપ.

5 I hear echoes from those cliffs-આઇ હિઅર એકોઝ ફ્રૉમ ધોઝ ક્લિફ્સ.

6 Negroes have very white teeth-નિગ્રોઝ હૅવ વેરિ વાઇટ ટીથ.

7 These vessels are full of cargoes-ધીઝ વેસલ્સ આર ફુલ ઓફ કાર્ગોઝ.

8 "To do right and to speak the truth" [ટ્રુથ-સત્ય] is the motto of every Indian-ટુ ડુ રાઇટ એન્ડ ટુ સ્પીક ધિ ટ્રુથ ઇઝ ધિ મોટો ઓફ એવ્રિ ઇન્ડીઅન.

9 Poets like to hear the cuckoos-પોએટસ લાઇક ટુ હિઅર ધિ કકૂઝ.

10 Many men use bamboos-મૅનિ મેન યુઝ બેમ્બુઝ.

11 The Hindoos worship many gods-ધિ હિન્દુઝ વર્શીપ મૅનિ ગૉડ્ઝ.

12 The Moguls kept (રાખતા) seraglios—ધિ મો-ગલ્સ કેપ્ટ સિરાગ્લીઓઝ.

13 Now women come out and we educate them—નાઉ વિમેન કમ આઉટ એન્ડ વિ એજ્યુકેઈટ ધેમ.

14 Our lives are like dreams in grottos—અવર લાઇવ્ઝ આર લાઇક ડ્રીમ્સ ઇન ગ્રોટોઝ.

15 Geniuses have halos round their faces—જીનિ-અસિઝ હૅવ હેલો'ઝ રાઉન્ડ ધેર ફેઇસિઝ.

16 We always (ઑલ્વેઝ—હમ્મેશાં) remember the sweet momentos of our lives—વિ ઑલ્વેઇઝ રિ-મેમ્બર ધિ સ્વીટ મોમેન્ટો'ઝ ઑફ અવર લાઇવ્ઝ.

17 English ladies like to play on pianos—ઇંગલીશ લેડીઝ લાઇક ટુ પ્લે ઑન પીઆનોઝ.

18 Read one canto everyday from your book —રીડ વન કૅન્ટો એવિ ડે' ફ્રૉમ યૉર બૂક.

19 Their wives are bad. They are termagants —ધેર વાઇવ્ઝ આર બૅડ. ધે આર ટર્મૅગન્ટસ.

20 They keep many knives in their houses—ધે કીપ મૅનિ નાઇવ્ઝ ઇન ધેર હાઉસિઝ.

21 Who steal away our money and orna-ments ? હુ સ્ટીલ અવે અવર મનિ એન્ડ ઑર્નામેન્ટસ ?
Thieves steal away our money and orna-ments—થીવ્ઝ સ્ટીલ અવે અવર મનિ એન્ડ ઓર્નામેન્ટસ.

22 I like these beautiful calves—આઇ લાઇક ધીઝ

બ્યુટિફુલ શૉઝ.

23 Wolves fall upon a flock of sheep—વુલ્વ્ઝ ફૉલ અપૉન્ એ ફ્લૉક ઑફ્ શીપ.

24 I have four pice, two dozen mangoes and three score kites—આઇ હૅવ ફોર પાઇસ ટુ ડઝન મૅન્ગોઝ એન્ડ થ્રી સ્કૉર કાઇટસ.

Questions—ક્વેશ્ચન્સ—પ્રશ્નો.

નીચેના પ્રશ્નનોના જવાબ અભ્યાસીએ જાતે આપવા.

1 નામનું બહુવચન કેવી રીતે બનાવો ?

2 નામને છેડે ss, sh, ch, x, o કે y આવે ત્યારે તેનાં બહુવચન કેવી રીતે કરો ?

3 નામને છેડે f કે fe આવે તો તેનું બહુવચન કેવી રીતે કરો ?

4 નામને છેડે oo આવે તો તેનું બહુવચન કેવી રીતે કરો ?

5 જે નામનું બહુવચન ન થતું હોય તેવાં નામ આપો.

6 નીચેના નામના બહુવચનનાં રૂપ આપો.

Church, Bench, Ass, Class, Policy, Holiday, Bamboo, Canto, Buffalo, Volcano, Cloth, Fish, Pice, Dozen, Knife, Safe, Fife, Genius, Index, Die, Penny.

પ્રકરણ ૨૩ મું.

Nouns and their genders.

નાઉન્સ ઍન્ડ ધેર જેન્ડર્સ.

નામ અને તેમની જાતિ.

I

વિશ્વમાં ભીન્ન ભીન્ન જાતિ અથવા પ્રકારના પ્રાણી અને વસ્તુઓ છે. આ ભેદ નામને પણ લાગુ પાડવામાં આવે છે અને તેથી વ્યાકરણમાં નામને જાતિના ભેદવાર ગોઠવવામાં આવે છે. ગુજરાતિમાં આપણે જેને " જાતિ " કહીએ છીએ તેને માટે અંગ્રેજી શબ્દ Gender–જેન્ડર છે. આ પ્રકરણમાં આપણે નામની જાતિ વિષે વીચાર કરીશું.

ગુજરાતિમાં ત્રણ જાતિ અથવા લીંગ છે. (૧) પુરૂષ જાતિ (૨) સ્ત્રી જાતિ (૩) નાન્યતર જાતિ. આ ભેદને અનુસરીને કેટલાક નામ પુરૂષ વાચક હોય છે, કેટલાંક સ્ત્રી વાચક હોય છે અને કેટલાંક એમાંથી એકકે નહીં તેવાં નાન્યતર જાતિનાં નામ કહેવાય છે.

અંગ્રેજીમાં ત્રણને બદલે ચાર જાતિ છે. (૧) પુરૂષ જાતિ–Masculine gender મેસ્કયુલાઇન જેન્ડર (૨) સ્ત્રી જાતિ–Feminine gender–ફેમિનાઇન જેન્ડર, (૩) નાન્યતરજાતિ Neuter gender––ન્યુટર જેન્ડર, અને (૪) Common gender—કૉમન જેન્ડર—સમાન જાતિ. આ જાતિ વિભાગ પ્રમાણે કેટલાંક નામ Masculine gender (મેસ્કયુલાઇન જેન્ડર)નાં એટલે

કે પુરૂષ લીંગનાં હોય છે, કેટલાંક Feminine gender (ફેમિનાઇન જેન્ડરનાં) એટલે કે સ્ત્રી લીંગના હોય છે, કેટલાંક નામ Neuter gender [ન્યુટર જેન્ડરનાં] એટલે કે સ્ત્રી જાતિ તથા પુરૂષ જાતિ એ ઉભય જાતિમાંથી એકે નહીંએવાં નામ હોય છે.

ત્યારે અગાઉ જણાવ્યા પ્રમાણે Masculine gender પુરૂષવાચક નામને માટે વપરાય છે. Feminine gender સ્ત્રીવાચક નામને માટે વપરાય છે અને Neuter gender નાન્યતર જાતિનાં નામ માટે વપરાય છે, તથા Common gender સ્ત્રીવાચક તેમજ પુરૂષવાચક નામને માટે સમાન રીતે વાપરી શકાય તેવાં નામને માટે વપરાય છે.

અગાઉના પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે અંગ્રેજીમાં નીચે પ્રમાણે નામ છેઃ—

(૧) Proper noun—પ્રોપર નાઉન્—વ્યક્તિગત નામ અથવા વિશેષ નામ.

(૨) Common noun—કૉમન્ નાઉન્—સામાન્ય નામ.

(૩) Material noun–મટીરિઅલ નાઉન્–પદાર્થવાચક નામ.

(૪) Abstract noun–ઍબ્સ્ટ્રેક્ટ નાઉન્–ભાવવાચક નામ.

(૫) Collective noun—કલેક્ટીવ નાઉન્—સમૂહવાચક નામ.

પદાર્થવાચક નામ (Material nouns–મટિરીઅલ નાઉન્સ) અને ભાવવાચક નામ (Abstract nouns–ઍબ્ટ્રેક્ટ નાઉન્સ) તે નિર્જીવ કે અદૃશ્ય ભાવનાવાળા નામ હોવાથી તે નાન્યતર જાતિ એટલે કે Neuter gender–ન્યુટર જેન્ડરનાં હોવાં જોઇએ તે સ્પષ્ટ છે.

તેવીજ રીતે જથ્થાવાચક કે સમૂહવાચક નામ (Collective nouns–કલેક્ટીવ નાઉન્સ) આખા સમૂહ કે જથ્થા તરીકે નિર્જીવ હોવાથી તેવાં નામ પણ Neuter nouns અર્થાત નાન્યતર જાતિનાં હોવાં જોઇએ તે પણ સ્પષ્ટ છે. ત્યારે જો જાતિવાર ઉપરનાં નામનું પ્રથક્કરણ કરીએ તો નીચે પ્રમાણે થાય;—

જાતિ (Gender)	નામ (Nouns)
૧ મેસ્ક્યુલાઇન જેન્ડર Masculine gender પુરૂષ જાતિનાં નામ તથા Feminine gender ફેમિનાઇન જેન્ડર સ્રીલીંગના નામ.	વિશેષ નામ (Proper nouns–પ્રૉપર નાઉન્સ) તથા (Common nouns કૉમન નાઉન્સ) સામાન્ય નામ.
૩ નાન્યતર જાતિ Neuter gender ન્યુટર જેન્ડર-નાં નામ.	વિશેષ નામ Proper nouns પ્રૉપર નાઉન્સ સામાન્ય નામ Common nouns કૉમન નાઉન્સ. સમૂહવાચક નામ Collective nouns કલેક્ટીવ નાઉન્સ. પદાર્થ વાચક નામ Material nouns મટીરિઅલ નાઉન્સ ભાવવાચક નામ Abstract nouns અબ્સ્ટ્રૅક્ટ નાઉન્સ.
૪ સમાન જાતિ Common gender કૉમન જેન્ડર ના નામ.	સામાન્ય નામ Common nouns કૉમન નાઉન્સ.

ઉદાહરણ:—

	સામાન્ય નામ
૧ Masculine gender	Boy—બૉય—છોકરો
	વિશેષ નામ
(મેસ્કયુલાઇન જેન્ડર-પુ·	Govind—ગોવિંદ
	સામાન્ય નામ
રૂષ વાચક જાતિ)	Ox—ઑક્સ—બળદ
	સામાન્ય નામ
૨ Feminine gender	Girl—ગર્લ—છોડી
	વિશેષ નામ
(ફેમિનાઇન જેન્ડર—સ્ત્રી	Seeta—સીતા
	સામાન્ય નામ
વાચક જાતિ)	Cow—કાઉ—ગાય
	સામાન્ય નામ
૩ Neuter gender (ન્યુટર	Book—બૂક—ચોપડી
	ભાવવાચક નામ
જેન્ડર નાન્યતર જાતિ)	Beauty—બ્યુટિ—સૌંદર્ય
	જથ્થાવાચક નામ
	Army—આર્મિ—લશ્કર
	પદાર્થવાચક નામ
	Milk—મિલ્ક—દૂધ
	વિશેષ નામ
	Bombay—બૉમ્બે—મુંબાઇ
૪ Common gender	Parent પૅરન્ટ મા અથવા
(કૉમન જેન્ડર—સામાન	બાપ [Mother or
જાતિ)	father.

Child—ચાઇલ્ડ—બાળક [છોકરો અથવા છોકરી].
Friend-ફ્રેન્ડ—મિત્ર (પુરૂષ મિત્ર અથવા સ્ત્રી મિત્ર).
Enemy—અનિમિ-દુશમન (સ્ત્રી દુશ્મન અથવા પુરૂષ દુશ્મન).

II

શબ્દાભ્યાસ Word-Study—વર્ડ સ્ટડિ.

વખત—Time—ટાઇમ
કલાક—Hour—અવર
એક વાગ્યો છે—It is one o'clock—ઈટ ઇઝ વન ઑક્લૉક.
ખરીદવાને-To buy-ટુ બાય
કેટલો વખત થયો છે-What time is it ?—વૉટ ટાઇમ ઇઝ ઈટ ?
રાત્રે-At night—ઍટ નાઇટ
કેટલા વાગ્યા છે-What o'clock is it-વૉટ ઑક્લૉક ઇઝ ઇટ ?
ઉગવું—To rise—ટુ રાઇઝ.
આફીસ—Office—ઑફીસ.
કામ કરવું-To work-ટુ વર્ક.
નાનું ઘડીઆળ (ખીસાનું) A watch એ વૉચ.
મોટું ઘડીઆળ (ટકોરા વગાડનારૂં) એ ક્લૉક
બજાર-Market-મારકેટ અથવા Bazar—બઝાર
ક્યારે—When—વ્હેન
પાઠ A lesson-એ લેસન.
આગગાડી-Train-એ ટ્રેઇન.
ઉપડે છે-Starts=સ્ટાર્ટસ.
મધ્યરાત્રિ—Midnight—મિડનાઇટ.
ઉપડવું-To start-ટુ સ્ટાર્ટ.
પહોંચવું—To reach-ટુ રીચ.
દરવાજો-The gate-ધી ગેઇટ

ઉઘાડવું-To open-ટુ ઓ'પન્. બંધ થાય છે-Closes-ક્લો'ઝીસ.
ઉઘાડે છે—Opens—ઓ'પન્સ. દુકાન—A shop—એ શૉપ.
ખોરાક—Food—ફૂડ. બંધ કરવું-To close-ટુ ક્લોઝ.
સાંજે—In the evening—ઇન ધી ઇવનીંગ. સવારે-In the morning—ઇન્ ધિ મૉર્નિંગ.
સ્ટેશને-To the station ટુ ધિ સ્ટેશન. શાક-Vegetable-વેજીટેબલ.
સ્ટેશન-Station—સ્ટેશન.

III

૧ તમારી ઘડીઆળ તરફ જુઓ-Look at your watch-લુક ઍટ યૉર વૉચ.

૨ કેટલો વખત થયો છે—What time is it—વૉટ ટાઇમ ઇઝ ઇટ?

૩ એક વાગ્યો છે-It is one o'clock-ઇટ ઇઝ વન ઑક્લૉક.

૪ પાંચ વાગ્યા છે-It is five o'clock-ઇટ ઇઝ ફાઇવ ઑક્લોક.

૫ તમે ક્યારે જાઓ છો—When do you go—વ્હેન ડુ યુ ગો'.

૬ તમે ક્યારે નિશાળે જાઓ છો?—When do you go to school—વ્હેન્ ડુ યુ ગો ટુ સ્કુલ?

૭ હું દસ વાગ્યે નિશાળે જાઉં છું-I go to school at ten o'clock-આઇ ગો ટુ સ્કુલ ઍટ ટેન્ ઑક્લોક.

૮ તમે તમારી ઓફીસે ક્યારે જાઓ છો?-When do you go to your office-વ્હેન્ ડુ યુ ગો' ટુ યૉર ઑફીસ.

૯ હું અગીયાર વાગ્યે મારી ઓફીસે જાઉં છું-I go to my office at eleven o'clock—આઇ ગો' ટુ માય ઑફીસ ઍટ ઇલેવન ઑક્લોક.

૧૦ તમે તમારો ખોરાક ક્યારે લ્યો છો-When do you take your food—વ્હેન ડુ યુ ટેઇક યૉર ફૂડ.

૧૧ હું મ્હારો ખોરાક નવ વાગ્યે લઉં છું—I take my food at nine o'clock-આઇ ટેઇક માય ફૂડ ઍટ નાઇન્ ઑક્લોક.

૧૨ તમે તમારી દુકાન ક્યારે ઉઘાડો છો ?-When do you open your shop-વ્હેન્ ડુ યુ ઑપન યૉર શૉપ.

૧૩ હું મ્હારી દુકાન આઠ વાગ્યે ઉઘાડું છું-I open my shop at eight o'clock—આઇ ઓ'પન્ માય શૉપ ઍટ એઇટ ઑક્લૉક.

૧૪ ટ્રેઇન ક્યારે ઉપડે છે ?-When does the train start-વ્હેન્ ડઝ ધિ ટ્રેઇન સ્ટાર્ટ.

૧૫ ટ્રેઇન ચાર વાગ્યે ઉપડે છે-The train starts at four o'clock-ધિ ટ્રેઇન સ્ટાર્ટસ ઍટ ફો'ર ઑક્લોક.

૧૬ દરવાજો ક્યારે ઉઘડે છે-When does the gate open-વ્હેન્ ડઝ ધિ ગેઇટ ઑપન્ ?

૧૭ દરવાજો સવારે પાંચ વાગ્યે ઉઘડે છે—The gate opens at five o'clock—ધિ ગેઇટ ઑપન્સ ઍટ ફાઇવ ઑક્લોક ઇન ધિ મૉર્નિંગ.

૧૮ દરવાજો ક્યારે બંધ થાય છે—When does the gate close—વ્હેન્ ડઝ ધિ ગેઇટ ક્લો'ઝ ?

૧૯ દરવાજો રાત્રે બાર વાગ્યે બંધ થાય છે-The gate close at twelve o'clock at night—ધિ ગેઇટ ક્લોઝિઝ ઍટ ટવેલ્વ ઑક્લોક ઍટ નાઇટ.

૨૦ ગાડી સ્ટેશને ક્યારે આવે છે?—When does the train come to the station—વ્હેન્ ડઝ ધિ ટ્રેઇન કમ ટુ ધિ સ્ટેશન ?

૨૧ ગાડી સ્ટેશને સાંજના સાત વાગે આવે છે–The train comes to the station at seven o'clock in the evening–ધિ ટ્રેઇન કમ્સ ટુ ધિ સ્ટેશન ઍટ સેવન્ ઑકલૉક ઇન્ ધિ ઇવનીંગ.

IV

(અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.)

(૧) તમે તમારો ચાહ ક્યારે લો છો? (૨) હું મ્હારો ચાહ સવારે આઠ વાગે લઉં છું. (૩) તમે બજારે ક્યારે જાઓ છો? (૪) હું બજારે સાંજના ૭ વાગે જાઉં છું. (૫) સૂર્ય ક્યારે ઉગે છે? (૬) સૂર્ય સવારે ૭ વાગે ઉગે છે. (૭) રામ પોતાનો ખોરાક ક્યારે લ્યે છે? (૮) રામ તેનો ખોરાક દસ વાગે લે છે. (૯) સીતા પોતાની ચાહ નવ વાગે લે છે. (૧૦) હું સાંજે આઠ વાગે મ્હારો ખોરાક લઉં છું. (૧૧) ગોવિંદ તેની દુકાન ૭ વાગે ઉઘાડે છે. (૧૨) તે ઓફીસે બાર વાગે જાય છે. (૧૩) ઓફીસ અગીયાર વાગે ઉઘડે છે અને પાંચ વાગે બંધ થાય છે. (૧૪) મ્હારી નિશાળ દસ વાગે ઉઘડે છે અને ચાર વાગે બંધ થાય છે. (૧૫) હું બજારે શાક ખરીદવાને સાંજે ૭ વાગે જાઉં છું.

V

(અભ્યાસીએ નીચેના વાક્યનો તરજુમો જાતે કરવો.)

1 When does Rama take his food—વ્હેન્ ડઝ રામ ટેઈક હીઝ ફૂડ?

2 When does Govind go to school—વ્હેન્ ડઝ ગોવિંદ ગો ટુ સ્કુલ ?

3 Govind goes to school at eleven o'clock—ગોવિંદ ગો'ઝ ટુ સ્કુલ ઍટ ઇલેવન ઑકલોક.

4 Purshottam looks at his watch-પુરશોત્તમ લુક્સ ઍટ હિઝ વૅાચ.

5 He says "It is five o'clock"—હી સેઇઝ "ઇટ ઇઝ ફાઇવ ઑકલોક.

6 He goes to buy vegetable at eight o'clock—હી ગો'ઝ ટુ બાય વેજીટેબલ ઍટ એઇટ ઑકલોક.

7 Rama works in the morning-રામ વર્ક્સ ઇન્ ધિ મૉર્નિંગ.

8 Keshu reads his lessons in the morning—કેશુ રીડઝ હીઝ લેસન્સ ઇન્ ધિ મૉર્નિંગ.

9 Popatlal works at night-પોપટલાલ વર્ક્સ ઍટ નાઇટ.

10 The train starts at ten o'clock-ધિ ટ્રેઇન સ્ટાર્ટ્સ ઍટ ટેન ઑકલોક.

11 It reaches Ahmedabad at nine o'clock—ઇટ રીચીઝ એહમદાબાદ ઍટ નાઇન્ ઑકલોક.

12 He opens the gate at four o'clock-હિ ઓપન્સ ધિ ગેઇટ ઍટ ફો'ર ઑકલોક.

13 The gate closes at midnight—ધિ ગેઇટ ક્લોઝિસ ઍટ મિડનાઇટ.

14 Give me your watch—ગિવ મી યૉર વૉચ ?

15 Work in the morning and in the evening—વર્ક ઇન્ ધિ મૉર્નિંગ ઍન્ડ ઇન્ ધિ ઇવનીંગ.

પ્રકરણ ૨૪ મું.

Nouns and their genders.

નાઉન્સ ઍન્ડ ધેર જેન્ડર્સ.

નામ અને તેમની જાતિ.

I

અંગ્રેજીમાં પુરૂષજાતિ Masculine gender—મેસ્કયુલાઇન્ જેન્ડરના નામનાં સ્રીજાતિ feminine gender—ફેમિનાઇન્ જેન્ડરનાં રૂપ બનાવવાની જુદી જુદી રીત છે, તે રીત નીચે બતાવી છે.

૧. પુરૂષજાતિનાં નામનાં સ્રીજાતિનાં રૂપ કરવાની સાધારણ રીત એવી છે કે પુરૂષજાતિના નામને છેડે ess પ્રત્યય લગાડવો. જેમકે સિંહ—Lion-લાયન્ સિંહણ—Lioness-લાયનેસ. પાદરી—Priest—પ્રીસ્ટ સ્રી પાદરી—Priestess—પ્રીસ્ટેસ. ભરવાડ—Shepherd—શેફર્ડ ભરવાડણ—Shepherdess—શેફર્ડેસ.

આવી રીતે સ્રીજાતિનાં રૂપ થતાં પુરૂષજાતિનાં નામોનું લીસ્ટ નીચે આપ્યું છે તે અભ્યાસિએ મોઢે કરવું.

પુરૂષજાતિ.	સ્રીજાતિ.
કર્તા=Author=ઑથર	(સ્રી) કર્તા=Authoress=ઑથેરેસ
બેરન (ઉમરાવ)=Baron=બેરન્	(સ્રી) ઉમરાવ=Baroness=બેરોનેસ
અમીર=Count=કાઉન્ટ	(સ્રી) અમીર=Countess=કાઉન્ટેસ
રાક્ષસ=Giant=જાયન્ટ	રાક્ષસણી=Giantess=જાયન્ટેસ
દેવ=God=ગૉડ	દેવી=God-d-ess [Goddess] ગૉડેસ
વારસ=Heir=ઍર	(સ્રી) વારસ=Heiress=ઍરેસ
યાહુદી=Jew=જ્યુ	(સ્રી) યાહુદી=Jewess=જ્યુએસ
પરોણાગત કરનાર યજમાન=Host =હોસ્ટ	(સ્રી) યજમાન=Hostess=હોસ્ટેસ
સિંહ=Lion=લાયન	(સ્રી) સિંહણ=Lioness=લાયનેસ
આશ્રયદાતા=Patron=પેટ્રન	(સ્રી) આશ્રયદાતા=Patroness= પેટ્રનેસ
ઉમરાવ=Peer=પિઅર	(સ્રી) ઉમરાવ=Peeress=પિઅરેસ
કવિ=Poet=પોએટ	(સ્રી) કવિ=Poetess=પોએટેસ
પાદરી=Priest=પ્રીસ્ટ	(સ્રી) પાદરી=Priestess=પ્રીસ્ટેસ
કુંવર / શાહજાદો } Prince=પ્રીન્સ	કુંવરી / શાહજાદી } Princess=પ્રીન્સેસ
ભવિષ્યવેત્તા=Prophet=પ્રોફેટ	(સ્રી) ભવિષ્યવેત્તા=Prophetess= પ્રોફેટેસ
ભરવાડ=Shepherd=શેપર્ડ	ભરવાડણ=Shepherdess= શેફર્ડેસ
ઉમરાવ=Viscount=વાયકાઉન્ટ	(સ્રી) ઉમરાવ=Viscountess= વાયકાઉન્ટેસ
મઠાધિપતિ=Prior=પ્રાયર	મઠાધિપત્નિ=Prioress=પ્રાયોરેસ

૨ કેટલાક પુરૂષજાતિના નામનાં સ્ત્રીજાતિનાં રૂપ શબ્દ તદ્દન બદલી નાખવાથી થાય છે. આવાં નામનું લીસ્ટ નીચે આપ્યું છે.

પુરૂષજાતિનું નામ.	સ્ત્રીજાતિનું નામ.
કુંવારો માણસ=Bachelor=બેચેલર	કુંવારી કન્યા=Maid અથવા Spinster=સ્પિન્સ્ટર
ડુક્કર=Boar=બો'ર	ડુક્કરી=Sow=સો'
છોકરો=Boy=બૉય	છોકરી=Girl=ગર્લ
ભાઇ=Brother=બ્રધર	બ્હેન-Sister=સિસ્ટર
સાબર=Buck=બક	સાબરી=Doe=ડો'
ગોઢો=Bull બુલ; બળદ=Ox ઑક્સ	ગાય=Cow=કાઉ
બળદ=Bullock=બુલક અથવા Steer=સ્ટીઅર	Heifer=હેફર
મુરઘો—Cock—કૉક	મુરઘી-Hen-હૅન
વછેરો—Colt—કૉલ્ટ	વછેરી—Filly—ફિલી.
કુતરો-Dog-ડૉગ	કુતરી-Bitch-બિચ
પુરૂષ બતક-Drake-ડ્રેઈક	સ્ત્રી બતક—Duck—ડક
પુરૂષ માખ-Drone-ડ્રોન	સ્ત્રી માખ—*Bee*—બી
ઉમરાવ-Earl-અર્લ	(સ્ત્રી) ઉમરાવ—Countess-કાઉન્ટેસ
બાપ—Father—ફાધર	મા—Mother—મધર
સાધુ-Friar-ફ્રાયર અથવા Monk-મંક	સાધુડી—Nun—નન

પુરૂષજાતિનાં નામ.	સ્ત્રીજાતિના નામ
પુરૂષ હંસ–Gander–ગૅન્ડર	સ્ત્રી હંસ–Goose–ગૂઝ
ગૃહસ્થ–Gentleman–જેન્ટલમૅન્	બાનુ–Lady–લૅડી.
સાબર–Hart–હાર્ટ	સાબરી–Roe–રો'
ઘોડો–Horse–હૉર્સ અથવા Stallion–સ્ટેલીઅન્	ઘોડી–Mare–મેર
ધણી, પતિ – Husband–હસબન્ડ	સ્ત્રી, પત્ની – Wife–વાઇફ
રાજા–King–કીન્ગ	રાણી–Queen–ક્વીન્
લોર્ડ, ઉમરાવ – Lord–લૉર્ડ	બાનુ, (સ્ત્રી) ઉમરાવ – Lady–લેડી
માણસ–Man–મૅન્	સ્ત્રી–Woman–વૂમન્
માછલો–Milter–મિલ્ટર અથવા fish–ફિશ	માછલી–Spawner–સ્પૅાનર
ભત્રિજો–Nephew–નેવ્યુ	ભત્રિજી–Niece–નીસ.
બાપા–Papa–પપા	મા–Mamma–મા
મેંઢો – Ram–રેમ અથવા Wether–વેધર	મેંઢી–Ewe–યુ
સાહેબ–Sir–સર	મેડમ–Madam–મૅડમ
દીકરો–Son–સન્	દીકરી–Daughter–ડૉટર
હરણ–Stag–સ્ટૅગ	હરીણી–Hind–હાઇન્ડ
વનદેવ–Swain–સ્વેઇન્	વનદેવી–Nymph–નીમ્ફ
કાકા–Uncle–અન્કલ	કાકી–Aunt–આન્ટ
જાદુગર–Wizard–વિઝર્ડ	ડાકણ, સ્ત્રી જાદુગર – Witch–વિચ

૩. કેટલાંક નરજાતિના નામને નારી જાતના નામ બનાવવા માટે નર જાતિના નામની પહેલાં કોઇ શબ્દ ઉમેરવો પડે છે અથવા તો નારી જાતિના છેડાના શબ્દમાં ફેરફાર કરવો પડે છે. આવાં નામનું એક લીસ્ટ આ નીચે આપ્યું છેઃ—

(નામની આગળ એક બીજો શબ્દ કે અક્ષર મૂકવાથી)

નરજાતિ.	નારીજાતિ.
ઘેટા—Billy-goat—બિલીગો'ટ	ઘેટી—Nanny-goat-નેનિગો'ટ
સસલો—Buck-rabbit—બક રેબીટ	સસલી—Doe-rabbit—ડોરેબીટ
ચકલો—Cock-sparrow—કૉકસ્પેરો'	ચકલી—Hen-sparrow—હેન્ સ્પેરો'
ઘેટા—He-goat—હી ગો'ટ	ઘેટી—She-goat—શિગો'ટ
ગધેડા—Jack-ass—જેક ઍસ	ગધેડી—She-ass—શિએસ
ચાકર—Man-servant—	ચાકરડી-Maid-servant—મેઇડ સર્વંન્ટ

(નામની પાછળના શબ્દ કે અક્ષરમાં ફેરફાર કરવાથી.)

નરજાતિ.	નારીજાતિ.
દાદા-Grand-father-ગ્રાન્ડ ફાધર	દાદી-Grand-mother—ગ્રાન્ડ મધર
ઘરધણી-Land-lord-લૅન્ડ લૉર્ડ	ઘરધણીયાણી-Land-lady-લૅન્ડ લૅડી
ધોબી—Washerman—વૉશર મૅન	ધોબણ-Washer-woman-વોશર વૂમન
મોર—Peacock—પીકૉક	ઢેલ—Pea-hen—પીહૅન

II

Word Study-વર્ડ સ્ટડિ-શબ્દાભ્યાસ.

ગાદી—A throne—એ થ્રોન્
ઉઠવું-To get up-ટુ ગેટ અપ
ફરવા જવું—To go for a walk—ટુ ગો' ફૉર એ વૉક
ચાલવું—To walk—ટુ વૉક
સુઇ જવું-To go to bed-ટુ ગો' ટુ બેડ

વ્હેલા-Early-અર્લિ
મોડા-Late-લેઇટ
મારી નાખવું-To kill-ટુ કીલ
પૂજવું-To worship-ટુ વર્શિપ
ઘરડા—Old—ઑલ્ડ
ઘેટાં-Sheep-શીપ
ચારવું-To graze-ટુ ગ્રેઇઝ
દોહવું—To milk—ટુ મિલ્ક
ખેતર-A field-એ ફીલ્ડ
ગર્જના—Roar—રો'ર
પ્રચંડ-Tremendous-ટ્રીમેન્ડસ
સિંહનું બચ્ચું-A cub-એ કબ
માફ કરવું—To pardon—ટુ પાર્ડન

શાયલોક—Shylock
કંજુસ-A miser-એ માઇઝર
બે વાગ્યા છે-It is two o'clock=ઇટ ઇઝ ટુ ઑક્લૉક
સવા બે વાગ્યા છે-It is quarter past two o'clock-ઇટ ઇઝ ક્વાર્ટર પાસ્ટ ટુ ઑક્લૉક
અઢી વાગ્યા છે-It is half past two o'clock-ઇટ ઇઝ હાફ પાસ્ટ ટુ ઑક્લૉક અથવા It is half past two-ઇટ ઇઝ હાફ પાસ્ટ ટુ
બે ને પાંચ મીનીટ થઇ છે-It is five minutes past two-ઇટ ઇઝ ફાઇવ મિનીટસ પાસ્ટ ટુ
બેને દસ મિનીટ થઇ છે-It is ten minutes past two-ઇટ ઇઝ ટેન મિનીટસ પાસ્ટ ટુ

ગુન્હો—Fault—ફૉલ્ટ
શીંગડાં—Horns—હૉર્ન્સ
મહાન્-Great-ગ્રેટ
અઢી વાગ્યે-At half past two—ઍટ હાફ પાસ્ટ ટુ
પોણા વાગ્યે—At quarter to one—ઍટ ક્વાર્ટર ટુ વન
એકમાં પાંચ મીનીટ ઓછી એ-At five minutes to one—ઍટ ફાઇવ મિનીટસ ટુ વન
એક ને પાંચ મિનીટે-At five minutes past one-ઍટ ફાઇવ મિનીટસ પાસ્ટ વન
એકમાં પાંચ કમ છે-It is five minutes to one (o'clock) ઇટ ઇઝ ફાઇવ મિનીટસ ટુ વન (ઑક્લૉક)
એકમાં દસ ઓછી છે-It is ten minutes to one—ઇટ ઇઝ ટેન મિનીટસ ટુ વન
પોણો વાગ્યો છે, અથવા એકમાં પંદર મિનીટ ઓછી છે. It is quarter to one ઇટ ઇઝ ક્વાર્ટર ટુ વન.
દોઢ વાગ્યે-At half past one—ઍટ હાફ પાસ્ટ વન

III

૧ આ કુંવર ગાદીનો વારસ છે-This prince is an heir to the throne—ધિસ પ્રિન્સ ઇઝ ઍન્ એર ટુ ધિ થ્રોન.

૨ આ કુંવરી ગાદીની વારસ છે—This princess is an heiress to the throne—ધિસ પ્રિન્સેસ ઇઝ ઍન્ એરેસ ટુ ધિ થ્રોન.

૩ મ્હારા દાદા તથા દાદી ઘણાં ઘરડાં છે-My grand-father and grand-mother are very old—માય ગ્રાન્ડ ફાધર ઍન્ડ ગ્રાન્ડ મધર આર વૅરિ ઑલ્ડ.

૪ પેલો રાક્ષસ ઘણાં માણસ મારી નાખે છે-That giant kills many men-ધૅટ જાયન્ટ કીલ્સ મૅનિ મેન્.

૫ ભરવાડ ઘેટાં ખેતરમાં ચારે છે-The shepherd grazes the sheep in a field-ધિ શેફર્ડ ગ્રેઝિઝ ધિ શીપ ઇન્ એ ફીલ્ડ.

૬ ભરવાડણ ઘેટાં દુએ છે—The shepherdess milks the sheep—ધિ શેફર્ડેસ મિલ્કસ ધિ શીપ.

૭ મારી ચાકરડી વ્હેલી ઉઠે છે-My maid-servant gets up early—માય મેઇડ સર્વન્ટ ગેટસ અપ અર્લિ.

૮ તમારો ચાકર મોડો સુએ છે—Your servant goes to bed late—યૉર સર્વન્ટ ગો'ઝ ટુ બેડ લેઇટ.

૯ રામ સવારે સાડા પાંચ વાગે ઉઠે છે—Rama gets up at half-past five o'clock in the morning—રામ ગેટસ અપ ઍટ હાફ્ પાસ્ટ ફાઇવ ઑક્લૉક ઇન્ ધી મૉર્નિંગ.

૧૦ સીતા રાત્રે સવા અગીયાર વાગે સુએ છે-Seeta goes to bed at quarter-past eleven o'clock at night-સીતા ગો'ઝ ટુ બૅડ ઍટ ક્વાર્ટર પાસ્ટ ઇલેવન્ ઑક્લૉક ઍટ નાઇટ.

૧૧ હું મ્હારો ખોરાક પોણા અગીયારે લઉં છું—I take my food at quarter to eleven—આઇ ટેઇક માય ફૂડ ઍટ ક્વારટર ટુ ઇલેવન્.

૧૨ આ ટ્રેઇન અમદાવાદમાં નવમાં પાંચ મિનીટ ઓછીએ પહોંચે છે—This train reaches Ahmedabad at five minutes to nine—ધિસ ટ્રેઇન રીચીઝ એહમદાબાદ ઍટ ફાઇવ મિનીટસ ટુ નાઇન.

૧૩ ગાડી દસ ને દસ મીનીટે સ્ટેશને આવે છે—The train comes to the station at ten minutes past ten—ધિ ટ્રેઇન કમ્સ ટુ ધિ સ્ટેશન ઍટ ટેન મિનીટસ પાસ્ટ ટેન.

૧૪ તેની ઘરધણીયાણી ઘણી માયાળુ છે—His land-lady is very kind—હિઝ લૅન્ડ લેડી ઇઝ વૅરી કાઇન્ડ.

૧૫ શાયલોક યાહુદી હતો—Shylock was a Jew—શાયલૉક વૉઝ એ જયુ.

૧૬ તે કંજુસ હતો—He was a miser—હિ વૉઝ એ માઇઝર.

૧૭ ગોવિંદ સવારમાં વ્હેલો ફરવા જાય છે—Govind goes for a walk early in the morning—ગોવિંદ ગો'ઝ ફૉર એ વૉક અર્લિ ઇન્ ધિ મોર્નિંગ.

૧૮ તેને એક ભત્રીજો અને ભત્રીજી છે—He has a nephew and two nieces—હી હૅઝ એ નેવ્યુ ઍન્ડ ટુ નીસિઝ.

૧૯ આ ગૃહસ્થના હાથમાં લાકડી છે—This gentleman has a stick in his hand—ધિસ જેન્ટલમૅન હૅઝ એ સ્ટિક ઇન હિઝ હૅન્ડ.

૨૦ પેલી બાનુ પાસે એક નાની છત્રી છે—That lady has a small umbrella—ધૅટ લૅડી હૅઝ એ સ્મૉલ અમ્બ્રિલા.

૨૧ સરોજીની નાઇડુ હીંદી કવિ છે—Sarojini Naidu is an Indian poet [અથવા poetess] સરોજિની નાઇડુ ઇઝ ઍન ઇન્ડીઅન પોએટ [અથવા પોએટેસ.]

૨૨ તેણી ઘણાં કાવ્યોની કર્તા છે—She is the author [અથવા authoress] of many poems—શિ ઇઝ ધી ઑથર [અથવા ઑથોરેસ] ઑફ મૅનિ પોએમ્સ.

૨૩ સિંહની ગર્જના પ્રચંડ છે—The lion's roar is tremendous-ધિ લાયન્સ રો'ર ઇઝ ટ્રિમેન્ડસ.

૨૪ આ સિંહણને બે બચ્ચાં છે-This lioness has two cubs-ધિસ લાયોનેસ હૅઝ ટુ કબ્ઝ.

૨૫ સીતા રામની વહુ હતી—Seeta was Rama's wife—સીતા વૉઝ રામ્સ વાઇફ.

IV

[અભ્યાસીએ જાતે કરવાનાં વાક્યો.]

[૧] આ ઘોડી મારી છે. [૨] આ ઘોડીને એક વછેરી અને એક વછેરો છે. [૩] રામ સીતાનો વર હતો. [૪] આ કવી સારાં કાવ્યો લખે છે. [૫] કાળીદાસ ઘણાં પુસ્તકોના કર્તા હતા. [૬] આ ધોબી મ્હારાં લુગડાં ધુએ છે. [૭] તમારી ચાકરડી વહેલી ઉઠે છે. [૮] ગોવિંદ રાત્રે મોડો સુએ છે [૯] હું સવારમાં વ્હેલો ઉઠું છું. [૧૦] સીતા સવારે ચાર વાગે ઉઠે છે. [૧૧] કુમુદ ગોવિંદની ભત્રીજી છે. [૧૨] ગોવિંદ કંજુસ છે. [૧૩] મૅરિ (Mary) ચાહુદણ હતી. [૧૪] રામ પોતાનો ખોરાક સાડા બાર વાગે લે છે. [૧૫] હું સાંજે પોણા ૭ વાગે ફરવા જાઉં છું. [૧૬] પેલી રાક્ષણી ઘણાં માણસ ખાઇ જાય છે. [૧૭] આ ગૃહસ્થ પાસે એક કુતરો છે. [૧૮] પેલી બાનુ પાસે એક સુંદર કુતરી છે. (૧૯) તેઓ મ્હારાં ભાઇબ્હેનો છે. (૨૦) મારા માબાપ મને ચાહે છે. (૨૧) કેટલા વાગ્યા છે ? (૨૨) અમારી ઑફીસ પોણા પાંચ વાગે બંધ થાય છે. (૨૩) ગાડી સ્ટેશને ચારમાં પાંચ મિનીટ ઓછીએ પહોંચે છે. (૨૪) સાહેબ, મ્હારો ગુન્હો માફ કરો. (૨૫) આ સ્ત્રી ભવિષ્યવેત્તા છે.

V

(નીચેના વાક્યોનો તરજુમો અભ્યાસીએ જાતે કરવો.)

1 When does Rama take his tea—વ્હેન ડઝ રામ ટેઇક હિઝ ટી?

2 Rama takes his tea at half-past seven in the morning and at quarter past six in the evening—રામ ટેઇક્સ હિઝ ટી ઍટ હાફ પાસ્ટ સેવન ઇન્ ધિ મૉર્નિંગ ઍન્ડ ઍટ ક્વાર્ટર પાસ્ટ સિક્સ ઇન્ ધિ ઇવનીંગ.

3 He goes to bed early and gets up early—હી ગો'ઝ ટુ બેડ અર્લિ ઍન્ડ ગેટસ અપ અર્લિ.

4 Servants go to bed late at night and get up early in the morning—સર્વન્ટસ ગો' ટુ બેડ લેઇટ ઍટ નાઇટ ઍન્ડ ગેટ અપ અર્લિ ઇન્ ધિ મૉર્નિંગ.

5 She is a prophetess—શિ ઇઝ એ પ્રોફેટેસ.

6 I see a boy and a girl—આઇ સી એ બૉય ઍન્ડ એ ગર્લ.

7 The husband of this woman is old—ધિ હસબન્ડ ઑાફ ધિસ વુમન ઇઝ ઑાલ્ડ.

8 My cow has a calf—માય કાઉ હૅઝ એ કાફ.

9 My brothers and sisters love me—માય બ્રધર્સ ઍન્ડ સિસ્ટર્સ લવ મિ.

10 The peacock is a beautiful bird—ધી પીકૉક ઇઝ એ બ્યુટિફુલ બર્ડ.

11 The stag has thin legs and fine horns—ધી સ્ટૅગ હૅઝ થિન્ લેગ્ઝ ઍન્ડ ફાઇન્ હૉર્ન્સ.

12 Miraubai was a poetess—મીરાંબાઇ વૉઝ એ પોએટેસ.

13 Dalpatram was a great Gujarati poet—દલપત-રામ વૉઝ એ ગ્રેટ ગુજરાતિ પોએટ.

14 Papa and mamma love this little child—પપા ઍન્ડ મમા લવ ધિસ લિટલ ચાઇલ્ડ.

15 My uncle has a son and a daughter—માય અન્કલ હૅઝ એ સન્ ઍન્ડ એ ડૉટર.

16 Who is the queen of England—હુ ઇઝ ધી ક્વીન્ ઑફ ઇંગ્લંડ.

17 George is the king of England—જ્યોર્જ ઇઝ ધિ કીન્ગ ઑફ ઇંગ્લંડ.

18 This woman is a witch—ધિસ વૂમન ઇઝ એ વિચ.

19 The Bengalis worship the goddess Kali—ધિ બેન્ગાલીઝ વર્શિપ ધિ ગૉડેસ કાલી.

પ્રકરણ ૨૫ મું.

Nouns and their genders.

નાઉન્સ ઍન્ડ ધેર જેન્ડર્સ.

નામ અને તેમની જાતી.

I

૪. નરજાતિનાં નામને છેડે આવતો સ્વર કાઢી નાખીને પછી ess પ્રત્યય લગાડવાથી પણ કેટલાક નામનાં સ્ત્રીવાચક નામ થાય છે. તેના દાખલા આયા છે :—નીચેના

નર જાતિ.	નારી જાતિ.
વેશ ભજવનાર, નટ — Actor—એક્ટર	વેશ ભજવનારી, નટી — Actress—એક્ટ્રેસ
સારૂં અથવા ભલું કરનાર—Benefactor—બેનિફેક્ટર	ભલું કરનારી—Benefactress—બેનિફેક્ટ્રેસ
દોરી જનાર=Conductor—કન્ડક્ટર	દોરી જનારી—Conductress=કન્ડક્ટ્રેસ
વ્યવસ્થાપક—Director—ડાયરેક્ટર	(સ્ત્રી) વ્યવસ્થાપક—Directress—ડાયરેક્ટ્રેસ
જાદુગર, મોહ કરનાર — Enchanter—એનચેન્ટર	(સ્ત્રી) જાદુગર, મોહ કરનારી — Enchantress એનચેન્ટ્રેસ
શિકારી, પારધી — Hunter—હન્ટર	(સ્ત્રી) શિકારી અથવા પારધી—Huntress—હન્ટ્રેસ
શિક્ષક—Instructor—ઇન્સ્ટ્રક્ટર	(સ્ત્રી) શિક્ષક—Instructress—ઇન્સ્ટ્રક્ટ્રેસ
સીદી—Negro—નિગ્રો	સીદણ—Negress—નિગ્રેસ
મજુર—Porter—પોર્ટર	મજુરણ—Portress—પોર્ટ્રેસ
ગવૈયો—Songster—સોંગસ્ટર	ગવૈયણ—Songstress—સોંગસ્ટ્રેસ
લલચાવનાર—Tempter—ટેમ્પટર	(સ્ત્રી) લલચાવનાર—Temptress ટેમ્પટ્રેસ
વાઘ—Tiger—ટાઇગર	વાઘણ—Tigress—ટાઇગ્રેસ
દ્રોહી—Traitor—ટ્રેઇટર	(સ્ત્રી) દ્રોહી—Traitress—ટ્રેઇટ્રેસ
ઉપાસક—Votary—વોટરી	(સ્ત્રી) ઉપાસક—Votaress—વોટરેસ

૫. કેટલાંક નરજાતિના નામને થોડી ઘણી અનિયમીત રીતે છેડે અક્ષર લગાડવાથી તેમના સ્ત્રી જાતિનાં રૂપ થાય છે તેનાં ઉદાહરણ નીચેના શીરસ્ટ મુજબ છે:—

નર જાતિ.	નારી જાતિ.
મહાધિપતી—Abbot—એબટ	મહાધિપતી—Abbess—એબેસ
ઉમરાવ—Duke ડ્યુક	(સ્ત્રી) ઉમરાવ-Duchess-ડચેસ
શહેનશાહ-Emperor-એમ્પરર બાનુ	શહેનશાહ બાનુ—Empress—એમ્પ્રેસ
ગવર્નર રાજ્યકર્તા } Governor—ગવર્નર	(સ્ત્રી) રાજ્યકર્તા-Governess—ગવર્નેસ
છોકરો—Lad—લૅડ	છોડી—Lass—લાસ
શિક્ષક મહેતાજી } Master—માસ્તર	મહેતાજી—Mistress—મિસ્ટ્રેસ
માસ્તર—Master (boy) (છોકરો) માસ્ટર	છોકરી—Miss (girl)—મિસ
મિસ્ટર—Mr.—(ટુંકું રૂપ)	કોઈની સ્ત્રીને માટે—Mrs.—મિસીસ
ઉમરાવ } Marquis-મારક્વીસ Marquess-મારક્વેસ	(સ્ત્રી) ઉમરાવ-Marchioness—માર્શનેસ
પ્રાણ હરનાર-Murderer-મરડરર	(સ્ત્રી) પ્રાણ હરનાર—Murderess-મરડરેસ
જાદુગર—Sorcerer—સોર્સરર	(સ્ત્રી) જાદુગર-Sorceress—સોર્સરેસ

૬. નીચેનાં નરજાતિનાં નામનાં નારીજાતિનાં રૂપ તદ્દન અનિયમીત રીતે થાય છે:—

નર જાતિ.	નારી જાતિ.
વર—Bridegroom—બ્રાઇડગ્રુમ	કન્યા—Bride—બ્રાઇડ
રાંડેલો—Widower—વિડો નર	વિધવા—Widow—વિડો'

૭ અંગ્રેજીમાં કેટલાંક પરભાષાનાં નામ છે. તેમના નારીજાતિનાં રૂપ તે ભાષા પ્રમાણે થાય છે. તેનું લીસ્ટ નીચે મુજબ છે:—

નર જાતિ.	નારી જાતિ.
રાજ્યકારોબાર ચલાવનાર—Administrator—એડમીનીસ્ટ્રેટર	રાજ્યકારોબાર ચલાવનારી—Administratrix—એડમીનીસ્ટ્રેટ્રિક્સ
વહીવટ કરનાર—Executor—એકસીક્યુટર	વહીવટ કરનારી—Executrix—એકસીક્યુટ્રિક્સ
વસીયતનામું કરનાર—Testator—ટેસ્ટેટર	વસીયતનામું કરનારી Testatrix—ટેસ્ટેટ્રિક્સ
વીર, શુરવીર, મુખ્યપાત્ર નાયક } Hero—હિરો	શુરવીર સ્ત્રી મુખ્યપાત્ર નાયિકા Heroine—હીરોઇન
ફાંકડો—Beau—બો	ફાંકડી—Belle—બેલ
ઝાર—Czar—ઝાર	ઝારીના—Czarina—ઝારીના
દાવો માંડનાર—Prosecutor—પ્રોસિક્યુટર	દાવો માંડનારી—Prosecutrix—પ્રોસિક્યુટ્રિક્સ
મ્હોટા માણસ માટેનો ઇટલીમાં વપરાતો ટાઇટલ-Signor—સાયનોર	Signora—સાયનોરા
સુલતાન—Sultan—સુલતાન	સુલતાના—Sultana—સુલતાના

૮. સામાન્ય જાતિના નામનાં દાખલા આ નીચે આપ્યા છે;-

માબાપ-Parent-પેરંટ. (father ફાધર બાપ અથવા mother મધર મા)

સગા, સંબંધી-Relation-રીલેશન્. (સ્ત્રી અથવા પુરૂષ)

મિત્ર-Friend-ફ્રેન્ડ. (સ્ત્રી અથવા પુરૂષ મિત્ર)

શત્રુ -Enemy-એનિમી. (સ્ત્રી અથવા પુરૂષ દુશ્મન)

પિત્રાઇ-Cousin-કઝીન. (સ્ત્રી અથવા પુરૂષ પિત્રાઇ ભાઇબેન)

પક્ષી-Bird-બર્ડ. (સ્ત્રી અથવા પુરૂષ પક્ષી)

મરઘાં-Fowl-ફાઉલ. (મુરઘો અથવા મુરઘી)

બાળક-Child-ચાઇલ્ડ. (છોકરો અથવા છોકરી)

હરણ-Deer-ડીઅર. (હરણુ અથવા હરીણી)

બચ્ચું-Baby-બેબિ. (છોકરો અથવા છોડી)

ચાકર-Servant-સર્વન્ટ. (પુરૂષ અથવા સ્ત્રી)

રાજા-Monarch-મોનાર્ક. (King રાજા અથવા queen ક્વીન)

માણસ, વ્યક્તિ-Person-પર્સન્. (પુરૂષ યાતો સ્ત્રી)

શિષ્ય-Pupil-પ્યુપીલ. (સ્ત્રી યાતો પુરૂષ શિષ્ય)

માબાપ વગરનું છોકરૂં-Orphan-ઑર્ફન્. (સ્ત્રી અથવા પુરૂષ)

ડુક્કર-Pig-પિગ. (ડુક્કર અથવા ડુક્કરી)

ઘેટું-Sheep-શીપ. (ઘેટો અથવા ઘેટી)

હાથી-Elephant-એલિફન્ટ. (હાથી અથવા હાથણી)

બીલાડી-Cat-કૅટ. (બીલાડી અથવા તો બીલાડો)

ઉંદર-Rat-રૅટ. (પુરૂષ યાતો સ્ત્રી ઉંદર)

ઉંદર-Mouse-માઉસ. „

લોંકડી-Fox-ફૅાક્સ. (પુરૂષ અથવા સ્ત્રી લોંકડી)

ઢોર–Cattle–કૅટલ. (એકલી ગાય અથવા ગાયો અને બળદ બેઉ)
ભૂંડ—Swine—સ્વાઇન્. [ભૂંડણ એકલી અથવા ભૂંડ અને ભૂંડણી બેઉ]
પરણેલ–Spouse–સ્પાઉસ. [વર અથવા વહુ]
વછેરૂં—Foal—ફૉલ. [વછેરો અથવા વછેરી]
વાછડું–Calf–કાફ. [વાછડો અથવા વાછડી]

સૂચના—કેટલાંક જનાવરોનાં નામ એવાં છે કે જેના ખાસ સ્ત્રી વાચક અને પુરૂષવાચક નામ હોવા છતાં સામાન્ય જાતિનાં નામ તરીકે વાપરી શકાય છે. જો તેમની જાતિ માટે ખાસ ભેદ બતાવવાનો હોય તોજ તેના પુરૂષ લીંગ અને સ્ત્રી લીંગનાં નામ સ્પષ્ટ રીતે મૂકવામાં આવે છે. સાધારણ રીતે સામાન્ય નામ તરીકે તેનાં પુરૂષવાચક નામજ વપરાય છે. જેમકે Dog ડૉગ કુતરો, *Duck* ડક બતક, ઘોડો Horse હૉર્સ, મધમાખી *Bee* બી, હંસ Goose ગૂઝ, વછેરો Colt કૉલ્ટ.

આ પ્રત્યેકને માટે પુરૂષલીંગ અથવા સ્ત્રીલીંગનાં સ્પષ્ટ જુદાં રૂપ છે. છતાં તે સામાન્ય જાતિના નામ તરીકે વાપરી શકાય છે.

II

Word–study વર્ડ–સ્ટડિ=શબ્દાભ્યાસ.

ઘાતકી=Cruel=ક્રુઅલ
પ્રાણી=Animal=ઍનિમલ
જનાવરો=Beasts=બીસ્ટસ
નાટકકંપની=Dramatic company=ડ્રામાટિક કંપની
શિક્ષા કરવી=To punish=ટુ પનિશ.
ભજવવું=To play ટુ પ્લે
પાઠ ભજવવો To play a part ટુ પ્લે એ પાર્ટ.
કંપની=A company=એ કંપની
તરફ કુદવું=To spring at=ટુ સ્પ્રિંગ ઍટ.

તરફ કુદી=Sprang at=સ્પ્રેંગ એટ

ઉચકવું=To lift up=ટુ લીફ્ટ અપ

ધિક્કારવું=To hate=ટુ હેઇટ

લુચ્ચો માણસ-Rogue=રોગ

પાડવું=To shed=ટુ શેડ

તેજસ્વી=*B*right=બ્રાઇટ

મુખ્ય=Chief=ચીફ

નાટ -Play=પ્લે

આંખો Eyes=આઇઝ

લીલાં-Green=ગ્રીન

કારણ કે=Because=બિકોઝ

પડવું=To fall=ટુ ફૉલ

સામાન=Goods=ગૂડ્ઝ.

રાજ્ય=State=સ્ટેટ

અજવાળું=Light=લાઇટ

ફીક્કું=Pale=પેઇલ

દુનિયા=World=વર્લ્ડ.

વીલ અથવા વસીયતનામું=Testament-ટેસ્ટામેન્ટ
અથવા Will

પ્રખ્યાત=Famous=ફેમસ

દૈવ=Divine-ડિવાઇન

નવલકથા=Novel=નૉવેલ

૧ વાઘ ઘાતકી પ્રાણી છે-The tiger is a cruel animal=ધિ ટાઇગર ઇઝ એ ક્રુઅલ એનીમલ.

૨ સિંહ જનાવરોનો રાજા છે=The lion is the king of beasts-ધિ લાયન્ ઇઝ ધિ કીંગ ઓફ બીસ્ટસ.

૩ સીદી લોકો આફ્રીકામાં રહે છે=The negroes live in Africa=ધિ નિગ્રોઝ લિવ ઇન આફ્રીકા.

૪ આ સીદણ ઘણીજ કાળી છે=This negress is very black-ધિસ નિગ્રેસ ઇઝ વેરિ બ્લૅક.

૫ તે કાલી દેવીનો ઉપાસક છે=He is a votary of the goddess kali=હી ઇઝ એ વોટરી ઓફ ધિ ગૉડેસ કાલી.

૬ પેલો શિકારી રોજ ઘણાં પક્ષી મારે છે=That hunter

kills many birds everyday=ધૅટ હન્ટર કીલ્સ મૅની બર્ડ્ઝ એવ્રિ ડે!

૭ મારા કાકા આ કંપનીના ડાએરેક્ટર અથવા વ્યવસ્થાપક છે=My uncle is the director of this company=માય અંકલ ઇઝ ધિ ડાયરેક્ટર ઑફ ધિસ કંપની.

૮ પેલી નાટક કંપની પાસે ઘણા નટ અને નટીઓ છે=That dramatic company has many actors and actresses=ધૅટ ડ્રામાટિક કંપની હૅઝ મૅનિ ઍક્ટર્સ ઍન્ડ ઍક્ટ્રેસિઝ.

૯ પેલી સ્ત્રી જાદુગર છે-That woman is an enchantress=ધૅટ વુમન ઇઝ એન એન્ચેન્ટ્રેસ.

૧૦ આ ગવૈયણ ઘણી હુશીયાર છે=This songstress is very clever=ધિસ સોંગ્સ્ટ્રેસ ઇઝ વૅરિ ક્લેવર.

૧૧ પેલી વાઘણ તેના તરફ કુદી=That tigress sprang at him=ધૅટ ટાયગ્રેસ સ્પ્રૅંગ ઍટ હીમ.

૧૨ પરમેશ્વર સઉનું ભલું કરનાર છે=God is the benefactor of all=ગૉડ ઇઝ ધિ બેનિફેક્ટર ઑફ ઑલ.

૧૩ તે દ્રોહી છે=He is a traitor=હી ઇઝ એ ટ્રેટર.

૧૪ મજુર મ્હારો સામાન ઉપાડે છે=The porter lifts up my goods=ધિ પૉર્ટર લિફ્ટસ અપ માય ગૂડ્ઝ.

૧૫ અકબર મોટો મોગલ શહેનશાહ હતો=Akbar was a great Mogul emperor=અકબર વૉઝ એ ગ્રેટ મોગલ એમ્પરર.

૧૬ નુરજહાન મોગલ શહેનશાહ બાનુ હતી=Nurjahan was a Mogul Empress=નૂરજહાન વોઝ એ મોગલ એમ્પ્રેસ.

૧૭ તેણી ગુજરાતિ નિશાળમાં મ્હેતીજી છે=She is a mistress in a Gujrati school=શિ ઇઝ એ મિસ્ટ્રેસ ઇન એ ગુજરાતિ સ્કુલ.

૧૮ મીસ બ્રાઉન માસ્ટર જોન્સને ચાહે છે=Miss Brown loves Master Jones=મિસ બ્રાઉન લવ્ઝ માસ્ટર જોન્સ.

૧૯ પણ મીસીઝ બ્રાઉન માસ્ટર જોન્સને ધીક્કારે છે=But Mrs. Brown hates Master Jones=બટ મીસિસ બ્રાઉન હેઇટસ માસ્ટર જોન્સ.

૨૦ મારી કાકી વિધવા છે=My aunt is a widow=માય આન્ટ ઇઝ એ વિડો.

૨૧ મારો ભાઇ એક ન્હાના રાજ્યનો રાજ્ય કારભારી છે=My brother is the administrator of a small state માય બ્રધર ઇઝ ધિ એડમિનિસ્ટ્રેટર ઓફ એ સ્મૅાલ સ્ટેટ.

૨૨ પેલો લુચ્ચો માણુસ અમારા પિતાનો પ્રાણુ હરનાર છે=That rogue is the murderer of our father=ધૅટ રોગ ઇઝ ધિ મરડરર ઓફ અવર ફાધર.

૨૩ શીવાજી મ્હોટો શૂરવીર હતો=Shivaji was a great hero=શિવાજી વૅાઝ એ ગ્રેટ હિરો.

૨૪ સુલતાના બહુ સુંદર છે=The sultana is very beautiful ધિ સુલતાના ઇઝ વેરિ બ્યુટીફુલ.

૨૫ ઝાંસીની રાણી એક હીંદુ શૂરવીર સ્રી હતી=The Queen

of Jhansi was an Indian heroine=ધિ ક્વીન ઓફ્ ઝાંસી વૉઝ એન ઇન્ડીયન હીરોઇન.

૨૬ હાથી ઉમદા પ્રાણી છે=The elephant is a noble animal-ધિ એલિફન્ટ ઇઝ એ નોબલ એનિમલ.

૨૭ મ્હેતીજી તેની શિષ્યાઓને ચાહે છે=The mistress loves her pupils-ધિ મિસ્ટ્રેસ લવ્ઝ હર પ્યુપિલ્સ.

૨૮ તેણી મ્હારી મિત્ર છે=She is my friend-શી ઇઝ માય ફ્રેન્ડ.

૨૯ આ નટ પોતાનો પાઠ સારો ભજવે છે-This actor plays his part well-ધિસ એકટર પ્લેઝ હીઝ પાર્ટ વેલ.

૩૦ સાવિત્રી સીતાની પિત્રાઇ બેન છે-Savitri is Sita's cousin-સાવિત્રી ઇઝ સીતાઝ કઝિન,

IV.

(નીચેના વાકયો અભ્યાસિએ જાતે કરવાં.)

૧ સીંહણ અને વાઘણ ઘાતકી પ્રાણી છે; ૨ વાઘ ઘેટાના ટોળાં ઉપર કુદયો. ૩ સીદી લોકોને ધોળા દાંત હોય છે. ૪ તે આ કંપનીમાં મુખ્ય નટ છે. ૫ સુશીલા અંબાજી દેવીની ઉપાસક છે. ૬ તે રાંડેલો છે. ૭ પેલી સ્ત્રી જાદુગર છે. ૮ આ ગવૈયણ મનોહારિણી છે. ૯ તેણી આ રાજ્યની મુખ્ય રાજ્યકાર્યભારીણી છે. ૧૦ સરસ્વતી આ વીલની વહીવટ કરનાર છે. ૧૧ શહેનશાહ બાનુ આ દ્રોહ કરનાર સ્ત્રીને શીક્ષા કરે છે. ૧૨ ચંદ્ર પોતાનું ફીકું અજવાળું દુનિયા ઉપર પાડે છે. ૧૩ આ નાટકની નાયીકા (મુખ્ય પાત્ર) શકુન્તલા છે. ૧૪ તે મ્હારો સગો છે. ૧૫ રમા મંગુની શત્રુ છે. ૧૬ મીસ બ્રાઉન્ કન્યા છે અને માસ્ટર જોન્સ

વર છે. ૧૭ કેટલાક લોક મરવા પામે છે. ૧૮ સર્પોની આંખો લીલી (કમળાવાળી) હોય છે. ૧૯ તેણી ભલાઈ ભર્યું કરનાર છે. ૨૦ આ ચાર્ટર્ડ કંપનીની મુખ્ય નહિ પણ જ હુશીયાર છે.

V

(નીચેનાં વાક્યોનો તરજુમો વિદ્યાર્થિએ જાતે કરવો.)

1 Goharjhan is a famous songstress-ગોહરજહાન ઇઝ એ ફેમસ સોંગસ્ટ્રેસ.

2 This cruel tigress kills many beasts—ધિસ ક્રૂઅલ ટાઇગ્રેસ કીલ્સ મેનિ બીસ્ટસ.

3 That rogue is a traitor and a murderer—ધૅટ રોગ ઇઝ એ ટ્રેઇટર ઍન્ડ એ મરડરર.

4 George V, King of England is the emperor of India-જ્યોર્જ ધી ફિફ્થ, કીન્ગ ઑફ ઇન્ગ્લૅન્ડ ઇઝ ધિ એમ્પરર ઑફ ઇન્ડીઆ.

5 Queen Victoria of England was the empress of India—ક્વીન વિક્ટોરીઆ ઑફ ઇન્ગ્લૅન્ડ વૉઝ ધિ એમ્પ્રેસ ઑફ ઇન્ડીઆ.

6 Who is the administrator of this state—હુ ઇઝ ધિ ઍડમીનીસ્ટ્રેટર ઑફ ધિસ સ્ટેઇટ.

7 Who lifts up your goods—હુ લિફ્ટસ અપ યૉર ગુડઝ ?

8 The porter lifts up my goods-ધિ પૉર્ટર લિફ્ટસ અપ માય ગુડઝ.

9 His brother is an actor in a dramatic company—હિઝ બ્રધર ઇઝ ઍન્ ઍક્ટર ઇન્ એ ડ્રામાટીક કંપની.

10 The Moon's light is pale because she takes it from her brother, the Sun—ધિ મૂન્સ લાઇટ ઇઝ પેઇલ બિકૉઝ શિ ટેઇક્સ ઇટ ફ્રોમ હર બ્રધર ધિ સન્.

11 He is a sorcerer and his wife is a sorceress—હિ ઇઝ એ સૉરસરર ઍન્ડ હિઝ વાઇફ ઇઝ એ સૉરસરેસ.

12 Man is the bride of the Divine Bridegroom God—મૅન્ ઇઝ ધિ બ્રાઇડ ઑફ ધિ ડિવાઇન્ બ્રાઇડગ્રૂમ ગૉડ.

13 Kanta is the chief actress of this Company—કાન્તા ઇઝ ધિ ચીફ ઍક્ટ્રેસ ઑફ ધિસ કંપની.

14 Sarasvatichandra is the hero of Goverdhanram's novel—સરસ્વતિચંદ્ર ઇઝ ધિ હીરો ઑફ ગોવર્ધનરામ્સ નૉવલ

15 Liberty (સ્વતંત્રતા) is our chief goddess—લિબર્ટિ ઇઝ અવર ચીફ ગૉડેસ.

પ્રશ્નાવળી.

૧ નામની નારી જાતિનાં રૂપ બનાવવાનો સામાન્ય નિયમ શું છે?

૨ ess પ્રત્યય લગાડવાથી નારી જાતિનાં રૂપ થતાં હોય તેવા નામનાં દાખલા આપો.

૩ કેટલાક પરભાષાના શબ્દોનાં નારી જાતિનાં રૂપ આપો.

૪ અંગ્રેજીમાં કેટલી જાતિ છે?

૫ થોડા ઘણા ફેરફાર સાથે કેટલાક નામને છેડે ess પ્રત્યય લગાડવાથી જેનાં નારી જાતિનાં રૂપ થતાં હોય તેવા નામના દાખલા આપો.

૬ નામનો છેલ્લો સ્વર કાઢી નાખીને ess પ્રત્યય લગાડવાથી જે નામનાં નારી જાતિનાં રૂપ થતાં હોય તેવા નામના દાખલા આપો.

૭ કેટલાંક નારી જાતિનાં નામ જેનાં નર જાતિનાં રૂપ નજ હોય તેવા નામના દાખલા આપો.

૮ Personified nouns પુરૂષ તરીકે વપરાયેલાં નામ કોને કહે છે? તેવા નામના દાખલા આપો.

૯ નીચેનાં નામની નારીજાતિનાં રૂપ આપો:—[૧] Count [૨] Heir [૩] Prophet [૪] Bachelor [૫] Bull [૬] Cock [૭] Dog [૮] Gentleman [૯] Wizard [૧૦] Man-servant [૧૧] Peacock [૧૨] Grandfather [૧૩] Hunter (૧૪) Tiger (૧૫) Actor (૧૬) Lad (૧૭) Marquis (૧૮) Bridegroom (૧૯) Administrator (૨૦) Beau (૨૧) Czar (૨૩) Hero.

૧૦ નીચેનાં નામના નરજાતિનાં રૂપ લખો;—
Sultana, Executrix, Widow, Sorceress, Mistress, Empress, Duchess, Songstress, Enchantress, Negress, Instructress, Benefactress, Lady, Niece, Madam, Aunt, Girl, Mare, Goose, Queen, Sister, Shepherdess, Priestess, Lioness, Goddess.

૧૧ સામાન્ય જાતિનાં નામના પાંચ દાખલા આપો.

પ્રકરણ ૨૬ મું.

Nouns and their cases—નાઉન્સ ઍન્ડ ધેર કેઇસિઝ.

નામ અને તેમની વિભક્તિ.

I

વિભક્તિને માટે અંગ્રેજી શબ્દ Case—કેઇસ છે. અંગ્રેજીમાં ત્રણ જાતની વિભક્તિ છે. પહેલી વિભક્તિ, બીજી વિભક્તિ અને છઠ્ઠી વિભક્તિ. પહેલી વિભક્તિને અંગ્રેજીમાં The nominative case—ધિ નૉમિનેટીવ કેઇસ કહે છે. બીજી વિભક્તિને માટે અંગ્રેજી નામ The objective case—ધિ ઑબ્જેક્ટિવ કેઇસ અથવા The accusative case—ધિ ઍકયુઝેટીવ કેઇસ કહે છે. છઠ્ઠી વિભક્તિને અંગ્રેજીમાં The possessive case—ધિ પઝેસિવ કેઇસ કહે છે.

૧ પહેલી વિભક્તિ-The nominative case-ધિ નૉમિનેટીવ કેઇસ. જ્યારે કોઇ નામ કોઈ ક્રીયાપદના કર્તા તરીકે વપરાયું હોય અથવા તો સંબોધન રૂપે વપરાયું હોય ત્યારે તે પહેલી વિભક્તિ અથવા તો Nominative case—નૉમિનેટીવ કેઇસનું નામ કહેવાય છે. જેમકે.—

(કર્તા તરીકે) *Rama* goes—રામ ગોઝ—રામ જાય છે.

„ The *boy* plays—ધી બૉય પ્લેઇઝ-છોકરો રમે છે.

આ દાખલાઓમાં *Rama* તથા *Boy* એ શબ્દો goes અને plays ક્રીયાપદોના અનુક્રમે કર્તા તરીકે વપરાયા છે માટે તેમની Nominative case—નૉમિનેટીવ કેઇસ કહેવાય છે.

(સંબોધન રૂપે) Why are you crying my *child*? વ્હાય આર યુ ક્રાઇન્ગ માય ચાઇલ્ડ–મ્હારા બાળક તું શા માટે રડે છે? આમાં *child* ચાઇલ્ડ એ શબ્દ સંબોધન રૂપે વપરાયો છે એટલે તેની વિભક્તિ પહેલી અથવા તો Nominative case–નૉમિનેટીવ કેઇસ ગણાય.

૨ જ્યારે કોઇ નામ કોઇ ક્રીયાપદના કર્મ તરીકે વપરાયું હોય અથવા તો કોઇ શબ્દયોગી અવ્યય preposition પ્રેપોઝિશનના કર્મ તરીકે વપરાયું હોય ત્યારે તે બીજી (દ્વિતીયા અથવા કર્મવાચક) વિભક્તિનું નામ કહેવાય છે. જેમકે;—

(ક્રીયાપદના કર્મ તરીકે) He reads a *book*—હી રીડ્ઝ એ બૂક—તે ચોપડી વાંચે છે.

Rama eats a *mango*-રામ ઇટસ એ મેન્ગો'—રામ કેરી ખાય છે

આ વાક્યોમાં *book* અને *mango* એ શબ્દો અનુક્રમે reads અને eats ક્રીયાપદોનાં કર્મ તરીકે વપરાયાં છે એટલે તે દ્વિતીયા વિભક્તિના અર્થાત Objective case—ઑબ્જેક્ટવ કેઇસનાં નામ તરીકે ગણાય.

(શબ્દયોગી અવ્યયના કર્મ તરીકે) He writes with a *pencil* હિ રાઇટ્સ વિથ એ પેન્સીલ–તે પેન્સીલ વડે લખે છે.

Rama puts his book in a *box*-રામ પુટ્સ હિઝ બુક ઇન્ એ બૉક્સ–રામ તેની ચોપડી પેટીમાં મુકે છે.

આ વાક્યોમાં *pencil* અને *box* શબ્દો અનુક્રમે with અને in એ શબ્દયોગી અવ્યય (prepositions-પ્રેપોઝિશન્સ) ના કર્મ તરીકે વપરાયા છે માટે તેમની વિભક્તિ દ્વિતીયા યાને objective case-ઑબ્જેક્ટિવ કેઇસ કહેવાય છે.

૪. જે વિભક્તિ સંબંધ બતાવે છે અથવા તો માલીકી બતાવે છે તેને અંગ્રેજીમાં possessive case-પઝેસિવ કેઇસ સંબંધાર્થ (છઠ્ઠી વિભક્તિ કહે છે અંગ્રેજીમાં છઠ્ઠી વિભક્તિ બનાવવાની બે રીત છે. (૧) નામને છેડે 's apostrophe s એપોસ્ટ્રોફી એસ લગાડવાથી અને (૨ નામની પહેલાં of ઑફ એ શબ્દયોગી અવ્યય લગાડવાથી. અર્ધવિરામ અથવા કોમાના જેવું ચિન્હ (,) ટાકિમમાં બતાવ્યા પ્રમાણે છે તેને અંગ્રેજીમાં apostrophe-ઍપૉસ્ટ્રોફી કહે છે. 's તેવા કોમા તથા s એ બન્નેને apostrophe s—એપૉસ્ટ્રોફી એસ કહેવામાં આવે છે દાખલા તરીકે રામ-Rama શબ્દ લો. આ શબ્દની છઠ્ઠી વિભક્તિ બનાવવા માટે તેના પછી 's apostrophe s ઍપૉસ્ટ્રોફી એસ મૂકો જેમકે Rama's-રામ્સ રામની. આ છઠ્ઠી વિભક્તિનો શબ્દ થયો રામની ચોપડી આનું અંગ્રેજી apostrophe s ('s) એપૉસ્ટ્રોફી એસ લગાડવાથી અથવા તો of મુકવાથી થાય છે. જેમકે Rama's book-રામ્સ બુક અથવા તે A book of Rama—એ બુક ઑફ રામ.

સુચના—છઠ્ઠી વિભક્તિ 's એપૉસ્ટ્રોફી એસથી અથવા તો of થી બને છે એ વાત સત્ય છે. પરંતુ દરેક બાબતમાં 's એપૉસ્ટ્રોફી એસ વાપરી શકાતો નથી. આપણે Rama's book—રામ્સ બુક એમ કહી શકીએ છીએ તેમજ A book of Rama—એ બુક ઑફ રામ પણ કહી શકીએ. પરંતુ "ઘરનું છાપરૂં" એવું

વાક્ય હોય તો The house's roof ધિ હાઉસિસ રૂફ એમ લખવું અથવા કહેવું તે અંગ્રેજીમાં ખોટું ગણાય તેને બદલે The roof of the house ધિ રૂફ ઑફ ધિ હાઉસ એવું જોઇએ. Apostrophe s ['s] એપૉસ્ટ્રૉફિ એસ ક્યાં વાપરવો અને of ઑફ ક્યાં વાપરવો તે નીચેની વિગતમાંથી અભ્યાસીને સમજાશે.

Apostrophe s ['s] એપૉસ્ટ્રૉફિ એસ ક્યાં તથા કેવી રીતે વાપરવો તે વિષે:—

આ નીચેની ત્રણ બાબતમાં Apostrophe s એપૉસ્ટ્રૉફિ એસ વપરાતો નથી.

(૧) જે બહુવચનનાં નામને છેડે s પ્રત્યય આવેલો હોય છે તે નામની સંબંધાર્થ એટલે છઠ્ઠી વિભક્તિ બનાવતી વખતે એકલો apostraphe ઍપૉસ્ટ્રૉફિ (') એટલે જે કોમા અથવા અલ્પવિરામ જેવું ચિન્હ છે તેજ ફક્ત વાપરવું. 's એપૉસ્ટ્રૉફિ અને એસ બન્ને ન વાપરવાં. જેમકે;—પક્ષીઓના માળા The birds' nests ધિ બર્ડ્ઝ નેસ્ટસ આમાં પક્ષી bird બર્ડ શબ્દનું બહુવચનનું રૂપ birds બર્ડ્ઝ છે. તેથી તેની છઠ્ઠી વિભકિત બનાવવામાં 's બન્ને ન વાપરતાં એકલો ' એપૉ-સ્ટ્રૉફિ વપરાયો છે. તેવીજ રીતે Cows' legs કાઉઝ લેગ્ઝ ગાયોના પગ horses' tails હૉર્સિઝ ટેઇલ્સ—ઘોડાની પુંછડીઓ. asse's ears આસિઝ ઇઅર્સ—ગધેડાઓના કાન. elephants' trunks એલિફન્ટસ ટ્રંકસ—હાથીઓની સૂંઢો વિગેરેમાં એકલો એપૉસ્ટ્રૉફિ વપરાયો છે તેમ જણાશે. પરંતુ જે નામનું બહુવચન અનિયમીત રીતે થયેલ હોય છે તેવાં નામની છઠ્ઠી વિભકિતમાં 's એપૉસ્ટ્રૉફિ એસ બન્ને લગાડી

શકાય છે. જેમકે a man એ મૅન–માણુસ તેનું બહુવચન men મેન માણુસો થાય છે. જ્યારે આ શબ્દની છઠ્ઠી વિભક્તિ કરવી હોય ત્યારે 's એપૉસ્ટ્રોફિ એસ એ બન્ને વાપરવા જેમકે માણુસોનો men's મેન્સ તેવીજ રીતે બળદોની પૂંછડીઓ Oxen's tails ઑક્સન્સ ટેઇલ્સ; ઉંદરોની આંખો Mice's eyes માઇસિઝ આઇઝ વિગેરે થાય છે. આ ભેદ અભ્યાસીએ ખાસ ધ્યાનમાં રાખવો.

૨ જો કોઈ એક વચનના નામનું છેલ્લું પદ sથી શરૂ થતું હોય અને એસથી પૂરૂં થતું હોય તો તેની છઠ્ઠી વિભક્તિ બનાવવામાં એકલો apostrophe (') વાપરવો પણ 's એપૉસ્ટ્રોફિ એસ એ બન્ને વાપરવાં નહીં. ઉદાહરણ Moses મોઝિઝ આ શબ્દનું છેલ્લું પદ ses ઝિઝ છે અને તેની શરૂઆત s થી થાય છે અને તે પદ s થી પૂરૂં થાય છે, માટે તેની છઠ્ઠી વિભક્તિ બનાવતી વખતે તેને છેડે એકલો એપૉસ્ટ્રોફિ વાપરવો જેમકે "મોઝિઝની ચોપડી" Moses' book મોઝિઝ બુક. Moses' book એમ ન કહેવાય.

૩ જ્યારે કોઇ એકવચનના નામનું છેલ્લું પદ s થી અથવા ce થી પૂરૂં થતું હોય અને તેના પછી Sake સેઇક એ શબ્દ આવતો હોય તો એપૉસ્ટ્રોફિ એસ લગાડવાને બદલે એકલો એપૉસ્ટ્રોફિ લગાડવાથી તેની છઠ્ઠી વિભક્તિ થાય છે. Sake સેઈક શબ્દનો અર્થ ગુજરાતિમાં "ખાતર" એવો થાય છે. દાખલા Goodness ગુડનેસ–ભલમનસાઇ આ શબ્દના છેલ્લા પદમાં s છે હવે જો તેના પછી Sake–સેઇક 'ખાતર' એ શબ્દ આવે તો તેની છઠ્ઠી વિભક્તિ એપૉસ્ટ્રોફિ

એસ લગાડવાથી નહિ પરંતુ એકલો એપૉસ્ટ્રોફિ લગાડવાથી થાય છે. જેમકે ભલમનસાઇની ખાતર for goodness' sake ફૉર ગુડનેસ સેઇક તેવીજ રીતે અંતઃકરણની ખાતર અથવા આંતરધ્વનિની ખાતર for conscience sake ફૉર કૉન્સીયન્સ સેઈક [(Conscience) કૉન્સિયન્સ અંતઃકરણ અથવા અંદરની સહજશક્તિ.]

ઘ જયારે એક નામની વિભક્તિ બીજા નામની વિભક્તિની બરોબરજ હોય ત્યારે તેને અંગ્રેજીમાં Case in apposition કેઇસ ઇન્ ઍપોઝીશન કહે છે. આવા નામની છઠ્ઠી વિભક્તિ કરવા માટે ઍપૉસ્ટ્રોફિ એસ પહેલા નામને નહીં લગાડતાં બીજા નામને લગાડવો. જેમકે મહાન અકબરનું રાજ્ય મહાન અકબર Akbar the Great આમાં ધિ ગ્રેટ તે અકબરના એપૉઝીશનમાં છે એટલે તેની છઠ્ઠી વિભક્તિ બનાવવા માટે 's અકબરને નહીં લગાડતાં great શબ્દને લગાડવો જેમકે Akbar the Great's Kingdom (રાજ્ય Kingdom-કીંગડમ) મહાન્ અલેકઝાન્ડરની કુચ-Alexander the Great's march-અલેકઝાન્ડર ધિ ગ્રેટસ માર્ચ. તિમુર ટાર્ટરનો હલ્લો—Timur the Tartar's invasion-ટિમુર ધિ ટાર્ટર્સ ઇન્વેઝન્. (હલ્લો-Invasion-ઇન્વેઝન્). ગોવિંદ તેની બ્હેન લલિતાની ચોપડી વાંચે છે. આ વાક્યમાં "બ્હેન" અને "લલિતા" એ બંને શબ્દની એકજ વિભક્તિ છે એટલે તે બન્નેની case in apposition-કેઇસ ઇન્ એપૉઝીશન છે. માટે તેની છઠ્ઠી વિભક્તિ બનાવવા માટે " બ્હેન " ને એપોસ્ટ્રોફી એસ નહીં લગાડતાં "લલિતા"ને એપોસ્ટ્રોફી એસ લગાડવો જેમકેઃ- Govind

reads his sister Lalita's book–ગોવિંદ રીડસ હીઝ સીસ્ટર લલિતાઝ બુક.

क બહુવચન વિષેના પ્રકરણમાં જણાવી ગયા છીએ કે મીશ્ર શબ્દ અથવા તો મિશ્ર નામ Compound nouns–કોમ્પાઉન્ડ નાઉન્સનું બહુવચન બનાવવું હોય તો તેના પહેલા શબ્દને s પ્રત્યય લગાડવો. જેમકે:– સાળો–Brother–in–law પરંતુ આવા મિશ્ર શબ્દોની છઠ્ઠી વિભકિત બનાવવી હોય ત્યારે 's પહેલા શબ્દને લગાડવાને બદલે છેલ્લા શબ્દ અથવા પદને લગાડવામાં આવે છે. જેમકે— મારા સાળાની ચોપડી—My brother-in-law's book–માય બ્રધર ઇન્ લૉઝ બુક. જ્યારે મિશ્ર શબ્દ એક વચનનો હોય ત્યારે આ પ્રમાણે કરવું.

ख જો મિશ્ર શબ્દ બહુવચનમાં વપરાયેલો હોય તો તેની છઠ્ઠી વિ· ભકિત સાધારણ રીતે 's થી નહીં કરતાં of મૂકીને કરવામાં આવે છે. જેમકે મ્હારા સાળાઓના છોકરા–The children of my brothers·in·law ધિ ચિલ્ડ્રન ઑફ માય બ્રધર્સ ઇન લૉ.

ग જ્યારે એક કરતાં વધારે શબ્દોને પદ હોય અને તે મિશ્ર શબ્દ તરીકે વપરાયો હોય અને કોઇ વ્યકિત અથવા વ્યકિતઓ બના- વવા માટે વપરાયો હોય તો તેની છઠ્ઠી વિભકિત બનાવવામાં 's છેલ્લા શબ્દને લગાડવો. જેમકે:– ગવર્નમેન્ટ ઑફ ઇન્ડીઆનો હુકમ–The Government of India's order–ધી ગવ- ર્નમેન્ટ ઑફ ઇન્ડીઆઝ ઑરડર. ડયુક ઑફ વેલીંગ્ટનનું મૃત્યુ– The Duke of Wellington's death–ધિ ડયુક ઑફ

વેલીંગ્ટન્સ ડેથ. ઉદેપુરના મહારાણાનો ફોટોગ્રાફ-The Maharana of Udepur's photograph-ધિ મહારાણા ઑફ ઉદેપુર્સ ફોટોગ્રાફ.

ઋ ઉપર જણાવેલી વીગતો ઉપરથી સમજાશે કે સાધારણ રીતે જીવ-વાળી વસ્તુઓ અથવા માણસને માટે છઠ્ઠી વિભકિત બનાવવી હોય ત્યારે 's એપૉસ્ટ્રૉફી એસ વપરાય. નીર્જીવ વસ્તુઓ માટેનો કબજો અથવા સંબંધ બતાવવા માટે of શબ્દનો ઉપયોગ કરવો જોઇએ.

સૂચના:—અંગ્રેજીમાં અગાઉ 's ગમે તે નામ સાથે વાપરી શકાતો. હવે નીચે બતાવેલી બાબતોમાંજ વપરાય છે તે અભ્યાસીએ ધ્યાનમાં રાખવું.

(૧) પુરૂષ અથવા વ્યકિતસૂચક નામની છઠ્ઠી વિભકિત બતાવવા માટે એપૉસ્ટ્રૉફી એસ વપરાય છે. જેમકે રામની ચોપડી. આમાં "રામ" એ પુરૂષદર્શક નામ છે માટે તેમાં 's વાપરી શકાય. Rama's book-રામ્સ બૂક. પણ લાયબ્રેરીની ચોપડી એવું હોય તો A library's book એમ કહી શકાય નહીં કારણ કે library લાયબ્રેરી એ નિર્જીવ વસ્તુનું નામ છે. The book of a library એજ સારું છે.

(૨) માણસ સિવાય અન્ય કોઇ જીવતી વસ્તુના નામની છઠ્ઠી વિભકિત બનાવવામાં પણ 's લગાડી શકાય. જેમકે કુતરાના દાંત-A dog's teeth-એ ડૉગ્ઝ ટીથ. ગાયના શીંગડાં—A cow's horns-એ કાઉઝ હૉર્ન્સ.

(૩) પુરૂષ તરીકે અથવા જીવવાળા નામ તરીકે વપરાયેલા શબ્દો જેને અગાઉ જણાવ્યા પ્રમાણે Personified-પર્સોનિફાઇડ વસ્તુઓ

કહે છે તેવા નામની સાથે 's લગાડી શકાય. જેમકે ભાગ્ય(દેવી)ની કૃપા–Fortune's favour–ફૉર્ચ્યુન્સ ફેવર (ભાગ્ય–Fortune–ફૉર્ચ્યુન્ કૃપા–Favour). મૃત્યુના હાથ–Death's hands–ડેથ્સ હૅન્ડ્ઝ. વસંતની સૌંદર્યતા–Spring's beauty સ્પ્રીંગ્ઝ બ્યુટિ. હીંદના અસંખ્ય લોક–India's teeming millions ઇન્ડીઆઝ ટીમીંગ મિલીયન્સ.

(૪) વખત, જગ્યા અને વજન બતાવનારાં નામની છઠ્ઠી વિભક્તિમાં 's વાપરી શકાય છે. વખત બતાવનારા નામના દાખલા. ૭ અઠવાડીયાની રજા–Six week's leave–સીક્સ વીક્સ લીવ. (a week–એ વીક–અઠવાડીયું. Leave–લીવ–રજા) એક દિવસની મુસાફરી–a day's journey–એ ડેઝ જર્નિ (Journey–જર્નિ–મુસાફરી)

(જગ્યા બતાવનારાં નામના દાખલા)–A hand's length હાથની લંબાઇ. (લંબાઇ Length–લેંગ્થ). વાળની પહોળાઇ. A hair's breadth એ હેર્સ બ્રેથ (પહોળાઇ–Breadth બ્રેથ) ફેંકેલો પથરો પહોંચી શકે તેટલું દૂર A stone's throw એ સ્ટોન્સ થ્રો. (ફેંકવું તે–થ્રો Throw).

(વજન બતાવનારા નામના દાખલા) એક શેરનું વજન–A pound's weight–એ પાઉન્ડ્ઝ વેઇટ (શેર–Pound–પાઉન્ડ વજન–weight–વેઇટ).

(૫) મહત્વવાળી વસ્તુઓના નામની છઠ્ઠી વિભક્તિમાં પણ 's લગાડી શકાય છે. જેમકે કોર્ટનું ફરમાન–The court's decree ધિ કોર્ટસ ડિક્રી. (Decree–ડિક્રી હુકમ–ફરમાન)

મનની આંખ (આંતર ચક્ષુ)-the mind's eye. ધિ માઇન્ડઝ આય. (મન-Mind-માઇન્ડ) દેશનું ભલું-The country's good-ધિ કંટ્રીઝ ગૂડ (દેશ-Country-કંટ્રી. ભલું-Good-ગૂડ.)

(૬) કેટલાક સારી રીતે જાણીતા પદમાં પણ 's વપરાયેલો હોય છે. જેમકે—તેની બુદ્ધિ આગળ ન ચાલી. He was at his wit's end. હિ વૉઝ એટ હીઝ વિટસ એન્ડ. (બુદ્ધિ અથવા અક્કલ-Wit-વિટ). તેને પોતાના પાઠ મોઢે છે-He has his lessons at his fingers' ends-હી હૅઝ હિઝ લેસન્સ ઍટ હિઝ ફીંગર્સ એન્ડઝ. દયાની ખાતર-for mercy's sake-ફૉર મર્સીઝ સેઈક, મુસાફરીનો અંત-Journey's end-જર્નિઝ એન્ડ.

II

શબ્દાભ્યાસ=Word-study વર્ડ સ્ટડિ.

શિક્ષક=a teacher=એ ટીચર
સોય=a needle=એ નીડલ
દરજી=a tailor=એ ટેઇલર
દુકાન=a shop=એ શૉપ
ખેડુત=a farmer=એ ફાર્મર
સુતાર=a carpenter=એ કાર્પેન્ટર
ઓજાર=tools=ટુલ્સ
જોયું=Saw=સૉ
આખું=Whole=હોલ
પ્રજા, રૈયત=Subject=સબજેક્ટ
હક્કની રજા=Privilege leave પ્રિવિલેજ લીવ
બાંધવું=to build-ટુ બિલ્ડ
માનવું=to obey=ટુ ઓબે
નિરઅપરાધી=innocent=ઇનોસન્ટ
ફાંસીએ ચડાવવો=to hang
રમતો હતો=was playing=વૉઝ પ્લેઇંગ
દોરો=thread=થ્રેડ

ઉભેલો હતો=was standing=
વૉઝ સ્ટેન્ડીંગ
વાર=a yard=એ યાર્ડ
ફુટ=a foot=એ ફુટ
માઈલ=a mile=એ માઇલ
નિમણુક=appointment=
એપોઇન્ટમેન્ટ
કારકુન=a clerk=એ ક્લાર્ક
મેળવેલું છે=Has got=હૅઝ ગૉટ
માંદગીની રજા=Sick leave=
સિક લીવ
આગેવાન=a leader=એ લીડર
ગામડું=a village=એ વિલેજ
આબુ પર્વત=Mount Abu=
માઉન્ટ આબુ
ભવ્ય=Splendid=સ્પ્લેન્ડીડ
પ્રયત્ન કરવો=to try=ટુ ટ્રાય
ને માટે બનતો પ્રયત્ન કરે છે. } tries his best (અથવા his utmost હિઝ અટમોસ્ટ) for ટ્રાઇઝ હિઝ બેસ્ટ ફોર
માનીતો=favourite=ફેવરિટ
ભલું (નામ) Good અથવા
મકાન=a building=એ બીલ્ડીંગ
ઈનામ=a prize=એ પ્રાઇઝ
ખેડવું=to till=ટુ ટિલ
ખેતર=a field=એ ફીલ્ડ
પસાર કરી છે=has passed=
હૅઝ પાસ્ડ
પરીક્ષા=an examination=ઍન
એકઝામિનેશન
આત્મા=Soul=સોલ
આનંદ=Delight=ડિલાઈટ
પાણી=Water=વૉટર
પથરાણ અથવા પ્રસાર=Stretch=
સ્ટ્રેચ
મુખ્ય સેનાપતિ=Commander-in-chief=કમાન્ડર-ઇન-ચીફ
એસોસીએશન=Association=
એસોસીએશન
મીલકત=Property=પ્રોપર્ટી
માસ=a month=એ મન્થ
વર્ષ=a year=એ યર
વાડી=a garden=એ ગાર્ડન
સાદાઈ=Simplicity= સીમ્પલીસીટી
વકતૃત્વ=Speech=સ્પીચ

welfare=વેલફેર
માળો=a nest=એ નેસ્ટ
જીવનચરિત્ર=Life=લાઇફ અથવા biography=બાયોગ્રાફી
દુર, છેટું (નામ)=Distance=ડીસ્ટન્સ
કલેકટર=Collector=કલેકટર
ચાલચલગત=Conduct=કોન્ડક્ટ
ભાષણ=a lecture=એ લેક્ચર
કેમ્પ, સ્વારી=Camp=કૅમ્પ
માલેક=Owner=ઓનર
મીલ માલેક=mill owner=મીલ ઓનર
બક્ષીસ=a gift=એ ગિફ્ટ
યાદીપત્ર=*Despatch*=ડીસ્પેચ
પાક=crop=ક્રૉપ

III.

(નીચેનાં વાકયોનું અંગ્રેજી કરો.)

(૧) ગોવિંદની ચોપડી (૨) સીતાની વાડી (૩) સુતારનાં ઓજાર (૪) ઓજારની પેટી (૫) આત્માનો આનંદ (૬) એક ટનનું વજન (૭) વસંતનું સૌંદર્ય (૮) મુંબાઇ સરકારનો હુકમ (૯) મહમદ ઘોરીની હીંદ ઉપરની સ્વારી (૧૦) રૂશીયાનો ઝાર (૧૧) જર્મનીનો કયસર (૧૨) હીંદના શહેનશાહ (૧૩) પાણીનું પથરાણ (૧૪) પરમેશ્વરની ખાતર (૧૫) ભલમનસાઇની ખાતર (૧૬) સાદાઇની ખાતર (૧૭) એજંટ-ટુ-ધિ ગવર્નરનો કેમ્પ (૧૮) મુખ્ય સેનાપતિનો હુકમ (૧૯) મીલ માલેકોની એસોસીએશન (૨૦) આપણા સસરાઓની બક્ષીસો (૨૧) જમાઇઓની મીલકત (૨૨) સેક્રેટરી ઑફ સ્ટેટ ફોર ઇન્ડીઆની યાદી (૨૩) સોયનું નાકું [eye] (૨૪) સોયની અણી [point] (૨૫) આખા વર્ષનો પાક (૨૬) ત્રણ માસની રજા (૨૭) દેશનું ભલું (૨૮) લોકોનું ભલું (૨૯) પ્રજાનું ભલું (૩૦) આંતર ચક્ષુ (૩૧) તેણે તે આંતર ચક્ષુથી જોયું (૩૨) અડધા દીવસની મુસાફરી (૩૩) તે સાંભળી શકાય તેટલે દુર હતો

